Vol. 42, No. 9
January 2022
ISSN 2455 - 4162

નવનીત સમર્પણ

Rs: 30

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ ગાની

□ સુભાષ ભટ્ટ

અમેરિકન ચિંતક એમરસન એમ કહેતા કે વિષાદ પાછળ જોયા કરે છે, ચિંતા આસપાસ જોયા કરે છે અને શ્રદ્ધા ઉપર જોયા કરે છે. એથી જ આપણી સામે આવીને ઊભેલી પયગંબરી પળ કે અવતારી ક્ષણ આપણે જોઈ શકતા નથી. આપણે ગત વરસનાં તારીખિયાં અને કૅલેન્ડરો આસાનીથી ફેંકી શકીએ છીએ, પણ એટલી જ અનાસક્તિથી પસાર થઈ ગયેલા વરસનો અહંકારી અને અંધારિયો સ્મરણબોજ નથી ફેંકી શકતા. પરિણામે અવિસ્મરણીય પળને પામી શકતા નથી.

સાનફ્રાન્સિસ્કોના એક મેળાવડામાં બે મિત્રો - કવિ અને તસવીરકાર ભેગા થઈ ગયા.

કવિ : આ વરસની કોઈ દુર્લભ અને સમગ્ર રૂપાંતરણ કરી દે એવી પળની વાતો કરને...

તસવીરકાર : સાંભળ, બે જીવંત પળની વાત કરું. મારી દીકરીનો પૃથ્વી પરનો પ્રથમ શ્વાસ અને મારી માનો પૃથ્વી પરનો છેલ્લો શ્વાસ. આ બંનેનો હું સાક્ષી બન્યો. મારી દીકરીએ જગત અને જીવનનો પ્રથમ શ્વાસ લઈને આત્માને દીક્ષિત કર્યો. જ્યારે મારી માએ છેલ્લો શ્વાસ લઈને આત્માને નિર્બોજ અને મુક્ત કર્યો. પ્રથમ શ્વાસમાં આસ્થા અને અભીપ્સા છે, જ્યારે છેલ્લા શ્વાસમાં અનાસક્ત સ્વીકાર છે.

જીવનની આ તો રીત છે. જ્યારે શ્વાસ અંદર લઈએ ત્યારે અંધકાર, અશુભ વૈમનસ્યને આપણી અંદર ઓગાળી દઈએ. જ્યારે શ્વાસ બહાર કાઢીએ ત્યારે ઉજાસ, ઉલ્લાસ અને માંગલ્યને વહેંચીએ, વિખેરીએ. સંદેહ દાટીએ અને શ્રદ્ધા ઉગાડીએ. આ નૂતન વરસે પ્રેમથી છલોછલ હૃદય, નિષ્પાપ મન અને નિર્મળ દૃષ્ટિ સાથે શ્વાસ માટે સજાગ બનીએ. આખરે, આપણો દરેક શ્વાસ બ્રહ્માંડભરના વાયુમંડળને સ્પર્શે છે.

❑❑❑

૧૨૫

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૨ અંકઃ ૯, જાન્યુઆરી ૨૦૨૨

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

સહાયક સંપાદકઃ
અવની સોલંકી

પૃષ્ઠસજ્જા : **યોગેશ પટેલ**

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan9@gmail.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : જયેશ જોશી, સ્લિપિંગ બુદ્ધ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.



મુનશીવાણી

જુલાઈ ૧, ૧૯૬૩ ગુરુવાયુર, હિન્દુ ધર્મને થયેલા પડકારો, નવો પડકાર

મારા નવયુવાન મિત્ર,

તાજેતરમાં મેં કેરળના પ્રસિદ્ધ તીર્થ ગુરુવાયુરમાં યોજાયેલ હિંદુ ધર્મ અને સંસ્કૃતિના પંદરમા અધિવેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. એ પ્રસંગે મેં વ્યક્ત કરેલા વિચારો જ હું આ પત્રમાં આલેખવા ધારું છું.

તમે સૌ જાણો છો કે હું ઘણા સમયથી ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને કાર્યની ગુજરાતી સ્મૃતિઓ વચ્ચે જીવું છું. તેમના જન્મસ્થાન મથુરામાં જઈ તેમની પૂજા કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે. જ્યાં તેમણે શૈશવમાં લીલા કરી હતી એ ગિરિ ગોવર્ધનની પવિત્ર ભૂમિમાં વૃક્ષારોપણ કરવા પણ હું સદ્‌ભાગી થયો છું. જ્યાં તેમણે નશ્વર દેહનો ત્યાગ કર્યો કે પ્રભાસના દેહોત્સર્ગ તીર્થના નવનિર્માણમાં પણ હું નિમિત્ત બન્યો છું.

આજે પ્રભુએ મને 'વિગ્રહ' (મૂર્તિ)ની પૂજા કરવાનો અવસર આપ્યો છે. ઉદ્ધવના કહેવાથી ગુરુ અને વાયુ આ મૂર્તિને દ્વારકાથી અહીં લાવ્યા હતા, એમ પરંપરામાં કહેવાયું છે. મારા મનની લાગણીઓ અત્યારે હું કેવળ 'નારાયણીયમ્'ના સુપ્રસિદ્ધ શબ્દોમાં જ વ્યક્ત કરી શકું એમ છું.

अस्पष्ट दृष्टमात्रे पुनरुरु पुरुषार्थात्मकं ब्रह्मतत्त्वं।
तत्तावद् भाति साक्षाद् गुरुपवनपुरे हन्त! भाग्यं जनानाम्।।

જ્યારે પણ હું પુરાણોની સ્મૃતિઓ સાથે સંકળાયેલાં સ્થળોની મુલાકાત લઉં છું ત્યારે મારું હૈયું હલી ઊઠે છે. આ ભૂમિ સાથે મહાન ભાર્ગવ પરશુરામની સ્મૃતિઓ જડાયેલી છે. અહીંના બ્રાહ્મણો પોતાને આ મહાપુરુષોના વંશજો તરીકે ઓળખાવે છે એવો મારો ખ્યાલ છે. અમે ભાર્ગવો પણ અમને ભગવાન પરશુરામના વંશજો માનીએ છીએ. આપણા વચ્ચે સંબંધની આ સમાન ભૂમિકા છે એનો મને સંતોષ છે.

ભારતનાં વિવિધ તીર્થો અને યાત્રાધામો સાથે સંકળાયેલી આ પવિત્ર સ્મૃતિઓએ તો આ દેશની એકતાને સુગ્રથિત કરી છે, હિંદુત્વના પ્રાણને સંરક્ષ્યો છે.

[ક્રમશઃ]

સંવાદીય

‘૨૧મું ટિફિન’ વિશે

☐ દીપક દોશી

ધ્રુવ ભટ્ટની નવલકથા પર આધારિત ફિલ્મ ‘રેવા’ વિશે ‘નવનીત સમર્પણ’માં લેખ થયો હતો, એ જ કારણે ફરી રામ મોરીની વાર્તા ‘૨૧મું ટિફિન’ આધારિત એ જ નામે રજૂ થયેલી ફિલ્મ વિશે લખવાનું બને છે. બન્નેની કૃતિ પ્રથમ ‘નવનીત સમર્પણ’માં પ્રગટ થઈ હતી. રામ મોરીની વાર્તા મે, ૨૦૧૫ના અંકમાં પ્રગટ થઈ છે. ત્યારે એની ઉંમર માંડ ૨૨ વર્ષની હશે.

આ ફિલ્મ બાવનમાં ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયામાં પસંદગી પામી છે અને પ્રેક્ષકો તેમ જ ફિલ્મ સમીક્ષકોએ એને વખાણી છે. વાર્તાનું વિષયવસ્તુ નારીકેન્દ્રી છે. એક સ્ત્રી જાણે અજાણે કેટકેટલાં પાત્રોમાં પોતાને ઢાળી દે છે. પોતાના વ્યક્તિત્વને ઓગાળીને એ એક ઘર ઊભું કરે છે, એનું જતન કરે છે અને છતાં એનું સ્થાન કોઈ પણ જાતની સત્તાના પરિઘની બહાર જ રહેતું હોય છે. આ સતત અનુભવાતી અવહેલના વચ્ચે જ્યારે પોતાના કામની કોઈ સાચા હૃદયે કદર કરે છે ત્યારે સ્ત્રીનું મન અને સાથે તન સોળે કળાએ ખીલી ઊઠે છે. આ વાત ‘ઇંગ્લીશ વિંગ્લિશ’માં જુદી રીતે



કહેવાઈ છે. રામની નાયિકા નામ વગરની 'મમ્મી' મધ્યવર્ગી નારી છે. આર્થિક સંકળામણને કારણે નહિ પણ પોતાની અંદર રહેલા અસ્તિત્વલક્ષી ખાલીપાને રસોઈથી ભરવાના પ્રયાસ રૂપે કરે છે. ધીમે ધીમે એ ગમતા કામમાં પણ રોજિંદાપણાનું ભારણ હાવી થવા માંડે છે. ત્યાં અચાનક પોતાના પરિચિત ગામ ભાવનગરથી અમદાવાદ છ મહિનાની ટ્રેનિંગ માટે આવેલા 'ધ્રુવ'ના ૨૧માં ટિફિનની માગ ઊભી થાય છે. આટલા ભારણ વચ્ચે વધુ બોજ ન લેવા તે પ્રથમ તો ના પાડી દે છે પણ ધ્રુવ જ્યારે ખાસ મળવા આવે છે ત્યારે એની વાતચીતની શૈલી અને પોતાના ટિફિનના સાચા હૃદયે થયેલા વખાણથી પોરસાઈને 'હા' પાડે છે. પછી તો મુલાકાતો પણ વધે છે અને પરસ્પર અંતરંગતા. કોઈ નામ વગરના આ સંબંધની સાક્ષી કૉલેજમાં ભણતી એની દીકરી 'નીતુ' બને છે. નીતુને પ્રથમ તો મમ્મીની આ ભાવાત્મકતાથી ઈર્ષા અને અકળામણ થાય છે પણ અંતતોગત્વા પોતે પણ આ બૃહદ્ સમાજમાં 'નારી' તરીકેના 'અભિશાપ'ને ઓળખીને મમ્મી સાથે સમસંવેદન અનુભવે છે. આટલી સૂક્ષ્મ વાતને ફિલ્મ દ્વારા રજૂ કરવા માટે જે સંવેદનક્ષમ કૌવત અનિવાર્ય છે તે વિજયગિરિ બાવાએ દાખવ્યું છે. રામ મોરીને નારીસહજ સંવેદનોને આલેખવામાં ખાસી ફાવટ છે. વિજયગિરિએ એને ફિલ્મના માધ્યમે ઝીલી બતાવી છે.

દીકરી નીતલના ભાગે આખી કથાના જાણે કે સૂત્રધારનું પાત્ર આવ્યું છે. એક તરફ પિતૃસત્તાક સમાજના પ્રતિનિધિ સમા પિતા છે, બીજી તરફ સતત ઉપેક્ષિત મમ્મી. એક તરફ નવા યુગનો પવન છે, બીજી બાજુ પરંપરિત ઘરની ચાર દીવાલો. મમ્મી સાથે પોતાના, પિતાના અને ૨૧મા ટિફિનવાળા ધ્રુવના સંબંધોની એ જાણે સાક્ષીરૂપ સેતુ છે.

આ ફિલ્મમાં આવી ઘરઘથ્થુ છતાં સંવેદનક્ષમ કથાને કંડારવાનું સાહસ કરવા બદલ વિજિયગિરિ બાવાને અભિનંદન આપવા પડે. વળી એ કથા નાટકના સંવાદોની જેમ થ્રો કરીને નહિ પણ સાહજિક ઘરઘથ્થુ વાતચીતની જેમ કહેવાઈ છે તે પણ ધ્યાનાર્હ બને છે. આ પ્રકારે બનેલી મરાઠી અને બંગાળી ફિલ્મો અનેક જોઈ છે ત્યારે વિચાર આવતો કે આવી કૌટુંબિક નાટ્યાત્મકતા ધરાવતી ફિલ્મ ગુજરાતીમાં જ્વલ્લે જ જોવા મળે છે. '૨૧મું ટિફિન'ની આખી ટીમ આ મહેણું ભાંગવામાં નિમિત્ત બની તે માટે એમને હૃદયપૂર્વક અભિનંદન.

❑❑❑



ૐ નમો ભગવતે રામકૃષ્ણાય - ૩

☐ કૂપમંડૂક

ભગવાન શ્રી રામકૃષ્ણના જીવનમાં બનેલા પ્રસંગો, આપેલા ઉપદેશો અને સારભૂત વાતો અહીં રજૂ કર્યાં છે.

દાન-ધર્મનો મહિમા

ભગવાન રામકૃષ્ણ કહેતા : "જેમની પાસે પૈસા હોય તેમણે દાન કરવું જોઈએ. કંજૂસનું ધન ઊડી જાય; દાતાનું ધન સચવાય, સારા કામમાં જાય. દેશમાં ખેડૂતો ધોરિયા કરીને ખેતરમાં પાણી લાવે. ક્યારેક ક્યારેક પાણીનું એટલું બધું જોર થાય કે ખેતરની પાળ તૂટી જઈને

પાણી બહાર નીકળી જાય અને પાકને નુકસાન થાય. એટલે ખેડૂતો પાળની વચ્ચે છીંડાં કરી રાખે. એ છીંડાંમાંથી પાણી જરા જરા નીકળતું રહે. એને લીધે પાણીના જોરથી ખેતરની પાળ તૂટે નહિ અને ખેતરમાં કાંપ ઠરે. એથી ખેતર ફળદ્રુપ થાય અને ખૂબ પાક આવે. જે દાન કરે તે ઘણુંયે ફળ મેળવે.''

સમય આવ્યા વિના કશું થાય નહિ

ઈશ્વર-ઇચ્છા વગર કશું બનતું નથી. ઠાકુર: ''જ્યારે રોગ મટવાનો થાય ત્યારે વૈદરાજ કહેશે કે આ પાંદડાં તીખાની સાથે વાટીને પીઓ. પછી રોગ મટી જાય. હવે તીખાની સાથે વાટીને પાંદડાં પીવાથી રોગ મટ્યો કે એની મેળે મટ્યો એ કોણ કહી શકે?

લક્ષ્મણે લવ-કુશને કહ્યું કે તમે તો બાળક કહેવાઓ, તમે રામચંદ્રને ઓળખતા નથી. તેમના ચરણસ્પર્શથી અહલ્યા પથ્થરમાંથી માણસ થઈ ગઈ. લવ-કુશે કહ્યું : 'મહારાજ, અમે બધું જાણીએ છીએ, બધું સાંભળ્યું છે. અહલ્યા પથ્થરમાંથી માણસ થઈ એવું મુનિ-વાક્ય હતું!' ગૌતમમુનિ બોલ્યા હતા કે ત્રેતાયુગમાં રામચંદ્ર આ આશ્રમ પાસેથી થઈને નીકળવાના. તેમના ચરણસ્પર્શથી તું ફરી પાછી માણસ થઈશ. ત્યારે એ રામની શક્તિથી કે મુનિ-વાક્યની શક્તિથી એ કોણ કહી શકે, કહો જોઉં.' બધુંય ઈશ્વર-ઇચ્છાથી થાય.

અગાઉના સંસ્કાર સહેલાઈથી જાય નહિ

મોટી ઉંમરે ખસી કરેલો હોય એવો બળદ મેં બર્દવાનમાં જોયો હતો. એક ખસી કરેલા બળદને ગાયો પાસે જતો જોઈને મેં પૂછ્યું : આ શું ભાઈ? આ તો ખસી કરેલો છે ને? એટલે ગાડીવાળો કહે કે મહાશય, આની મોટી ઉંમરે ખસી કરેલી એટલે અગાઉના સંસ્કાર ગયા નથી.

એક જગ્યાએ કેટલાક સંન્યાસીઓ બેઠા હતા. ત્યાં થઈને એક સ્ત્રી નીકળી. બધાયે ઈશ્વર-ચિંતન કરતા હતા. તેમાંથી એક જણે ત્રાંસી આંખે જોઈ લીધું. તે ત્રણ છોકરાનો બાપ થયા પછી સંન્યાસી થયો હતો.

એક વાટકીમાં જો લસણને વાટી રાખ્યું હોય તો એમાંથી લસણની ગંધ શું જાય? બાવળના ઝાડમાં શું કેરી ઊગે?

તમે પહેલા સમજો

''એક રાજા રોજ ભાગવત સાંભળતો. વંચાઈ રહ્યા પછી પંડિત રોજ રાજાને પૂછે : 'રાજા, સમજ્યા?' રાજા પણ રોજ જવાબ દે : 'તમે પહેલાં સમજો.' પંડિત ઘરે જઈને રોજ વિચાર કરે કે રાજા એમ કેમ કહે છે કે તમે પહેલાં સમજો! પંડિત સાધન-ભજન કરતો એટલે ધીરે ધીરે તેને જાગૃતિ આવી ગઈ. એ વખતે તેને દેખાયું કે હરિ-ચરણ-કમલ જ સાર-વસ્તુ, બીજું બધું મિથ્યા. એટલે સંસારમાંથી વિરક્ત થઈને ચાલ્યો ગયો. માત્ર જતી વખતે એક માણસને રાજાને

કહેવા મોકલ્યો : 'રાજા, આ વખતે હું સમજ્યો છું.'''

ઈશ્વરના રૂપનું દર્શન કર્યે બ્રહ્મપદ તુચ્છ થઈ જાય

''રાવણને એક જણે કહ્યું : 'તમે બધાં રૂપ ધારણ કરી સીતાને ભોળવવા જાઓ છો તો રામ-રૂપ ધારણ શા માટે નથી કરતા?' એટલે રાવણે કહ્યું : 'મૂર્ખ, રામ-રૂપ એક વાર હૃદયમાં જોવાથી રંભા, તિલોત્તમા, વગેરે અપ્સરાઓ ચિતાભસ્મ જેવી લાગે; અરે, બ્રહ્મપદ તુચ્છ થઈ જાય, તો પરસ્ત્રીની તો વાત જ ક્યાં રહી?''

ભિખારી પાસે શા માટે માગું? અલ્લાહ પાસે જ ન માગું?

''વનમાં રહેતા એક ફકીર પાસે ઘણા માણસો આવતા. પૈસા વગર અતિથિ-સત્કાર કરવાનું કાર્ય ભારે પડતું. તેને ખબર હતી કે શહેનશાહ અકબર પાસે સાધુ-ફકીર માટે મહેલના દરવાજા ખુલ્લા રહેતા. એટલે તે મહેલ ગયો. અકબર નમાજ પઢતા હતા એટલે એ નમાજના કમરામાં બેઠો. જોયું તો નમાજ પઢ્યા પછી અકબર બોલે છે: 'હે અલ્લાહ, મને ધન-દોલત આપતા રહેજો.'

આ સાંભળી ફકીર ઊઠીને ચાલવા માંડ્યો. અકબરે રોક્યો. 'કેમ જાઓ છો?' 'મને હવે તમારી જરૂર નથી રહી', ફકીર બોલ્યો. શહેનશાહે ખૂબ આગ્રહ કર્યો ત્યારે ફકીર બોલ્યો, 'મેં જોયું કે તમે પણ ધનદોલતના ભિખારી. મનમાં થયું જે ખુદ ભિખારી છે તેની પાસે માગવા કરતાં અલ્લાહની પાસે સીધું જ ન માગું?''

સુગંધ આવે કે દુર્ગંધ વાયુ તો અલિપ્ત જ હોય

''વિદ્યા-અવિદ્યા બન્ને ઈશ્વરની અંદર છે, પણ તે પોતે અલિપ્ત. વાયુમાં ક્યારેક સુગંધ, તો ક્યારે દુર્ગંધ હોય, પરંતુ વાયુ પોતે અલિપ્ત. વ્યાસદેવને યમુનાને પેલે પાર જવું હતું.

એટલામાં ગોપીઓ પણ ત્યાં આવી પહોંચી. તેમને પણ યમુના ઓળંગવી હતી, દહીં-દૂધ-માખણ વેચવા, પણ હોડી જ ન હતી. વ્યાસદેવને વિનંતી કરી કે આપ કંઈ કરો. વ્યાસદેવ બોલ્યા, 'મને બહુ ભૂખ લાગી છે.' એટલે ગોપીઓએ તેમને મલાઈ-દૂધ-માખણ ખવડાવ્યાં. એ પછી વ્યાસજી યમુનાને સંબોધી કહે છે :

'હે યમુને! મેં જો કાંઈ ખાધું ન હોય તો તમારાં જળના બે ભાગ થઈ જાઓ, એટલે વચ્ચેના રસ્તા પર થઈને અમે બધાં ચાલ્યાં જઈએ.' થયું પણ એમ જ. યમુનાનાં જળના બે ભાગ થઈ ગયા ને વચ્ચે થઈ ગયો રસ્તો. એ રસ્તા પર થઈને વ્યાસદેવ અને ગોપીઓ પાર થઈ ગયાં.

'મેં ખાધું નથી' એનો અર્થ એ કે હું શુદ્ધ આત્મા. શુદ્ધ આત્મા અલિપ્ત, પ્રકૃતિથી પર. એને ક્ષુધા-તૃષા નહિ, જન્મ-મૃત્યુ નહિ, અજર, અમર,

સુમેરુવત્. જેને આવું બ્રહ્મજ્ઞાન થયું હોય તે જીવન-મુક્ત. તે બરાબર સમજી શકે કે આત્મા અને દેહ અલગ. ભગવાનનાં દર્શન થાય તો પછી દેહાત્મ-ભાવ રહે નહિ. દેહ અને આત્મા બન્ને અલગ અલગ લાગે. જેમ કે નાળિયેરનું પાણી સુકાઈ જાય એટલે એની અંદરનું ટોપરું કાચલીથી અલગ થઈ જાય. આત્મા જાણે કે દેહની અંદર ખડખડ કરે. એ પ્રમાણે વિષય-વાસનારૂપી પાણી સુકાઈ જાય તો આત્મજ્ઞાન થાય. આત્મા જુદો અને દેહ જુદો એ ભાન થાય.''

ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં આવતા કોઈ પણ વિઘ્નને મારી હઠાવવું

''મા ઈશ્વરનું સ્વરૂપ, પરંતુ એ પણ જો ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં અવરોધ પેદા કરે તો એના આદેશની અવગણના કરી શકાય. ઈશ્વર માટે ગુરુજનનું પણ કહેવું ન માનવામાં કોઈ દોષ નહિ.

ભરતે રામને માટે કૈકેયીનું કહેવું માન્યું નહિ. ગોપીઓએ કૃષ્ણદર્શન માટે પોતાના પતિની મનાઈ કાને ન ધરી. પ્રહ્‌લાદે ઈશ્વરદર્શન માટે બાપની વાત સાંભળી નહિ. બલિરાજાએ ભગવાનની પ્રીતિ માટે ગુરુ શુક્રાચાર્યની આજ્ઞા માની નહિ. વિભીષણે રામને મેળવવા માટે મોટા ભાઈ રાવણની વાત સ્વીકારી નહિ.''

ઈશ્વરતત્ત્વ મનુષ્યમાં વધુ પ્રકાશિત થાય

નરેન, ગિરીશ, માસ્તર મહાશય, વગેરે સાથે બેસી ઠાકુર વાતો કરી રહ્યા છે. કહેઃ ''ઈશ્વરતત્ત્વ બધાંમાં

હોય. પદાર્થો, ચીજવસ્તુઓમાં પણ, પરંતુ એને જો શોધવું હોય તો માણસમાં શોધવું, કારણ કે ઈશ્વર મનુષ્યમાં વધારે પ્રકાશિત થાય. ઈશ્વરની શક્તિનો પ્રકાશ ક્યાંક વધુ તો ક્યાંક ઓછો. એ સૌથી વધુ અવતારની અંદર. રામમાં ઈશ્વરનો પ્રકાશ ૭૫ ટકા હતો, પણ ક્યારેક એ શક્તિ પૂર્ણ માત્રામાં હોય; શક્તિનો જ અવતાર. કૃષ્ણ-અવતાર એવો. પૂર્ણ અવતાર.

ઈશ્વર પ્રેમ-ભક્તિ શીખવવા સારુ મનુષ્યદેહ ધારણ કરીને સમય સમયે અવતીર્ણ થાય. એ વાત ઉપમા દઈને સમજાવી ન શકાય. એનો અનુભવ થવો જોઈએ, પ્રત્યક્ષ થવું જોઈએ. ઉપમાથી માત્ર થોડોઘણો આભાસ મળે. જો ગાયનાં શીંગડાંને અડો તો ગાયને જ અડ્યા કહેવાય, પરંતુ ગાયની અંદર સાર વસ્તુ છે દૂધ. એ માત્ર આંચળ વાટે જ આવે.

પૂરેપૂરા ઈશ્વરની ધારણા કોઈ ન કરી શકે. જરૂર પણ શી છે? ઈશ્વરને પ્રત્યક્ષ જોઈ શકીએ એટલે થયું. જો કોઈ ગંગાની પાસે જઈ એનાં જળને સ્પર્શ કરે તો એ કહી શકે કે ગંગાનાં માત્ર દર્શન જ નહિ, સ્પર્શ પણ કરી આવ્યો. એ માટે હરદ્વારથી ગંગાસાગર સુધીની આખી ગંગાને હાથ લગાડીને અડવાની જરૂર નહિ. એ જ પ્રમાણે ઈશ્વરના અવતારનાં દર્શન કર્યાં એટલે ઈશ્વરનાં જ દર્શન કર્યાં.''

પોતાના જ ઘરમાં ચોરી કરવી!

ભગવાન રામકૃષ્ણ બે વસ્તુનો સંપૂર્ણ ત્યાગ કરવા વારંવાર કહેતા. એક અહમ્ અને બીજો દંભ. દંભને તેઓ પોતાના જ અંદરના ઓરડામાં કરેલી ચોરી કહેતા. એનાથી વધુ મોટી મૂર્ખતા શું હોઈ શકે? દંભ રાખે એટલે પોતે પોતાની જાતને જ છેતરે. પોતે જે છે એ નથી અને જે નથી એ છે એવું દેખાડવા ફાંફાં મારતા લોકોને ઠાકુર પોતાની નજીક પણ ન આવવા દેતા. સરળ, સહજ, ભોળા માણસને જોઈ તેમનો પ્રેમ ઊછળી પડતો. તે કહેતા :


''બડબડિયો, અંતર ઊંડો, કાને તુલસી, લાંબો ઘૂંઘટ તાણેલી સ્ત્રી અને ઢાંક્યા તળાવનું ટાઢું પાણી ખૂબ જ નુકસાનકારી. આ બધાંથી સાવચેત રહેવું જોઈએ.

બડબડિયો બડબડ કરીને નિરર્થક કે ચાલાક ને જૂઠી વાતો કર્યે જ જાય. પછી અંતરે ઊંડો. જો તેના મનની અંદર ડૂબકી મારો તો પણ સચ્ચાઈનો અંશ તમારા હાથમાં ન આવે. હોય એ દબાવીને બેઠો હોય. જે ન હોય એનું પ્રદર્શન ભરે. પછી કાને તુલસી ભરાવનારો. પોતે મોટો ભક્ત છે એવું દેખાડવાની ચેષ્ટા. લાંબા ઘૂંઘટવાળી સ્ત્રી. લાંબો ઘૂંઘટો તાણે. આપણને લાગે કે મોટી સતી, પણ એવું હોય નહિ અને સેવાળથી ઢંકાયેલા તળાવનું પાણી, ત્યાં સ્નાન કરીએ તો ન્યુમોનિયા થાય.''

[ક્રમશઃ]

અષ્ટનાયિકા

☐ વિનોદ જોશી



(૧) વાસકસજ્જા

પ્રિયતમ, સેજ સજાવું...
સંગ સલૂણો ધરી ચિત્તમાં સહજ સ્પંદ સહેલાવું...

રંગભવન રતિરાગ રસીલું,
અંગ ઉમંગ સુગંધિત ઝીલું;

કમળપત્રથી કોમળ મંજુલ હૃદયકુંજ છલકાવું...
પ્રિયતમ, સેજ સજાવું...

મન વિહ્વળ, તન તૃષિત સુહાગી,
પુષ્પિત નિબિડ નિશા વરણાગી;

તંગ અંગથી સરી જતો ઉન્માદ અનંત બિછાવું...
પ્રિયતમ, સેજ સજાવું...



(૨) સ્વાધીનભર્તૃકા

પિયા! તને નહીં રે જાવા દઉં હું દૂર...
વાદળને જોઈ જોઈ શીખી છું એટલું કે,
બાંધીને રાખવાનું પૂર...

હું જ તારું આંગણ ને હું જ તારું ઝાડવું,
સહેલું છે સાવ એક પંખી સંતાડવું;

આજ તને છાંયડાથી ઘેરીને ચાર પાંચ
ચાંદરણાં આપું ઘેઘૂર...

ગીત એક સળવળતું સૂતું છે ઢોલિયે,
રોજ રોજ બોલી બોલીને શું બોલીએ?

રાગ તારો ભૂલી જા, આજ હવે ગાવાનો
મનગમતો મારો આ સૂર...



(૩) અભિસારિકા

પ્રિય, હું છાનીછપની આવું,
ઓઢીને અંગે અંધારું રાત રસીલી લાવું...

મુગ્ધ મરાલ સમી હું સરતી,
મંદ સુગંધ બની રહું તરતી;

જાણું ના આલિંગન, ઊંડે અંતરમાં જ સમાવું....

ચંદનચર્ચિત ઉરઅભિલાષા,
નયન નીતરે મધુમય ભાષા;

જાગીને અણધાર્યો જોતો ઝાંખો દીપ બુઝાવું...

સહજ સલૂણી સેજ સુહાગી
મિલનોત્સુક મન્મથ અનુરાગી;

હું ને તું છોડી સહિયારો સંગ અનંત કરાવું...



(૪) કલહાંતરિતા

મુજથી સહ્યું ન જાય...
આમ નજરથી દૂર ન રાખે, આમ અડે નહીં ક્યાંય.

મુખ મરડી લીધું તે લીધું, ખબર ન ક્યારે મલકે,
મને વીંધતાં અંગ અંગ અણિયાળાં આંસુ છલકે;

થાઉં આજ તો હુંય અજાણી એવું મનમાં થાય,
મુજથી સહ્યું ન જાય...

લખ્યા વગરની લેખણ જેવી પડી રહું કાગળમાં,
હું ના પાછી વળું જેમ ના વળે નદી વાદળમાં;

પંડ સાવ પોચું ને પાછું પથ્થરમાં પછડાય,
મુજથી સહ્યું ન જાય...





(૫) વિરહોત્કણ્ઠિતા

વિરહ ન વેઠ્યો જાય, પિયા!
હું અંગ અંગથી તરસી...

નમણી રાત રમે વરણાગી,
ભીતર આગ અગોચર લાગી;

ખાલીપા ઊભરાય, પિયા!
તું આવ, હવે જા વરસી...

સંગતની ગત થાય ન પૂરી,
અધવચ રહેતી વાત અધૂરી;

એ પળ અળગી થાય પિયા!
જે ચાંપું જીવતર સરસી...

(૬) ખંડિતા

ખાલી રાખી મને, ભર્યા શ્રાવણમાં...
વળી ક્યાંક વરસીને અંતે આવ્યો તું આંગણમાં,
ભર્યા શ્રાવણમાં...

તારા મઘમઘ મનસૂબાને વળગી કોઈ ચમેલી,
ટળવળતી રહી ખુલ્લી મારી ડૂસકાં ભરતી ડેલી;

તરસબહાવરી હું કરમાઈ લૂથી લથપથ રણમાં,
ભર્યા શ્રાવણમાં...

તારા અણથક ઉજાગરાએ ભર્યો પારકો પહેરો,
ફૂટેલા પરપોટામાં હું ભરવા બેઠી લહેરો;

ગઈ હારને હારી, લઈને મોતી હું પાંપણમાં,
ભર્યા શ્રાવણમાં...





(૭) વિપ્રલબ્ધા

ઠાલી રાહ જોઉં છું તારી...
ઉંબરિયે હું બેઠી વેરણ ભણકારા શણગારી.

ટળવળતી આંખોથી ટપકે અણધાર્યું અંધારું,
મને વળગતું દડે એકલું ડૂસકું ખારું ખારું;

હિલ્લોળાતાં જળમાં ઊની આંચ ઊઠે અણધારી,
ઠાલી રાહ જોઉં છું તારી...

પંડ તણાયું પરપોટો થઈ તકલાદી ઝરણામાં,
આંગળીઓ ને નખનાં નોખાં પડી ગયાં સરનામાં;

હાથવગી હું મને, તોય મારામાં મને જ હારી,
ઠાલી રાહ જોઉં છું તારી...

(૮) પ્રોષિતભર્તૃકા

પિયુ! આવ, હવે તો મળિયે...
રોજ રઝળતી રાત અટૂલી ટળવળતી ઝળઝળિયે...

સોનલવરણી પડતર પીડા સાગઢોલિયે પોઢી,
પંડ પછાડા મારે ઉજ્જડ પડછાયાને ઓઢી;

ચોમાસું ભડભડ સળગીને સૂતું કોરા ફળિયે...

આંખોમાં ખટકે અણિયાળાં અંધારાંનાં ટીપાં,
રઘવાયા ખાલીપા રઝળે જીવતરની માલીપા;

ગણું ઊછળતા ધબકારાને હજી દસે આંગળિયે...

દોસ્તોસ્તો!

☐ વર્ષા દાસ

બારીના કાચ પર ટકોરા પડ્યા
મેં કીધું, 'આવી...'
જઈને જોઉં તો હવા હસી પડી!

અગાસીના પતરાના છાપરા પર
કોકનાં પગલાં સંભળાયાં
મેં કીધું, 'આવી...'
જઈને જોઉં તો ખિસકોલી દોડી પડી!

બહારના બારણે ખખડાટ થયો
મેં કીધું, 'આવી...'
જઈને જોઉં તો પડોશની બબલી અથડાઈ પડી!

બારીએ હવા, અગાસીએ ખિસકોલી,
ને બારણે બબલી પડોશની.
મને સૂનું ન લાગવા દે.
વણબોલાવ્યે આવી જાય
હાજરી પુરાવી જાય.

આ યે કુદરતની બલિહારીસ્તો
રંગ - રૂપ જુદાં, પણ અંતે તો દોસ્તોસ્તો!

ગઝલ

☐ ચંદ્રેશ મકવાણા

રાત પૂરી થઈ તો સૂરજ પર વાદળ આવ્યાં
એ રીતે પણ લ્યો અંધારાં પાછળ આવ્યાં

'મોકા' ચૂકવી નજર સિફ્તથી થયા છૂમંતર
'પછતાવા' પાડીને ચીસો આગળ આવ્યા

પરસેવાની પ્યાલી ઢોળી દોટ દીધી પણ
અંતે આવ્યાં તો ખોબામાં મૃગજળ આવ્યાં

ઉજાગરાથી લીપીઝૂપી આંખ સજાવી
તોય ના એમાં રહેવા આંસુ બે પળ આવ્યાં

આવ્યા તો કેવળ આવ્યા બે-ચાર નિસાસા
ના આવ્યા ઇ-મેઈલ ના કોઈ કાગળ આવ્યા

ના થાક્યો એ છેક લગી રસ્તા ગૂંચવતા
છેક લગી ના મારી ધીરજનાં તળ આવ્યાં

બે ગઝલ

☐ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

ખાનાબદોશ

મુસ્કુરાતો - ગીત ગાતો હરવખત ખાનાબદોશ,
ભાગ્યની જોતો રહ્યો સઘળી રમત ખાનાબદોશ.

શું મળ્યું શું શું નિહાળ્યું આશરાના નામ પર,
જોઈ લીધું, છે અહીં આખ્ખું જગત ખાનાબદોશ.

જ્યાં મળ્યું જેવું મળ્યું ભોજન - શયન આનંદમય,
રાખતો'તો ક્યાં કદી કોઈ મમત ખાનાબદોશ.

થાય મન, રોકાય ત્યાં થોડું, ફરી આગળ વધે,
જાણતો'તો પાસ કરતો'તો વખત ખાનાબદોશ.

બાળપણ- સગપણ- વતન ભીની કરી દે આંખ જ્યાં,
ધૂળ માફક સર્વ ખંખેરે તરત ખાનાબદોશ.

કોઈ એને ખોતરી પૂછે સગાં-વ્હાલાં વિશે,
મૌન થઈ આકાશને જોતો ફકત ખાનાબદોશ.

હરવખત હરકોઈને હરકામમાં આવ્યો અહીં,
ખોઈ બેઠો'તો બધી જે આવડત ખાનાબદોશ.

ના ગમે મિસ્કીન ત્યાંથી નીકળી જાતો તરત,
જાણતો'તો વ્યર્થ છે સઘળી લડત ખાનાબદોશ.

☐ અજવાળું

બાહર કરતાં બમણું અંદર અજવાળું,
કોણ ઘબકતું હશે? નિરંતર અજવાળું.

જપ-તપ-પૂજા, મૂળ ખરેખર અજવાળું,
જેમ જાવ ભીતર ને ભીતર અજવાળું.

બધું ખેરવી નાખે ખરખર, અજવાળું...
બધે બધામાં થાય સમયસર અજવાળું.

બાવન બ્હારું મળી જતું બાવન રસ્તે,
મૌન જાણતું અક્ષર અક્ષર અજવાળું.

કશું ઊઘડતું હશે, તને તું સાચવજે,
જ્યારે લાગે આ સચરાચર અજવાળું.

કયો પરમ આનંદ? આ દુનિયા શું જાણે?
સાવ અલગ ને અંગત અવસર અજવાળું.

અંધારાનું ગજુંય શું? બેચાર ઘડી,
મેં તો મિસ્કીન જોયું ઘરઘર અજવાળું.



મિટ્ટુની નાની

☐ પન્ના ત્રિવેદી

આજે નાની ચોથી વાર મરી. ના, મરી નહીં મારી - બેન્ચ પર બેસતાં બેસતાં મિટ્ટુએ મનોમન ગણતરી કરી.

એક ક્ષણ તેની આંખ સામે નાનીનો કરચલીવાળો ચહેરો આવી ગયો, પણ તેણે જેવું સાહેબ સામે જોયું કે એ ચહેરો તરત જ અલોપ થઈ ગયો. બેન્ચ પર બેસતી વખતે પણ ધબકારાની ગતિ એટલી જ તેજ હતી જેટલી સાહેબ સામે ઊભા રહીને તેમના આકરા સવાલોનો સામનો કરતી વખતે હતી. આંખો ફાડીને સવાલ પૂછતા સાહેબ કેવા વિચિત્ર જાનવર જેવા લાગતા હતા! ઘુવડ જેવી આંખો, બાજ જેવા પંજા, અજગર જેવી જીભ, વાઘ જેવા નખ, મગર જેવાં જડબાં... બસ, એક જ સવાલ, 'ગઈ કાલે કેમ ગેરહાજર હતો? ટેસ્ટ વખતે જ પેટમાં દુ:ખે છે કેમ? જાણું છું તમારાં બહાનાં બધાં...' મિટ્ટુને લાગ્યું કે જો તે એક ક્ષણ પણ વધારે વાર અહીં ઊભો રહેશે તો સાહેબ પાગલ હાથીની જેમ તેને ચગદી નાખશે. તેણે આંખ મીંચી, એક ઊંડો શ્વાસ લીધો અને તરત જ બોલ્યો, 'સાહેબ! મારી નાની મરી ગઈ... એટલે...' જોકે આત્મવિશ્વાસ

સાથે જુઠ્ઠું બોલવાની પ્રૅક્ટિસને કારણે તે સજામાંથી બચી ગયો. મેથીપાક ચખાડવા આતુર સાહેબના હાથ તરત અટકી ગયેલા. તમતમી ગયેલા સાહેબે નાછૂટકે કહેવું પડ્યું, ‘જા, જઈને બેસ જગ્યા પર!’ જાણે વિકરાળ મગરનાં જડબાંમાંથી પોતાને છોડાવી લાવ્યો હોય એમ તે નિરાંત જીવે બેઠો, પણ અંદર કોઈ અદૃશ્ય પિશાચી આંગળીઓ ગલગલિયાં કરતી હતી : એહેહે... કેવો બચી ગયો!

‘બચી ગયા’નો આનંદ તેના ચહેરા પર નાચી રહ્યો હતો. તેણે મોં પાસે હાથરૂમાલ રાખી હસવું દાબી રાખ્યું. તેણે જોયું તો સાહેબ હજીય તેની જ સામે જોતા હતા. તેમની શંકા વધારે દૃઢ ન થાય એ માટે ખોટેખોટું બે ચાર વાર ખાંસી લીધું.

મિટ્ટુએ સામેની દીવાલ ભણી જોયું. ચાર છોકરાઓ કૂકડા બનીને ઉભડક બેઠા હતા. તેમનાં મોં લાલ લાલ હતાં. એક જાડિયો છોકરો શરમના માર્યો તેની પહોળી ચડ્ડીના પાયસામાંથી દેખાતી જાડી સાથળને ઢાંકવા, ઘડીએ ઘડીએ સરખી કરવા મિથ્યા પ્રયાસ કરી રહ્યો હતો. છોકરીઓ એ બાજુ જરી ત્રાંસું જોઈ લઈ ઝીણું ઝીણું હસતી હતી. છેલ્લી બેન્ચના ચારેય છોકરાઓ સો વખત ઊઠકબેઠક કરતા હતા. દસથી ઓછા આવેલા માર્ક્સવાળા વિદ્યાર્થીઓ રફ ચોપડામાં એક એક દાખલો પચાસ પચાસ વાર લખી રહ્યા હતા. ત્રણેક છોકરીઓ વાલીઓને બોલાવી લાવવાના ફરમાનથી ઊભી ઊભી રડતી હતી.

પોતાને બચાવી લેવાની આવડતથી કેવો પ્રભાવ પડ્યો છે એ જોવા મિટ્ટુએ કંઈક રુઆબથી પહેલી બેન્ચ પર બેઠેલી નિમ્મી સામે ગુમાનથી જોયું. રિબનનાં મોટાં ફૂમતાંને કારણે પાછળ બેઠેલા મિટ્ટુને તેની આંખ બરાબર દેખાઈ નહીં, પણ તે સ્તબ્ધ બેઠી હોય એવું લાગ્યું. મિટ્ટુએ આંગળીના વેઢે ફરી ગણતરી કરી : એક, બે, ત્રણ ને ચાર... હા, ચોથી વખત. આ વખતે નાની ચોથી વારની જ મરી. પહેલી વાર નવો જ આવેલો ત્યારે. બીજી વાર લાંબા સમય પછી એ જ સાહેબ સામે, એમ માનીને કે તેઓ નાનીનું પહેલી વારનું મરણ ભૂલી ગયા હશે, ત્રીજી વાર નવા ધોરણના નવા સાહેબ સામે ને આ ચોથી વાર બદલી થઈને આવેલા આ નવા સાહેબ સામે. હમ્મ... તો કુલ થઈને ચાર વાર. સારું જ થયું આવતાંવેંત જ મુન્ના સાથે ભાઈબંધી થઈ ગઈ નહીં તો રોજ રોજ.....

તેની આંખ વારંવાર ઘડિયાળને જોઈ રહી. તે વર્ગખંડની બહાર નીકળવા અધીર બની રહ્યો. તેની અકળામણ વધી ગઈ. ક્યારે વર્ગ પૂરો થાય ને ક્યારે પીટીનો ક્લાસ ચાલુ થાય!

હકીકતમાં ઘરનિકાલાની સજા રૂપે મિટ્ટુને આ શહેરની હૉસ્ટેલમાં મૂકવામાં આવ્યો હતો. એક રીતે આ સ્કૂલ તેને માટે નરકથી કમ નહોતી. અહીં આવવાનું તેને ક્યારેય ગમ્યું નથી. શરૂ શરૂમાં તો

ક્યારેક તે સ્કૂલ નજીકની ફૂટપાથ પર બેસીને આખો દિવસ રડ્યા કરતો, પણ જેવી વૉચમૅનની નજર પડતી કે બાવડેથી ઝલાઈને સ્કૂલમાં ફેંકાતો. એ વખતે સ્કૂલ તેને કોઈ મોતના કૂવા જેવી લાગતી. જાણે અંદર એક અજાણ્યો અંધકાર ફેલાઈ ગયો હોય ને તે પોતાને બૂમો મારતો હોય, પણ પોતે જ પોતાને ન દેખાતો હોય... રાત-દિવસ પ્રશ્ન ઘૂમરાતો - પેલો મિટ્ઠુ ક્યાં? ને પહેલા જ મહિને સાહેબે જ્યારે વર્ગખંડમાં ટેસ્ટની ઘોષણા કરેલી ત્યારે? ત્યારે તો રીતસરનો થરથર કંપવા લાગેલો. તેના રડમસ ચહેરાને જોઈને રિસેસમાં મુન્નાની બદમાશ ટોળીએ રમૂજમાં પૂછેલું: કેમ બે ફટિચર! મોં કેમ લટકેલું છે? તારી નાની મરી ગઈ છે કે શું? એકાએક ડૂબતાને જાણે તણખલું હાથ લાગી ગયેલું. એક ઝબકારો - હા, ખાલી ખાલી નાનીને મારી શકાય. કેમ ના પોતે સાહેબને આમ જ કહી દે કે નાની મરી ગઈ એટલે ગામ જવું પડ્યું. સાહેબ કંઈ ગામ ઓછા જ જોવા જવાના છે? બસ, એ દિવસથી જ્યારે જ્યારે ટેસ્ટમાંથી મુક્તિ જોઈતી હોય છે ત્યારે ત્યારે મિટ્ઠુ રડમસ ચહેરે, ગળગળા સાદે, આત્મવિશ્વાસથી આમ જ કહી દે છે : સાહેબ! મારી નાની મરી ગયેલી એટલે...'

જોકે આત્મવિશ્વાસ અને સાહસ આમ ક્ષણમાં જ મેળવી લેવા તેના જેવા છોકરા માટે સહેલું તો નહોતું જ. પહેલી વાર જુઠ્ઠું બોલેલો ત્યારે જીભ રીતસરની થોથવાતી હતી, તતપપપપપ થઈ ગયેલું. અંદરથી કંઈક ખૂંચતું હતું – નાનીના મરવાની વાત કરીને તેણે શું યોગ્ય કર્યું છે? નાની, એ જ નાની કે જે હંમેશાં તેને ભાવતા મોતીચૂરના લાડુ બનાવીને મોકલાવતી, વહાલ કરતી, વાર્તાઓ કહેતી, ગીતો શિખવાડતી. એ જ નાનીને આમ જુઠ્ઠું બોલીને મારી શકાય? મા તો કહેતી હતી કે આખા દિવસમાં એક વાર એવી ક્ષણ તો ઘટે જ છે જ્યારે બોલેલું બધું સાચું પડી જાય ને કોઈ કોઈ વાર અસત્યનો રાક્ષસ જીવતો થઈ જાય! રાક્ષસ જીવતો થઈ જશે તો?

પણ મુન્નાએ તેની 'તુચ્છ' મૂંઝવણ સાંભળીને ખડખડાટ હસતાં, બીડીનો એક ઊંડો કશ ખેંચતાં કહેલું, 'ના, કશું જ ખોટું નથી કર્યું. એમ કહેવાથી મરી ઓછું જ જવાય છે કંઈ? આ રઘુને જ જો, તેની માના કસમ પાંચસો વાર ખાધા હશે, તોય તેની મા જીવે છે કે નહીં? મરી કંઈ? ને આ નંદુ? પૂછ તેને, કેટલી વાર દાદાને સ્વર્ગે મોકલ્યા? આટલાં બધાં ધોરણના આટલા બધા છોકરાઓમાંથી કોની નાની ને કોની દાદી ને કોના દાદા જીવે છે, મરે છે એવું સાહેબને યાદ થોડું જ રહે કંઈ? મેં તો કેટલી વાર દાદીને મારી છે, રેકૉર્ડ છે આપણો. પૂછ કોઈને બી. હિંમત જોઈએ હિંમત. જુઠ્ઠું બોલવું એક કળા છે, કળા. આર્ટ. હા, પકડાઈ જવું ગુનો છે. સ્પેશિયાલિસ્ટ બનવું પડે. નહીં તો પછી ક્લાસમાં બન્યા કરો કૂકડા-બકરા! કરાવ્યા કરો ઇજ્જતનો ફાલૂદો!

અબે સિનિયર લોકો પર ભરોસો રાખ, એમને એમ કંઈ એક ધોરણમાં બબ્બે વર્ષ કાઢ્યાં હશે! ને યાદ કર આપણો પહેલો ક્લાસ. ભટ્ટે શું ભણાવેલું? ચલ બેટે સંજય, છોટુ કો દૂરદર્શન દિખા દે. લે જા રિવર્સ ટાઇમ મેં.'

નટખટ સંજયે એક ખોંખારો ખાઈને ટીવી સિરિયલ 'મહાભારત'નો રાગ આલાપી ગાયેલું : 'મહા...ભારત...' આખી ટોળીએ ઝીલ્યું : 'આ આ આ આ.....' અટ્ટહાસ્યનું એક મોજું ફરી વળેલું, પણ તરત સંજયે મોં પર ગંભીરતા લાવીને કહેલું, 'અર્જુનની વાત કરેલી ને સાહેબે? અબે અર્જુન? કિશન ભગવાન કા દુલારા... ભગવાને જાતે કહ્યું - માર અર્જુન માર. તો તેણે પણ તેના પ્યારા પિતામહને માર્યા કે નહીં? ને એ પણ સાચ્ચંસાચ્ચ... એને તો વધ કહેવાય વધ... પણ મારવા પડ્યા! મજબૂરી. ના મારત તો ખેલ ખતમ. જો બચ્ચા! આત્મરક્ષા માનવીનું પ્રથમ કર્તવ્ય છે. શું કહ્યું? સંજયના લચ્છાદાર ભાષણથી સીટીઓ અને તાળીઓ બજી ઊઠેલી.

મિટ્ટુને વાત તરત ગળે ઊતરી ગયેલી. નાનીને મારવામાં શું ખોટું કર્યું? ને સાચ્ચંસાચ્ચ થોડી જ મારી છે? તેના ને ગુડ્ડુને લીધે જ તો અહીં હૉસ્ટેલમાં આવવું પડ્યું. મારાથી વધારે તો હવે તે મોટા ભાઈ ગુડ્ડુને વહાલ કરે છે!

તેની ડબડબતી આંખ સામે 'અન્યાય'ની એક એક ક્ષણ ઘટતી દેખાતી હતી :

બે વર્ષ પહેલાંના વૅકેશનની એ રજાઓ. દરવખતની જેમ મા સાથે નાનીને ત્યાં રજાઓ ગાળવા ગયેલો ને દરવખતની જેમ દોડીને નાનીને ભેટી પડેલો, પણ ત્યારે નાનીએ સહુથી પહેલા ગુડ્ડુને ભેટીને વહાલ કરેલું! ગુડ્ડુ સાથે વધારે વાતો કરી. વધારે વખાણ કર્યાં... ને નીકળતી વખતે તેને નવું પૅન્ટ લેવા માટે માના હાથમાં પૈસાય આપેલા એમ કહીને કે ગુડ્ડુ હવે મોટો થઈ ગયો છે. ઈસ્કૂલમાં ચડ્ડીને બદલે હવે તો પૅન્ટ પહેરવાનું કેમ? મોટા ક્લાસમાં જવાનું ને હવે તો? ને મોતીચૂરના લાડુને બદલે તેના ભાવતા ઘૂઘરા બનાવી આપેલા. કેટલો ગુસ્સો આવેલો? ને આગલી રાતે નાનીની સાથે સૂવા ગયો તો ત્યાં પણ ગુડ્ડુ? ને નાની? ગુડ્ડુ સાથે કેટલી ખુસપુસ કરતી'તી! ખાનગી વાતો. જાણે કે એક ગુડ્ડુ જ હોય એકલો. જાણે કે બીજું કોઈ આવ્યું જ ન હોય? નાના હોય તો શું થયું? છઠ્ઠા ધોરણમાં ભણતા છોકરાને પણ માન હોય છે! ને આવજો... આવજો... કહેતી વખતે પાછી રડતી હતી, જાણે કેટલોય પ્રેમ કરતી હોય! સારું જ થયું, નીકળતી વખતે નાનીને આવજોય ન કહ્યું તે. એ જ દાવની હતી નાની.

ને ભાઈ? ઘેર આવીને દાદીની આંખ સામે કેવો ઊછળી ઊછળીને માએ લઈ આપેલું નવું નવું પૅન્ટ બતાવતો હતો? ને દાદી? તેણે તો માની હાજરીમાં જ મોં ચડાવીને ભાઈને કહેલું, 'હા... ભઈ...

આ તો મારો લાડલો રાજકુંવર છે એટલે આટલો હીરો લાગે છે, બાકી પૅન્ટ તો ઠીક છે... કપડું તો સાવ સસ્તું છે! તારી નાનીને કહીએ ને કે વરહદા'ડે એક વાર લૂગડું અપાવો છો તે હારા મઈનું અપાવે... ધર્માદામાં લૂગડાં નથી આપવાનાં. આ રાજપુર છે, કંઈ તેમનું રંકપુર નથી કે લંગોટી પે'રી તોય ચાલી ગયું. ને પોતરાં કોના છે એ તો યાદ રાખવું જોઈએ! વટ્ટ પડવો જોઈએ.' ભાઈ... ભાઈ... ભાઈ... ભાઈ... રાજકુંવર... હીરો... બધામાં જ ગુડ્ડુ?

'હમમમ... ખબર તો પાડવી જ પડે. આપણે પણ કંઈ છીએ એ બતાડવું તો પડે જ.' તળાવની પાળે બેઠાં બેઠાં મણિએ કોથળીમાં દેડકો નાખતાં નાંખતાં ગુસ્સાથી કહેલું.

'મોટા હોય એટલે આપણે ચૂપ રહેવાનું?' નીલુએ એક પથ્થર તળાવમાં ફેંકતાં કહેલું.

'યાદ કર મિટ્ઠુ, ગઈ રમતમાં વીસ વીસ લખોટીઓ હારી ગયેલો તારો ભાઈ. મારી આંખ સામે તારી પાસેથી તને પૂછ્યા વિના જ લઈ લીધેલી ને રાકલાની ઉધારી ચૂકવેલી. તને પૂછ્યું'તું કે તારી લખોટીઓ લઉં? ભાઈ છે તો શું થયું? પૂછવું તો જોઈએ જ ને? ને આ વખતે તો નવાં કપડાંનો વારો તારો જ હતો. ગયા વખતે પણ તારી નાનીએ તેને નવું દફ્તર અપાવેલું, ખબર છે ને? ને તને પ્લાસ્ટિકનો કંપાસ પટાવી માર્યો.'

'હમમમ... ખબર પાડવી પડશે મણિ. ભાઈ હોય એથી શું? નાનીએ જ ચઢાવી માર્યો છે. બતાવવું પડશે કે મનેય સમજ પડે છે ને હવે હુંય મોટો થઈ ગયો છું. આપણામાંથી કોઈનો પણ ભાઈ મોટો હોય, ખબર લઈ નાખવાની. આપણે એક થઈને ખેલ બતાવીશું. નક્કી. ' મિટ્ઠુએ ઇરાદો કરી લીધેલો.

એ જ સાંજે ઝાડીઓ પાછળ સંતાયેલી આંખો એ રસ્તે ગુડ્ડુના નીકળવાની રાહ જોતી હતી. ભાઈબંધો સાથે દેડકા પકડવાના બદલે તે સાંજે મિટ્ઠુએ ભાઈને જ પકડ્યો. તોફાની ટોળીના ચક્રવ્યૂહ વચ્ચે ભાઈ હેબતાઈને ઊભેલો. એક રુઆબદાર અવાજ – 'ડ્રાંઉં ડ્રાંઉં' કરતાં કરતાં દેડકાની જેમ કૂદતાં કૂદતાં બોલ કે 'મારી ભૂલ થઈ ગઈ.' સાંભળતાં જ ગુડ્ડુ સ્તબ્ધ! એમ કરવાનો ધરાર નન્નો! ઉપરથી ધમકી, 'તું ઘેર આવ. કાનપટ્ટી ને ગાલ લાલ લાલ ના થઈ જાય તો કે'જે આજે...' સાંભળતાં મિટ્ઠુ ગભરાઈ ગયેલો. એક પથ્થર ઊંચકાયો ને ફેંકાયો ગુડ્ડુના માથા પર. માથું જ ફૂટી ગયું. બીજાં તો બીવે જ છે, હવે ભાઈ પણ બીશે. કહેશે એમ કરશે. તેને ખબર પડશે કે આ દુનિયામાં વહેલા જન્મવાથી જ કંઈ મોટા થઈ જવાતું નથી. મોટા બનવું પડે છે. આમ ઠોસ જમાવવો પડે, વીરતા દેખાડવી પડે...

પણ બાજી આખી પલટાઈ ગઈ! એ સાંજે ઘરમાં મહાભારત ચાલતું હતું. પિતાજી મા પર જોર જોરથી તાડૂકતા

હતા : 'દિવસભર બદમાશ લફંગાઓની ટોળી સાથે રખડી રખડીને સાવ બગડી ગયો છે, છોકરો. ખબર છે તને, તેના માસ્તરોએ પચાસ વાર ફરિયાદ કરી હશે આવતાં-જતાં મને. બે શબ્દો કહે તો સામે ગાળો બોલતો થઈ ગયો છે... એટલે કોઈ કશું પૂછતું નથી, કોઈ કશું કહેતું નથી ને તે નાલાયકને મજા પડી ગઈ છે, બેસી રહેવાની. સંસ્કાર, વિવેક નામની કોઈ ચીજ જ નથી બચી તેનામાં! ક્યાં ગુડ્ડુ ને ક્યાં આ લફંગો નાનકો. સગા ભાઈનું માથું ફોડી નાખ્યું! લોહીની ધાર જોયેલી? કેટલા ટાંકા આવ્યા છે માથે? આંખ બચી ગઈ, સહેજમાં. બસ, બહુ થયું હવે. આ અળવીતરાનો એક જ ઇલાજ, હૉસ્ટેલ. બસ, આ વિશે કોઈ એક શબ્દ પણ નહિ બોલે.'

ખેલ ખતમ! હુકમ નીકળી ગયો. હૉસ્ટેલના નામથી જ તાવ આવી ગયેલો. ના-ના-ના-ના... લાખ ધમપછાડા, ભૂખ હડતાળ. પણ બધું જ બેકાર.

અંતે શેઠ પ્રતાપરાય બળવંતરાય હૉસ્ટેલ, રૂમ નંબર સાત.

મિટ્ઠુએ સાહેબ સામે જોયું. સાહેબ તેની સામે ઘૂરકતા હોય એવું લાગ્યું. ભીંત પર ન લખેલો શબ્દ વંચાયો : આત્મરક્ષા. ના, આવી નાનીને મારીને કશું જ ખોટું નથી કર્યું. મન પરથી એક ભારેખમ પથ્થર ખસી ગયો.

વર્ગ પૂરો થયાનો ઘંટ વાગ્યો. સાહેબ ક્લાસ છોડીને હજી નીકળે એ પહેલાં જ તે ઊભો થઈ ગયો. બહાર નીકળતી વખતે બે ચોટલાવાળી નિમ્મી તરફ તેણે રુઆબભરી નજરે જોયું. જરા મલકાયો અને કૉલર ઊંચો કરતો કરતો બહાર નીકળી ગયો.

ભાઈબંધો સાથે મેદાન પર પહોંચી ગયો. સજામાંથી બચી ગયેલા છોકરાઓના ખિખાટિયા ગુંજતા હતા. સાહેબના ચાળા પાડતો મિટ્ઠુ ખડખડાટ હસતો હતો કે એકાએક સામે નિમ્મી ઊભેલી દેખાઈ. કતરાતી આંખે તે મિટ્ઠુને તાકી રહી. બોલી, 'બહુ શોખ છે ને તને નાનીને મારવાનો? મૃત્યુ કોને કહેવાય એ કંઈ ખબર પણ છે તને? ખબર છે તને, મારે મા નથી. માનું મરી જવું એટલે શું એ તને નહીં સમજાય. નાની જ છે જે મા બનીને મોટી કરે છે મને. ને નાની તો પણ તારી માની તો મા જ ને!'

મિટ્ઠુ કશું બોલે એ પહેલાં જ તેને નિમ્મીની પીઠ દેખાઈ.

એકાએક એક છોકરો દોડતો દોડતો આવીને ઊભો રહી ગયો. તે હાંફતો હતો. અબ્બાસ હતો. 'મિટ્ઠુ... તારા અમ્મી-અબ્બા આવ્યાં છે. તને લેવા. સાથે ભાઈ પણ છે, તારો. બોલાવે છે તને. તારી... તારી... નાની મરી ગઈ મિટ્ઠુ...'

મિટ્ઠુ એક થાંભલાની જેમ ત્યાં જ ઊભો રહી ગયો. તો શું ભગવાને વાત સાચી કરી નાખી કે અસત્યનો રાક્ષસ જીવતો થઈ ગયો?

બસ-સ્ટૅન્ડ જતી વખતે ભાઈ તેનો હાથ

પકડીને ચાલતો હતો. ચાલતાં ચાલતાં તે બોલી રહ્યો હતો : આપણી નાની મિટ્ટુ... આપણી નાની હવે ક્યારેય આપણી પાસે પાછી નહીં આવે...

મિટ્ટુના મોં પર દુઃખની સાથે હજીય થોડો ગુસ્સો પણ હતો. એ જોઈને ગુડ્ડુએ કહ્યું, 'તને ખબર છે મિટ્ટુ? ગયા વર્ષે માએ તને નવા પૅન્ટ અને ટી-શર્ટ બન્ને લઈ આપેલાં! એ નાનીએ જ અપાવેલાં. તું જ્યારે રિસાઈને જતો રહ્યો હતો ત્યારે નાની મને કાનમાં શું કહેતાં હતાં, ખબર છે? તે કહેતાં હતાં કે મારા મિટ્ટુને તો હું પૅન્ટ-બુશર્ટની સાથોસાથ નવા બૂટ પણ લઈ આપીશ. નાનો છે ને! અને એ વખતે તને મોતીચૂરના લાડુ કેમ ના બનાવી આપ્યા એ ખબર છે? નાની પાસે ઘીના પૈસા નહોતા મિટ્ટુ! કહેતી હતી કે તારી દાદી તારી માને કેટલુંય સંભળાવશે, કહેશે કે સાવ ખાલી હાથે કાઢી ઘેરથી તારી માએ? તને તો ખબર છે ને આપણી દાદી આપણી માને કેવું કેવું બોલે છે? કેટલું દુઃખ આપે છે માને? નાની બહુ ગરીબ છે ને! જ્યારથી નાના ભગવાનને ઘેર ગયા ત્યારથી નાનીએ જ ખેતરમાં મજૂરી કરી કરીને માને મોટી કરી. બિચારી કેટલું વહાલ કરે છે આપણને! ને તું તો ગયા વૅકેશનમાં રિસાઈને નહોતો આવ્યો નાનીને ત્યાં. ત્યારે તેણે યાદ કરી કરીને તારા માટે લાડુ મોકલાવ્યા જ હતા ને! કહું તને, ત્યારે નાનીને દાંતમાં કેટલું દુઃખતું હતું? કેટલાય દિવસ સુધી પેઢાં ફૂલી ગયેલાં. ગાલ પર સોજો આવી ગયેલો. ખવાતું નહોતું. કહેતાં હતાં કે શહેરના ડૉક્ટરોને બતાવવામાં વધારે પૈસા થાય એટલે તે બિચારી કેટલાય દિવસો સુધી સહન કરતી બેસી રહી. બચાવેલા પૈસામાંથી જ તારા માટે અસલી ઘીના મોતીચૂરના લાડુ... ને તેં એય ના અડક્યા?'

'ઓહ... નાની...' મિટ્ટુની આંખ આંસુથી છલકાઈ ઊઠી.

'નાની નાની નથી મિટ્ટુ... તે તો સહુથી મોટી! આપણી માની મા. આપણને આટલી સારી મા આપનાર પણ તો એ જ હતી ને!'

મિટ્ટુ ગુડ્ડુને જોરથી વળગી પડ્યો. 'મારે જુઠ્ઠું નહોતું બોલવું જોઈતું... નાનીને મેં જ મારી છે... નાની... હું જુઠ્ઠું બોલ્યો એટલે જ... નાની મને કેટલું વહાલ કરતી હતી!'

ક્યાંય સુધી મિટ્ટુ રડતો રહ્યો. તેની વહાલી નાની ચિતામાં વિલય પામી રહી હતી, પણ બળતરા તો મિટ્ટુની ભીતર થતી હતી.

તેર દિવસ પછી સ્કૂલે ગયેલા મિટ્ટુને માસ્તરે જ્યારે ઊભા કરીને જરા કડકાઈથી પૂછ્યું, 'આટલા દિવસ કેમ નહોતો આવ્યો?'

કશુંક બોલવા માટે મિટ્ટુના હોઠ ફફડ્યા, પણ આ વખતે તેનાથી કશું જ ન બોલાયું. વર્ગશિક્ષકને સંબોધીને લખેલી પિતાજીની ચિઠ્ઠી પણ તેના ગજવામાં જ રહી ગઈ.

❑❑❑



ડૉ. હિમાંશુ બ્રહ્મભટ્ટ અને તેમનાં સહયોગી ડૉ. જેનિફર મેકડરમોટ

ડૉ. હિમાંશુ બ્રહ્મભટ્ટ : એક મુલાકાત

☐ **આરાધના ભટ્ટ**

કલા હોય કે વૈજ્ઞાનિક સંશોધનો - સાધના અને સમર્પણનો માર્ગ બંનેનો સમાન છે. એ સત્યનું જીવંત દૃષ્ટાંત સિડનીનિવાસી વૈજ્ઞાનિક ડૉ. હિમાંશુ બ્રહ્મભટ્ટ પૂરું પાડે છે. કૅન્સર જેવા અસાધ્ય રોગના ઉપચાર માટે સંશોધનને આજીવન સમર્પિત રહેલા ડૉ. હિમાંશુ બ્રહ્મભટ્ટ માનવજાત માટે ઊંડી નિસબતથી કામ કરતા મરજીવા છે. કોરોના વાયરસ આવતાં જ તેઓ એની રસી બનાવવાના પ્રયત્નમાં ગળાડૂબ છે અને તેમના પ્રાથમિક સંશોધનનાં પરિણામ માનવજાત માટે એક નવું આશાનું કિરણ લઈને આવે છે. ડૉ. બ્રહ્મભટ્ટ અને તેમના સહયોગી વૈજ્ઞાનિક ડૉ. જેનિફર મેકડરમેઇટે સિડનીમાં સ્થાપેલી બાયોટેક કંપની 'એન્જેનિક' દ્વારા આ પ્રયોગો થઈ રહ્યા છે. આ મુલાકાત પ્રકાશન માટે તૈયાર થઈ રહી છે ત્યારે ઑસ્ટ્રેલિયાની 'નૅશનલ નાઇન' ટીવી ચૅનલે તેમની કોવિડ વેક્સિનની ટ્રાયલના સમાચાર રાષ્ટ્રવ્યાપી બુલેટિનમાં પ્રસારિત કર્યા. અમેરિકાના સૌથી ધનાઢ્ય સંશોધક-તબીબો પૈકીના ડૉ. પેટ્રિક સૂન-શિયોંગને 'એન્જેનિક'નાં સંશોધનોમાં રસ પડ્યો છે અને તેમણે આ બંને શોધની ટ્રાયલ સફળ થતાં વેક્સિન તેમજ કૅન્સર ઉપચારની દવાઓનું મોટા પાયે ઉત્પાદન કરવા લોસ એન્જેલિસમાં એકમો સ્થાપવાના મહામૂલા કરાર કર્યા છે. ડૉ. બ્રહ્મભટ્ટ સાથેનો આ વાર્તાલાપ તેમનાં સંશોધનો ઉપરાંત તેમની કાર્યપદ્ધતિનો અને તેમના વ્યક્તિત્વનો પરિચય કરાવશે.

પ્રશ્ન : કોવિડ-૧૯ સામે રક્ષણ મેળવવા માટે તમે જે રસી તૈયાર કરી રહ્યા છો અને એમાં તમે જે પ્રગતિ કરી છે એ બદલ તમને સૌપ્રથમ અભિનંદન આપું છું. પહેલા એ વાત કરીએ કે હાલ ઉપલબ્ધ રસીઓ કરતાં તમે તૈયાર કરી રહ્યા છો એ રસી કઈ રીતે જુદી પડે છે? એની વિશેષતા શું છે?

આનો જવાબ સમજવા માટે પહેલા એ જાણવું જોઈએ કે આ બધી વેક્સિન બને છે કઈ રીતે અને આપણે કયા માર્ગે એને શરીરમાં પહોંચાડીએ છીએ. કોવિડ એક વાયરસ છે અને એના પર એક પ્રોટીન છે. એનું નામ છે સ્પાઇક પ્રોટીન. એ સ્પાઇક પ્રોટીન એક ચાવી છે. આપણા શરીરના કોશો છે એના પર બીજું પ્રોટીન છે, એનું નામ છે એઇસ પ્રોટીન. એ દરવાજો છે અને એના પર તાળું છે. જ્યારે આ વાયરસ શરીરમાં આવે છે ત્યારે એ સ્પાઇક પ્રોટીનની ચાવીથી પેલા એઇસ પ્રોટીનના તાળામાં ફિટ થાય એટલે દરવાજો ખૂલે અને વાયરસ શરીરમાં પ્રવેશે. હવે આ વાયરસને અટકાવવા માટે જે સ્પાઇક પ્રોટીનની ચાવી છે એની સામે ઍન્ટિબૉડી બનાવવી પડે. એ ઍન્ટિબૉડી

એવી બનાવવી પડે કે એ ચાવીને બ્લૉક કરે. એ ચાવી જો બ્લૉક થાય તો આપણા શરીરમાં આ વાયરસ દાખલ ન થઈ શકે. હવે રસ પડે એવી વાત એ છે કે છેલ્લાં ત્રીસ વર્ષથી આખી દુનિયામાં સંશોધન ચાલે છે કે આ ઍન્ટિબૉડી કેવી રીતે બને છે? એમાં સંશોધકોએ શોધ્યું હતું કે આપણા શરીરતંત્રમાં બે પાથ-વે એટલે કે રસ્તા છે. એક સીધો રસ્તો છે, જેનાથી ઍન્ટિબૉડી બને અને બીજો પાથ-વે બહુ અટપટો છે. અત્યારે દુનિયામાં જે જુદા જુદા રોગો સામેની વેક્સિન છે એ પેલા સીધા પાથ-વેથી પ્રવૃત્ત થાય છે. આપણા શરીરમાં બીજા જુદા પ્રકારના કોશો પણ હોય છે, જેનું નામ બી-સેલ છે. એ બી-સેલ ઍન્ટિબૉડી બનાવે છે. એ બી-સેલ શું કરે? એ પેલા સ્પાઇક પ્રોટીનની ચાવીની નકલ કરે છે અને એ નકલી ચાવીથી એ ઍન્ટિબૉડી બનાવે છે. એ રીતે આ બધી વેક્સિનની ઍન્ટિબૉડી તૈયાર થાય છે. આપણને પહેલેથી, એટલેકે ત્રીસ વર્ષથી ખબર છે કે આ ઍન્ટિબૉડી એ ખૂબ કમજોર ઍન્ટિબૉડી છે. એનું નામ તે લોકોએ લો એફિનિટી ઍન્ટિબૉડી (low affinity antibody) રાખ્યું હતું. એટલે જેવો પેલો વાયરસ મ્યુટેટ થાય, એની સાથે પેલી ચાવી હોય એનો આકાર બદલાવે એટલે એક માસ્ટર કી (master key) તૈયાર થાય. એટલે જે લો એફિનિટીવાળી ઍન્ટિબૉડી હોય એ મરી જાય છે. એથી જેવું ડેલ્ટા વાયરસ આવ્યું એટલે ફાઇઝર, મોડર્ના બધાએ જોયું કે આને કારણે એમની વેક્સિનની અસરકારકતા ઓછી થઈ ગઈ છે. તો સૌથી મોટી મુશ્કેલી એ છે કે જ્યારે મ્યુટન્ટ વાયરસ ઊભા થાય ત્યારે આ વેક્સિન ઓછી અસરકારક થઈ જાય છે. અમે લોકોએ એક નેનોસેલ બનાવ્યો છે. એ નેનોસેલમાં તમે એવી રીતે એન્જિનિયરિંગ કરી શકો કે એ નેનોસેલ પેલા બીજા પાથ-વેથી જાય છે, જે વધુ અટપટો છે. એનાથી શરીર જુદા પ્રકારની ઍન્ટિબૉડી ઉત્પન્ન કરી શકે છે. પ્રયોગો કરીને એ નેનોસેલને અમે આ જુદા પાથ-વેથી મોકલ્યો. એ બી-સેલ જુદા પ્રકારના છે અને એમાંથી જે ઍન્ટિબૉડી ઉત્પન્ન થાય છે એ વેલ્ક્રો જેવા એકદમ ચોંટી જાય એવા છે. એટલે પેલો વાયરસ ગમે એટલો મ્યુટેટ થાય, પણ આ વેલ્ક્રોવાળી ઍન્ટિબૉડી એને પકડી રાખે છે. એટલે અમારા પ્રયોગોમાં મેં જોયું કે ગમે એ ચાવી નાખો તો અમે બનાવેલા ઍન્ટિબૉડી બધા મ્યુટન્ટને અટકાવે છે. અમે હવે મેલબર્નમાં ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે અને શરૂઆતના પ્રયોગો પરથી અમને દેખાય છે કે સાઉથ આફ્રિકાના, બ્રાઝિલના, યુ.કે.ના કે ભારતના ડેલ્ટા મ્યુટન્ટને એ અટકાવે છે. આ બહુ મહત્ત્વની બાબત એટલા માટે છે કે જો આમ ન થાય તો આપણે ફ્લૂ વેક્સિનમાં

જેમ દર વર્ષે નવા મ્યુટન્ટને આવરી લેવા માટે નવી વૅક્સિન બનાવવી પડે છે, એમ કોવિડ માટે પણ નવી વૅક્સિન બનાવતા રહેવું પડે. સંપન્ન દેશોમાં દર વર્ષે ફ્લૂ વૅક્સિન આ રીતે આપવી શક્ય બને છે, પણ તમે વિચાર કરો કે આખી દુનિયાની એટલી મોટી પ્રજાને, ખાસ કરીને ગામડાંઓમાં, દર વર્ષે કોવિડ સામેની નવી રસી આપવી કઈ રીતે શક્ય છે? એટલે એક વૅક્સિન એવી હોવી જોઈએ જેનાથી high affinity antibody ઉત્પન્ન થાય અને જે ભવિષ્યમાં ઉત્પન્ન થનારા મ્યુટન્ટ સામે પણ કારગત નીવડે. અમારી વૅક્સિન એ દુનિયાની પહેલી વૅક્સિન છે, જે આ બીજા પાથ-વેથી જાય છે અને એ ઉપરાંત એમાં બીજી બે બાબતો છે. એક તો આ બી-સેલને મેમરી હોય છે, એટલે કે એ યાદ રાખી શકે છે. જ્યાં સુધી વ્યક્તિ જીવે ત્યાં સુધી એ મેમરીવાળા બી-સેલ હોય એ પણ જીવે છે અને જેવો વાયરસનો નવો મ્યુટન્ટ શરીરમાં આવે એટલે આ બી-સેલ તરત એને તોડી નાખે. બધા વૈજ્ઞાનિકોનું આ સ્વપ્ન હતું. જો વૅક્સિનમાં મેમરીવાળા બી-સેલ નાખી શકો તો ભવિષ્યમાં પણ વાયરસના નવા પ્રકારો સામે એ કામ કરે અને બીજો મહત્ત્વનો મુદ્દો છે એ જેમની રોગ પ્રતિકારશક્તિ ઓછી છે એવા લોકો માટે વૅક્સિન બનાવવાનો. જે લોકોને કૅન્સર હોય અથવા HIV હોય એવા લોકોની રોગ પ્રતિકારકશક્તિ પહેલેથી મંદ છે, કારણ કે તેમણે કિમોથેરાપી જેવી ટ્રીટમેન્ટ લીધી હોય છે. એટલે અત્યારે જે કોવિડ માટેની રસીઓ ઉપલબ્ધ છે એમની ક્લિનિકલ ટ્રાયલ ચાલતી હતી ત્યારે એમણે આવા લોકોને બાદ કરીને ટ્રાયલ કરી હતી, કારણ કે એમને ખબર હતી કે એમના પર આ રસી કામ નહીં કરે. અમારો નેનોસેલ છે એ અમે પહેલાં કૅન્સરના ઉપચાર માટે બનાવ્યો હતો અને એમાં મેં જોયું હતું કે ઇન્જેક્શન મારફત શરીરમાં એને દાખલ કરીએ એટલે તરત જ રોગ પ્રતિકારકશક્તિ ઓછી હોય એવા લોકોમાં પણ એ ઍન્ટિબૉડી બનાવે છે અને છેલ્લો મુદ્દો એ છે કે હાલ ઉપલબ્ધ વૅક્સિનને શૂન્યથી નીચે ત્રીસથી પચાસ ડિગ્રી સેન્ટિગ્રેડે રાખવી પડે અને એનું પરિવહન પણ માઇનસ પચાસ ડિગ્રીએ કરવું પડે, અને એ માત્ર ત્રણથી છ મહિના જ ટકે છે. જ્યારે અમારી વૅક્સિન અમે પાઉડર સ્વરૂપે તૈયાર કરી છે, એ રૂમના સામાન્ય તાપમાનમાં ટકે છે અને એ એક વર્ષ ટકી શકે છે. વૅક્સિન આપતી વખતે એ પાઉડરને સેલાઇન પાણીમાં ઓગાળીને આપવાની હોય છે. એટલે આફ્રિકા કે ભારતના ગામડાંઓમાં પૂરતી સુવિધા ન હોય તો આ વૅક્સિન ત્યાં કામ આવી શકે છે.

પ્રશ્ન : તમારા કહેવા પરથી એવું



લાગે છે કે તમે તૈયાર કરેલી વેક્સિન જીવનમાં એક વખત જ લેવી પડે, એટલે કે બે ડોઝ લેવાથી આજીવન કોવિડ સામે રક્ષણ મળી શકે છે.

હા, બે ડોઝ લેવા પડે છે. અત્યાર સુધી દુનિયામાં માત્ર બે જ વેક્સિન એવી છે જેનાથી આજીવન રક્ષણ મળે છે. એક છે પોલિયોની રસી અને બીજી શીતળાની રસી. એ સિંગલ શૉટ વેક્સિન હતી એટલે એ બંને રોગ દુનિયામાંથી નાબૂદ થઈ શક્યા, પણ હજુ સુધી કોઈ સંશોધકને ખબર નથી પડી કે એ રસી કેવી હતી, પણ અમારી માન્યતા છે કે એ વેક્સિન હાઈ એફિનિટીવાળી હશે અને મેમરી બી-સેલવાળી હશે.

પ્રશ્ન : તમે કહો છો કે તમારી કોવિડ વેક્સિનની હ્યુમન ટ્રાયલ અત્યારે મેલબર્નમાં ચાલે છે. આ ટ્રાયલની પ્રક્રિયા કેવી હોય છે? કારણ કે હાલ કોવિડ સામેની જે ત્રણ મુખ્ય વેક્સિન વિશ્વમાં ઉપલબ્ધ છે એના પર ઘણા લોકોને ઓછો વિશ્વાસ છે, તેમનું કહેવું છે કે આ વેક્સિન ખૂબ ઝડપથી બનાવવામાં આવી છે.

કોવિડ આવ્યો એ પહેલાં હ્યુમન ટ્રાયલને બહુ જ સમય લાગતો હતો. કારણ કે એમાં પહેલા તબક્કાની ટ્રાયલમાં ૨૦-૩૦ તંદુરસ્ત લોકોને એ રસી આપીને પ્રયોગ કરો. પછી બીજા તબક્કાની ટ્રાયલમાં ૫૦-૧૦૦ માણસો પર ટ્રાયલ થાય અને ત્રીજા તબક્કાની ટ્રાયલમાં ત્રીસ હજાર વ્યક્તિઓ જોઈએ અને એ આખી દુનિયામાં કરવી પડે. આ ત્રણે ટ્રાયલ સફળ થાય અને પછી રેગ્યુલેટર લોકો

જુએ કે આ વેક્સિનની કોઈ ખાસ ગંભીર આડઅસર નથી પછી એને માન્યતા મળે, પણ આખી પ્રક્રિયાને સાતથી આઠ વર્ષ લાગે અને ઓછામાં ઓછો અડધો અબજ ડૉલરનો ખર્ચ થાય. કોવિડ આવ્યો એટલે દુનિયાને ઝડપ કરવી પડી અને બે વર્ષમાં આ બધી વેક્સિન તૈયાર થઈ ગઈ, એટલે લોકોને પ્રશ્નો તો થાય. ઘણા લોકોને આ વેક્સિન પછી રિઍક્શન પણ આવે છે. છતાં મારા અનુભવ પરથી હું એક વાત કહી શકું કે સામાન્યતઃ આ ત્રણે વેક્સિન સલામત છે, એટલે એનાથી ગભરાવાની જરૂર નથી. આંકડાકીય માહિતી કહે છે કે એક લાખ માણસોને તમે આ વેક્સિન આપો તો એમાંથી એક માણસને રિઍક્શન આવે. હવે એ રિઍક્શન ક્યાં તો બહુ સામાન્ય હોય અથવા તો ગંભીર પણ હોઈ શકે, લોહી ગંઠાઈ જાય અથવા તો હૃદય પર એની અસર થાય અને બીજી વાત એ છે કે આ બધી વેક્સિન ટકાઉ નથી, એટલે એને શૂન્યથી નીચેના તાપમાનમાં રાખવી પડે છે અને એને ટકાઉ બનાવવા માટે આ બધી કંપનીઓએ એમાં જાતજાતનાં કેમિકલ નાખ્યાં છે. હવે આ બધાં રસાયણો એવાં છે જેના વિશે આપણને ઘણા વખતથી ખબર છે કે એનાથી એલર્જી થઈ શકે. તો સામે પેલો વાયરસ છે અને બીજી બાજુ હાલની આ ત્રણ વેક્સિન છે. જો વેક્સિન લીધી હોય અને પેલો વાયરસ આક્રમણ કરે તો માણસ મૃત્યુ નહીં પામે અને જો રોગ પ્રતિકારકશક્તિ ઓછી હોય તેવા લોકોને અથવા વૃદ્ધ હોય તેને જો આ વાયરસ લાગે તો તેમનું મૃત્યુ થવાની શક્યતા વધુ છે. એટલે અત્યારે, જ્યાં સુધી વધુ સારી વેક્સિન ન બને ત્યાં સુધી બધાએ હાલ મળે છે એ વેક્સિન લેવી જોઈએ. અમારી વેક્સિનમાં અમે કોઈ કેમિકલ નાખતા નથી. અમે કેટલાય કૅન્સરના દર્દીઓમાં આ નેનોસેલ નાખ્યા છે અને કોઈને રિઍક્શન નથી આવ્યું. હવે રેગ્યુલેટરીના નિયમો પ્રમાણે અમારા પહેલા તબક્કાના હ્યુમન ટ્રાયલ સફળ થાય તો પછી અમારે બીજા તબક્કાની ટ્રાયલ કરવી પડે, જેમાં ૧૦૦થી ૨૦૦ વ્યક્તિઓને આ વેક્સિન આપવી પડે. એમાં પણ જો અમને સફળતા મળે અને વેક્સિન અસરકારક અને સલામત પુરવાર થાય તો એક વર્ષમાં તાત્કાલિક ઉપયોગ માટે એને માન્યતા મળે. એમ થાય તો દુનિયામાં ગમે ત્યાં કોઈપણ વ્યક્તિ એ વેક્સિન લઈ શકે, પણ હજુ એક વર્ષ તો લાગે.

પ્રશ્ન : આવાં સંશોધનનો ખર્ચ બહુ મોટો હોય છે. એ ખર્ચને તમે કઈ રીતે પહોંચી વળો છો? સરકારી અનુદાન મળે છે?

અમે ઑસ્ટ્રેલિયન સરકારમાં ઘણી અરજીઓ કરી છે, પણ અમને એકેય પૈસો મળ્યો નથી. અમે, એટલે કે હું અને અમારા બીજા CEO છે જેનિફર, અમે બંને થઈને બધે દોડાદોડ કરીને

રોકાણકારો પાસેથી પૈસા ઉઘરાવીને આ ટ્રાયલ કરીએ છીએ. મેલબર્નમાં જે ટ્રાયલ શરૂ કરી છે એમાં દરેક વ્યક્તિ માટે હૉસ્પિટલનો ખર્ચ વીસ હજાર ડૉલર થાય છે, એ માત્ર હૉસ્પિટલનો ખર્ચ છે. એ ઉપરાંત અન્ય ટેસ્ટ કરાવવા પડે, એટલે બધું મળીને ટ્રાયલમાં એક વ્યક્તિ દીઠ અમને ચાળીસ હજાર ડૉલરનો ખર્ચો થાય છે. આ બધું અમે રોકાણકારોના ભંડોળમાંથી કરીએ છીએ. અમેરિકા, સિંગાપોર અને કેટલાક ઑસ્ટ્રેલિયાના રોકાણકારો છે.

પ્રશ્ન : આ મહામારી આવી ત્યારથી દુનિયામાં જુદા જુદા દેશોમાં, જુદા જુદા સમયે કેટલીક ઍન્ટિ-વાયરલ દવાઓની વાતો પણ ચાલે છે. દુનિયામાં ક્યાંય કોવિડ-૧૯ સારો થાય એવી દવા શોધાઈ રહી છે? અને જો ન શોધાઈ રહી હોય તો કેમ?

આ બહુ રસપ્રદ મુદ્દો છે. ઍન્ટિ-વાયરલ દવાઓ બનાવવા માટે છેલ્લાં પચાસ વર્ષથી દુનિયામાં સંશોધનો ચાલે છે અને ઘણાં ઍન્ટિ-વાયરલ ડ્રગ્ઝ લોકોએ શોધ્યાં પણ છે. જ્યારે ઍઇડ્ઝનો વાયરસ આવ્યો ત્યારે લોકોએ કેટલી મહેનત કરીને કેટલી બધી દવાઓ બનાવી, પણ એકય દવા એવી ન નીકળી જેનાથી આ વાયરસને સંપૂર્ણપણે મારી શકાય. કારણ કે વાયરસ મ્યુટેશન કર્યા કરે છે. એટલે દવાઓ ઘણી છે, જે રોગની તીવ્રતા ઓછી કરી શકે, પણ દર્દીને સંપૂર્ણ સાજા ન કરી શકે. એનું કારણ એ છે કે વાયરસ આપણા શરીરની આખી મશિનરી વાપરે છે. એ આપણા કોશોમાં જઈને આપણા જનીનના પદાર્થો, આપણાં જ બધાં પ્રોટીન, બધું આપણા શરીરમાંથી જ લઈ જાય છે. એટલે એની સામે જો દવા બનાવવી હોય તો ત્યારે બની શકે કે વાયરસનું પ્રોટીન શરીરમાં ન હોય, પણ વાયરસ બધું આપણા શરીરમાંથી જ લઈ જાય છે એટલે વાયરસને કશું પોતીકું- યુનિક છે જ નહીં. બધા વાયરસ આવું કરે છે, એટલા માટે ફ્લૂ કે કોઈપણ વાયરસની દવાઓ કોઈને મળી જ નથી, પણ આ બધી દવાઓનો એક ફાયદો છે. જો વાયરસનું ઇન્ફેક્શન થાય તો એની તીવ્રતા એ દવાઓથી ઓછી કરી શકાય.

પ્રશ્ન : આટલી ચર્ચા પછી, તમારામાં રહેલી આ સંશોધનવૃત્તિનાં મૂળ ક્યાં છે એ જાણવાની ઇચ્છા થાય છે.

મારો જન્મ નડિયાદમાં અને પછી ત્રણ મહિનાનો થયો એટલે મારાં મા-બાપ કેનિયા ગયાં અને ત્યાં મેં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધું અને પછી હું અમદાવાદ ગયો, ત્યાં જઈને માઇક્રોબાયોલૉજીમાં મેં B.Sc. કર્યું અને પછી વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાં મેં એ જ વિષયમાં M.Sc. કર્યું, ત્યાં મારી તબિયત બહુ સારી નહોતી રહેતી, મને મલેરિયા બહુ થતો.

ભારતમાં પાંચ વર્ષ રહ્યો એટલાં વર્ષમાં મને લગભગ પચાસ વખત મલેરિયા થયો હતો અને પછી ડૉક્ટરોની સલાહ હતી કે મારે મચ્છર ન હોય ત્યાં જવું. એટલે પછી ઑસ્ટ્રેલિયામાં હું પહેલા એડિલેડ આવ્યો, ત્યાં મેં Ph.D. કર્યું અને ત્યાંથી જીનિવા મેડિકલ સેન્ટરમાં પોસ્ટ ડૉક્ટરલ રિસર્ચ કરવા ગયો અને પછી ત્યાંથી જર્મની ગયો, જ્યાં મેં બીજાં ચાર વર્ષ રિસર્ચ કર્યું. ત્યાંથી હું સિડનીમાં CSIROમાં આવ્યો. ત્યાં આવતાં મને થયેલું કે મોટી સંસ્થામાં મને સંશોધનની તકો ઘણી મળશે, પણ પછી મેં જોયું કે આવી મોટી સંસ્થાઓમાં બ્યુરોક્રસી બહુ હોય છે. એટલે વૈજ્ઞાનિકો ઓછા અને મૅનેજરો વધારે અને રિસર્ચમાં રાજકારણ પણ ભળે. ત્યાં મારી લૅબોરેટરીમાં ચાળીસ વર્ષનો હૉંગકૉંગનો એક ચીની માણસ હતો. બહુ હોશિયાર અને સીધો માણસ હતો. એક દિવસ લૅબોરેટરીમાં તેને બહુ ઉધરસ ઊપડી અને પછી લોહી પડવા માંડ્યું. તેને ફેફસાંના કૅન્સરનું નિદાન થયું. મને એનાથી બહુ ધક્કો લાગ્યો, કારણ કે ડૉક્ટરે કહ્યું કે તેનું કૅન્સર ઘણું આગળ વધેલું છે અને હવે તે નહીં જીવે, ત્યારે મારું જીવન ઉપર-તળે થઈ ગયું. મને થયું કે હું જે સંશોધન કરું છું એ જો કોઈ માણસને કામ ન આવે તો એનો અર્થ શું? અને મને થયું કે મારે કૅન્સર માટે કોઈ શોધ કરવી પડશે. મને એના વિશે ત્યારે કંઈ જ ખબર નહોતી, એટલે રોજ અડધી રાત સુધી લાઇબ્રેરીમાં બેસીને ચોપડીઓ ઉથલાવતો. મેં મારા ઉપરીને વાત કરી કે મારે કૅન્સર પર રિસર્ચ કરવું છે, પણ ત્યાં બધા મારા પર હસવા માંડ્યા. ત્યાં બીજી પણ એક વૈજ્ઞાનિક હતી, ડૉ. જેનિફર મેકડરમેઇટ. તેમને પણ થયું કે માર્ગ ગમે એટલો કઠિન હોય પણ આપણે પોતાની બાયોટેક કંપની શરૂ કરીને કોઈ રિસર્ચ કરીએ તો કોઈ દિવસ કોઈને એનાથી મદદ થશે અને એ રીતે અમે 'એન્જેનિક' શરૂ કર્યું. નવું શોધવાનો રસ મને બહુ નાનપણથી હતો એવું મને હવે લાગે છે. મારા વડીલો મને કોઈ રમકડું લઈ આપતા તો હું પહેલાં એને તોડી નાખતો અને અંદર શું છે એ તપાસતો.

પ્રશ્ન : સંશોધન એ સમર્પણનો માર્ગ છે. એમાં નિરાશાઓ પણ આવે.

હા, ચોક્કસ, સમર્પણ ચોક્કસ જરૂરી છે. આ દુનિયામાં લાખો હોશિયાર માણસો છે, દરેક ક્ષેત્રમાં છે. આપણે ન્યુટનની વાત જાણીએ છીએ કે તે ઝાડ નીચે બેઠો હતો અને સફરજન પડ્યું ને એમાંથી તેને વિચાર આવ્યો. એટલે આમાં વિચારનો તણખો તો જરૂરી છે, પણ પછી એમાંથી કંઈ શોધવા માટે, કોઈ સત્ય સુધી પહોંચવા માટે મેડિટેશન જેવું કરવું પડે છે. એમાં ક્યારેક મહિનાઓ જતા રહે છે, પણ

એમાં એ વિચાર જતો ન કરવો જોઈએ. જેવું તમે એના પરથી ધ્યાન ઓછું કરો એટલે એ વિચાર આગળ નથી વધતો. એટલે જ્યારે મેં કૅન્સર વિશે સંશોધન શરૂ કર્યું ત્યારે લોકો મને પૂછતા કે તું લગ્ન કેમ નથી કરતો, ત્યારે મેં તેમને કહેલું કે એ બધું હવે જીવનમાંથી કાઢી નાખવું પડશે. કારણ કે આને માટે મારે આખી જિંદગી સો ટકા સમર્પિત રહેવું પડશે અને એને માટે ઘણું જતું કરવું પડશે.

પ્રશ્ન : કૅન્સરનો ઉપચાર શોધવા માટે દુનિયાના કેટલાય વૈજ્ઞાનિકો કેટલી મહેનત કરે છે, છતાં કોઈને એમાં સંપૂર્ણ સફળતા નથી મળી. એનું કારણ શું? અને તમે સફળતાની કેટલા નજીક છો એમ તમને લાગે છે?

આ બહુ રસપ્રદ સવાલ છે અને એના બે ભાગ છે. પહેલો સવાલ એ કે લોકોને કેમ સફળતા નથી મળતી. આપણે જોવા જઈએ તો છેલ્લાં પચાસ વર્ષમાં લોકોએ કેટલા બધા ઉપચારો શોધી કાઢ્યા, કેટલી નવી દવાઓ શોધી. એમાં મૂળભૂત બાબત એક જ છે કે જો આપણા શરીરમાં કૅન્સર દાખલ થયું હોય તો આપણે એના પર દવારૂપી ઝેર નાખીએ તો એ કૅન્સરના કોશો મરી જાય. પણ આપણે ઘણી વખત એ પણ જોઈએ છીએ કે કૅન્સરના ઘણાખરા કોશો મરી ગયા, પણ પછી એ કૅન્સર પાછું આવ્યું. એટલે એના પરથી શીખવાનું એ છે કે કૅન્સરના આ કોશો એટલા બધા મ્યુટેટ થઈ શકે છે કે તમે ગમે એ દવા એના પર નાખો છતાં થોડાક કોશો બચી જાય છે. એટલે પ્રશ્ન આ મૂળભૂત વિચારમાં જ રહેલો. આપણે સ્વીકારવું પડશે છે કૅન્સરના કોશોને આપણે મારી નહીં શકીએ. આપણી રોગ પ્રતિકારકશક્તિ ખૂબ જ શક્તિશાળી છે અને એ શક્તિ જ દવાને મચક ન આપનાર કૅન્સરના કોશોને મારી શકે છે. અમે અમારા રિસર્ચના આધારે કૅન્સરના થોડા કોશોને મારીએ છીએ, પણ સાથે આ પ્રતિકારકશક્તિને ઊભી કરીએ છીએ અને એનાથી અદ્ભુત પરિણામ મળે છે. અમારી જે ટ્રીટમેન્ટ છે એ મોટા ભાગના કૅન્સરના પ્રકારોને માટે કારગત નીવડે એવી છે, કારણ કે અમે જે નેનોસેલ બનાવ્યો છે એ નેનોસેલ સાથે તમે કોઈપણ દવાને પૅકેજ કરીને કૅન્સરના કોશોને એનાથી નિશાન બનાવી શકીએ. વીસ મિનિટના એક ઇન્જેક્શનમાં અમે કરોડો એવા નેનોસેલ ભરીએ અને એને શરીરમાં મોકલીએ. એ નેનોસેલ રક્તભ્રમણમાં ફર્યા કરે અને જ્યાં પણ કૅન્સરના કોશ દેખાય એની સાથે એ ચોંટી જાય છે. કૅન્સરના કોશ આ નેનોસેલને જોઈને એનો દરવાજો ખોલે છે અને જેવો આ નેનોસેલ કૅન્સરના કોશમાં પ્રવેશે એવી કૅન્સરના કોશને ખબર પડે કે આ તો ચોર છે એટલે એ નેનોસેલને તોડી નાખે છે. જેવો એ નેનોસેલ તૂટે એટલે એની

અંદર દવા રૂપે જે ઝેર હતું એ બહાર આવે ને ફેલાય અને એ કૅન્સરના કોશ મરી જાય છે. આટલે પહોંચતાં અમને ચૌદ વર્ષ લાગ્યાં. હવે ક્લિનિકલ ટ્રાયલ સુધી અમે પહોંચી શકયાં છીએ. આ એક કામ છે, પણ બીજું લોઢાના ચણા ચાવવા જેવું કામ એ કંપની ચલાવવાનું છે. આ ચૌદ વર્ષમાં પાંચસો કરોડ ડૉલરનો ખર્ચ થયો છે. આ પૈસા માટે અમારે રોકાણકારો પાસે ડબલું લઈને જવું પડે. આ કામ બહુ અઘરું છે.


પ્રશ્ન : એક વૈજ્ઞાનિક અથવા તમારા જેવા સંશોધકની દિનચર્યા કેવી હોય? તમારી કાર્યપદ્ધતિ અને જીવનશૈલી વિશે કંઈક કહેશો?

મારી જીવનશૈલી બહુ જ બોરિંગ છે. હું સવારે અઢી-ત્રણ વાગ્યે ઊઠી જાઉં, સવારે ચારેક વાગ્યે હું ઑફિસ પર આવી જાઉં, સાંજે છ વાગ્યે ઘરે જાઉં. ત્યાં મમ્મી અને બહેન-બનેવી સાથે જમીને સાંજે આઠ-સાડાઆઠ વાગ્યામાં સૂઈ જાઉં, જેથી હું વહેલો ઊઠીને કામ શરૂ કરી શકું. અઠવાડિયાના સાતેસાત દિવસ, વર્ષના ત્રણસો પાંસઠ દિવસ, આ જ રૂટિન. એટલે મને ખાસ સોશિયલ થવાનો સમય પણ નથી મળ્યો. મને લોકો ઓળખે છે, પણ મિત્રો બનાવવાનો મને મોકો નથી મળતો. મારા જીવનનું કેન્દ્ર ફક્ત મારું રિસર્ચ જ છે. શનિ-રવિવારે હું વધારે કામ કરું, કારણ કે લૅબોરેટરીમાં સ્ટાફ ન હોય એટલે વધારે એકાગ્રતાથી કામ થઈ શકે. જોકે મારે અમેરિકા, યુરોપના દેશોમાં, જાપાન જેવા દેશોમાં લેક્ચર આપવા જવાનું થાય, લગભગ દર મહિને જવાનું થાય.

પ્રશ્ન : તમે વાત કરતાં 'મેડિટેશન' શબ્દ વાપર્યો. એક સંશોધક ઘણા ચડાવ-ઉતાર અનુભવે, રોલર-કોસ્ટર રાઇડ જેવા. આવા પ્રોજેક્ટ પર કામ ચાલતું હોય ત્યારે તમારા મનની સ્થિતિ કેવી હોય?

ફરી પાછો આ એક બહુ રસપ્રદ સવાલ છે. મને લાગે છે કે એમાં મને આપણી સનાતન વિચારધારા અને સંસ્કૃતિએ ખૂબ મદદ કરી છે. જ્યારે ચડતી પછી પડતી આવે ત્યારે ગભરાઈ જવાને બદલે તરત જ મન સ્થિર કરવા માટે હું મેડિટેશનમાં જતો રહું છું. રસ્તો સૂઝતો ન હોય પણ ચાર-પાંચ કલાક સુધી ધ્યાન કરું ત્યારે આગળ ક્યાંક કંઈક નાનું અજવાળું દેખાય. એવી રીતે આસ્તે આસ્તે આગળ નીકળાય છે. આ બધું આપણે આપણી સંસ્કૃતિમાંથી શીખ્યા છીએ. મોટાભાગની બીજી સંસ્કૃતિઓમાં આવું નથી શીખવા મળતું એટલે તે લોકો બૅડમિન્ટનના શટલ-કૉકની જેમ અહીંથી તહીં ફેંકાતા રહે છે. આ કામમાં મન બહુ જ સ્થિર રાખવું પડે અને લાગણીઓને નિયંત્રિત કરવી પડે. એટલે આપણી સંસ્કૃતિ અને વિચારધારા મને આ કામ કરવાનું બળ આપે છે.

❑❑❑



વસ્તુ અમૂલખ

☐ ફારૂક શાહ

સતગુરુએ મુંને ચોરી શિખવાડી
ને જ્ઞાન ગણેશિયો ઘડાયો રે.

પવન રૂપી ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે,
ગંગા-જમનાના ઘાટ ઉલંઘી, જઈને અલખ ઘરે ધાયો રે...

ધમણ ધમુંકે તિયાં વીજું ચમુંકે, અનહદ નોબત વાગે રે,
ઠારોઠાર ન્યાં જ્યોતું જલત હૈ, ચેતન ચોકીમાંઈ જાગે રે...

સાંકડી શેરી ન્યાં વાટું વસમી, માલમીએં મુંને મૂક્યો રે,
નામની તો નિસરણી કીધી, જઈને ધણીને મો'લે ઢૂક્યો રે...

શીલ સંતોષનાં ખાતર દીધાં, પ્રેમેં પેસારો કીધો રે,
પેસતાંને પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે...

આ રે વેળાએં હું ઘણું જ ખાટ્યો, માલ પૂરણ પાયો રે,
દાસી જીવણ સત ભીમને ચરણે, મારો ફેરો ફાવ્યો રે...

સતગુરુએ મુંને ચોરી શિખવાડી.

- *જીવણ સાહેબ*

આંતરિક ઉત્ક્રાંતિની વાત અત્યંત આત્મગત છે. પરમ સ્વાર્થની છે. આને

મસ્તીમાં 'ચોરી' તરીકે ઓળખાવીને જીવણ સાહેબે અહીં આંતરિક ઉત્ક્રાંતિની પ્રક્રિયાની, તેના અનુભવની અને તેના સ્તરોની બાબતોનો ઉઘાડ કર્યો છે.

પવન એટલે કે પ્રાણ એ મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે, સુરતની ધારને ઉપર ચઢાવવા માટે. પ્રાણની ગતિ યાંત્રિક બેહોશીની હાલતમાં હંમેશાં નીચે તરફના કેન્દ્રોમાં થાય છે. નીચે તરફ મોટે ભાગે ભૂખ અને નિમ્નતર મનોવૈજ્ઞાનિક નિષ્પત્તિઓનાં કેન્દ્રો આવેલાં છે. જો આ યાંત્રિક બેહોશીની ઘટમાળમાંથી છૂટવું હોય તો સચેત પ્રયત્ન દ્વારા પ્રાણની ઊલટી ગતિ અસ્તિત્વમાં લાવવી પડે. ત્યારે શુદ્ધ પ્રાણના સ્રોતને સ્થાને આવી શકાય અને સુરતને ઉપર ચઢાવવાની પ્રક્રિયાને આરંભી શકાય.

જીવણ સાહેબ ભજનની શરૂઆતમાં જણાવે છે કે પ્રાણની ગતિને ઉલટાવવાથી, ગંગા-જમના એટલે કે ઈડા અને પિંગલા પ્રાણ-નાડીઓની ચાલને અતિક્રમી સુખમણામાં ચિત્ત અને પ્રાણને સ્થિર કરવાથી અલખનો જે અનંત ધ્વનિ ગૂંજી રહ્યો છે તેની સાથે તાર સધાઈ ગયો. ગોરખનાથે પ્રાણનું રહસ્ય ખોલતાં કહ્યું છે કે,

ઈકુટી બિકુટી ત્રિકુટી સંધિ, પછિમ દ્વારે પવનાં બંધિ,
ખૂંટે તેલ ન બૂઝૈ દીયા, બોલૈ નાથ નિરંતરિ હૂવા.

ઈકુટી એટલે ઇડા અને બિકુટી એટલે પિંગલા. આ બંનેના સંધિ સ્થાને સુષુમ્ણા નાડી સ્થિત છે. એમાં જે પ્રાણને બાંધી દે છે તે જીવનમુક્ત અવસ્થાને પામી અમરકાય થઈ જાય છે.

સુરતની બેઠકના સ્થાને પ્રાણ શક્તિનું એકત્રીકરણ થાય છે. એ સ્થળે પ્રકાશનાં દર્શન થાય છે તેનો ઉલ્લેખ અહીં વીજળી અને જ્યોતના પ્રતીક દ્વારા કરવામાં આવ્યો છે. ચિદાકાશમાં જ્યોતનો એ આછો પીળો પ્રકાશ રેલાતાં ચૈતન્ય સાથે સંપર્ક અનુભવમાં આવે છે તેનું નિરૂપણ અહીં માર્મિક રીતે થયેલું છે. આ સ્થાને અનહદ નાદ સાથે તાદાત્મ્ય અસ્તિત્વમાં આવે છે. જેને નોબતના નાદ સાથે અહીં સરખાવવામાં આવ્યો છે. ત્યાંથી સુરત નાદના એક પછી એક સ્તરોમાંથી પસાર થાય છે. જાણકાર લોકોએ આ તે પાંચ નાદનો ઉલ્લેખ કર્યો છે. જેને રૂમી, કબીર સાહેબ, ગુરુ નાનક, દાદૂ દયાળ જેવા પહોંચેલા લોકો પાંચ નોબત કે પાંચ શબ્દ કહે છે. ખ્વાજા હાફિઝ આ વિશે જણાવે છે કે,

ख़ामोश ओ पंज नौबत बिशनौ ज़ि आसमाने,
क–आं आसमां बैरुं जां हफ़्त ईं शश आमद।

પાંચ નૌબત (ધૂન, નાદ) સાંભળ, એ આકાશમાંથી, જે છ દિશાઓ અને

સાતમા આકાશથી ઉપર છે. કબીર સાહેબે તેને અનંત ચૈતન્યની આરતી તરીકે આ રીતે દર્શાવી છે:

પંચે સબદ અનાહદ બાજે, સંગે સારિંગપાની,
કબીર દાસ તેરી આરતી કીની, નિરંકાર નિરબાની.

પાંચ નાદ સ્તરોના પાંચ દિવ્ય મંડળોની ઉલ્લેખ કરતાં ગુરુ નાનક જણાવે છે:
દેહી નગરી ઊતમ થાના, પંચ લોક વસહિ પરધાના,
ઊપરિ એકંકાર નિરાલમ સુંન સમાધિ લગાઈઆ.

પાંચ શબ્દ અને પાંચ મંડળોનો સંકેત કરતાં દાદૂ દયાલ કહે છે કે,
જંત્ર બજાયા સાજિ કરિ, કારીગર કરતાર,
પંચૌં કા રસ નાદ હૈ, દાદૂ બોલણહાર.

રૂમી કહે છે :

ब-हफ़्तम चरख नौबत पंज याबी,
चूं खैमा ज़ि शश जिहत बरकंदा बाशी.

અર્થાત્, આં પાંચેય નોબત સાતમા આસમાને પહોંચીએ ત્યારે સંભળાશે. જ્યારે આપણે છ દિશાઓના તંબૂ ઉખાડીને ત્યાં લઈ જઈશું.

હઝરત સુલતાન બાહૂ આ પાંચેય આત્મિક મંડળોના મર્મને ખોલતાં લખે છે:

પંજે મહલ, પંજાં વિચ ચાનણ, ડીવા કિત વલ ધરિયે હૂ,
પંજે મહર, પંજે પટવારી, હાસલ કિત વલ ભરિયે હૂ,
પંજ ઈમામ તે પંજે કિબલે, સજદા કિત વલ કરિયે હૂ,
જે સાહિબ સિર મંગે બાહૂ, હરગિઝ ઢિલ્લ ન કરિયે હૂ.

અર્થાત્ હવે મારી અંદર પાંચ આત્મિક મંડળોનો પ્રકાશ ફરી વળ્યો છે. એટલે હું દીવો પેટાવી માલિકની બાહ્ય પૂજા શા માટે કરું? મારે હવે આ પાંચ મંડળોના અધિપતિઓ અને તેના કર ઉઘરાવનાર પટવારીઓને કર્મોનો કર ચૂકવવાની જરૂર નથી. હવે મારી અંદર પાંચ મસ્જિદો અને પાંચ કિબલા છે. હું સજદો કરું તો કોને કરું? બાહૂ કહે છે કે, જો સાહેબ માથું માંગે તો તે બલિદાન દેવામાં જરાય ઢીલ ન કરવી જોઈએ.

આમ નાદના અલગ અલગ સ્તરોમાંથી પસાર થતી સુરત અલગ અલગ આત્મિક મંડળોમાં ગતિ કરે છે.

સાંકડી શેરી તે સંતોની ત્રિકુટી છે. ત્રિકુટીને સંતો 'બ્રહ્માંડી મન' કહે છે. આ સ્થાન 'ગગન' અને 'ગુરુપદ' તરીકે પણ ઓળખાય છે. બ્રહ્માંડ એટલે ષટચક્ર (six minds) સુધીના પિંડદેશથી ઉપર રહેલો સૂક્ષ્મ અને કારણના પ્રદેશને આવરતો ખંડ. બ્રહ્માંડની ટોચે આવેલા ત્રિકુટીના સ્થાનમાંથી પસાર થતાં સુરત હંસ સ્વરૂપ ધારણ કરી લે છે. આ સ્થાન અતિ વિકટ છે. ત્યાં ભીતરની સઘળી અશુદ્ધિઓનો નાશ થાય છે અને કેવળ ચૈતન્યનો અહેસાસ બાકી રહે છે. જીવણ સાહેબ કહે છે કે કેવળ નામના આધારે આ સ્થાનને પસાર કરી શકાય છે. ત્યાં માલમી સતગુરુની અવિરત નિશ્રાની ખૂબ જ જરૂર પડે છે. એના માર્ગદર્શન અને દેખરેખમાં એ તબક્કાને પાર કરવામાં આવે છે. અતિ શુદ્ધ સ્થિતિમાં માલિકના મહેલમાં પ્રવેશ થાય છે. જ્યાં સઘળી સૂક્ષ્મ શરીરગત અશુદ્ધિઓ દૂર થઈ ગઈ હોય અને કેવળ એક શેષ રહ્યો હોય. ત્રિકુટીથી સુન્ન મંડળમાં પ્રવેશ થાય છે. જે ચૈતન્યનું પ્રવેશદ્વાર છે. તેને પારબ્રહ્મ પણ કહે છે. પુરુષ-પ્રકૃતિનો ઉદ્‌ગમ આ સ્થાનેથી જણાવાય છે. માનસરોવરનું પણ તે સ્થાન છે. જેમાંથી પસાર થતી સુરત નિર્મળ બની 'હંસ' રૂપ બની આગળ યાત્રા કરે છે.

આમ, એ સાંકડી શેરીની વસમી વાટ પર જ્યારે માલમી સતગુરુ સાધકને મૂકી દે છે ત્યારે નાદની - નામની નિસરણી દ્વારા એક પછી એક સોપાન સતર્કતાપૂર્વક ચઢવામાં આવે છે અને પરમ ચૈતન્યના ઘર સતલોક સુધી પહોંચી શકાય છે.

મહેલમાં પહોંચતાં કહે છે કે શીલ અને સંતોષના ખાતર દીધાં એટલે કે બાકોરાં કર્યાં. ચોરી કરવા માટેની ઠોસ ભૂમિકા તૈયાર થઈ ગઈ. અને પૂરા પ્રેમપૂર્વક તે મહેલમાં પ્રવેશ કર્યો ત્યારે ચૈતન્યનો પારસમણિ હાથ લાગ્યો અને પાછલી સર્વ જીવગત દશાઓમાંથી મુક્તિ મળી ગઈ. મુક્તિની અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ ગઈ.

સમગ્ર સમર્પણ અને ફનાગીરી સાથે થતી આ ચોરી વેળાએ ચોરી કરનારો પૂર્ણપણે ખાટી જાય છે તે બાબત જીવણ સાહેબે અંતમાં જણાવી છે. જીવન અને અસ્તિત્વના સમસ્ત ભેદની સ્પષ્ટતા મળી જાય છે. ચૈતન્યના ક્ષેત્રમાં પડેલો જ્ઞાન અને બોધનો ખજાનો પ્રાપ્ત થઈ જાય છે. સાધકનો ફેરો ફોગટ જતો નથી. અસ્તિત્વની સંપૂર્ણ સાર્થકતા સિદ્ધ થઈ જાય છે. આંતરિક ઉત્ક્રાંતિના અનુભવને વર્ણવતું આ ભજન આંતરિક વિકાસની યાત્રા અને સાધનાના એકસાથે અનેક મર્મોને ચીંધે છે.

❑❑❑

સાલિમ અલી
(ઈ.સ.૧૮૯૬-૧૯૮૭)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ. : હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન-લેખક તેમજ વિજ્ઞાન-પ્રચારક શ્રી. અરવિંદ ગુપ્તાના પુસ્તક ‘Bright Spark’માં રજૂ થયેલી વિશ્વવિખ્યાત ગુજરાતી પક્ષીવિદ, સંશોધક અને પર્યાવરણવિદ ડૉ. સાલિમ મોહિઝુદ્દીન અબ્દુલ અલી (સાલિમ અલી)ની લઘુઆત્મકથાનો ભાવાનુવાદ છે. તેઓ Bird Men of India તરીકે નામના પામ્યા. પક્ષીઓનું અધ્યયન કરવામાં તેમનું યોગદાન ઉલ્લેખનીય છે. એમ કહી શકાય કે જો તેઓ ના હોત તો આજે આપણા દેશમાં પક્ષીઓનું સુવ્યવસ્થિત સર્વેક્ષણ હાથ ધરવું ખૂબજ અઘરું હોત. તેઓ ભારતના પહેલા પક્ષીવિજ્ઞાની હતા, જેમણે સંપૂર્ણ દેશભરમાં વ્યવસ્થિત રીતે પક્ષીઓનું સર્વેક્ષણ કર્યું અને પક્ષીઓ ઉપર ઘણાંયે માહિતીવર્ધક અને ઉપયોગી પુસ્તકો પણ લખ્યાં. તેમણે લખેલાં પુસ્તકોએ ભારતમાં પક્ષીવિજ્ઞાનના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન્ આ પુસ્તક માટેના પ્રેરણાસ્રોત રહ્યા તેમજ ખ્યાતનામ ખગોળવિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગીલ તેમજ પ્રા. ટી.પદ્મનાભન્ આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો : બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમજ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનારું પુસ્તક પ્રગટ કરવું.


શ્રી. અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમજ સંશોધકોનાં જીવનનો લઘુપરિચય તેમજ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઇન તૈયાર કરી તેમજ એમાં વપરાય એવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એકસાથે પ્રગટ થયું અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા ઉપરાંત ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com

''...તમારો જીવનસંદેશ સર્વત્ર ફેલાઈ રહ્યો છે અને અમને વિશ્વાસ છે કે વણકર પક્ષી 'સુગરી' (Weaver Bird) પોતાના માળાઓમાં તમારું નામ ગૂંથશે અને અબાબીલ પક્ષી તમારા સન્માનમાં ઊડતી વખતે આકાશમાં પરવલયો (Parabolas) રચશે.''

- પૉલ ગૈટી સંરક્ષણ પારિતોષિક દરમિયાન કરવામાં આવેલી પ્રશસ્તિ નોંધ (ઈ.સ. ૧૯૭૬)


નિર્વિવાદપણે સાલિમ અલી ૨૦મી સદીના ભારતના મહાન ક્ષેત્રીય જીવવિજ્ઞાની(Field Biologist) હતા. તેઓ ભારતના Birdman તરીકે જાણીતા હતા. તેમણે લગભગ ૮૦ વર્ષ સુધી ભારતીય ઉપખંડનાં પક્ષીઓનું ચોક્કસાઈપૂર્વક નિરીક્ષણ કર્યું અને આ માહિતીનું દસ્તાવેજીકરણ કરી પુસ્તક રૂપે સાચવ્યું.



સાલિમ અલીનો જન્મ ૧૨ નવેમ્બર, ઈ.સ. ૧૮૯૬ના રોજ ધનાઢ્ય એવા વેપારી કુટુંબમાં થયો. બાળપણમાં તેમનું સ્વાસ્થ્ય નબળું હતું. જેના લીધે અવારનવાર તેમને શાળામાંથી રજા લેવી પડતી, પણ પછીથી નિયમિત વ્યાયામ વડે તેમણે પોતાની તબિયત સુધારી અને દુષ્કર મેદાની પ્રવાસો માટે ટકી રહેવાનું સામર્થ્ય કેળવ્યું. ૧૦ વર્ષની ઉંમરમાં જ તેમણે માતાપિતાનું છત્ર ગુમાવ્યું અને એ પછી તેમના મામા અમરુદ્દીન તૈયબજી અને મામી હમીદાએ ખૂબ જ સ્નેહપૂર્વક તેમનો ઉછેર કર્યો. તેમની સંપૂર્ણ સંશોધન કારકિર્દીમાં સાલિમ અલીને કદી પણ સરકારી અનુદાન ઉપર નિર્ભર ન રહેવું પડ્યું, કારણ કે તેમનું પ્રગતિશીલ કુટુંબ તેમની પાછળ મક્કમપણે ઊભું રહ્યું અને તેમના કામને ટેકો આપ્યો. તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર કૉલેજમાં પ્રાણીવિજ્ઞાન (Zoology) શાખામાં અભ્યાસ કરવા માટે પ્રવેશ મેળવ્યો, પણ બર્મામાં પોતાના કુટુંબના ટંગસ્ટનના વ્યાપારની સંભાળ રાખવા માટે તેમને અભ્યાસ અધવચ્ચે જ છોડીને મ્યાનમાર જવું પડ્યું, પણ વ્યાપારમાં તેમને રસ ન પડ્યો અને તેઓ જીવવિજ્ઞાન (Biology) તરફ પરત ફર્યા. ઈ.સ. ૧૯૧૮માં તેમની દૂરની એક સંબંધી તેહમીના સાથે તેઓ લગ્નગાંઠે જોડાયા.

ભારતીય પ્રાણી-સર્વેક્ષણ (Zoological

Survey of India)માં જ્યારે તેમને નોકરી ન મળી, ત્યારે તેઓએ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ સંગ્રહાલયમાં થોડા સમય માટે માર્ગદર્શક વ્યાખ્યાતા (Guide Lecturer) તરીકે કામ કર્યું. ઈ.સ. ૧૯૨૮માં તેઓ જર્મની ગયા અને ત્યાં બર્લિન ખાતેના પ્રાણીસંગ્રહાલયમાં ફરજ બજાવતા પ્રાધ્યાપક ઈર્વિન સ્ટ્રેસમૅનના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષિત થયા. ઈ.સ. ૧૯૩૦માં પોતાના માટે કોઈ યોગ્ય નોકરી ન શોધી શકતાં તેઓ મુંબઈ નજીકના એક તટવર્તીય ગામ કિહિમમાં જઈ વસ્યા. અહીં તેમણે સુગરી પક્ષી (Bay Bird)ના સંવર્ધન/પ્રજનનનો જીવવિજ્ઞાની અભ્યાસ કર્યો, જેણે તેમને વિશ્વવિખ્યાત પક્ષીવિદ્ (Ornithologist) તરીકે ઓળખાણ અપાવી. તેમણે શોધી કાઢ્યું કે નર સુગરી પક્ષી જ આ માળો બાંધે છે અને પછી અચાનક એક દિવસ માદા સુગરી પક્ષી આવીને નર સુગરી પક્ષી તેમજ અડધા તૈયાર થયેલા માળાનો કબજો લઈ લે છે! તેમણે શોધ્યું કે હજારોની સંખ્યામાં નવાં જન્મેલાં સુગરીનાં બચ્ચાંઓ સખત અનાજના દાણાઓ પચાવવામાં સક્ષમ ન હોવાથી તેઓ ફક્ત નરમ શરીરવાળાં જીવડાંઓ ઉપર જ નભે છે. આ રીતે પુખ્ત સુગરી પક્ષીઓ જીવડાં અને જીવાતોના મૂલ્યવાન જૈવિક નિયંત્રકો છે. સાલિમ



અલીએ તમામ કૃષિ વિશ્વવિદ્યાલયો (Agricultural Universities)માં આર્થિક/અર્થક્ષમ (Economical) પક્ષીવિદ્યા (Ornithology)નો વિષય શિખવાડવાની ભલામણ કરી.

સાલિમ અલી ક્યારેક પક્ષીઓનો શિકાર પણ કરતા, કેટલીકવાર પેટ ભરવા માટે કર્યો; પણ મોટાભાગે વૈજ્ઞાનિક તપાસણી માટે કર્યો. ધીરે ધીરે પક્ષીઓનો શિકાર તેમણે સદંતર બંધ કર્યો અને તેઓ પોતાના દૂરબીનની મદદથી માત્ર પક્ષીઓનું નિરીક્ષણ કરતા રહેતા અને ક્યારેક પક્ષીઓને પકડી તેમના પગમાં ઓળખ માટે નાની વીંટી પહેરાવી તેમને જંગલમાં છૂટું મૂકી દેતા, જેના લીધે પક્ષીઓની ઓળખ કરવામાં તેમજ તેમની વર્તણૂક સમજવામાં ઘણી મદદ મળતી.

તેમના અધ્યયનથી ફૂલસૂંઘણી

(Flower Pecker) અને શક્કરખોરો (Sunbirds)નો આકાશવેલ (Mistletoe) ના પરાગનયન (Pollination) તેમજ તેના બીજને વિખેરવાની મહત્ત્વની કામગીરીની ગૂંચ ઉકેલાઈ. તેમણે કચ્છના રણમાં મળી આવતા સુરખાબ (Flamingo)નો પણ ઊંડો અભ્યાસ કર્યો. તેમણે હૈદરાબાદ, ત્રાવણકોર, કોચીન, અફઘાનિસ્તાન, કૈલાસ માનસરોવર, કચ્છ, મૈસૂર, ગોવા, સિક્કિમ, ભૂતાન અને અરુણાચલ પ્રદેશના પ્રાદેશિક પક્ષીઓનું સર્વેક્ષણ (Survey) કર્યું. તેમણે સાબિત કર્યું કે જળચર પક્ષીઓની ઘણી પ્રજાતિઓ સાઇબિરિયા સુધી સ્થળાંતર કરે છે. પોતાનાં તમામ સંશોધનો દરમિયાન તેમણે આખો વખત ખૂબ જ ચોક્કસાઈપૂર્વક નોંધો ટપકાવી અને પોતે અર્જિત કરેલા જ્ઞાનના પરિપાકરૂપે



ખૂબ સરળ રીતે લખાયેલાં એવાં સચિત્ર પુસ્તકોની આખી શ્રેણી રજૂ કરી. આની શરૂઆત તેમણે ઈ.સ. ૧૯૪૧માં તેમના સૌપ્રથમ પુસ્તક The Book of Indian Birds (ભારતનાં પક્ષીઓ) વડે કરી. એના પછી તેમનાં The Birds of Kutch (કચ્છનાં પક્ષીઓ), Indian Hill Birds (ભારતનાં પહાડી પક્ષીઓ), Birds of Kerala (કેરળનાં પક્ષીઓ), Birds of Sikkim (સિક્કિમનાં પક્ષીઓ) પુસ્તકો પ્રકાશિત થયાં. એના પછી તેમનું સુપ્રસિદ્ધ પુસ્તક Handbook of The Birds of India & Pakistan (ભારત અને પાકિસ્તાનમાં વસવાટ કરતાં પક્ષીઓની માર્ગદર્શિકા) દસ ખંડોમાં પ્રકાશન પામ્યું. પક્ષીઓની શ્રેણી પરનું તેમનું સૌથી છેલ્લું પુસ્તક ઈ.સ. ૧૯૭૭માં પ્રકાશન પામેલું : The Field Guide to The Birds of Eastern Himalaya (પૂર્વીય હિમાલયક્ષેત્રનાં પક્ષીઓની માર્ગદર્શિકા) હતું. ઈ.સ. ૧૯૮૫માં બીમાર હાલતમાં સાલિમ અલીએ પોતાનું મનોરંજક આત્મચરિત્ર વૃત્તાંતરૂપે પોતાના પુસ્તક The Fall of Sparrowમાં રજૂ કર્યું. પક્ષીઓનાં જીવન તેમજ તેમના નાજુક પર્યાવરણીય તંત્ર (Eco-System) વિશેની તેમની ઊંડી સમજણ તેમને પર્યાવરણના સંરક્ષણ તરફ દોરી ગઈ. સાલિમ અલીનાં સલાહ-સૂચનોને લીધે જ કેરળમાં Silent Valley (અનન્ય કહી શકાય એવું



સાલિમ અલી લિખિત પુસ્તકોની શ્રેણી

પર્યાવરણીય તંત્ર) તેમજ રાજસ્થાનના ભરતપુરમાં પક્ષી અભયારણ્ય (Bird Sanctuary)ની સ્થાપના કરવામાં આવી. વિજ્ઞાન અને પર્યાવરણ સંરક્ષણ તરફનું તેમનું સંપૂર્ણ સમર્પણ અપૂર્વ કહી શકાય એવું હતું. તેમણે ઈ.સ. ૧૮૮૩માં સ્થાપિત Bombay Natural History Society (BNHS) સંસ્થાનું અસ્તિત્વ ટકાવી રાખવા તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુને અંગત પત્ર લખી નાણાકીય સહાય માટેની વિનંતી કરી.


જૈવ વિવિધતા ક્ષેત્રે ભારતની ગણતરી વિશ્વના પ્રમુખ ૧૨ દેશોમાં થાય છે. એમ છતાં આપણી પાસે રહેલી વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ વિશેનું વ્યાપક દસ્તાવેજીકરણ ઉપલબ્ધ નથી. જૂના દસ્તાવેજો દર્શાવે છે કે મુગલ બાદશાહોને પ્રાકૃતિક સંપદામાં વિશેષ રસ હતો. દાખલા તરીકે, શહેનશાહ જહાંગીરે પોતાની નોંધપોથી (Diary)માં સારસ પક્ષીઓના પ્રજનન-વ્યવહાર તેમજ બીજાં પ્રાણીઓનું વર્ણન સાવચેતીપૂર્વક નોંધરૂપે કર્યું. તેમણે પ્રતિભાશાળી ચિત્રકાર મંસૂરને પક્ષીઓનાં રંગીન ચિત્રો આલેખવાનું કામ સોંપ્યું, પણ જહાંગીરના સમય પછી આ ક્ષેત્ર લાંબા સમય સુધી ઉપેક્ષાનું ભોગ બન્યું. ભારતીય તત્ત્વજ્ઞાન બાહ્ય વાસ્તવિકતાને 'માયા (એક ભ્રાન્તિ)' તરીકે વર્ણવે છે. એથી આવાં વિવિધ રૂપોનો અભ્યાસ તેમજ દસ્તાવેજીકરણ શા માટે કરવું? આવી વિચારસરણીને લીધે જૈવ વિજ્ઞાનના ક્ષેત્રમાં ઉત્તરોત્તર નીરસતા જોવા મળી.



અંગ્રેજોએ પોતાના વસાહતી હિત સંબંધોને ખાતર ભારતમાં ઉપલબ્ધ વનસ્પતિ સૃષ્ટિ (Flora) તેમજ પ્રાણીસૃષ્ટિ (Fauna) માટે વિસ્તૃત અભ્યાસ અને દસ્તાવેજીકરણનું

કામ હાથ ધર્યું. સર જોસેફ હુકર, હ્યૂ વ્હિસ્લર અને વિન્ટર બ્લિથ જેવા આગેવાનોએ ભારતની જૈવ વિવિધતાના દસ્તાવેજીકરણ કરવામાં અગ્રણી કામગીરી બજાવી. સાલિમ અલી કદાચ પહેલા ભારતીય વૈજ્ઞાનિક હતા, જેમનું કામ સાવચેતી તેમજ પરિશ્રમથી કરેલાં અવલોકનો ઉપર આધારિત હતું. જેણે ભારતીય વિજ્ઞાનની તવારીખમાં તેમના કામને અનન્ય બનાવી દીધું.

ઈ.સ. ૧૯૩૯માં એક નાની સર્જરી પછી સાલિમ અલીનાં પત્નીનું અવસાન થયું અને પછી આગલા પાંચ દાયકાઓ સુધી તેમની બહેનના કુટુંબે તેમની સંપૂર્ણ સંભાળ લીધી. સાલિમ અલી



જૈવ ક્ષેત્રે આટલું બધું કરી શક્યા અને પોતાનું સંપૂર્ણ જીવન પક્ષીઓના અભ્યાસમાં સમર્પિત કરી શક્યા, કારણ કે તેમના કુટુંબે એ બધું જ સ્વીકાર કર્યું જે અન્ય ભારતીય પરિવારમાં બેશક 'ગાંડપણ' તરીકે ઓળખાત. જે. બી. એસ. હાલ્ડેને સાલિમ અલીનાં મહત્ત્વનાં વૈજ્ઞાનિક સંશોધનો ફક્ત પોતાના ખુલ્લા હાથોમાં દૂરબીન (Binoculars) રાખીને કરવાની ક્ષમતાને ખૂબજ વખાણી.

એક વાર સાલિમ અલીએ પોતાના બગીચામાં અરીસા અને ઘોડાની પૂંછડીના વાળની મદદ વડે ભૂખરા રંગના લાંબી પૂંછડીવાળા એક નાના પક્ષી (Wagtail)ને પકડ્યું. આ પક્ષી અરીસામાં પડતા પોતાના પ્રતિબિંબને એક પ્રતિદ્વંદ્વી સમજી એના ઉપર ચાંચ વડે હુમલો કરતું રહ્યું અને આબાદ રીતે છટકામાં સપડાઈ ગયું.

એ પછી સાલિમ અલીએ આ પક્ષીને પકડીને તેના પગમાં ઓળખ માટેની વીંટી પહેરાવીને મુક્ત કરી દીધું. પ્રજનન કરવા માટે સાઇબેરિયા જતું આ પક્ષી કેટલાક મહિનાઓ મુંબઈમાં વિતાવતું હતું. ઘણાં વર્ષો સુધી સાલિમ અલીએ ઓળખ વીંટી પહેરાવી મુક્ત કરેલું એ જ પક્ષી એપ્રિલ મહિનામાં સાલિમ અલીના બગીચામાં દેખા દેતું અને સપ્ટેમ્બર મહિનો આવતાં જ ફરીથી સાઇબેરિયા તરફ રવાના થઈ જતું. નવાઈ નથી કે સાલિમ અલી



પક્ષીઓ તરફ વધુ રસ લેતા થઈ ગયા!

સાલિમ અલી પોતાની હયાતીમાં ભારત જ નહીં, પણ સંપૂર્ણ વિશ્વનાં પક્ષીઓના અભ્યાસુઓ તેમજ પ્રકૃતિપ્રેમીઓ માટે કિંવદંતી (Legend) બની ગયા.

તેમને અસંખ્ય પારિતોષિકો મળ્યા. એમાં ઈ.સ. ૧૯૬૭માં The British Ornithologist's Union દ્વારા મળેલો The Union ચંદ્રક, ઈ.સ. ૧૯૬૯માં World Conservation Union દ્વારા મળેલો Philips ચંદ્રક, ઈ.સ. ૧૯૭૬માં ભારત સરકાર દ્વારા એનાયત થયેલું પદ્મ વિભૂષણ સન્માન તેમજ World Wildlife Fund (WWF) દ્વારા એનાયત થયેલું Paul Getty Wildlife Conservation પારિતોષિકનો સમાવેશ થાય છે. તેમણે ડૉક્ટરેટની માનદ ત્રણ પદવીઓ પ્રાપ્ત કરી તેમજ ઈ.સ. ૧૯૮૫માં રાજ્યસભામાં નિમણૂક પામ્યા.

પ્રોસ્ટેટ ગ્રંથિમાં થયેલા કર્ક રોગ સામે લાંબી લડાઈ લડ્યા પછી ૨૦ જૂન, ૧૯૮૭માં સાલિમ અલી આ ફાની દુનિયાને અલવિદા કહી ગયા. ઈ.સ. ૧૯૯૦માં કોઇમ્બતૂર ખાતે સાલિમ અલી પક્ષીવિજ્ઞાન અને પ્રાકૃતિક ઇતિહાસ (The Salim Ali Centre For Ornithology and Natural History)ની સ્થાપના કરવામાં આવી. ૧૨ નવેમ્બર, ઈ.સ. ૧૯૯૬ના રોજ ભારતીય ટપાલ ખાતાએ તેમની સ્મૃતિમાં રૂપિયા ૮ અને ૧૧ના મૂલ્યની બે આકર્ષક ટિકિટો પ્રકાશિત કરી તેમના જીવનકાર્યને ચિરસ્મરણીય અંજલિ આપી હતી.

વિશેષ વાંચન : *નવનીત સમર્પણના એપ્રિલ ૨૦૨૦ના અંકમાં સાલિમ અલીના સૌપ્રથમ પુસ્તક The Book of Indian Birds (ભારતનાં પક્ષીઓ) જે શ્રી. અશોક કોઠારી દ્વારા ગુજરાતીમાં ભાવાનુવાદ પામી પ્રકાશિત થયું એનો રસાસ્વાદ કરાવતો શ્રી. ભરત ખેનીનો લેખ જરૂરથી વાંચશો.*

❑❑❑



માણસાઈની જ્યોત

☐ ભાવાનુવાદ : અશ્વિની બાપટ

આજના સમયમાં જીવનની દરેક પળ પર પૈસાએ સત્તાનું સ્થાન લઈ લીધું છે. ગરીબ કે તવંગર દરેક વ્યક્તિ પૈસો મેળવવાની એકપણ તક જતી નથી કરતો. એટલું જ નહીં પણ તેના માટે માણસાઈનાં મૂલ્યો ગજબની સુગમતાથી નેવે મૂકી દઈ પોતાની આવનારી પેઢીઓ માટે ધનસંચય કરવામાં જ પરમસુખ માને છે. વારસાની મિલકત માટે અંદરોઅંદર લડતાં સગાં પૈસા માટે અણમોલ સંબંધોમાં પેઢીઓ ચાલે તેવાં વેર રોપી દેતાં હોય છે.

આવામાં એક મધ્યમવર્ગની એકસઠ વર્ષની સામાન્ય સ્ત્રી પોતાના પિતાના મૃત્યુ પછી મળેલી રૂપિયા એકસોવીસ કરોડની કિંમતની જમીન કૅન્સરની હૉસ્પિટલ માટે દાન કરી દે એ ખરેખર મોટા આશ્ચર્યની વાત છે. અને આથી મોટા આશ્ચર્યની વાત એ કે આટલી મોટી સખાવત છતાં પોતાનું નામ ક્યાંય પ્રગટ ન થાય એની ચીવટ. પોતે પારસી માતા અને ગુજરાતી પિતાનું એકનું એક સંતાન છે પણ એવું નથી કે એમને મળેલી વારસાગત સંપત્તિ ભોગવી

શકનારું બીજું કોઈ નથી. એમને એક દીકરો છે જે આ સંપત્તિથી સુખી જીવન પામી શક્યો હોત. પણ આ એવી વિરલ વ્યક્તિઓ છે જેમને લેવા કરતાં આપવામાં જ વધારે સુખ લાગે છે. હજી એક વાત. આ જમીન કોઈ દૂરના ગામડામાં નથી. આ જમીન જ્યાં રોટલો મળે પણ ઓટલો ન મળે એવા મુંબઈના મોકાના વિસ્તારમાં છે. મુંબઈમાં, જ્યાં ચોરેચૌટે પૈસાની જ બોલબાલા હોય, એવા માહોલમાં જન્મેલી અને ઉછરેલી એક કૌટુમ્બિક સ્ત્રીની આ વાત છે.

માણસાઈના દીવામાં તેલ ખૂટી રહ્યું હોય તેવા આ સમયમાં આ દાતા વિશે વધુ જાણવાની જિજ્ઞાસા થાય એ સહજ છે. પત્રકાર માલવિકા સંઘવીને આ બાબતની જાણકારી સહજ ઉપલબ્ધ ન હતી કારણકે એ દાતાએ ગુપ્તદાન કર્યું હતું. છતાં, આ વિરલ ઘટના લોકો માટે પ્રેરણારૂપ હોવાથી તે જિજ્ઞાસા વાજબી છે. માનવતાના ઇતિહાસના અંધકારમય યુગમાં આવા પ્રસંગને પ્રકાશમાં લાવવાની તાતી જરૂર છે જેથી માનવીય મૂલ્યોમાંથી ઓછી થતી જતી શ્રદ્ધાને ટકાવી શકાય. માલવિકા સંઘવીએ આખરે તેમને શોધીને ફોન પર મુલાકાત લીધી અને તેના પરથી તેમણે લખેલો લેખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ હિન્દુસ્તાન ટાઇમ્સમાં છપાયો છે. દાન ગુપ્ત રાખવાની તેમની ભાવનાને માન આપીને દાતાનું નામ એ લેખમાં અપાયું નથી. માત્ર 'ડી.એમ.' તેવા તેમના નામના ટૂંકા રૂપમાં ઉલ્લેખ કર્યો છે.

મુલાકાત વખતે એ અનામી દાતા મહિલાએ કહ્યું કે 'આજે હું જે કંઈ છું તે મારાં માતા-પિતાને કારણે જ છું, હું જે કંઈ કરું છું તે તેમણે જ શીખવેલાં માનવીય મૂલ્યો અને સંસ્કારને કારણે છે. મારામાં આ મૂલ્યો ટકાવી રાખવા જેવું સુદૃઢ વ્યક્તિત્વ ઘડતરનું શ્રેય હું કિંગ સર્કલમાં આવેલી મારી શાળા જે.બી. વાચ્છાના શિક્ષકોને પણ આપીશ. મારા પતિ અને મારા કુટુમ્બે પણ પિતાની સંપત્તિનું હૉસ્પિટલ તથા કૅન્સરની સારવાર માટે દાન કરવાના નિર્ણયને વધાવી લીધો અને મારો નિર્ણય દૃઢ કર્યો.'

આ મહિલાએ પોતાના દાનની માહિતી અન્યોને મળી તે બાબતે ક્ષોભ અને સંકોચ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે 'મારા પિતાએ હંમેશાં એમ જ શીખવ્યું છે કે એક હાથે આપેલા દાનની ખબર બીજા હાથને પણ ન થવી ઘટે. એવું જ દાન મૂલ્યવાન હોય.'

આ મહિલા દાદરના કિંગ સર્કલ વિસ્તારમાં રહેતાં ગુજરાતી પિતા અને પારસી માતાનાં દીકરી છે. પરેલમાં ત્રીસ હજાર સ્ક્વેરફીટની જમીન પર તેમના પિતાનું પ્રિન્ટિંગ પ્રેસ હતું. એ જ વિસ્તારમાં ટાટા મેમોરિયલ ટ્રસ્ટની હૉસ્પિટલ છે. અહીંથી અવારનવાર પસાર થતાં હંમેશાં એ બહેનના ધ્યાનમાં કૅન્સરની સારવાર માટે દૂરદૂરથી

આવતા દર્દીઓ આવતા. દર્દીઓની સંખ્યા એટલી વધતી જાય છે કે ઘણાં પોતાને હૉસ્પિટલમાં પ્રવેશ મળે ત્યાં સુધી ફૂટપાથ પર જ રાતદિવસ કાઢતા હોય છે. આ હૉસ્પિટલમાં દેશના એકતૃતિયાંશ કૅન્સરના દર્દીઓ સારવાર લે છે અને ત્યાં કેમોથેરેપી માટે એક સમયે ૧૦૦ દર્દીઓને સારવાર મળે છે, જ્યારે જરૂરિયાત પાંચસોથી વધારે દર્દીઓની છે. આ દૃશ્યના સાક્ષી તો ઘણા થતા હોય છે પણ તે માટે કશું પણ કરવાની શક્તિ ખરેખર હોતી નથી. 'એટલે જ્યારે મને પિતાના મૃત્યુ પછી આ જમીન વારસામાં મળી ત્યારે મને એક ક્ષણ માટે પણ એ કૅન્સર સારવાર ખાતર ટાટા હૉસ્પિટલને દાન આપી દેવાના નિર્ણય વિશે શંકા ન હતી.' તેમના આ નિર્ણયમાં તેમના પતિ અને તેમના પુત્ર તેમ જ અન્ય કુટુમ્બીજનોએ પણ સૂર પુરાવ્યો. તેમનો પુત્ર બૅંગ્લોરમાં નોકરી કરે છે.

આ બહેનનાં નજીકનાં સગાં ડૉ. ભરુચા ટાટા હૉસ્પિટલમાં જ સેવા આપતાં હતાં અને તેમણે પણ હૉસ્પિટલના ટ્રસ્ટ સમક્ષ જમીનના દાન વિશે વાત મૂકી અને આખી કાગળ-પત્રોની વ્યવહારિક પ્રક્રિયા શરૂ થઈ - જે અઢી વર્ષ ચાલી. દરમ્યાન યથોચિત માર્ગદર્શન પણ આપ્યું. આ પ્રક્રિયા પૂરી થઈ અને ઔપચારિક રીતે દાનની વિધિ થઈ તેના થોડા જ દિવસો પહેલાં ડૉ. ભરુચાનું અવસાન થયું એટલે દાતા બહેનને તેનો પણ રંજ થયો કે એમનાં આન્ટી આ શુભ ઘડી વખતે હયાત ન હતાં.

આ જાણીને થયું કે ખરેખર ભલાઈ અને નિસ્વાર્થભાવે અન્યો માટે કશુંક કરવું હોય તો પૈસાની નહીં પણ માનવીય સંવેદના જીવંત રાખવાની જરૂર હોય છે. જ્યારે પણ તક મળે ત્યારે એ સંવેદનાને અનુસરવાની, અને ઉચિત કાર્ય કરવાની જરૂર હોય છે.

(માલવિકા સંઘવીના 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના લેખમાંથી ભાવાનુવાદ)



વાનપ્રસ્થનો છેડો

☐ મનહર ઓઝા

ચીં.....ઇ...ઇ... બ્રેકના અવાજ સાથે વળાંક પર બસ ધીમી પડી. ઝોકે ચઢેલા મહેન્દ્રભાઈની ઊંઘમાં ખલેલ પડી. તેમની આંખ ખૂલી ગઈ. બારી બહાર તેમની નજર પડી. ટેકરીની પાછળથી અજવાળાની ટશર ફૂટી રહી હતી. પહાડી વિસ્તારના વળાંકવાળા રસ્તા ઉપરથી, બસ તેની રવાલ ગતિએ એજ જૂનું ગીત ગાતી ચાલી જતી હતી. રોડની બંને બાજુએ લીલો ડ્રેસ પહેરી ઊભેલાં વૃક્ષો, બાળકોની જેમ કુતૂહલથી પસાર થતી બસને જોઈ રહ્યાં હતાં. ઠંડી હવાની લહેરખી બારીમાંથી પ્રવેશી પ્રવાસીઓના ચહેરા પર પથરાઈ જતી હતી.

મહેન્દ્રભાઈએ આદતવશ મોબાઈલ માટે પેન્ટના ખીસામાં હાથ નાખ્યો. હાથ રૂમાલને સ્પર્શીને ભોંઠો પડ્યો. 'અરે હા, મોબાઈલ તો હું ઘરે જ મૂકીને આવ્યો છું.' તેમને થયું, 'મોબાઈલ વિના કેવી રીતે ચાલશે?' નવો નવો સ્માર્ટ ફોન તેમણે ખરીદ્યો હતો તે વાત યાદ આવી. તે સમયે તેમને મોબાઈલ ઓપરેટ કરતાં પણ આવડતો ન હતો. મોબાઈલમાં મથતા જોઈને વાસંતીએ હસતાં હસતાં કહ્યું હતું.

'એંજિનિયર થઈને તમને મોબાઈલ ઓપરેટ કરતાં નથી આવડતું?'

'એમ તો તું પણ શિક્ષક છે, તને કોલેજના વિદ્યાર્થીઓને ભણાવવાનું ફાવે છે?' વાસંતી મલકાઈને મહેન્દ્રભાઈ સામે જોઈ રહી.

'ના ફાવે, એમાં શું? બધું બધાંને ના પણ આવડે. એમાં શું ખોટું લગાડવાનું?'

'મને કંઈ ખોટું નથી લાગ્યું.'

'તો પછી મ્હો કેમ પડી ગયું?' કહેતાં વાસંતી ખડખડાટ હસી પડી.

'જાગૃતિ પાસેથી શીખી લો. એને આવા બધામાં સારી સમજણ પડે છે.'

'લાવો પપ્પા... પણ હું સાસરે જતી રહીશ પછી તમે શું કરશો? જાતે જ મંતરવાનું એટલે આવડી જાય.' મહેન્દ્રભાઈ કંઈ બોલે તે પહેલાં વાસંતી તેમનું ઉપરાણું લેતાં બોલી.

'તું જતી રહીશ એટલે અંધારું થોડું થઈ જશે? સુમિત છેને! મારે તો બન્નેને સાથે જ પરણાવવાં છે. એક દીકરી જાય ને બીજી આવે.'

'એટલે તારે મને કાઢવી છે?'

'હાસ્તો વળી, સૌ સૌનાં ઠેકાણે સારાં.' વાસંતી હસવા લાગી. જાગૃતિ પણ હસી પડતાં કહેવા લાગી.

'તું બહુ જબરી છે મમ્મી.'

'આજે ખબર પડી? જબરા ન હોઈએ તો કોઈ શાંતિથી જીવવા ન દે. આ તારા પપ્પા બહુ સીધા, કોઈને કશું કહી જ ન શકે.'

'બેમાંથી એક જબરું હોય તો ચાલે.'

'એટલે ખરાબ તો મારે જ થવાનું ને?' વાસંતીને ચિડાતી જોઈને મહેન્દ્રભાઈ હોઠનો ખૂણો લાંબો કરીને મલક્યા.

અને એક દિવસ વાસંતીએ ધાર્યું હતું એમ જ થયું. જાગૃતિ પરણીને સાસરે ગઈ અને વિદ્યા સુમિતની વહુ થઈને ઘરમાં આવી. વાસંતીનો હરખ સમાતો ન હતો. વિદ્યાને તે જાગૃતિની જેમ જ રાખવા માગતી હતી પણ વિદ્યાને દીકરી થઈને રહેવા કરતાં વહુ થઈને રહેવું ગમતું હતું.

* * *

એક નાનકડી ચાની કીટલી પાસે બસ રોકાઈ. મહેન્દ્રભાઈ પણ બધાં સાથે નીચે ઊતર્યા. બહાર સારી એવી ઠંડક હતી. આમેય જંગલોમાં શહેર કરતાં તાપમાન ઓછું હોય. મહેન્દ્રભાઈ દૂર દૂર સુધી પથરાયેલા જંગલને જોઈ રહ્યા. રોડથી થોડા દૂર ઝાડ પાછળ જઈને પેશાબ કરીને હળવા થઈ આવ્યા. પ્રાઇમસ ઉપર મોટા તપેલામાં ચા ઉકાળતા માણસને જોઈ રહ્યા. સફેદ દાઢી અને કડક મુછાળા ચાવાળાના માથા વચ્ચે નાનકડી રકાબી જેવડી ટાલ હતી. ચાનો ઓર્ડર આપીને તે બાજુમાં મૂકેલા બાંકડા ઉપર બેઠા.

'વાસંતી પણ રોજ સવારે ચાના છલકાતા કપ અને હસતા ચહેરા સાથે ખાખરા, બિસ્કિટ કે ચવાણું મૂકતી. અમને બંનેને સવારે નાસ્તો કરવાની ટેવ

હતી.' વિચારતાં તેમની નજર કીટલી પાસે મૂકેલી ટોસ્ટની બરણી પર પડી. ઊભા થઈને તેઓ ટોસ્ટ અને ચા લઈ આવ્યા, ને બાંકડે બેસીને ખાવા લાગ્યા. એક નાનું ગલૂડિયું તેમની સામે આવીને પૂંછડી પટપટાવવા લાગ્યું. તેમણે બિસ્કિટ ગલૂડિયા સામે ફેંક્યું. બિસ્કિટ સૂંઘીને તે ચાલ્યું ગયું.

'કૂતરાંઓ પણ સવાદિયા થઈ ગયાં છે.' મહેન્દ્રભાઈ મનમાં બોલ્યા.

* * *

'તમે શાક કેમ ના ખાધું?'

'તને તો ખબર છે કે, મને ફિક્કું ખાવાનું નથી ભાવતું.'

'તમને તો વિદ્યાના સ્વભાવની ખબર છે ને? અને એને જેવું ભાવે તેવું બનાવે, આપણે ખાઈ લેવાનું.'

'તે મેં એને કશું કહ્યું? દાળ-શાક તું બનાવતી હોય તો!'

'હું બનાવું તો એ ના ખાય અને બહાર કે'તી ફરે કે, મારી સાસુ તો મને રસોડે પેસવા નથી દેતી.'

'એના કરતાં એ લોકો જુદાં રહેતાં હોત તો સારું હતું.'

'ભાડે રહી શકાય એટલો સુમિતનો પગાર પણ હોવો જોઈએને! અને આમેય આપણાં પછી આ ઘર એમનું જ છેને? આપણે થોડું જતું કરવાનું.'

'કેટલું જતું કરવાનું? ઘરનું અડધોઅડધ કામ તો તું કરે છે. એતો ખાલી રસોઈ જ કરે છે.'

'હશે હવે, આમેય રિટાયર્ડ થયા પછી મારે કામેય શું છે? ઘણીવાર મને થાય છે કે હું નહીં હોઉં ત્યારે તમારું શું થશે?'

'એવું શું બોલે છે? હજુ તો તારે સુમિતનાં છોકરાં રમાડવાનાં છે.'

'એતો રમાડીશું જને! એ પહેલાં મારે થોડુંક ફરી લેવું છે. બહારની દુનિયા જોવી છે. લીલાંછમ જંગલોમાં રખડવું છે, પહાડ ઉપર ચઢવું છે, દરિયામાં નાહવું છે.'

'ઓહોહો...આટલું બધું?'

'હાસ્તો, જ્યાં સુધી પગ ચાલે છે, ત્યાં સુધી ફરી લેવાનું.'

'અને પછી...?'

'પછી ઘરમાં છોકરાં સાચવવાનાં, એ ના ફાવે તો ક્યાંક કોઈ અંતરિયાળ ગામડે જઈને રહેવાનું ને ત્યાંનાં છોકરાં ભણાવવાનાં.'

'રિટાયર્ડ થઈ તોયે, મ્હેતાગીરી કરવી છે?'

'મને તો છોકરાં ભણાવવાં બહુ ગમે, છોકરાં જ નહીં હું તો મોટાને પણ ભણાવું.'

'તું તો મનેય ભણાવે તેવી છે.'

'તમે મારી પાસે ભણ્યા હોત, તો ક્યાંય પાછા ન પડ્યા હોત.' કહેતાં આંખ મિચકારીને તે ખડખડાટ હસી પડી. હાસ્ય તેનું ઘરેણું હતું. ચમકતું ને ઘરને અજવાળતું ઘરેણું.

* * *

બાજુમાં બેઠેલી યુવતીના હસવાના અવાજથી મહેન્દ્રભાઈની તંદ્રા તૂટી.

તેમણે બસની બારી બહાર નજર માંડી. હવે ગીચ જંગલ શરૂ થયું હતું. દૂર સહ્યાદ્રીની પર્વતમાળા સૂરજનાં કિરણોથી ચમકી રહી હતી. બસની આગળ રોડ સર્પાકારે આગળ ને આગળ ભાગતો હતો. બસમાં બેઠેલા મોટાભાગના પેસેંજર હવે જાગી ગયા હતા. મહેન્દ્રભાઈની આગળની સીટમાં બેઠેલો યુવક હજુ પણ ઊંઘતો હતો.

'સવારે કોઈ મોડે સુધી ઊંઘે તે વાસંતીને નહોતું ગમતું. સુમિત સાથે તેને રોજ બોલાચાલી થતી. સુમિત રોજ સવારે સાડાઆઠ સુધી ઘોર્યા કરતો. સુમિતને ઊંઘતો જોઈને તેનું મગજ છટકતું.'

'સુમિત...ઓ સુમિત...ચાલ ઊભો થા, જો સૂરજ કેટલો ચઢી ગયો છે.' કહેતાં તે ચોરસો ખેંચી લેતી.

'મમ્મી...આ શું કરે છે? ઊંઘવા દેને...!' સુમિત ચોરસો ઓઢીને પાછો સૂઈ જતો.

'અત્યાર સુધી કોઈ ઊંઘતું હશે? સાવ આળસુ છે. રાત્રે વહેલો ઊંઘતો હોય તો? પણ ના...મારું કહેવું તો માનતો હશે? મોડે સુધી ભાઈબંધો સાથે રખડતો ના હોય તો' વાસંતીની કચકચ સુમિતની ઊંઘ ઉડાડી દેતી.

'સવારના પહોરમાં તને બીજું કોઈ મળતું નથી?' ચિડાઈને તે બાથરૂમમાં ઘૂસી જતો.

જોકે એ જ સુમિત પરણ્યા પછી સાત વાગે ઊઠતો થઈ ગયો હતો. વિદ્યાના હુકમનો અનાદર કરવો તેને પોષાય તેમ ન હતો. એકવાર વાસંતીએ દયા ખાઈને વિદ્યાને કહ્યું પણ ખરું.

'છોને ઊંઘતો, થોડો મોડો ઊઠશે તો શો વાંધો છે?'

'મમ્મી... તમે જ તેની આદતો બગાડી છે. મને એવા લાડ લડાવવા ના પોષાય. મારે કેટલીવાર ચા બનાવવાની?' વિદ્યાનો જવાબ સાંભળીને વાસંતી ભોંઠી પડી ગઈ હતી. તે સમયે સુમિત એક અક્ષર પણ બોલ્યો ન હતો.

ધીરે ધીરે વાસંતીએ ઘરમાં રસ લેવાનું અને ઘરમાં રહેવાનું ઓછું કરી નાખ્યું હતું. વાસંતીએ જીદ કરીને કાશ્મીર જવા મહેન્દ્રભાઈને તૈયાર કર્યા હતા. તેમની સાથે તેમના બે મિત્રો, તેમની પત્નીઓ સાથે કાશ્મીર આવવા તૈયાર થઈ ગયાં હતાં. તેઓ જમ્મુ સુધી ટ્રેનમાં અને ત્યાંથી લક્ઝરી કોચમાં કાશ્મીર પહોંચ્યાં હતાં. વાસંતીની આંખો કાશ્મીરની બરફીલી પહાડીઓ ઉપરથી ખસતી જ નહોતી. તેના આગ્રહથી જ હોટલમાં રૂમ રાખવાને બદલે, તેઓ જેલમ નદીના કિનારે તરતી હાઉસબોટમાં રોકાયાં હતાં.

શિકારામાં બેસીને દાલલેકમાં ફરવા નીકળ્યાં ત્યારે વાસંતી જાણે સ્વર્ગમાં પહોંચી ગઈ હતી. બીજી હોડીઓવાળા જાતજાતની વસ્તુઓ વેચવા આવતા હતા. વાસંતીએ સુમિત, વિદ્યા, જાગૃતિ અને જમાઈ માટે શોલ ને સ્વેટર ખરીદ્યાં. એક હોડીવાળા પાસેથી તો કુલ્ફી પણ ખાધી. કાશ્મીરના એક ફોટોગ્રાફર પાસે કાશ્મીરી

ડ્રેસ પહેરીને ફોટા પણ પડાવ્યા. વાસંતીના આગ્રહથી જ તેમણે પહેલગામ જવા માટે ત્યાંની સ્ટેટ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કર્યો. વાસંતી કહેતી કે લોકલ બસમાં કાશ્મીરીઓ સાથે મુસાફરી કરવાનો લહાવો લેવો જોઈએ.

પહેલગામમાં ઘોડેસવારી કરતી વખતે તો તેણે જીન્સ અને ટી-શર્ટ પહેર્યું હતું. તે દિવસે મારા મિત્ર મિલને હસતાં હસતાં કહેલું.

'ભાભી તમને તો આ ઉંમરે જબરા શોખ થાય છે?'

'શોખ કરવા માટે ઉંમર થોડી જોવાય? ઉંમર તો શરીરની વધી છે, મારી નહીં.' વાસંતીએ પણ હસતાં હસતાં જવાબ આપી દીધેલો.

કાશ્મીર ફરીને તેઓ દસ દિવસે પાછાં આવ્યાં. મહેન્દ્રભાઈએ વાસંતીને પૂછ્યું હતું.

'કાશ્મીર ફરવાની મઝા આવીને?'

'હા... બહુ મઝા આવી, આખું કાશ્મીર આંખોમાં આંજી દીધું, હવે દરિયો ડહોળવો છે, ને જંગલો ખૂંદવાં છે. ક્યારે લઈ જાઓ છો? એમ કરીએ આવતા મહિને ગોવાની એક ટ્રીપ મારી આવીએ.'

'એટલું જલદી? હજી કાશ્મીરનો થાક તો ઉતારવા દે?'

'શેનો થાક...? ફરવામાં તો વળી થાક લાગતો હશે? આ બધું ફર્યા પછી, મારે તો કોઈ જંગલના અંતરિયાળ ગામડે, છેલ્લી જિંદગી વિતાવવી છે.'

'બહુ ઊડીશ નહીં, આપણું ઘર છોડીને બીજે શું કામ જવું પડે?'

'શાંતિ માટે, બધી મોહ-માયાથી દૂર. જ્યાં તમે અને હું હોઈએ. મને તો જંગલમાં નદીકિનારે ઝૂંપડું બાંધીને રહેવું ગમે.' તેની આંખોમાં નિર્દોષ સપનું તગતગતું હતું. વાસંતીને પોતાની રીતે જિંદગી જીવવી હતી.

પણ વાસંતીનું એ સપનું પૂરું ન થઈ શક્યું. સદાય હસતી રહેતી વાસંતીના દિલમાં આટલી બધી વેદના ભરી હશે તે તો હું પણ ન જાણી શક્યો. વિદ્યાની રોજની કચકચ વાસંતીના દિલ ઉપર ઝીણાઝીણા ઘા કરતી હતી. એક દિવસ એ બધા ઘાએ ભેગા મળીને હુમલો કર્યો અને...!

'આખા ઘરને અજવાળતો એ દીવો અંધારનો સાથી બની ગયો.'

* * *

'ઉંબરપાડાના પેસેંજર આગળ આવી જજો...' કંડક્ટરની બૂમથી મહેન્દ્રભાઈ વિચાર તંદ્રામાંથી જાગ્યા.

તેમણે બારીમાંથી બહાર જોયું. દૂર સાપુતારાના પર્વતો દેખાતા હતા. રોડની આસપાસ લીલાંછમ ઝાડવાં લાઈનબંધ ઊભાં હતાં. રોડની નીચેની તરફ ઢોળાવ હતો. તેની પેલે પાર નદીનો પટ દેખાતો હતો.

'બસ આ જગા બરાબર છે.' વિચારતાં મહેન્દ્રભાઈ ઊભા થયા. ઉપરથી કપડાંની બેગ ઉતારીને ખભે

ભરાવી. થોડીવારે બસ રોડની સાઇડે ઊભી રહી. બસમાંથી ઊતરનારા બે જણ હતા. મહેન્દ્રભાઈ અને એક યુવાન. મહેન્દ્રભાઈએ ટિકિટ તો છેક સાપુતારા સુધીની લીધી હતી પણ તેમને આ સ્થળ ગમી ગયું હતું. પેલો યુવાન તો રોડની નીચે જતી કેડી ઊતરીને આગળ ચાલવા લાગ્યો. મહેન્દ્રભાઈએ 'ઉંબરપાડા' લખેલા કાળા પાટિયા ઉપર નજર કરી અને પેલા યુવાનની પાછળ ચાલવા લાગ્યા.

ઢોળાવ ઉપરથી નીચે જતી કેડી થોડે દૂર જઈને ઝાડવાં વચ્ચે છુપાઈ જતી હતી. પેલો યુવાન ઝડપથી નીચે ઊતરતો હતો. થોડીવારમાં તો તે દેખાતો બંધ થઈ ગયો. મહેન્દ્રભાઈની ધીમી ચાલ કરતાં તેમના વિચારો આગળ નીકળી જતા હતા.

'બસ, આ નદી કિનારે જ ગામ હોવું જોઈએ. કંડક્ટરે શું નામ કહ્યું હતું? હા, ઉંબરપાડા..કુદરતના ખોળે વસેલું આ અંતરિયાળ ગામ બહુ મોટું તો નહીં હોય. વાસંતીને આવી જગાએ રહેવાનું બહુ ગમે. તેની ઇચ્છા આવા જ કોઈ નાના ગામડામાં રહીને, ગામનાં છોકરાંઓને ભણાવવાની હતી.' વાસંતીને યાદ કરતાં તેમનાથી નિસાસો નંખાઈ ગયો.

'હું તારી જ ઇચ્છા પૂરી કરવા માટે નીકળ્યો છું વાસંતી.' ઊભા રહીને તેમણે ડાબી બાજુ જોઈને કહ્યું. વાસંતી તેમની સામે જોઈને મરક મરક હસી રહી હતી.

આગળ જવા તેમણે પગ ઉપાડ્યો પણ તેમનો પગ એક ખરબચડા પથ્થર પર પડ્યો. તે સાથે જ તેમણે બેલેન્સ ખોયું અને નીચે પટકાયા. રસ્તો ઢાળવાળો હોવાથી તેઓ ગબડ્યા. એક પથ્થર સાથે માથું અથડાયું, તમ્મર આવી ગયા અને આંખે અંધારું છવાઈ ગયું.

પક્ષીઓનો ચહેકવાનો અવાજ કાનમાં પડઘાયો. ઠંડા પવનની લહેરખીએ ગાલ થપથપાવ્યા. મહેન્દ્રભાઈએ આંખો ખોલી.

'ડવર...(દાદા)!' તેના ચહેરા પર ઝળુંબી રહેલા એક નાના છોકરાનો અવાજ સંભળાયો. તેની પાછળ બે છોકરીઓ અને એક છોકરો ઊભાં હતાં.

'ડવર...(દાદા) કંઈ જવું સે...?' એક છોકરીએ આગળ આવીને પૂછ્યું.

'ગામમાં...' કહેતાં મહેન્દ્રભાઈ કપડાં ખંખેરીને ધીરેથી ઊભા થયા. બેઠોમાર વાગવાથી હજુ પણ શરીર દુખતું હતું. થોડેક દૂરથી સંભળાતા નદીના કલ કલ અવાજથી મહેન્દ્રભાઈ તેમનું દુઃખ વિસરી ગયા. બાળકોના ચહેરા પરનું વિસ્મય જોઈને તેમના ચહેરા પર હાસ્ય આવ્યું. વાસંતી પણ બાળકોની પાછળ ઊભી ઊભી મલકાતી હતી.

'સલો ડવર... (દાદા)' એક છોકરાએ તેમનો હાથ ખેંચતાં કહ્યું.

ચાલવાનો ઇશારો કરતાં વાસંતી આગળ ચાલવા લાગી. મહેન્દ્રભાઈએ તેની પાછળ પગ ઉપાડ્યા.

❑❑❑



જ્ઞાની શ્રી ધીરજરામ શાસ્ત્રીજી અને વિજ્ઞાની ડૉ. પંકજ જોશી, ૧૯૭૧

જ્ઞાની અને વિજ્ઞાની

એક વૈશ્વિક સંવાદ

☐ ડૉ. પંકજ જોશી

૨૧. વૈરાગ્ય-વિશેષ :

આપણે આગળની વાતમાં વૈરાગ્ય વિશે કંઈક વિચાર કર્યો. હવે અહીં પ્રશ્ન એ થાય છે કે આવા વૈરાગ્યની તો વળી જરૂર શું છે? શું આ જીવન પરત્વેનો એક નકારાત્મક અભિગમ નથી? જગત તો ચીજવસ્તુઓથી, ઘટનાઓથી અને પદાર્થોથી ભરપૂર છે. એમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં ગમો અને અણગમો અથવા ઇચ્છા અને અનિચ્છા તો થવાનાં જ. આ તો વળી સ્વાભાવિક ઘટના છે, તો એને રોકવાની અથવા તો એમાંથી બહાર આવવાની આવશ્યકતા જ શા માટે? ઇચ્છા અને અનિચ્છા પર તો આખું જગત ચાલે છે. જો એ સારા માટે ન હોય, આપણા માટે ફાયદામાં ન હોય તો પછી એ થાય છે જ શા માટે?

આ વિશે વાત થતાં મેં કંઈક

આવા પ્રશ્નો કર્યા હતા. પ્રતિભાવમાં શાસ્ત્રીજીએ આ બધી ઘટનાને 'ચલ' તથા 'અચલ'ના તેમના પ્રિય વિષય સાથે જોડી દીધી! તેઓ સમજાવવા લાગ્યા કે વિશ્વમાં, જગતમાં, બ્રહ્માંડમાં બે પ્રકારનાં તત્ત્વો અસ્તિત્વ ધરાવે છે, જે છે ચલ અને અચલ. જે ચલ છે એ તો સતત રીતે પરિવર્તનશીલ છે, એનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર, અવસ્થાન્તર સતત થયા જ કરે છે. આથી જ એને 'અનિત્ય' પણ કહેવાય છે. આપણાં મન-બુદ્ધિ એવાં છે કે જે કોઈ સ્વરૂપ જોઈએ, નિહાળીએ અથવા અનુભવીએ એમાં એને તરત પ્રીતિ અથવા અપ્રીતિ થઈ જાય છે. આ ઘટનાને 'આસક્તિ' અથવા 'રાગ-દ્વેષ' પણ કહેવાય છે. હવે સમય જતાં સ્વાભાવિક રીતે જ એ પદાર્થ અથવા ઘટના અથવા વસ્તુ તો સતત પરિવર્તન પામ્યા જ કરે છે, એના અણુ-પરમાણુ બદલાતા રહીને એનું સ્વરૂપ પરિવર્તન થયા જ કરે છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે આપણાં બુદ્ધિ અને મન આ વાતને સમજી કે પકડી શકતાં નથી! આપણું મન તો જૂની વસ્તુ અથવા જૂની ઘટના કે સ્વરૂપ અથવા આગળના દેખાવને જ પકડી રાખે છે. આ કારણે આપણે જે પરિવર્તન થયું એને સ્વીકારી શકતા નથી અથવા સમજી પણ શકતા નથી. દાખલા તરીકે યુવાનીમાં કોઈ રૂપનો અંબાર હોય, પણ સમય જતાં એમાં પરિવર્તન અવશ્ય આવવાનું, કારણ કે શરીર પોતે જ પરિવર્તનશીલ છે. બ્રહ્માંડની રચના જ આ પ્રમાણેની છે, પણ પછી ત્યારે પેલી આગળની વાત જે સ્મૃતિમાં અને મનમાં યાદ રહી હોય એનું સ્મરણ કરીને માણસ એ આગળની ઘટના કે સ્વરૂપમાં આસક્ત થયા કરે છે. વિશ્વની આ સહજ પરિવર્તનશીલતાને આપણાં મન અથવા બુદ્ધિ સ્વીકૃતિ આપતાં નથી. ખરેખર તો મનોવિજ્ઞાનનો જ આ નિયમ છે અથવા કહીએ કે રહસ્ય છે, જે આપણા મનની પ્રકૃતિ ઇંગિત કરે છે.

હવે વિશ્વની રચના તો એવી છે કે જે પરિવર્તન થયું એમાંથી વળી અન્ય કોઈ પરિવર્તન થશે. ભૂતકાળની એની એ જ વાત, એ જ સ્વરૂપે પાછી આવે એવી કોઈ નક્કર શક્યતા જગતમાં રહેતી નથી. બીજી રીતે કહીએ તો ફિઝિક્સ અને એન્ટ્રોપીનું વિજ્ઞાન પણ આ જ ઘટના સમજાવે છે. હવે આ વાત તો માણસને ગમતી નથી. આ પરિસ્થિતિ એનું મન સ્વીકારતું નથી! એ તો વીતેલાની ઝંખના કર્યા કરે છે અને પરિતાપ કરે છે. આ ઘટનાને જ દુઃખ કહેવાય છે.

આ રીતે જોતાં શાસ્ત્રીજીની વાતનો અર્થ એવો થાય કે જો આ 'ચલ' અને 'અચલ'નું વિજ્ઞાન, એનું તત્ત્વ, એને આપણી બુદ્ધિ જો બરાબર સમજી અને પચાવી લે તો પછી સુખ અને દુઃખ રહેતાં નથી, પરંતુ આ વાત આપણી

બુદ્ધિમાં બરાબર સ્થિર થવી જોઈએ. આવી સ્થિતિ અથવા સ્થિરતા એટલા માટે નથી આવતી, કારણ કે આપણું અંતઃકરણ અથવા બુદ્ધિ જેવાં જોઈએ એટલાં શુદ્ધ નથી. જો અંતઃકરણ શુદ્ધ અને સૂક્ષ્મ હોય તો આ સૂક્ષ્મ તત્ત્વોને એ તરત સમજી શકે. જો આ વાત સમજાતી જાય તો જ પછી આસક્તિ અથવા રાગ-દ્વેષ થવાનું બંધ થઈ દુઃખની નિવૃત્તિ થવા લાગે અને પછી અચલ તત્ત્વમાં બુદ્ધિ સ્થિર થતાં આપણી અંદર આનંદનો પણ ઉદ્‌ભવ સહજ રીતે થતો જાય.

૨૨. જીવન અને આધ્યાત્મ :

એક સવારે અમે બેઠા હતા અને વળી નિત્ય તથા અનિત્યનો પ્રિય વિષય બાપાએ છેડ્યો : "આ જગતમાં જેટલાં પણ પૈસા, મકાન કે નામના - કીર્તિ કે સત્તા વગેરે માણસ મેળવે, એનો શો અર્થ? કંઈ જ નહીં, કારણ કે એ સર્વ અનિત્ય છે. કાં તો આ પદાર્થો ભોગવનારને છોડીને ચાલ્યા જાય છે અથવા તો પોતે ભોક્તા જ વિદાય થઈ જાય છે! આમ આ સંયોગ નિત્ય નથી અને આથી જ દુઃખરૂપ છે."

આવી બધી વાતો અને ચર્ચા થતી હતી, પરંતુ એમાં ખાસ સમજવાની વાત એ છે કે બાપાની આવી કોઈ વાતમાં કદીય કોઈ પ્રકારની નકારાત્મકતા અથવા જેને આપણે આજે 'નેગેટિવિટી' કહીએ છીએ એ જરા પણ ન હતી.

તેમની વાતમાં તો કેવળ જે વસ્તુ જેમ છે એમ એને યથાર્થ સમજવાની અને સ્વીકારવાની ભલામણ જ આવતી. વૈરાગ્ય અને ધર્મ તથા અધ્યાત્મને નામે જગતથી દૂર ભાગવાની વાત તો તેમના દ્વારા કદી ન આવતી! બાહ્ય ત્યાગ, કપડાં, દેખાડો કરવો, આ બધાંને તેઓ કોઈ ખાસ મહત્ત્વ આપતા નહિ. સાચો ત્યાગ તો અંદરથી કરવાનો છે, એના ઉપર હંમેશાં તેઓ ભાર આપતા. વળી એ પણ સાચી સમજણ દ્વારા સહજ પ્રગટાવવો જોઈએ એવો સદૈવ તેઓ ભાર મૂકતા.

તેમની સાથેના અનેક પ્રસંગો દ્વારા આ વાત વારંવાર સ્પષ્ટ થયા કરતી. એકવાર અમે બેઠા હતા અને આવી બધી વાત થતી હતી ત્યાં જ શાસ્ત્રીજીના મોટા ભાઈના કુટુંબમાંથી નાનકડો ગોપાલ રમતો રમતો આવ્યો, તેની ઉંમર એ વખતે ત્રણ-ચાર વર્ષની હશે. તે રમતાં કંઈક પડી ગયો અને ઢીલો થઈ ગયો. શાસ્ત્રીજીએ તરત અંદરથી કોઈને બોલાવીને કહ્યું કે આ ગોપાલ જરા પડી ગયો છે, એને નાળિયેરનું પાણી આપી દો. આમ દરેક પ્રસંગે સઘળી અધ્યાત્મની વાત કરતા કે આચરણ કરતા, પણ વ્યવહારમાં પણ સાથે જ તેમનું સતત ધ્યાન રહેતું. કોઈ નાની વાત પણ તેમના ધ્યાન બહાર જતી નહિ! યોગ્ય પ્રસંગે યોગ્ય કાર્ય તેઓ અવશ્ય કરતા. જ્યારે તે બાળક પડી

ગયો ત્યારે તેઓ એમ ના બોલ્યા કે પરવા ન કરવી, શરીર તો નાશવંત છે અથવા પડ્યા કે ન પડ્યા અને વાગ્યું કે ન વાગ્યું એમાં શો ફરક પડે છે, આપણે તો વૈરાગ્ય દેખાડો!

આ બધા પ્રસંગોમાંથી મૂળ વાત એ ફલિત થાય છે કે પૂરેપૂરી સમજણ અને જ્ઞાન આપણા મનમાં અને અંતઃકરણમાં આપણે અવશ્ય વિકસાવવાનાં છે, પરંતુ આ સાથે જ ક્ષણે ક્ષણે, જે જગતમાં, જે વ્યવહારમાં અને જે લોકોની વચ્ચે દુનિયામાં આપણે રહ્યા છીએ એમાં આપણો વ્યવહાર તથા કર્તવ્યકર્મ પણ હંમેશાં યોગ્ય રીતે જ કર્યે જવાનાં છે. ખરેખર તો બાપા હંમેશાં કહેતા કે વ્યવહાર અને પરમાર્થ બંનેના સાધક બનો. વ્યવહારને, પોતાના કર્તવ્યકર્મને, વૈરાગ્ય અને એવી બધી 'આધ્યાત્મિક' વાતોને નામે અવગણવાની વાત તેઓ કદી પણ ન કરતા. હંમેશાં યોગ્ય સંતુલન કરવાની વાત તેઓ કરતા અને એનું આચરણ તેમના જીવનમાં સતત જોવા મળતું. આ વ્યવહાર તથા પરમાર્થના યોગની વાત અન્ય પ્રસંગે કરીશું.

રાજુલા સિટીમાં ગામનું હૃદય, એટલે કે જે મોટી બજાર કહેવાતી એમાં બાપાનું ઘર 'શારદાશ્રમ' આવેલું હતું. તેમનું ડેલીબંધ ઘર હતું. ડેલી ખોલીને અંદર પ્રવેશ કરીએ એટલે ચાલીને દૂર સામેની બાજુએ રહેવાના ઓરડા, રસોડું વગેરે આવતાં. પ્રવેશ કરીએ એટલે તરત એક નાની ઓશરી આવે અને એમાં બેસવા માટે એક મોટી આરામખુરશી રાખેલી, જેનો તેઓ ઉપયોગ કરતા. અન્ય એક-બે ખુરશીઓ પણ રાખેલી અને પુસ્તકોનો એક મોટો કબાટ હતો. હું રાજુલા જાઉં ત્યારે અમે ઘણીવાર ત્યાં બેસતા, જેથી અંદરનું ઘર અને રસોડામાં ચાલતા વ્યવહારથી જરા દૂર થઈને શાંતિથી બધી વાતચીત થઈ શકે.

એકવાર અમે આ રીતે બેઠા હતા અને અંદરથી રમતાં રમતાં કોઈ બાળક આવ્યું અને પેલી બહાર જવાની ડેલી તરફ, પ્રવેશદ્વાર તરફ જવા લાગ્યું. તરત શાસ્ત્રીજીએ તેના તરફ ધ્યાન આપીને, અમારી વાત વચ્ચે જ અટકાવીને કહ્યું કે, ''અરે ભાઈ, આ બાજુ આવો. તમારે હજી ત્યાં એકલા ન જવાય, ગજા પ્રમાણે જ ગતિ કરવી જોઈએ!'' આ રીતે અધ્યાત્મની જેટલી વાતો તેઓ કરતા એટલું જ અને કોઈ વાર તો એનાથી વિશેષ આપણને જણાય એવું સૂક્ષ્મ ધ્યાન તેઓ વ્યવહારની દરેક બાબતમાં પણ આપતા. જોવાની વાત એ હતી કે તેમની વ્યવહારની દરેક બાબતમાં પણ મૂળ દૃષ્ટિ તો અધ્યાત્મની જ રહેતી. આમ તેમનું કોરું અથવા વિભક્ત અધ્યાત્મ ન હતું, પણ એ તો જીવનની દરેક વાત, ઘટનાથી રસાયેલું અધ્યાત્મ હતું. આવી આંતરદૃષ્ટિ હતી. રોજબરોજના જીવનના પ્રસંગોમાં વણાયેલું આવું અધ્યાત્મ બાપાની દરેક

વાતમાં તથા તેમના જીવનના દરેક કાર્યમાં જોવા મળતું.

૨૩. નિજ છંદન કો છોડ :

આ સર્વ પ્રસંગોમાં વળી એક દિવસે બપોરે મેં તેમને પૂછ્યું, ''બાપુજી, સાધકનો સૌથી મોટો શત્રુ કોણ?'' તેમણે કહ્યું, ''સાધક એટલે કોણ? નિત્ય તરફની જેને ગતિ કરવી છે તે સાધક, તો તેનો મોટામાં મોટો શત્રુ એ અનિત્ય, બીજું કોણ? ચાલ લાવ, પેલાં પદો જોઈએ.''

પછી તેમની એક નાની પુસ્તિકા એ વખતે છપાવાની હતી, એમાંથી એક-બે ઘણાં સુંદર પદો તેમણે વંચાવ્યાં. આમ તો શાસ્ત્રીજી સંસ્કૃતના મહાવિદ્વાન, પરંતુ ઘણીવાર તેઓ ગુજરાતીમાં કવિતા પણ રચતા. આ કાવ્ય અથવા પદ-ભજનમાં વર્ણન એવું છે કે અનિત્યનો તો સદાયે વિયોગ થયા કરે છે, પરંતુ તેમ છતાંયે મનુષ્ય પોતાનો માર્ગ તથા વિચારપદ્ધતિ બદલતો નથી! આ અજ્ઞાનનો છેદ કરવો એ જ મુખ્ય કાર્ય છે એમ તેમણે સમજાવ્યું.

તેમના આવા એક પદની પંક્તિ કહે છે : 'મરણશરણ જન ભાળતો, તોયે ન ચેતી લગાર, નિજ કર્મ ન તું બદલાવતો, ગ્રહી ગર્વનો ભાર.' વળી આગળ કહે છે : 'જડ જો જરા વિચારી, જગે ન બીજી બારી.' એમાં મૂળ સમજવાની વાત એ છે કે જગતની જે વાસ્તવિકતા છે એને આપણું મન અથવા અંતઃકરણ અથવા બુદ્ધિ, એ યોગ્ય અને વાસ્તવિક રીતે સમજી શકતાં નથી. આ વાતને જ આપણે ત્યાં બીજા શબ્દોમાં 'અજ્ઞાન' કહેવાયું છે. એમાં બાપાએ ખાસ વાતનું રહસ્ય એ જ કહ્યું છે કે : 'દુઃખ માત્રનું કારણ એ અજ્ઞાન છે.'

દાખલો લઈને આ વાત સમજીએ. જુઓ, દેહ અને એની અવસ્થાઓનું પરિવર્તન એ તો સતત બનતી ઘટના છે, પણ વાત એ છે કે આપણી બુદ્ધિ જડ અથવા સ્થૂળ હોવાને કારણે અથવા તો જેને 'ગર્વ' કહીએ છીએ કે 'હું જ સાચો છું, મારી સમજણ જ સાચી છે', એમાં આપણે રહ્યા કરીએ છીએ. એનાથી આપણું અંતઃકરણ ભરપૂર હોવાને કારણે આપણે સાચી વાસ્તવિકતા સ્વીકારી શકતા નથી. જેને ગર્વ કહેવાય છે એ ખરેખર શું છે? એ તો એટલી જ વાત છે કે આપણે આપણા મનમાં જે એક માન્યતા બનાવી લીધી છે એને આપણે ગમે એટલા યોગ્ય પુરાવા મળે છતાં બદલવા તૈયાર નથી. આ જ 'જડતા' છે. સઘળા મોટા અથવા નાના પ્રશ્નો આવી જડતામાંથી જ ઊભા થાય છે. બીજી બાજુ, મન અને બુદ્ધિને, આપણા અંતઃકરણને જો લચીલું બનાવી દઈએ, વાસ્તવિકતા જે હોય એને જેમ આવતી જાય એમ સ્વીકારતા જઈએ તો પછી પ્રશ્નો ઊભા થતા નથી અથવા તો ઘણા ઓછા પ્રશ્નો ઊભા થાય છે.

બીજી રીતે જોઈએ તો શ્રીમદ્ રાજચંદ્ર પણ આ જ વાત તેમના એક

કવિતમાં સહેજ જુદી રીતે મૂકે છે. તેઓ કહે છે, 'પાયા કી યહ બાત હૈ, નિજ છંદન કો છોડ.' તેમના કહેવા પ્રમાણે, પોતાનો 'છંદ' છોડવો એ પ્રગતિનું પ્રથમ સોપાન છે. વળી આગળ તેઓ કહે છે, 'પીછે લાગ સત્પુરુષ કે તો સબ બંધન તોડ.' આમ તેઓ 'સત્પુરુષ'ની આરાધના કરવાનું પણ કહે છે.


આમ મૂળ વાત એ છે કે પોતાનો 'છંદ' અથવા તો પોતાનો આગ્રહ અથવા ગર્વ એક બાજુએ મૂકવાનો છે. આવું એટલા માટે કરવાનું છે કે પોતાની મર્યાદા અથવા પોતાની બુદ્ધિની એક જે ખામી છે એ આપણે સ્વીકારવી પડે. આપણી અધૂરપ કે અપૂરતી સમજણ, એને આપણે માનવી-સમજવી પડે. એ સ્વીકાર્યા પછી એ પણ સ્વીકારવું પડે કે આપણા કરતાં વધારે ડાહ્યા માણસો, આપણા કરતાં વધારે સમજુ લોકો પણ આ જગતમાં રહેલા છે. પછી તેમની જે વાત હોય એ, આપણો 'છંદ' છોડીને સ્વીકારવી પડે. જો આ કરીએ તો અવશ્ય આગળ જવાય. કલ્યાણ થવામાં જરાય વાર લાગે નહીં. આ જ વાત ગ્રીક તત્ત્વજ્ઞાની સૉક્રેટિસે ઘણી સુંદર રીતે અન્ય શબ્દોમાં કહી છે. તેણે એવું કહ્યું કે હું એક વાત જરૂર જાણું છું કે હું બહુ ઓછું જાણું છું. એક વાર જો આ વિનમ્રતા આવી જાય તો જીવનના વિકાસનો પાયો ખૂલી જાય છે.


વળી એક વાર શાસ્ત્રીજી ભાવનગર આવ્યા અને આ વિષય સહજ રીતે નીકળેલો, ત્યારે આ સઘળું સમજાવીને બાપાએ વૈરાગ્ય વિશે એક અદ્ભુત વિધાન કર્યું : ''અનિત્ય વસ્તુમાંથી પ્રીતિનો લોપ થવો એનું નામ જ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે બીજું કશું નહીં, નિત્ય પદાર્થમાંથી પ્રીતિ ક્યાં છોડીએ છીએ? અને જેમ અંતઃકરણ શુદ્ધ-સૂક્ષ્મ થતું જાય એમ અનિત્ય પદાર્થો અનિત્ય સ્વરૂપે જણાતા જાય, ત્યારે એમાં પ્રીતિ રહે નહીં, એમાં વ્યર્થ મોહનો લોપ થતો જાય. સાચો આનંદ મળવાનો પણ ત્યારે જ આરંભ થતો જાય.''

આવી વાત થતાં મેં તેમને સહજ કહ્યું, ''વાસ્તવમાં જ આ સઘળું અદ્ભુત છે!'' ત્યારે તેઓ કહેવા લાગ્યા, ''જે તત્ત્વ છે એ રમણીય છે. એની ચર્ચા પણ રમણીય છે. એ સૌંદર્ય સત્યથી પરિપૂર્ણ છે.''

[ક્રમશઃ]

જીવનમાં એક એવી અવસ્થા આવે છે જ્યારે માણસને પોતાના વિચારો જાહેર કરવાની જરૂર નથી રહેતી તો પછી બાહ્ય કાર્ય દ્વારા તે દર્શાવવાની તો વાત જ ક્યાં રહી? કેવળ વિચારો જ કાર્ય કરે છે. વિચારોને એ શક્તિ પ્રાપ્ત થાય છે. એવા માણસને માટે ત્યારે કહી શકાય કે, એનું બાહ્ય દૃષ્ટિથી દેખાતું અકર્મ એ જ તેનું કર્મ છે... એ સ્થિતિ પ્રાપ્ત કરવાને હું મથી રહ્યો છું. **-ગાંધીજી**





આદત સે મજબૂત

☐ પ્રણવ સવાઈ

દરેક મનુષ્ય એકંદરે કોઈ ને કોઈ આદત ધરાવતો હોય છે. આજે એવાં બે પુસ્તકોની વાત કરવી છે જે કદાચ આદતથી મજબૂર થવાને બદલે મજબૂત થવામાં મદદદરૂપ થાય. પહેલું પુસ્તક Charles Duhiggનું 'The Power of Habit' અને બીજું James Clearનું 'Atomic Habits'. The Power of Habit - આદતની માનસિક અસર સમજાવે છે, જ્યારે Atomic Habits - કેવી રીતે સારી આદત વિકસાવવી અને ખરાબ આદતથી છૂટવું એ વિગતવાર સમજાવે છે.

આદતની માનસિક અસર સમજવા માટે 1990માં MITમાં એક પ્રયોગ કરવામાં આવ્યો. એમાં એક ઉંદરની માનસિક પ્રક્રિયા જાણવા માટે એના મગજ સાથે વિવિધ તાર જોડવામાં આવ્યા અને એને એક 'T' આકારના પાંજરામાં મૂકવામાં આવ્યો. પાંજરાની રચના એવી હતી કે શરૂઆતમાં ઉંદર પાંજરામાં એક આડશની પાછળ હોય અને જ્યારે એ આડશ ખસી જાય એટલે ઉંદરને આગળ જવાની જગ્યા મળે. આગળ જતાં એ 'T'ના માથાના ભાગમાં પહોંચે ત્યારે ડાબી બાજુ એક ચૉકલેટ મૂકેલી હતી અને જમણી બાજુ ખાલી હતી. જ્યારે પ્રયોગની શરૂઆત કરવામાં આવી અને જેવી આડશ ખસી કે ઉંદરે આગળ વધવાનું શરૂ કર્યું અને સૂંઘતાં સૂંઘતાં,

દીવાલ ખોતરતાં એ જ્યારે 'T'ના માથા સુધી પહોંચ્યો તો થોડીવાર જમણી બાજુ આગળ વધ્યો અને જેવી ચૉકલેટની સુગંધ આવતી બંધ થઈ તો ડાબી બાજુ વળી ને ચૉકલેટ સુધી પહોંચી ગયો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન વૈજ્ઞાનિકોએ નોંધ્યું કે ઉંદરનું મગજ ખૂબ સક્રિય હતું અને જેમ જેમ ઉંદર આગળ વધતો ગયો એમ એમ એ સક્રિયતા વધતી ગઈ, કેમ કે ઉંદરનું મગજ નવી નવી આવતી માહિતીનું વિશ્લેષણ કરવામાં સતત રોકાયેલું હતું. આ જ પ્રયોગ વૈજ્ઞાનિકોએ ખૂબ બધી વાર એ જ ઉંદર પર કર્યો અને વખત જતાં જોયું કે આડશ ખસ્યા પછી ઉંદર ગણતરીની મિનિટોમાં જ ચૉકલેટ સુધી પહોંચવા માંડ્યો અને એનું મગજ પણ પહેલાંની સરખામણીમાં નહિવત્ સક્રિય હતું અને એનું કારણ એ હતું કે આટલી બધી વાર આ જ પ્રક્રિયા કરવાથી એ ખ્યાલ આવી ગયો હતો કે આગળ જઈ ડાબી બાજુ જવાથી ચૉકલેટ મળશે અને મગજને પણ કોઈ નવી માહિતી ના મળવાને કારણે લગભગ નિષ્ક્રિય હતું.

ઉપરના પ્રયોગ પરથી એ સમજાય કે એક જ વસ્તુ જો વારંવાર કરીએ તો એની આદત પડી જાય છે. બીજું, જે વધારે અગત્યનું છે એ કે કોઈ વસ્તુ જો 'આદતવશ' થાય તો એ ખૂબ ઝડપથી થાય અને એમાં મગજ બહુ રોકાયેલું હોતું નથી. ઘણીવાર આપણે વાંચીએ છીએ કે ઘણા રમતવીર પોતાની રમત સુધારવા માટે સતત કોઈક શૉટ કે કિકની પ્રૅક્ટિસ કર્યા જ કરે છે. એક વાર એ આદત બની જાય પછી જ્યારે એ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય તો તેમને વિચારવું પડતું નથી કે કેમ રમવું, પણ આદતવશ એ પ્રકારની રમત રમે છે. દાખલા તરીકે, રોહિત શર્માને પુલ શૉટ રમવામાં તકલીફ હતી તો તેણે એ શૉટની ખૂબ પ્રૅક્ટિસ કરી અને હવે જ્યારે ડાબી બાજુ તરફનો બાઉન્સર આવે ત્યારે જો એ વિચારવા જાય કે કેવી રીતે પુલ કરું તો આઉટ થઈ જાય, પણ જો એ આદતવશ રમે તો એ શૉટ સ્વાભાવિક રીતે જ આવે.

'The Power of Habit' પુસ્તકમાં આદતની પ્રક્રિયા ત્રણ તબક્કામાં વર્ગીકૃત કરી છે. 1 - Cue (સંકેત) , 2 - Routine (નિયતક્રમ), 3 - Reward (પુરસ્કાર). દાખલા તરીકે, ખૂબ ગળ્યું ખાવાની આદત હોય તેવા માટે જેવું કંઈક ગળ્યું જુએ એ એક સંકેત (સ્ટેપ-1) બને, એ વસ્તુ ખાવી કે ખરીદવી એ નિયતક્રમ (સ્ટેપ-2) બને, અને ખાધા પછી જે લાગણી અનુભવે એ પુરસ્કાર (સ્ટેપ-3). આ જ વસ્તુ ધૂમ્રપાન કરનાર વિશે જોઈએ તો તણાવ કે એ પ્રકારના મિત્રોની સોબત, પાનનો ગલ્લો (સ્ટેપ-1), ધૂમ્રપાન કરવું (સ્ટેપ-2) અને પછી જે અનુભવે (સ્ટેપ-3).

હવે 'Atomic Habits'ની વાત કરું તો લેખકે 'The power of Habits'નો આધાર લઈને પોતાની વાત આગળ વધારી છે. લેખકના મત પ્રમાણે કોઈ

આદત વિકસાવવા માટે કોઈક ચોક્કસ Goal (ધ્યેય) પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે process (પદ્ધતિ) પર ધ્યાન આપવાની વાત કરી છે. દાખલા તરીકે, તમારો રૂમ ગંદો છે અને તમે એ ધ્યેય નક્કી કરો છો કે રૂમને સાફ કરી દઈશ અને તમે જો એના પર તમારું ધ્યાન આપશો તો કદાચ રૂમ ચોખ્ખો પણ થઈ જશે, પણ જો રૂમને ગંદો રાખવાની/કરવાની પદ્ધતિ (પ્રોસેસ) નહીં બદલાય તો થોડા વખતમાં પાછો રૂમ હતો એવો ને એવો થઈ જશે. Fix the inputs and outputs will fix themselves.

ઘણીવાર એવું થાય કે કોઈ સારી આદત પાડવાની આપણે શરૂઆત કરીએ, દાખલા તરીકે, તંદુરસ્ત રહેવા રોજ સવારે ચાલવું પણ થાય છે એવું કે એકાદ અઠવાડિયું રોજ ચાલ્યા પછી લાગે કે કોઈ ફેર પડતો નથી તો બંધ કરી દઈએ. આની પાછળનું કારણ એ છે કે હજુ આપણે એ સ્થિતિ પર પહોંચ્યા નથી કે જ્યાં ફેરફાર દેખાવાની શરૂઆત થાય. જેમ કે રૂમમાં બરફનો ગાંગડો હોય અને રૂમનું તાપમાન શૂન્ય કે શૂન્યથી ઓછું હોય ત્યાં સુધી બરફની સ્થિતિમાં કોઈ ફેર પડતો નથી, પણ જેવું તાપમાન શૂન્યથી થોડું વધે કે બરફના પીગળવાની શરૂઆત થઈ જાય છે. સારી આદત માટે પણ આવું જ છે, માત્ર આપણે થોડા લાંબા સમય સુધી સતત પ્રયાસ ચાલુ રાખવો પડે. આ પ્રયાસ વ્યર્થ નથી જતો, પણ એનો સંચય થાય છે અને જેવા એ સ્થિતિ પર પહોંચીએ કે ફેરફાર દેખાવા માંડે છે.

સારી આદત વિકસાવવા માટે લેખકે ચાર સૂચન કર્યાં છે.

1. Make it obvious (સ્પષ્ટ)
2. Make it attractive (આકર્ષક)
3. Make it easy (સહેલું)
4. Make it satisfying (સંતોષકારક)

દાખલા તરીકે, જો રોજ વાંચવાની આદત પાડવી હોય તો :

સ્પષ્ટ - ક્યાં, કેટલા વાગ્યે અને શું વાંચશો.

આકર્ષક - વાંચવાની જગ્યા, વાતાવરણ આકર્ષક હોય જેથી રોજ મન થાય.

સહેલું - જે પુસ્તક/મૅગેઝિન વાંચતા હો એ સહેલાઈથી સમજાય અને મળે એવું હોય. શરૂઆત એક ફકરાથી અથવા એક પાનાથી પણ કરી શકાય.

સંતોષકારક - પુસ્તક/મૅગેઝિન પૂરું વંચાશે તો ભાવતો ice-cream ખાઈશ.

આદત બદલવા માટે સૌથી મોટો પડકાર, આપણે જે કંઈ કરીએ એની તરફ જાગૃતિનો અભાવ છે, કારણ કે મોટાભાગનું યાંત્રિક રીતે થતું હોય છે. જાપાનની રેલવેમાં જ્યારે ડ્રાઇવર ટ્રેન ચલાવતો હોય છે ત્યારે એક ખાસ પદ્ધતિને અનુસરે છે, જેને Pointing and Calling (નિર્દેશ અને બોલવું) કહે છે. જ્યારે ટ્રેન સિગ્નલ પાસે પહોંચે ત્યારે ડ્રાઇવર સિગ્નલ તરફ નિર્દેશ કરે અને કહે સિગ્નલ લીલું છે. જ્યારે ટ્રેન સ્ટેશન પર

પહોંચે કે સ્ટેશનથી બહાર નીકળે ત્યારે સ્પીડોમીટર પર નિર્દેશ કરીને મોટેથી ગતિ કેટલી છે એ બોલે. જે કર્મચારીઓ પ્લૅટફૉર્મ પર કામ કરતા હોય તે લોકો પણ ટ્રેન ઊપડવાના સમયે પ્લૅટફૉર્મની કિનારી તરફ આંગળી કરીને મોટેથી કહે કે 'All clear'. ટૂંકમાં દરેક વિગત ઓળખાય, નિર્દેશ થાય અને બોલાય. આ પદ્ધતિને લીધે કોઈ પણ વસ્તુ યંત્રવત્ થવાને બદલે જાગૃતિપૂર્વક થાય અને અકસ્માતોની સંખ્યા ખૂબ ઘટાડી શકાઈ.

આ જ વસ્તુ આપણે આપણી આદતો પર લાગુ પાડી શકીએ. સૌથી પહેલા આદતોનું એક લિસ્ટ બનાવો અને એક પછી એક આદત પર જઈ નક્કી કરો કે આ આદત સારી છે કે ખરાબ અને પછી એની ઉપર કામ કરવાનું શરૂ કરો.

જેમ આગળ જણાવ્યું 'The Power of Habits'માં આદતના ત્રણ તબક્કા ખરાબ આદત બદલવા માટે માત્ર Routine (નિયતક્રમ) બદલવાની જરૂર છે. જેમ કે જ્યારે તણાવ હોય ત્યારે ઘણા દારૂ પીતા હોય છે, તો ઘણા સંગીત સાંભળતા હોય છે. ખરાબ આદત બદલવા માટે લેખકે ચાર સૂચન કર્યાં છે.

1. Make it invisible (અદૃશ્ય)
2. Make it unattractive (અનાકર્ષક)
3. Make it difficult (અઘરું)
4. Make it unsatisfying (અસંતોષકારક)

દાખલા તરીકે, જો વધારે પડતો મોબાઇલ જોવાની આદત બદલવી હોય તો.

અદૃશ્ય - મોબાઇલ તમને સીધો ના દેખાય અથવા સતત નજીક ના હોય.

અનાકર્ષક - મોબાઇલના વધુ પડતા ઉપયોગથી થતા ગેરફાયદા વિશે વિચારો, ખૂબ આધુનિક મૉડલને બદલે બેસિક મૉડલ વાપરો.


અઘરું - મોબાઇલ અનલૉક કરવા માટે અઘરો પાસવર્ડ રાખો, ઍપનું એવું સેટિંગ રાખો કે અમુક સમયથી વધારે ઉપયોગ થાય તો તમને તરત જાણ થાય અથવા અમુક સમય પૂરતો જ ઉપયોગ થાય.

અસંતોષકારક - જો મર્યાદિત કરતાં વધુ ઉપયોગ થાય તો ભાવતી વસ્તુ એ દિવસે નહીં બને.

Atomic Habitsનો અર્થ છે કે સૂક્ષ્મ/અતિસૂક્ષ્મ આદતો. કોઈપણ સારી આદત વિકસાવવા માટે રોજ થોડી થોડી શરૂઆત કરી શકાય અને જો રોજની એક ટકા પણ બદલી શકીએ તો વર્ષના અંતે આપણે પાછલા વર્ષ કરતાં લગભગ 37 ગણા બદલાઈ જઈશું. ઘણી વાર એ પણ પ્રશ્ન થાય કે આદત વિકસતાં કેટલો સમય થાય? તો એનો કોઈ ચોક્કસ સમય નથી, કારણ કે 'Habits form based on frequency not time.' આ બન્ને પુસ્તકો વિશે વધારે માહિતી ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે. આશા રાખું કે આ લેખ આપ સૌને વધુ બેહતર બનવામાં મદદરૂપ થશે. We change bit by bit, day by day, habit by habit. શુભેચ્છાઓ. ❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૪૦. કેટલાક ચમત્કારો-૨

(૧)

જગ્ગો ડાકુ (તથા તેના મળતિયા)

ઇન્સ્પેક્શન દરમિયાન અનિવાર્યપણે હું સ્કૂલની લાઇબ્રેરી જોતો. જૂની અને મોટી સંસ્થાઓમાં તો ઘણો સારો પુસ્તકસંગ્રહ હોય. ગ્રંથપાલ પણ જાણકાર હોય, પુસ્તકોનું વર્ગીકરણ પદ્ધતિસર થયું હોય. ક્યારેક તો ખૂબ જૂનાં અને અલભ્ય પુસ્તકો પણ જોવા મળે.

સ્વાભાવિક રીતે એક પ્રશ્ન થાય : કબાટોમાં પુસ્તકોનું ભૌતિક અસ્તિત્વ છે એ સાચું, પણ તેમનો ઉપયોગ થાય છે ખરો અને થતો હોય તો કેટલો અને કેવો?

નિરાંતે હું ગ્રંથપાલની પાસે બેસું અને વિદ્યાર્થીઓનાં, ખાસ તો શિક્ષકોનાં ઇશ્યૂ રજિસ્ટરોનાં પાનાં ફેરવું. આ પ્રવૃત્તિ ધાર્યા કરતાં વધારે રસપ્રદ અને ફળદાયી નીવડતી.

હેરતભર્યા અનુભવો થતા.

બાયોલૉજી, સ્ટેટિસ્ટિક્સ કે અર્થશાસ્ત્રના શિક્ષકના ખાતામાં સનસનાટીભર્યાં નામો વાંચવા મળે.

અમુક ડાકુના વેરનાં વળામણાં.

ફલાણા ઠગના પીળા રૂમાલની ગાંઠ.

આવા એક કિસ્સામાં મેં શિક્ષકને રૂબરૂ બોલાવ્યા. તેમના વિષયની થોડી ચર્ચા કરી. સજ્જતા માટે પાઠ્યપુસ્તક ઉપરાંત પોતે શું શું વાંચે છે એ પૂછ્યું.

આવી ચર્ચા વખતે મોટાભાગે શિક્ષકના ચહેરા પર આત્મસંતોષનું મંદ સ્મિત રમવા લાગે. પૃચ્છા કરનાર અધિકારી પ્રત્યે સહાનુભૂતિ પણ દેખાય. કોઈ કોઈ તો કહે પણ ખરા, ‘મારે કંઈ વાંચવાની જરૂર પડતી જ નથી. બધું મોઢે છે.’

ઉપર ઉલ્લેખ કર્યો તે શિક્ષકનું ધ્યાન મેં તેમના ખાતામાં નોંધાયેલાં પુસ્તકો તરફ દોર્યું.

પ્રશંસા કરી.

''તમને વાંચનમાં રસ છે, આટલી વ્યસ્તતા (ટ્યૂશનનો ઉલ્લેખ ન કર્યો) વચ્ચે પણ સમય કાઢો છો...''

''ના, ના, સાહેબ...''

''કેમ?''

''ના રે! હું નથી વાંચતો...''

''તો?''

''એવું છે, સાહેબ કે... મારી વાઇફને રીડિંગનો શોખ છે.''

(૨)

નિરાકાર પુસ્તકાલય

કેટલીકવાર મને પુસ્તકાલયના નિરાકાર સ્વરૂપનો પણ સાક્ષાત્કાર થયેલો છે; કમ્પ્યુટરનો યુગ આવ્યો અને પુસ્તકોનું ડિજિટલાઇઝેશન થયું એ પહેલાંની આ વાત છે.

આચાર્યશ્રીની ઑફિસમાં બેઠો છું.

કહું છું, ''ચાલો, તમારી લાઇબ્રેરીમાં એક આંટો મારીએ.''

તેઓ ઊભા થવાનો કે બેઠા છે ત્યાંથી હાલવાનો પણ પ્રયત્ન કરતા નથી, ઉચ્ચ કક્ષાનું સ્મિત વેરતાં બેસી રહે છે. તેઓનું આ અચળપણું મને સમજાતું નથી; ગૂઢ લાગે છે.

મારા ઉચ્ચારો સ્પષ્ટ ન હોય અને હું શું કહેવા માગું છું એ તેઓ સમજ્યા ન હોય, કદાચ તેઓનું ધ્યાન અન્યત્ર હોય, એમ માનીને હું ફરીથી બોલું છું, 'લાઇબ્રેરી ક્યાં છે? ચાલો...'

તેઓ કહે છે, ''અહીં જ છે.''

હું ચારે તરફ ડાફરિયાં મારું છું, 'ક્યાં?'

''આ રહી.''

કોયડો : આચાર્યશ્રી જણાવે છે : લાઇબ્રેરી અહીં જ છે. મને એ દેખાતી નથી.

આનો અર્થ એ થયો કે એ કઠોર મારી સાથે છલ કરી રહ્યા છે.

બીજો, વૈકલ્પિક અર્થ એ પણ થાય કે તેમની લાઇબ્રેરીને ભૌતિક નહીં, પણ સૂક્ષ્મ સ્વરૂપ છે, જેનાં દર્શન માટે ચક્ષુ દિવ્ય હોવાં જોઈએ, જે મારી પાસે નહોતાં.

છેવટે, સારી એવી ગડમથલ પછી, એ આધ્યાત્મિક કોયડાનો ઉકેલ મળ્યો. 'છે' એવો દાવો કરનાર આચાર્યશ્રી સાવ ખોટા નહોતા. 'નથી' એવું માનનાર હું પણ આંશિક રીતે સાચો હતો.

સત્ય કહો, અર્ધસત્ય કહો કે જૂઠાણું, તે આ પ્રમાણે હતું:

સાહેબની ઑફિસમાં, મારી પીઠ પાછળ, લોખંડનું એક કબાટ હતું. ચાવીઓના ઝૂમખામાંથી, સારી એવી મથામણ તથા અનેક નિષ્ફળ પ્રયત્નોના અંતે, સાચી ચાવી શોધી એને ઉઘાડવામાં આવ્યું. કબાટમાં નાનીમોટી ફાઈલો, કાગળની થપ્પીઓ, લાલ-લીલી શાહી અને ગુંદરના બાટલા, સૂતળી, સોયદોરા, કાતર અને વૉલી બૉલ

ઉપરાંત, એક ખાનામાં થોડાં પુસ્તકો લપાઈને બેઠાં હતાં. પાસે જવાની હિંમત મારામાં નહોતી, પરંતુ છેટેથી જે થોડાં નામો વંચાયાં એ પરથી ખ્યાલ આવ્યો કે વૈવિધ્ય અપાર હતું. બકોર પટેલ, બે-ત્રણ સંતોના અક્ષરદેહ, શિક્ષણધારો, ગુલશન નંદાની કેટલીક નવલકથાઓ... છોછ નહીં હોય એથી ધૂમકેતુ, મુનશી, મેઘાણી અને પન્નાલાલ જેવાઓના પણ એક-એક પુસ્તકને સ્થાન આપવામાં આવ્યું હતું : ગુજરાતનો નાથ, ચૌલાદેવી, વેવિશાળ, વળામણાં...

અડવાં અડવાં, છોભીલાં.

ટોમસ હાર્ડીના એક કાવ્યમાં, વેરાનમાં ઊભેલાં ત્રણેક વૃક્ષો પ્રશ્ન કરે છે :

We wonder, we wonder,
Why we are here!

(૩)

બારણાં ઊઘડાવો

સ્વાતંત્ર્ય મળ્યું તે પહેલાંની, દેશી રજવાડાંના સમયની સરકારી હાઈ સ્કૂલોમાંથી મોટાભાગનાનો વહીવટ, સરકારની નીતિ પ્રમાણે, સ્થાનિક મંડળોને સોંપી દેવામાં આવ્યો હતો. શાળા માટેની જરૂરી બધી જ સુવિધાઓ જે-તે સમયે ઊભી કરવામાં આવી હોય – ભવ્ય મકાન, મોટા વર્ગખંડો, હૉલ, લૅબોરેટરી, લાઇબ્રેરી, આગળ-પાછળ ખુલ્લી જગ્યા, રમતનું મેદાન.

આવી એક સંસ્થાની મુલાકાત વખતે આચાર્યશ્રીની સાથે એક નજર નાખવા માટે નીકળ્યો. કાળનો ઘસારો ઓછોવત્તો બધે દેખાતો હતો. ક્યાંક પ્લાસ્ટરના કોપડા ઊખડી ગયા હતા. દસકાઓથી દીવાલોને રંગ નહીં થયો હોય, બધું નિસ્તેજ લાગતું હતું.

કોઈ કોઈ ઓરડા બંધ હતા એ તરફ મારું ધ્યાન ગયું. કટાઈ ગયેલું ખખડધજ તાળું; તાળાના વિકલ્પે લોખંડના કાંટાળા તારનાં ગૂંચળાં. એક બારણા આગળ હું ઊભો રહ્યો. આ રૂમ શાનો છે?'

'એ તો બંધ છે.'

'બંધ છે, એ હું જોઈ શકું છું. મારે એ જાણવું છે કે એનો ઉપયોગ કઈ પ્રવૃત્તિ માટે થાય છે, એની અંદર શું છે.'

'નકામું બધું.'

* * *

આ લખું છું ત્યારે રમૂજની છાંટવાળો એક મંદ સ્વર મને કહે છે, ''એ બારણું ન ઊઘડાવો તો ન ચાલે?''

''કેમ?''

''આ સાહેબ, જે આપની પાસે ઊભા છે, તે દુઃખી થશે.''

''લખવા બેસનાર અન્યનો કે પોતાના સુખદુઃખનો વિચાર કરતો નથી.''

''એ બહુ ઊંચો આદર્શ થયો, પરંતુ આપણે...''

''બંધ બારણાં ઉઘડાવવાથી કદાચ આઘાત લાગે, લમણામાં વાગે, તમ્મર આવે, છતાં લાંબે ગાળે કંઈક તો પ્રાપ્ત

થાય જ છે. તમારે નિરાશ નહીં થવું પડે.''

''પ્રૉમિસ?''

''પ્રૉમિસ આપનાર હું કોણ? એ તો ઈશ્વરે આપણને બધાને આપેલું છે.''

''તો તો આગળ વધો. ન ઊઘડે તો તોડી નાખો.''

* * *

અધૂરો સંવાદ આગળ ચલાવીએ.

''નકામું બધું.''

''નકામું શું શું?''

''જૂની ચોપડીઓ અને એવું બધું.''

જૂની ચોપડીઓને 'નકામું'ના વર્ગમાં મૂકવામાં આવે એવો મારે માટે આ પ્રથમ અનુભવ હતો.

મેં કહ્યું, ''સહેજ નજર કરીશું?''

''ધૂળ અને કચરો હશે, સાહેબ. આપનાં કપડાં...''

હું સમજતો હતો, આચાર્યસાહેબને કંઈ છુપાવવાનું નહોતું. તેમને દુઃખ માત્ર એ વાતનું હતું કે મારો અમૂલ્ય સમય એક સાવ ક્ષુલ્લક, નિરર્થક પ્રવૃત્તિ પાછળ વેડફાઈ રહ્યો હતો.

''મારાં કપડાંની ચિંતા ન કરો. હું અભડાઈ જઈશ નહીં.''

તેમના આનાકાનીરૂપ દ્વારને તોડ્યું, પરંતુ ત્યાં બીજું વિઘ્ન આવ્યું.

"ચાવીય, કોણ જાણે ક્યાં હશે?"

મેં થોડે દૂર અદબપૂર્વક ઊભેલા પટાવાળાભાઈ સામે જોયું. તે યુવાન સ્ફૂર્તિથી આગળ આવ્યો અને ચાવી ઉપલબ્ધ હોવી - ન હોવી એ આખા મુદ્દાને રદ કરી, એક ઝાટકે જર્જરિત તાળા ભેગો નકૂચાને પણ જુદો કરી નાખ્યો.

ધૂળના થર, કરોળિયાનાં જાળાં - આચાર્યશ્રીએ અગાઉથી ચેતવણી આપી હતી એમાં સહેજ પણ અતિશયોક્તિ નહોતી. તૂટેલી ખુરશીઓ અને બેપગાં, ત્રણપગાં ટેબલોની વચ્ચે તથા આજુબાજુ વધેલી જગ્યામાં, આખો રૂમ ભરીને પુસ્તકોની થપ્પીઓ નહીં, આડેધડ કરેલા ઢગલા. મેં એ શાપિત પ્રદેશમાં પ્રવેશ કર્યો એથી યજમાનને પણ પાછળ-પાછળ ખેંચાવું પડ્યું. બારણાની અંદર બે'ક ડગલાં મૂકી, નાક આડે હાથરૂમાલ દાબીને તેઓ ઊભા રહી ગયા.

વિગતો યાદ નથી, પણ એ ઢગલાઓમાં ઘણાં અલભ્ય પુસ્તકો હતાં. કેટલાંક તો ખૂબ સારી સ્થિતિમાં હતાં. હા, એક દોષ ખરો, એ જૂનાં હતાં. બહારથી કોઈ સારા માણસો સંસ્થાની મુલાકાતે આવે અને આવું બધું લાઇબ્રેરીનાં કબાટોમાં જુએ તો સંસ્થાને લાજી મરવું ન પડે?

મારું ધ્યાન ઊંચે માળિયા તરફ ગયું, ત્યાં ઝાંખા ગેરુઆ રંગના પૂઠાવાળા અનેક દળદાર ગ્રંથો અસ્તવ્યસ્ત પડ્યા હતા.

''પે... લું શું હશે?''

'જૂનું...' આ શબ્દનો પ્રયોગ વારંવાર થઈ રહ્યો હતો. કમળાશંકર પ્રાણશંકર

ત્રિવેદીની ભાષામાં કહું તો મારા કર્ણને એ કઠોર લાગતો હતો.

‘‘એ ગ્રંથો કયા છે, કયા વિષયના, એ તમે જાણતા હો તો કહો; નહીં તો મારે માટે નિસરણીની વ્યવસ્થા કરો.’’

આખરે તો તેઓ એક મોટી સંસ્થાના આચાર્ય હતા. જાણકાર હતા. તેઓ ધીમેથી કંઈક ગણગણ્યા, જે મને સ્પષ્ટ સંભળાયું નહીં, સંભળાયું એ માનવામાં આવ્યું નહીં.

‘‘માફ કરો. ફરીથી બોલશો, સ્પષ્ટ ઉચ્ચારો સાથે?’’

સ્વરમાં લાચારી હતી, ‘‘ભગવદ્ગોમંડળ.’’

‘‘લાવો નિસરણી.’’

લાકડાની નિસરણી. ધૂળભર્યા અંધારિયા ઓરડામાં એ ઝગારા મારતું પ્રતીક બની ગઈ.

ખડતલ સેવકો નિસરણી સાથે ધસી આવ્યા અને મને રોક્યો, ‘‘સાહેબ, આપ રહેવા દો.’’

અમે આચાર્યની ઑફિસમાં જઈને બેઠા. સેવકોએ તેમનું કામ સારી રીતે પૂરું કર્યું. ગ્રંથોને ઝાપટી, સાફ કરી, ટેબલ પર વ્યવસ્થિત થપ્પીઓ કરવામાં આવી.

થોડાં પાનાં ઊથલાવીને મેં જોયું. વરસાદનું પાણી ટપકવાથી ક્યાંક ક્યાંક ડાઘ હતા, ભેજ હતો, પણ ઉધઈ લાગી નહોતી, એકંદરે સારી સ્થિતિમાં હતાં.

આ એ સમયની વાત છે, જ્યારે ‘ભગવદ્ગોમંડળ કોશ’નું પુનર્મુદ્રણ થયું નહોતું અને એ અપ્રાપ્ય હતો, અમૂલ્ય હતો.

આચાર્યશ્રીને સૂચના આપી : આ તથા મેં જુદાં કાઢેલાં અન્ય પુસ્તકોને તડકે તપાવી, જરૂર લાગે તો ફરીથી બાઇન્ડિંગ કરાવી લાઇબ્રેરીમાં મુકાવો.

ઉમેર્યું : એક મહિના પછી હું જોવા આવીશ.

[ક્રમશઃ]



મણિ કૌલ (૧૯૪૪-૨૦૧૧)

‘ઉસકી રોટી’ - ‘અપના હલવા’ વિમર્શ

મોહન રાકેશની ટૂંકી વાર્તા ‘ઉસકી રોટી’ અને મણિ કૌલની ફિલ્મકૃતિ

☐ અમૃત ગંગર

મતીસ સ્વપ્નદ્વારમાં જાગ્રતદ્વાર જોઈ શકતા હતા અને
એમાં એક બીજું દ્વાર સુષુપ્તિનું : મણિ કૌલ

તેમની કારકિર્દીની પ્રથમ ફિલ્મકૃતિ ‘ઉસકી રોટી’ (૧૯૬૯-૭૦) વિશે વાત કરતાં મણિ કૌલ માનવ મનની ત્રણ અવસ્થાઓને સંદર્ભે છે : જાગ્રત, સુષુપ્ત અને સ્વપ્ન (ચોથી અવસ્થા તુર્યને તેઓ અધ્યાહાર રાખે છે). માંડુક્ય ઉપનિષદમાં વર્ણવાતી આ અવસ્થાઓને સંદર્ભીને તેઓ ‘ઉસકી રોટી’ ફિલ્મકૃતિની ચર્ચાને ખૂબ રસાળ અને સમૃદ્ધ બનાવે છે, જે મારી દૃષ્ટિએ ભારતીય ફિલ્મ ઇતિહાસમાં અભૂતપૂર્વ છે. ફિલ્મકૃતિના રસિકોને આ ત્રણેય અવસ્થાઓનો અણસાર કેન્દ્રીય પાત્ર બાલો (ગરિમા)ના ચહેરા પર, તેની નજર (ચક્ષુ)માં તેમ જ શ્વેતશ્યામ ફિલ્મકૃતિમાં બે પ્રકારના બ્લૉક લેન્સ (૨૮ મિ.મી. વાઇડ ઍન્ગલ અને ૧૩૫ મિ.મી. ટેલિફોટો) દ્વારા ઝડપાયેલા અને દેખાતા વાતાવરણમાં મળે છે. તેમના ગુરુ ઋત્વિક ઘટકની જેમ મણિ કૌલ પણ કૅમેરામાં પ્રયોજાતા લેન્સ વિશે અત્યંત સંવેદનશીલ હતા. એ બેઉને હું લેન્સિંગ ફિલૉસૉફર્સ કહું છું. ઉપરોક્ત ત્રણ અવસ્થાઓના અણસારની પ્રક્રિયા અહેસાસમાં પરિણમતી જાય છે!

‘ઉસકી રોટી’ ફિલ્મ અહેસાસ

પામવાની કૃતિ છે, અર્થની નિરર્થક ખોજમાં પડવાની નહીં, કારણ કે ક્ષણભંગુર અર્થ બદલાતા રહે છે. રોજ બપોરે બે માઈલ ચાલીને બાલો પોતાના બસ-ડ્રાઇવર પતિ સુચ્ચાસિંહ માટે રોટી (પંજાબની આ એક રોટીમાં મધ્યમ વર્ગીય મુલાયમ ગુજરાતી ફૂલકા-ફૂલકી દસ-બાર સમાઈ જાય!) અને અથાણાનું ભાથું લઈને નકોદરના બસ-સ્ટેશને આવીને બેસે છે. એક દિવસ તે કોઈક કારણસર (આ કોઈક કારણનો હું ઘડીક વારમાં ખુલાસો કરીશ) ઘણી મોડી પડે છે અને તેની રાહ જોઈ ન શકતો સુચ્ચાસિંહ તેની બસ હંકારીને ચાલ્યો જાય છે. બાલો તેના પાછા ફરવાની પ્રતીક્ષા કરતી બેસી રહે છે, અંધારું થતાં પાકા મકાન વિનાના બસ-સ્ટેશને રોજ નવરા બેસતા બે-ચાર જણ પણ ચાલ્યા જાય છે. અંતે સુચ્ચાસિંહની બસ આવે છે ને તે બાલો પાસેથી ભાથું લઈને છેલ્લા સ્ટૉપ જાલંધર શહેર જાય છે જ્યાં તેનું રહેવાનું સસ્તા ગેસ્ટહાઉસમાં છે, ત્યાં તેની રખાત પણ છે. મિત્રોની સાથે મદ્યપાન કરવાની સાથે તે જુગાર પણ રમે છે. બાલો આ હકીકતોથી સાવ અજ્ઞાત નથી, પણ તેનું જીવન સુચ્ચાસિંહને સમર્પિત છે. બસ, વાત આટલી જ છે. જતનપૂર્વક ભાથું ખોળામાં રાખીને બાલોની પ્રતીક્ષાની, જેમાં સળવળે છે સમય! એ સમય પણ બાલોના મનમાં ત્રણ અવસ્થાઓની સમાંતરે એકત્ર થાય છે : ભૂત, વર્તમાન, ભવિષ્ય!

તાજેતરમાં પૅકિંગ યુનિવર્સિટીના સેન્ટર ફૉર સાઉથ એશિયન સ્ટડીઝે મને ‘ઉસકી રોટી’ ફિલ્મ અને સાહિત્યકૃતિના રૂપાંતર-સંબંધો વિશે વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપ્યું હતું. આ વ્યાખ્યાનને પીકેયુ સાઉથ એશિયન ફોરમ ફૉર ડિસ્ટિન્ગ્યુશ્ડ સ્કૉલર્સની શ્રેણીમાં મૂકીને પૅકિંગ યુનિવર્સિટીએ મને સન્માનિત કર્યો હતો એ મારા માટે આનંદની વાત. આ સેન્ટરના અધ્યક્ષ છે પ્રો. જિઆન્ગ જિન્ગકુઇ, જેઓ ભારતીય સાહિત્ય અકાદમીના એકમાત્ર આનંદકુમાર સ્વામી ફેલો છે. તેમના સહાયક અધ્યાપક જિયા યાન ફોરેન લૅન્ગ્વેજીસના હિન્દી વિભાગમાં ‘નઈ કહાની’ ચળવળના અગ્રેસર મોહન રાકેશની ત્રણ સાહિત્યકૃતિઓ (૧) ટૂંકી વાર્તા : ઉસ કી રોટી (૨) નાટક : આષાઢ કા એક દિન અને (૩) નાટક : આધે-અધૂરેનું અધ્યયન કરાવે છે. જિયા યાને લંડનની સોઆસ યુનિવર્સિટી ઑવ લંડન (સ્કૂલ ઑવ ઑરિએન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝ)માંથી પીએચ.ડી.નું પદ હાંસલ કર્યું છે અને હિન્દીમાંથી ચાઇનીઝ ભાષામાં ઘણા અનુવાદો પણ કર્યા છે. અંગ્રેજી ભાષા પર તેમનું પ્રભુત્વ પણ અદ્ભુત છે.

કારમા કોરોનાકાળના લીધે યોજાયેલા મારા ઑનલાઇન વ્યાખ્યાન વખતે મારી

ઓળખવિધિ પ્રો. (ડૉ.) યાને જ કરાવી હતી. આ વ્યાખ્યાનમાં છેક ઍન્ટાર્ટિકાથી એક ચાઇનીઝ અધ્યાપક જોડાયા હતા. મારી પાવરપૉઇન્ટ પ્રસ્તુતિ વખતે ‘ઉસકી રોટી’ ફિલ્મના એક દૃશ્યની ચર્ચા કરતી વખતે મેં જૈનદર્શનનો ઉલ્લેખ કર્યો હતો ત્યારે ચૅટબૉક્સમાં ‘જય જિનેન્દ્ર’ની શુભેચ્છાનો સંદેશ વાંચીને અનેરી અચરજ થઈ હતી. સંદેશ મોકલનારે તેમની ઓળખાણ ડેમી-જૈન (અર્ધ-જૈન) ચાઇનીઝ તરીકે આપી હતી. પાછળથી તેમણે મને ફેસબુક મૅસેન્જર પર ઓળખાણ આપતાં જણાવ્યું હતું કે તેઓ પૅકિંગ/બેજિંગસ્થિત રેનમીન યુનિવર્સિટીમાં રિલિજિયસ સ્ટડીઝ વિભાગમાં અધ્યાપક હતા અને તેમણે જૈનદર્શનનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ઍન્ટાર્ટિકાથી આવેલું આશ્ચર્ય! ટેક્નોલૉજીની કમાલ! દક્ષિણ યુનાનના કોઈક શહેરમાંથી ચૅટબૉક્સમાં સંદેશ આવ્યો, ચાઇનીઝ મહિલા હતી : મને ભારતીય હલવો બહુ ભાવે છે! રોટી પણ! તો હવે આપણી ઘડી આવી ગઈ છે ‘ઉસકી રોટી’ અને ‘અપના હલવા’ના વિમર્શની!

ઉસ કી રોટી-હલવા: એની ઉપયુક્તતા

૧૯૬૦ના દાયકામાં ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇન્ડિયા (હાલની ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઇન્ડિયા)માંથી ફિલ્મ દિગ્દર્શનની તાલીમ મેળવીને મણિ કૌલ બહાર આવ્યા એ ગાળામાં ફિલ્મ ફાઇનાન્સ કૉર્પોરેશન (FFC; હાલનું નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન)ની સ્થાપના થઈ ગઈ હતી. મણિ કૌલે મોહન રાકેશની ટૂંકી વાર્તા ‘ઉસકી રોટી’ પરથી ફિલ્મ બનાવવાનું પણ નક્કી કરી દીધું હતું. મણિ કૌલે FFCને નાણાકીય સહાય માટે અરજી કરી અને તેમને થોડી સહાય મળી. ‘ઉસકી રોટી’ ફિલ્મકૃતિના નિર્માણ માટે મોટી ધનરાશિની જરૂર નહોતી. છતાં ખૂટતી વ્યવસ્થા ફિલ્મના નિર્માતા રોચક પંડિતે કરી આપી. ફિલ્મની શરૂઆતમાં નિર્માતા તરીકે તેમનું નામ દેખાય છે. ફિલ્મકૃતિમાં બસ-સ્ટૅન્ડ પર બેઠેલા અને બીડી ફૂંકતા, છૂપી રીતે સસ્તા દારૂની બાટલીઓ વેચતા દાઢીવાળા ભાઈ પંડિત રોચક છે. બીજા એક ભાઈ પણ બસ-સ્ટૅન્ડ પર આવીને નવરા બેસી રહે છે. તે પાછળથી મલયાલમ સિનેમામાં જાણીતા થયેલા દિગ્દર્શક જ્હૉન અબ્રાહમ છે. તેઓ મણિ કૌલ સાથે ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં ભણ્યા હતા અને ‘ઉસકી રોટી’ ફિલ્મમાં મણિ કૌલના સહાયક હતા. નામ વગરનાં આ બન્ને પાત્રો બાલો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

‘ઉસકી રોટી’ ફિલ્મની પટકથા જેવું તો લખ્યું નહોતું, પણ પાત્રોના બોલાતા સંવાદો લખવા માટે ટૂંકી વાર્તાના મૂળ લેખક મોહન રાકેશને સાથે લીધા હતા. આ સંવાદો મૂળ કૃતિમાંથી જ લીધેલા છે, કારણ કે મણિ કૌલ મૂળ



ફિલ્મના અંત ભાગમાં બાલોની દૃષ્ટિ અને મનમાં ત્રણે અવસ્થાઓ એકમય થતી જણાય. એની સ્મૃતિની એકાદ ક્ષણમાં સુચ્ચાસિંહની બસના આગળના કાચ પર ચોંટાડેલા સ્ટીકર પર આપણે કૃષ્ણને જોયા હતા, જે બાલોની સુહાગરાતની સ્મૃતિમાં ઓગળી જાય છે. આ બધી અવસ્થાઓ અને સમયોનું એકત્ર થવું સિનેમૅટોગ્રાફિક પ્રક્રિયા છે. છબી સૌજન્ય. સ્ક્રીન શૉટ, કોલાજ : લેખક.

કૃતિ (સાહિત્ય, ચિત્રકળા કે અન્ય)ની સ્વાયત્તતા ટકાવી રાખવામાં માનતા હતા અને સિનેમૅટોગ્રાફીની પોતાની સ્વતંત્રતાને અકબંધ રાખવામાં પણ. મણિ કૌલ ભારતીય સિનેમાના ઇતિહાસમાં પ્રગટેલા નવા જુવાળના અગ્રણી હતા. કૌલને ૧૯૭૪ના વર્ષમાં બે વર્ષ માટે નહેરુ ફેલોશિપ મળી હતી, જેના હેઠળ તેમણે સિનેમા-ક્રાઇસીસ ઑવ ઍન આર્ટ ફૉર્મ વિષય પર ઊંડો અભ્યાસ કર્યો હતો.

'અપના હલવા'ની વાત છે કાશ્મીરી કુટુંબમાં કુલભૂષણ પંડિત તરીકે જન્મેલા હિન્દી ફિલ્મોના જાણીતા અદાકાર રાજકુમાર (૧૯૨૬-૧૯૯૬) ની. રાજકુમાર મણિ કૌલના સગા હતા. એક સાંજે કોઈ જલસામાં રાજકુમાર અને મણિ કૌલનો ભેટો થઈ ગયો. એ ગાળામાં જ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાંથી દિગ્દર્શન ક્ષેત્રે સ્નાતક થયેલા કૌલને જોઈને રાજકુમાર પૂછે છે, "કૈસે હો મણિ, આજકલ ક્યા ચલ રહા હૈ?"

મણિ : આજકલ મૈં 'ઉસકી રોટી' નામકી ફિલ્મ બના રહા હું.

હસતાં હસતાં હાજરજવાબી અને રમૂજી રાજકુમારે કૌલને સલાહ આપતાં કહ્યું, "મેરે ભાઈ 'ઉસકી રોટી' બનાના છોડો ઔર અપના હલવા બનાઓ."

પોતે શું કરી રહ્યા હતા એના વિશે મણિ કૌલ સંપૂર્ણ રીતે સભાન હતા. કદાચ ધારત તો પણ તેઓ સ્વ માટે હલવો (ધન) બનાવી શકત. તેમની ધનપ્રાપ્તિ મુખ્યત્વે ફિલ્મોના દિગ્દર્શન કરતાં વિદેશી વિદ્યાપીઠોમાં સિનેમા વિશે વ્યાખ્યાનો દ્વારા થતી હતી. તે જેવી ફિલ્મકૃતિઓનું સર્જન કરતા એના માટે અંગત માલિકીની કંપનીઓ કે પૂંજીપતિઓ તૈયાર નહોતા અને એથી તેમને દર વખતે જરૂરી નાણું મેળવવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. ખાસ કરીને ફિલ્મ ફાઇનાન્સ કૉર્પોરેશન કે નૅશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન કે મધ્ય પ્રદેશ ફિલ્મ ડેવલપમેન્ટ



દૂરથી ધ્વનિ કાન સુધી નથી આવતો, પણ કાન એના સુધી પહોંચે છે, એવું મણિ કૌલ કહેતા. રોટીનું ભાથું લઈને બાલો પતિની બસની પ્રતીક્ષા કરતી રહે છે ત્યારે તેના મનમાં ત્રણ સમયાવસ્થાઓનું જામણ જામતું જાય છે. ફિલ્મકૃતિમાં આ પ્રક્રિયાનું કૌલ બે પ્રકારના બ્લૉક લેન્સથી અન્વેષણ કરે છે. છબી સૌ. સ્ક્રીન શૉટ.

કૉર્પોરેશન કે ફિલ્મ્સ ડિવિઝન કે દૂરદર્શન જેવી સરકારી સંસ્થાઓ તેમને સહાયરૂપ થતી. ફિલ્મકૃતિઓ માટે તેઓ પરંપરાગત પટકથાઓ તો લખતા નહીં એટલે બૅન્કો પણ તેમને નાણું ધીરતી નહોતી. આખરે પોતાની અંતિમ ફિલ્મકૃતિ 'નૌકર કી કમીઝ' માટે બૅન્ક લોન મેળવવા માટે બાઉન્ડ સ્ક્રિપ્ટ તૈયાર કરી હતી. તેમની 'બાદલ દ્વાર' નામની ટૂંકી ફિલ્મ માટે જર્મનીની રેજિના ઝિગ્લર નામની મહિલાએ સહાય કરી હતી. ૧૯૯૩માં ઝિગ્લર ફિલ્મ્સ કંપનીએ 'ઇરોટિક ટેલ્સ' (કામુક/શૃંગારિક વાર્તાઓ) નામનો પ્રોજેક્ટ ઊભો કર્યો હતો અને જગતના કેટલાક અગ્રણી ફિલ્મ દિગ્દર્શકોને પોતાની કલ્પના મુજબ એ વિષયને લઈને ટૂંકી ફિલ્મ બનાવવા માટે કહેલું. મણિ કૌલે ૨૯ મિનિટની 'બાદલ દ્વાર' (ક્લાઉડ ડૉર, ૧૯૯૪) નામની ફિલ્મકૃતિ સર્જી હતી. આ ફિલ્મકૃતિની વાત પણ રોમાંચક છે, ફરી ક્યારેક.

'ઉસકી રોટી' અને હલવાની હાર્મની

રાજકુમારના રમૂજી હલવાને 'ઉસકી રોટી' ફિલ્મકૃતિના તાણાવાણામાં મણિ કૌલ ઉપનિષદના ગંભીર ભાવજગતમાં કેવી રીતે વણી લે છે એ જોઈએ. જાણીતા લેખક અને સમીક્ષક ઉદયન વાજપેયી સાથેના તેમના સંવાદમાં મણિ કૌલ તેમની ફિલ્મસર્જનની પ્રક્રિયામાં ઉપસ્થિત થતી ત્રણ અવસ્થાઓની વાત કરે છે. (૧) જાગ્રત, (૨) સુષુપ્ત અને

(૩) સ્વપ્ન. વળી તેઓ સવાલ પૂછે છે : શું આ ત્રણે અવસ્થાઓ એક જ સમયે, એકસાથે રહી શકે કે એકત્ર થઈ શકે? તેમની ફિલ્મસર્જનની પ્રક્રિયાના ભાગ રૂપે આ ત્રણ અવસ્થાઓને એકત્ર કરવાનો જ સંઘર્ષ રહ્યો છે, જે 'ઉસકી રોટી' ફિલ્મકૃતિમાં દેખાય છે. મણિ કૌલ :

"[...] જ્યારે આ ત્રણે અવસ્થાઓ એક ગાંઠે બંધાય ત્યારે જ ખરો અનુભવ થાય. ફિલ્મકૃતિમાં એવું જ થવું જોઈએ, ત્રણે અવસ્થાઓ એકત્ર થવી જોઈએ. ખચીત. હલવાની જેમ એ સૌ એકસાથે રહેવી જોઈએ. હલવામાં આટો, ખાંડ અને ઘી હોય, આ ત્રણેનો વ્યક્તિગત સ્વાદ અલગ પણ એ સૌ સંગાથે થાય અને હલવો બને ત્યારે એનો સ્વાદ અલગ હોય, સોડમ અલગ હોય. જાગ્રત, સુષુપ્ત અને સ્વપ્ન જુદાં રહે તો એ વાત ન બને, પણ જો એ બધી અવસ્થાઓ એકસાથે રંધાય અને એકરસ થઈ જાય તો એની સોડમ વેગળી નીવડે. ફિલ્મકૃતિનો અનુભવ આ ત્રણે અવસ્થાઓનો સંયુક્ત અનુભવ હોય અને એ જ ખરો અનુભવ થઈ શકે. જે રસિક આ ત્રણે અવસ્થાઓમાં ભ્રમણ કરી શકે તેને આવા અનુભવની પ્રતીતિ થઈ શકે." (અભેદ આકાશ : મણિ કૌલ સે ઉદયન વાજપેયી કી બાતચીત, મધ્ય પ્રદેશ ફિલ્મ વિકાસ નિગમ કા પ્રકાશન, ૧૯૯૪)

અગાઉના ઉલ્લેખ મુજબ 'ઉસકી રોટી' ફિલ્મકૃતિમાં કૌલ ફક્ત બે પ્રકારના લેન્સ પ્રયોજે છે : ૨૮ મિ.મી.નો વાઇડ ઍન્ગલ અને ૧૩૫ મિ.મી.નો ટેલિફોટો. આ બે લેન્સને કૌલ (તેમના કુશળ કૅમેરામૅન કે. કે. મહાજન દ્વારા) બાલોના મનમાં ને આંતર્ચક્ષુમાં ઉપસ્થિત થતી ત્રણ અવસ્થાઓ અને તેની એકત્ર થવાની પ્રક્રિયાની વ્યંજનાને અનુભવવા માટે કરે છે. ફિલ્મો જોવા માટે અમુક

દૃષ્ટિનાં દ્વારો : ઈ. સ. ૧૬૦૨માં શાહજહાંના પુત્ર અને બાદશાહ અકબરના પૌત્ર દારા શિકોહે કમિશન કરેલું ફારસી શૈલીનું લઘુચિત્ર જે યોગવસિષ્ઠના તત્ત્વનો ચિત્ર-અનુવાદ છે, છબી સૌ. વીકિમીડિયા કૉમન્સ.





હેન્રી મતીસનું ૧૯૦૮નું ધ ડૅઝર્ટ : હાર્મની ઇન રેડ નામનું ચિત્ર. રેનેસાંના પ્રભાવ હેઠળ કોઈ પણ પ્રકારના ફોકલ પૉઇન્ટ વિનાના આ ચિત્રને ઘણા સમીક્ષકો મતીસનું માસ્ટર પીસ ગણે છે. ઑઇલ ઑન કૅન્વાસ ૧૮૦ સે.મી. x ૨૨૦ સે.મી. - છબી સૌ. વીકિમીડિયા કૉમન્સ.

રીતે ટેવાયેલા ને ઘડાયેલા મોટા ભાગના ભારતીય પ્રેક્ષકો માટે આવો અનુભવ નવો હતો અને વળી કોઈ પણ પ્રકારની ચીલાચાલુ નાટકીયતા (દા. ત. પાત્રો દ્વારા બોલાતા સંવાદો અને તેમના લાક્ષણિક હાવભાવો)ના અભાવે 'ઉસકી રોટી' ફિલ્મકૃતિ તેમને દુર્બોધ લાગી હશે. વળી મણિ કૌલ સમયની ત્રણ અવસ્થાઓ - ભૂત, વર્તમાન, ભવિષ્યને પણ અવિભાજિત એકસૂત્રમાં પરોવે છે જેથી તેઓ ચીલાચાલુ ફ્લૅશબૅકના નુસખાને પણ દૂર રાખે છે.

હલવા અનુભવ : સંગમ, સંપાત નહીં

જ્યારે પણ હું મણિ કૌલની ફિલ્મકૃતિ જોઉં છું ત્યારે મને 'હલવા અહેસાસ' કે અનુભવ થાય છે. એમાં ત્રણ અવસ્થાઓનો સંગમ (કન્ફ્લુઅન્સ) થાય છે, સંપાત (કન્વર્જન્સ) નહીં. કૌલ પશ્ચિમના રેનેસાંના સિદ્ધાંત (પર્સ્પૅક્ટિવ, વૅનિશિંગ પૉઇન્ટ કે જેમાં બે સમાંતર રેખાઓ કન્વર્જ થતી દેખાય)ના વર્ચસ્વની વિરુદ્ધમાં હતા. આપણાં લઘુચિત્રો પણ એને નકારે છે. ૧૯૬૯ ('ઉસકી રોટી') થી ૧૯૯૯ ('નૌકર કી કમીઝ')ની ત્રીસ વર્ષની તેમની ફિલ્મમેકિંગ પ્રૅક્ટિસની યાત્રા દરમિયાન તેઓ સમયને કેવી રીતે કૅમેરામાં સીધા ઝીલી શકાય એ કોયડાને ઉકેલવાની મથામણમાં પ્રવૃત્ત રહ્યા. સ્વભાવે સમય તો યાદચ્છિક (રૅન્ડમ) હોય. સમયના એવા સ્વભાવને ઝીલવા

માટે હિન્દી સાહિત્યના અગ્રણી લેખક વિનોદકુમાર શુક્લની નવલકથા 'નૌકર કી કમીઝ'નું એ જ નામે ફિલ્મકૃતિમાં રૂપાંતર કરતી વખતે તેમના કૅમેરામૅનને વ્યૂફાઇન્ડરમાં જોવાની મનાઈ કરી હતી. કૌલનું એવું પણ માનવું હતું કે મનુષ્યના શરીરમાં ચક્ષુ એવું અંગ છે જે સૌથી વધારે ચતુર છે, જ્યારે તે કૅમેરાના વ્યૂફાઇન્ડરમાંથી જુએ છે ત્યારે સામે દેખાતા દૃશ્ય (અવકાશ)ને સારા-નરસા કે પવિત્ર-અપવિત્રમાં વિભાજિત કરે છે. સ્વાભાવિક રીતે પૂર્વગ્રહોથી રંગાયેલી આંખ મનને અપવિત્ર કે નરસાને દૂર રાખવાનું કહે છે અને એ રીતે અનુભવ પૂર્ણ કે અકબંધ નથી રહેતો.

યુરોપમાં પણ રેનેસાંના સિદ્ધાંતની અવગણના કરનારા કલાકાર : મતીસ

કૌલે વાજપેયીને કહ્યું, "પર્સ્પેક્ટિવ આપણા જીવનનો એક તૃતીયાંશ ભાગ છે, આપણા જાગ્રત જીવનનો અને ખાસ કરીને આધુનિક જાગ્રત જીવનનો. આજે માનવ જે જુએ છે એને મનથી ગ્રહણ કરે છે, આંખ બધાની લહેજત લે છે. પહેલાં યુરોપમાં જ્યારે પર્સ્પેક્ટિવનો વિચાર સ્ફુર્યો નહોતો ત્યારે શું બે સમાંતર પાટાઓ કન્વર્જ નહોતા થતા? થતા જ હતા, પણ એ રીતે જોવાયા નહોતા. જો તમે આંખો મીંચીને બે પાટાઓને સ્પર્શ કરતાં ચાલ્યા જશો તો એ તમને કન્વર્જ થયેલા નહીં લાગે. વાત રહી સ્પર્શની જે સ્વપ્નાવસ્થાનો હિસ્સો છે... સૂક્ષ્મ સ્પર્શ! ત્રીજી અને અંતિમ અવસ્થા છે સુષુપ્તિની. મતીસને સ્વપ્નદ્વારમાં છુપાયેલું જાગ્રતદ્વાર દેખાયું હતું અને એમાં સુષુપ્તિદ્વાર. આવું મહાન લક્ષણ મણિ કૌલને ફ્યોદોર દોસ્તોવસ્કીની સાહિત્યિક કૃતિઓમાં પણ દેખાયું હતું. વિદિત છે એમ અત્યાર સુધીના ભારતીય ફિલ્મ ઇતિહાસમાં મણિ કૌલ એક જ એવા દિગ્દર્શક છે જેમણે દોસ્તોવસ્કીની બે સાહિત્યિક કૃતિઓ (૧) ટૂંકી વાર્તા 'ધ મીક વન' અને (૨)

મોડે સુધી પ્રતીક્ષા કરતી બાલોની રોટીને સ્વીકાર્યા પછી સુચ્ચાસિંહ બસ હંકારીને પુરપાટ ચાલ્યો જાય છે ને પાછળ ઊડે છે ધૂળના ગોટા, જેની સાથે આંતરિક અવસ્થાઓના ઘમસાણમાં બાલોનું મન ત્રિકાળમાં, ત્રિ-અવસ્થામાં લપેટાઈ જાય છે. છબી સૌ. સ્ક્રીન શૉટ, કોલાજ : લેખક.





નવલકથા ‘ધ ઇડિયટ’ને ફિલ્મકૃતિઓમાં રૂપાંતરિત કરી છે. બેઉએ ક્યારે પણ પોતાની કલાસાધનામાં ‘સ્ટાઇલ’ને પ્રાધાન્ય આપ્યું નહોતું. કૌલ કહેતા, “તમે રૉબેર બ્રેસોંને સેઝાન સાથે સાંકળી શકો અને મને મતીસની સાથે, ખાસ કરીને ‘ધ મીક વન’ આધારિત મારી ફિલ્મકૃતિ ‘નઝર’માં.” [પૉલ સેઝાન (૧૮૩૯-૧૯૦૬); હેન્રી મતીસ (૧૮૬૯-૧૯૫૪), બેઉ ફ્રેંચ કલાકારો]

આ સંદર્ભે કૌલ મતીસના એક ચિત્ર ધ ડૅઝર્ટ : હાર્મની ઇન રેડનું દૃષ્ટાંત આપતા. અગાઉ કહ્યું હતું એમ યુરોપિયન ચિત્રકળા પરંપરામાં મતીસે રૅનેસાંના પર્સ્પેક્ટિવના સિદ્ધાંતને દૂર રાખ્યો હતો. ઇન ફૅક્ટ, આપણી મોટા ભાગની ફિલ્મો રૅનેસાંના કન્વર્જન્સના વિચારને અનુસરે છે અને એ રીતે તેમનો પિંડ (પટકથા) બંધાય છે. આખરે તેઓ ‘પ્લૉટ’ને અવનવા વાઘા પહેરાવીને અલગ દેખાવાનો ડોળ કરતી રહે છે, મૂળે બધી એકસરખી રહે છે, વિચારી જોજો.

ઉસ કી રોટી : દ્વૈત-અદ્વૈતનો દ્વંદ્વ અને હલવાપણું

કૌલની ફિલ્મકૃતિ ‘ઉસકી રોટી’ને ખૂબ ઊંડેથી ને ઉત્કટતાથી જોઉં છું ત્યારે મને બાલોના મનમાં ઘૂંટાઈ રહેલી દ્વૈત અવસ્થાનો અહેસાસ પણ થયા કરે છે : બસ ડ્રાઇવર પતિ સુચ્ચાસિંહને સંપૂર્ણ રીતે શરણે થઈ જવું કે નહીં. ફિલ્મના અંતે તેની આ બેઉ માનસિક પરિસ્થિતિઓ ક્ષણ વાર માટે પણ આમનેસામને આવી જાય છે. હમણાં તો બાલોએ આખો દિવસ રાહ જોઈને પતિ સુચ્ચાસિંહને મોડી સાંજે અંધારામાં રોટી આપી છે, જેનો સ્વીકાર કરીને સુચ્ચાસિંહ તેની સરકારી પૅસેન્જર બસને છેવટના સ્ટૉપ તરફ હંકારી દીધી છે. પાછળ રહી ગયા છે ધૂળના ગોટા, બાલોને ગૂંગળાવતા... જાલંધર શહેરમાં કોઈ સસ્તા ગેસ્ટહાઉસમાં રહેતા સુચ્ચાસિંહની રખાત વિશે પણ બાલોને ખબર હતી. પતિ પોતાની આવકનો મોટો હિસ્સો તો અન્ય સ્ત્રી અને શરાબસેવનમાં ને જુગારમાં ઉડાવી નાખતો હતો, એ બધી વાતોથી પણ બાલો અજાણ નહોતી. પણ તેની સ્મૃતિમાં હજીય પંજાબનું પેલું સુહાગ લગ્નગીત ઘોળાય છે ને આવતા મંગળવારે પતિ ઘેર આવશે તેની હોંશ... તેને પતિ સુચ્ચાસિંહને ભાવતો કડા પરશાદ પણ આપવો છે રોટીના ભાથામાં... કડા પરશાદ એટલે શીખોના ગુરુદ્વારાઓમાં પ્રસાદ રૂપે અપાતો હલવો! કડા પરશાદની વાત તો મોહન રાકેશ તેમની ટૂંકી વાર્તા ‘ઉસકી રોટી’માં પણ કરે છે. ટૂંકમાં ત્રણ અવસ્થાઓનું હલવામય થઈ જવું ઘણું સહજ અને સ્વાભાવિક હતું, ‘ઉસકી રોટી’ની જેમ! દુર્બોધતાની વાત ક્યાંથી આવી ઓ મારા ચંચળ મન?

ઍન્ટાર્ટિકાથી ડેમી-જૈન ચીનાના જય જિનેન્દ્ર...

❑❑❑



ક્ષણજીવી

☐ સંજય ગુંદલાવકર

''**સા**હેબ બોલાવે ત્યારે અંદર જજો.''

હવાલદારના શબ્દો કાને પડતાં જ નિરાંતે બેઠેલી અદિતિ એકાએક પૂતળી બની ગઈ. ડૉક્ટર અંકલે સીધુંસટ કહ્યું કે ઘરે જા. આવું ગાંડપણ ના કરાય. છતાંય તે પતિ ગુમ થયાની ફરિયાદ નોંધાવવા માટે પોલીસચોકીએ બેઠી રહી. મનમાં ને મનમાં વાક્યો ગોખ્યાં. ઝઘડો થયો હતો કે? એવું પૂછે તો શું કહેવું. લગ્નને કેટલાં વરસ થયાં? તો કહી દઈશ આઠેક થયાં હશે. છોકરા છે? તો કે ના. પતિનો ફોટો લાવ્યાં છો? તો હા બોલીને પર્સમાં ખાંખાંખોળા કરવા માંડીશ વગેરે વગેરે.

પોલીસચોકીના બાંકડે બેઠાં બેઠાં રાહ જોયા બાદ અદિતિનો વારો

આવવામાં હતો ને તે ઊઠીને ચોકીની બહાર નીકળી ગઈ. ડૉક્ટર અંકલે ના પાડી એટલે ફરિયાદ ના કરાય! ''ઓ મૅડમ... ઓ મૅડમ...'' પોતાને ઉદ્દેશીને પડાયેલી બૂમ તેની એકલીના કાને નહીં, પણ આસપાસના અન્યોના કાનોમાંય અથડાઈ. તે અજાણ્યા ચહેરાઓએ દયા ને સહાનુભૂતિ દર્શાવી. વિષાદ, અણગમો અદિતિના ચહેરે છવાઈ ગયો, પણ તેનું અંતર બોલી ઊઠ્યું : આમાં પોલીસ પણ શું કરી શકવાની? કોઈ જીવતુંજાગતું માણસ ખોવાયાની ઘટના થોડી છે! આ તો મનના ખેલ, નકરા ખેલ.

ફૂટપાથે આવીને અદિતિ બેધ્યાનપણે રસ્તો ક્રૉસ કરવા ગઈ ત્યાં તેની લગોલગ ચરચરાટી કરતી એક બાઇક અચાનક ઊભી રહી. ચલાવનારો ભડક્યો, ''એ... મરવા નીકળી છે કે શું?'' એની નજર વાહનોથી ભરચક રસ્તા પર લંબાઈ. પેટમાં ફાળ પડી. ''ઓ મા!'' ચક્કર આવતાં રહી ગયાં. બાઇકવાળાને સૉરી કહી તેણે સાચવીને રસ્તો ક્રૉસ કર્યો. રસ્તાની પેલે પાર પહોંચીને પોલીસચોકીએ નજર કરી. ઓલા અજાણ્યા ચહેરાઓમાંનું કોઈ દેખાયું નહીં. સાડીને સરખી કરી તે ચાલવા લાગી.

'કયો પતિ ગુમ થયાની ફરિયાદ નોંધાવવા હું પોલીસચોકીએ ગઈ હતી?' એક કડવાશ હોઠે ચડી. 'એવો પતિ જેને હું ક્યારેય પરણી નથી! જેનું ઘર માંડ્યું નથી તે પતિ!' પાલવથી આંખના ખૂણા કોરા કરી તે પોતાની ધૂનમાં ચાલતી રહી. પતિ ખોવાયાની ફરિયાદ નોંધાવવાનું બખડજંતર ક્યાંથી ઊભું થયું એ વિશે વિચારી રહી.

આજે સવારથી તે થોડી ડિપ્રેશનમાં હતી. કામનો લોડ પણ ખરો. બૅન્કમાં નવા જોડાયેલા સાઉથ ઇન્ડિયન સહકાર્યકરના ઘરે ચોરી થઈ અને તે પોલીસચોકીમાં ફરિયાદ નોંધાવી આવ્યો હતો. એ ધૂનમાં પતિ ખોવાયાની ફરિયાદ નોંધાવવાને અદિતિ પણ પોલીસચોકીએ પહોંચી. છેલ્લો કૉલ ડૉક્ટર અંકલનો આવ્યો હતો. તેમને પણ જણાવ્યું હતું કે તે પોલીસચોકીએ છે. તેનો પતિ ખોવાયો છે. પછી શું થયું તેને સરખું યાદ ના રહ્યું.

પરંતુ... તેનો પતિ હકીકતમાં ક્યાંય હતો જ નહીં. કેમ કે તેનાં લગ્ન થયાં જ નથી. એવો પતિ જેને તે ક્યારેય પરણી નથી, તેને અદિતિએ પોતે પણ જોયો નથી. કોઈ કરતાં કોઈએ તેના વરને સદેહે જોયો નથી. તે ભલે કહેતી કે આઠ વરસ પહેલાં તે પરણી છે, પરંતુ તેના વરનું કોઈ ચોક્કસ નામ નથી. તે કેવો દેખાય છે? તેની ઉંમર કેટલી છે? શું કામ કરે છે? તેના શોખ શા છે? એ અદિતિને પોતાને પણ ખ્યાલ નથી.

તે ક્યાંય લગી ચાલતી રહી. તેણે મંગળસૂત્રને બ્લાઉઝમાં સરકાવીને

કપાળે આંગળી ફેરવી, ચાંદલો ચોંટેલો છે કે નહીં એની ખાતરી કરી. જમણા હાથમાં પહેરેલી બંગડીઓને ડાબા હાથે રમાડતાં કાંડાઘડિયાળમાં તેનું ધ્યાન ગયું. 'ઓહ! આઠ વાગી ગયા. બહુ મોડું થઈ ગયું. હવે?' એક રાહદારી પુરુષથી સહેજ ટકરાઈ પડી. અચાનક એકલતાનો ભાવ ઊમટી આવ્યો. પગની ઝડપ ન વધી, પણ તેણે દિવાસ્વપ્નમાં તેના પતિને તરંગતો જોયો. ચિંતા થઈ. 'તે આવી ગયા હશે. ભૂખ લાગી હશે તો આખું ઘર માથે લેશે, પણ રસોડામાંથી ખાખરા લઈને ખાશે નહીં. મારે ઘર-ઑફિસ બધું એકલા હાથે કેમે કરવું?' ઊંડો નિસાસો નાખ્યો. તેણે હાથ બતાવીને રિક્ષા રોકી.

''આવી ગયા? હવે ઘરે ચાલો ફટાફટ. મોડું થાય છે.'' રિક્ષાવાળો બેઘડી અચરજમાં અદિતિને જોઈ રહ્યો. તેનું પીળા દાંતવાળું ફેલાયેલું હાસ્ય સંકેલાઈ ગયું.

''ઓ બે'ન! શું તમે પણ? ક્યાં જાવું છે?'' રિક્ષાવાળાએ નારાજગી જતાવી.

અદિતિને પોતાની ભૂલ સમજાઈ. ''ભાઈ, વાલચંદ નગર જવું છે, હવે ચાલોને. મને મોડું થાય છે.'' ભોંઠી પડ્યા વગર તે બોલી. કમાલની બાઈ છે, એ ભાવે ડોકું ધુણાવી રિક્ષાવાળાએ રિક્ષા હંકારી મૂકી. તત્ક્ષણ અદિતિના દિવાસ્વપ્નમાંથી રિક્ષાવાળાને પતિ તરીકેનો જાકારો મળ્યો.

આવા તો કંઈ કેટલાય ક્ષણજીવી પતિઓનો ઉલ્લેખ અનેક ક્ષણભંગુર ઘટનાઓમાંથી જડી આવતો. તે એવી સિફતથી વાતને રદિયો આપતી કે સામે પક્ષે રહેલા ક્ષણજીવી પતિઓને ખોટું પણ ન લાગતું. કમભાગ્યે અદિતિ આવી આફતમાં ભેરવાઈ પડતી, ત્યારે તે કરગરવા માંડતી કે તે આવું બોલી જ નથી. પોતાની વાતને રફેદફે કરી નાખતી અને ઠાવકાઈ દાખવતી કે તમે એવું સમજ્યા એમાં મારો શો વાંક? 'કોઈની સાથે ઝઘડવા કરતાં સામેવાળાને તેની વાતોમાં જ ભેરવી નાખવો. જેથી કરીને તેને બીજું કંઈ બોલવાનો મોકો ના મળે. એમ કરવાથી તે પાછલી વાતને પણ ભૂલી જાય.' અદિતિની સ્વર્ગસ્થ માએ શીખવ્યું હતું.

'મા.' અચાનક રિક્ષામાં અદિતિની મા ઊપસી આવી.

''અદિતિ, મારા જીવતેજીવ તું પરણી જાય તો મને નિરાંત થાય. એ તું જાણે છે છતાંય ખોટી જીદે ચડી છે.''

''મા, મારી શરત અફર હતી, છે ને રહેશે. હું જ્યાં પરણીશ ત્યાં તને સાથે લઈને જઈશ. એને લાયક કોઈ ઢંગનું મળવું તો જોઈએ ને! પછી તે લંકાનો રાજા હોય કે ઘોઘાનો મહારાજા.''

''પાછી એ જ રામાયણ. હું દીકરીને ત્યાં કેમ આવું? તારી બુદ્ધિને ઠેકાણે પાડ ને પોતાને ગમે એવું ઠેકાણું શોધી લે. મારી ચિંતા કરી કરીને તું માગાં

પાછાં ઠાલવ્યા ના કર.''

''ને તેં મારી ખાતર બીજાં લગ્ન ન કર્યાં એનું શું? દીકરીને સાચવવામાં તેં તારી જાત ઘસી નાખી, એનું શું? કર્તવ્યના નામની પિપૂડી વગાડ્યા ના કરો મા.''

પિપૂડી નહીં, પણ રિક્ષાનું ભોંપું વાગતું હતું. તેનો ભ્રમ ભાંગ્યો. રિક્ષાવાળો પીઠ ફેરવીને કંઈક અસ્પષ્ટ બોલ્યો. આંખો તરત તેની પીઠ પર અટકી. અદિતિએ રિક્ષાની બહાર જોયું. ''અરે ગેટમાં જ ઉતારશો કે શું કાકા? અંદર લઈ લો ને.''

અદિતિએ બૅગમાંથી મોબાઇલ બહાર કાઢ્યો. સ્ક્રીન પર માના ફોટા પર ટેરવાં અડાડી પાંપણ પલકાવી અંજલિ આપી. મોબાઇલ મૂકીને પૈસા કાઢ્યા. રિક્ષામાંથી ઊતરીને થોડી ક્ષણ સહેજ ઊભી રહીને સોસાયટીમાં નજર ફેરવી. દીદી... દીદી... કહીને ટોળે વળતી બચ્ચાં પાર્ટી ન દેખાઈ. બૅગમાં રહેલી ચૉકલેટ્સનાં પૅકેટને જોઈ ડચકારો ખાધો. પોતાના ઘર તરફ જતાં તેની ભીતર રહેલી કાળમીંઢ એકલતાની હણહણાટી પડઘાવા લાગી. પગ રોકતા હતા કે ઘરે જઈને શું કરીશ? ઊંડે ઊંડેથી ઇચ્છાઓ સળવળી કે કોઈ તેને પોકારે, તેને રોકે, તેની જોડે વાતો કરે. આ બાંકડે તે પતિના ખભે માથું ઢાળીને બેસે ને પતિ તેના વાળમાં આંગળી ફેરવે. એક પ્રકારનો રોમાંચ તેની ભીતર ફેલાયો ન ફેલાયો ને ખરી પડ્યો. ખેર... ઘરે જવું પડશે. સોસાયટીમાં ચારેકોર અંધારાને ચીરતી લાઇટો અને અદિતિને હંફાવતી એકલતા વચ્ચે ચડસાચડસી જામી પડી. કોઈ તેને બોલાવી રહ્યું છે એમ તેને લાગ્યું. ડૉક્ટર અંકલ? ના, આ તો અતુલ અંતાણી. અવાજ ઓળખાઈ જતાં બેધ્યાન રહેવાનું મુનાસિબ માની પગથિયાં ચઢવા લાગી. પણ...

''કેમ છો? અદિતિ!'' નજીક આવી તે વ્યક્તિએ સ્મિત ફરકાવ્યું. ''સૉરી. અદિતિ મૅડમ!'' અદિતિ પરાણે થોભી. ''આજે તમને આવતાંને મોડું થયું? હું તમારી ક્યારની...'' આગળના શબ્દો - રાહ જોતો હતો - તે ગળી ગયો.

''હા. મોડું થયું.'' અણગમાને છુપાવી અદિતિએ જવાબ વાળ્યો, ''પણ મેં તમને મારી રાહ જોવા કહ્યું હતું? જુઓ મિસ્ટર અંતાણી, બપોરે તમે બૅન્કમાં આવ્યા ત્યારે કહ્યું એ પ્રમાણે બધાં પેપર રેડી કરી આપો. તમારી લોન પાસ થઈ જશે. તો હવે રાતે શું છે? કહો જોઈએ!''

અતુલ અંતાણી તેની પત્ની તાન્યા સાથે બપોરે બૅન્કમાં લોનની અરજી લઈને ગયા હતા. અદિતિએ પોતાની ફરજ સમજીને માન્યું કે તેની જ સોસાયટીમાં રહે છે તો લાવને મદદ કરું. બેયની જોડી ખરેખર જામતી હતી. અદેખાઈ આવી. ખૂટતાં પેપર વિશે સમજાવતાં જ અચાનક અદિતિનો પતિ ભાવ જાગ્રત થયો હતો. ''ખરા

છો તમે! પેપર તો તમે જ સાચવો છો ને? બેદરકારપણું ના રાખો. મારે કેટલું યાદ રાખવાનું?''

કાપો તો લોહી ના નીકળે. તાન્યા તો જાણે કે એના અગત્યના કાગળો ખોઈ નાખ્યા હોય એ ભાવે અદિતિને ઘૂરકી રહી. અદિતિના ટેબલ ઉપર રહેલી નેમ-પ્લેટને વાંચી, 'અદિતિ ઉપાધ્યાય.' તાન્યાની આંખોમાં તરવરેલી ઉપાધિ વાંચીને અદિતિએ બાજી સમેટતાં ઉમેર્યું હતું કે મિસ્ટર અંતાણીને બદામ ખવડાવો. તમારે કેટલું યાદ રાખવાનું? ગાજરની સિઝન છે, હલવો બનાવો. બદામ નાખીને. અદિતિને ખડખડાટ હસતાં જોઈને બેય હસી પડ્યાં હતાં.

''ગાજરનો હલવો.'' નિર્લેપ ભાવે અતુલે હાથમાં રહેલી થેલી લંબાવી.

''તાન્યાએ તમારી માટે હલવો મોકલ્યો છે. એ આપવા માટે હું ત્રણ-ચાર વાર અહીં આવ્યો, પણ તમે આવ્યાં નહોતાં. બસ...''

''ઓહ... થૅન્ક યૂ. તેમને પણ કહેજો.'' અદિતિએ સ્મિત ફરકાવ્યું એ અતુલને ગમ્યું. ''તો પણ તમારે જરૂરી પેપર બધાં જ લાવવાં પડશે હં.'' અતુલ મલકાઈને જતો રહ્યો.

અદિતિ થેલી લઈને ઘરે આવી. બધી સ્વિચો ઑન કરતાંને અંધારું લુપ્ત થયું. ખાસ્સા દિવસો બાદ ઘરે આવતાંને તેના ચહેરે મલકાટ હતો. અતુલને કારણે? નહીં. કેમ કે અદિતિના દિવાસ્વપ્નમાંના કોઈ પણ કપોળકલ્પિત પતિને તે જેવો ને તેવો પુનઃ ક્યારેય કલ્પી શકતી નહોતી. મૂળે ક્ષણભંગુર ઘટનાઓ હોવાના કારણે આવા પતિઓની પાછલી ઘટનાઓ ભાગ્યે જ પાછી ખૂલતી. કદાચ ખૂલતી તો નવા આરંભ સાથે આગળ વધતી અથવા તો તદ્દન જ વિપરીત દિશામાં આગળ વધતી. બપોરે અતુલને મળી હતી ત્યારે તે તેનો ક્ષણભંગુર પતિ હતો. હમણાં તેને રાતે મળી ત્યારે અદિતિના મનોભાવ બપોરની ઘટનાથી તદ્દન વિપરીત હતા.

વળી એવું નથી કે તેની માનસિક સ્થિતિ સાવ કથળેલી છે. આવા તો અનેક પતિઓને અદિતિ ક્યારેય પરણી નથી. જેમ કે દૂધવાળો, શાકવાળો, મીટર-રીડિંગવાળો,

જનગણનાવાળો, કોઈના લગ્નમાંનો પિરસણિયો, શેરડીના રસનો સંચો ચલાવનારો, કરિયાણાવાળો, ડિલિવરીવાળો, સિક્યૉરિટી, પ્લમ્બર, અનેક ડિલિવરી બૉય્ઝ, તેની ઑફિસના સહકાર્યકરો, પટાવાળા, ઉપરી સાહેબો વગેરેની ઘટનાઓ દિવાસ્વપ્ન પતે જ સમેટાઈ જતી. સમાજમાં હરવુંફરવું ઓછું હોવાથી તેમ જ ગણ્યાગાંઠ્યા સગાસંબંધીઓમાંથી ભાગ્યે જ કોઈ તેનો ક્ષણભંગુર પતિ બન્યો હશે. આવી જ રીતે એક નામ અદિતિની મા કલાબહેન સાથે જોડાયેલું હતું. અદિતિ વીસેક વરસની હશે ત્યારથી. ડૉક્ટર અન્વિત મુખર્જી.

કલાબહેનના પતિ બનવાની ડૉક્ટર અન્વિતની તહેદિલથી ઇચ્છા હતી. દસકાથી બેય એકમેકને ઓળખતાં હતાં. વિધવાને પરણવાનું સાહસ તેમણે સામેથી દાખવ્યું. અદિતિ રાજી હતી કે હાશ, ચાલો મા પરણશે તો તેમની પાછલી જિંદગીમાં સધિયારો મળી રહેશે. પોતાને પિતાનું નામ મળશે, પરંતુ મા... ઠેઠ મરણપથારી સુધી ટસથી મસ ના થઈ. તે બત્રીસની હતી ને મા સ્વર્ગલોકે ચાલી ગઈ. કલાબહેનના ગયા બાદ તેમની એકની એક અમાનત - અદિતિને ખાતર ડૉક્ટર અન્વિત આજે પણ પરણ્યા નથી. આ તે કેવો ઋણાનુબંધ!

સોફા પર ગોઠવાઈને અદિતિએ મોબાઇલ હાથમાં લીધો. મોબાઇલ સાઇલેન્ટ મૉડમાં કેવી રીતે જતો રહ્યો? સાઇલેન્ટ મૉડ ઑફ કરીને ઇન્ટરનેટ ઑન કર્યું. ધડાધડ નોટિફિકેશન્સ ખડકાવા લાગ્યાં. ઘણાયના વ્હૉટ્સઍપ હતા. ઉપરીનો ટાર્ગેટ વિશે, સોસાયટીના ઍકાઉન્ટન્ટનો- મેઇન્ટેનેન્સ વિશે, સહકાર્યકર મીરાંએ નવા જોડાયેલ સાઉથ ઇન્ડિયન સહકાર્યકર પર એક જૉક બનાવ્યો હતો. ડૉક્ટર અન્વિત મુખર્જીના અગણિત મિસ્ડ કૉલ, સંદેશાઓ હતા. ગુનાહિત ભાવ સહ પાંપણ પલકાવી અદિતિએ ડૉક્ટર મુખર્જીને કૉલ લગાડ્યો, પણ લાગ્યો નહીં. ઊંડો શ્વાસ લઈ તેણે ફોન મૂક્યો. ગળામાંના મંગળસૂત્રના પેન્ડન્ટ પાસે અંગૂઠો ભેરવીને તેણે મંગળસૂત્રને ડાબે-જમણે ફેરવ્યું. સામેની દીવાલમાં રહેલી છબીમાંથી મા અવતરી આવી.

''આ લે અદિ... આ મંગળસૂત્ર તારે કાયમ પહેરી રાખવાનું. રામ જાણે ઘરની બહાર કોણ કેવી નજરેથી તને ઘુરકિયા કરતું હશે?''

''દુનિયાને છેતરી શકાય મા, પણ જાતને છેતરવી અઘરી. કાલે ઊઠીને તો તું બંગડી, ચાંદલો, ઝાંઝર બધું પહેરવાનું કહેશે. એનાથી બીજાને લાગશે કે હું પરણેલી છું. ચાહી કરીને મનને છેતરીને શો ફાયદો?''

''અદિતિ, આકરી થા મા. તું મા બનીશને ત્યારે તને ખબર પડશે.''

''તો તું પણ પહેરને મંગળસૂત્ર. કેમ અડવું ગળું લઈને ફરે છે? બોલાવને ડૉક્ટર અંકલને. ફેરા ફરી લે ને રીતસરના.''

માએ લાફો ઝીંક્યો હતો એ યાદ આવી ગયો. અદિતિ ગાલ પંપાળવા લાગી. તેણે ઊભી થઈને માની છબીને બચી ભરી. ગળામાંથી મંગળસૂત્ર કાઢીને માના ફોટોફ્રેમમાં લગાવેલી ખીલીઓમાં ભરાવ્યું. ''કેમ છો મા? તમે તમારી મરજી મુજબ જ જીવ્યાં ને!'' તેની આંખમાં ભીનાશ ઊઠી. ત્યાગની મૂર્તિ મા તેમ જ ડૉક્ટરની સમર્પણ ભાવના આંખ સામે તાદૃશ થઈ ઊઠી.

'કોઈના બે ચાર શબ્દોનો સધિયારો મળી રહે તો એકલીઅટૂલી સ્ત્રી ગમે એવી આકરી પરિસ્થિતિમાં જનમારો

ખેંચી શકે.' માના આ બ્રહ્મવાક્યને અદિતિએ સાંગોપાંગ અપનાવી લીધું. ડૉક્ટર અન્વિતને અદિતિએ ગુરુ તેમ જ મિત્ર તરીકે અપનાવ્યા. જ્યારે જ્યારે અદિતિને એકલતા અસહ્ય થઈ પડતી ત્યારે તે ડૉક્ટરને ફોન કરી લેતી. દિવસ તો બૅન્કમાં ગુજરી જતો, પરંતુ રાત આકરી થઈને પડખાં ઘસાવતી. મા વગર તે અંદરથી સાવ તૂટી પડી હતી. ઘર ખાવા દોડતું. મા સદેહે ભલે નથી, પણ તે સતત તેની યાદોમાં સાથે ને સાથે જ રહેશે, ડૉક્ટર એવો દિલાસો આપતા. એ કારગત નીવડ્યો નહીં. અદિતિ કોઈ મોટી વયની ઓળખીતી સ્ત્રીને તેની મા સમાન માનીને વાતો કરતી ત્યારે તેવી સ્ત્રીઓને લાગતું કે અદિતિના મન પર આઘાત લાગ્યો છે. તે ગાંડી થઈ જશે કે શું?

''અંકલ આ તો અઘરું! મને નથી ગમતું કે લોકો ચાહી કરીને મારી દયા બતાવે. મારી લાગણીને ગાંડપણમાં કાઢવામાં તેમને શો આનંદ મળતો હશે?''

''હમ્મ. અદિતિ ખરું કહું તો તું કન્ટ્રોલ કરી શકે એમ છે. લોકોની સાથે વાત કરવામાં, હળવાભળવામાં આવું થોડું ઘણું મનદુઃખ થાય, તો એને ઇગ્નોર કરતાં શીખી લે. તું મારી જોડે ગપ્પાં માર. લૉન્ગ ડ્રાઇવ પર જાને. મિત્રો સાથે સમય પસાર કર. આપોઆપ ઉકેલ મળી રહેશે. તારું દુઃખ હળવું થઈ જશે. તને શું લાગે છે કલાની યાદ મને નથી સતાવતી? મને પણ નથી ગમતું તેના વગર.''

મા વિશે વિચારવાનું છોડીને અદિતિ ક્યારે તેનાં દિવાસ્વપ્નોમાં ક્ષણભંગુર પતિઓની કલ્પના કરવા લાગી એ ખુદને પણ ધ્યાનમાં ન રહ્યું. થોડા દિવસો બાદ આ દિવાસ્વપ્નની વાત તેણે ડૉક્ટર અન્વિતને કરી. તે સહેજ હતાશ થયા હતા. એકલતામાં, ડિપ્રેશનમાં થોડી રાહત મળે એ માટે ડૉક્ટરે અદિતિની મેડિકલ ટ્રીટમેન્ટની વાત છેડી. અદિતિએ વિચારને તાત્પૂરતો નકાર આપ્યો. કાચબાની પેઠે જાતને સંકેલીને કોચલામાં પૂરવાને બદલે તે જીવવા લાગી. અનાયાસે તેના પતિઓની કલ્પના કરતી રહી. રાતે એકલી પડતી તો પોતાના પ્રતિબિંબ જોડે વાતોએ પણ વળગતી.

એક દિવસ કળાયું કે દિવાસ્વપ્નની વધતી ઘટનાઓને કારણે તેનું ડિપ્રેશન લેવલ સુધરી રહ્યું છે. એવી તે કઈ આસમાની શક્તિઓ દિવાસ્વપ્નથી મળી કે જેને કારણે અદિતિની કાર્યક્ષમતા સુધરતી ગઈ? બૅન્કમાં તેના પર્ફોર્મન્સની વાહવાહી સહિત તેને બઢતી પણ મળી. ડૉક્ટર અન્વિત પણ ખુશ હતા.

અદિતિ બેડરૂમમાં આવીને વૉર્ડરોબના કાચ પાસે ઊભી રહી. કપડાં બદલતાં તે પોતાના અનાવૃત પ્રતિબિંબને જોઈ રહી. ભરાયેલ શરીર

પર સપ્રમાણ ઘાટીલાં સ્તન, કમરથી વેંત ઊંચા વાળ, વાન થોડો ગોરો. જાતે જ નિતંબે એક ટપલી મારીને તે શરમાઈ ગઈ. ''અણબોટ્યું શરીર.. કોઈ કહે તો ખરું કે ચાળીસીએ પહોંચી છું. લાગું છું ને અઠ્યાવીસ-ત્રીસની?'' આંખ મિચકારીને તે પોતાના પ્રતિબિંબ જોડે વાતે વળગી. બેય હાથ સ્તન તરફ લંબાવ્યા ને પાછા મૂક્યા. હોઠ ચાવતી એ નાહવા જતી રહી. નાહતાં નાહતાં પોલીસચોકીની ઘટના મમળાવી રહી. અફસોસ થયો. આવી નાદાનિયત તેને કેટલી ભારે પડી જાત. દિવસ દરમ્યાનના પતિઓની ક્ષણભંગુર ઘટનાઓ આંખે સામેથી પસાર થઈ રહી.

ફ્રેશ થઈને બહાર આવી. અદિતિને ભૂખ લાગી. રાતના નવ થવા આવ્યા. મંગળસૂત્ર પાછું પહેરી લીધું. રસોઈ બનાવવાનો કંટાળો આવતાં ફ્રિજ ફંફોસ્યું ને ગાજરનો હલવો યાદ આવ્યો. 'થેન્ક યૂ તાન્યા' હસવું કે રડવું, તે અવઢવમાં મુકાઈ. નાહકની બિચારા અતુલને વઢી પડી.

ચમચો ભરીને હલવો મોમાં મૂક્યો ત્યાં ડૉરબેલ વાગી. અદિતિએ ચોંકીને કી-હોલમાં જોયું. 'ડૉક્ટર અંકલ' તેણે રઘવાટમાં દરવાજો ખોલ્યો. ઘરમાં પ્રવેશતાં જ ડૉક્ટરે પ્રશ્નોનો જોરદાર મારો ચલાવ્યો.

''ફોન ક્યાં છે તારો? ક્યારથી ટ્રાય કરું છું કોઈ જવાબ નથી. તેં મૅસેજ પણ જોયા નથી. શું પતિ ખોવાયાની રઢ લઈને બેઠી હતી? મને એ કહે કે તું પોલીસચોકીએ ગઈ જ કેમ?''

અદિતિ નાના બાળકની જેમ રડી પડી. હલવો ગળે ઉતારવામાં તેને જોરદાર ઉધરસ આવી. ડૉક્ટર ગભરાઈ ગયા. પાણી લાવી આપ્યું. ''સૉરી સૉરી. રડ નહીં. છાની રહે. માંડીને વાત કર.''

ઉધરસ શાંત પડતાં અદિતિએ ભારે હૈયે પોલીસચોકીની અથથી ઇતિ ડૉક્ટરને કહી સંભળાવી. થોડી વાર પછી બેય હસી પડ્યાં. થોડો થોડો હલવો ચાખ્યો. અદિતિએ અતુલની વાત પણ છેડી.

''આવું ના કરાય ગાંડી. દિમાગને થોડું ઠંડું રાખ બચ્ચા.'' માથે આશીર્વાદ આપીને ડૉક્ટરે રજા લીધી. અદિતિ તેમને જોવા અગાશીમાં ગઈ ત્યાં નીચે અતુલ અંતાણી પણ આંટા મારી રહ્યો હતો. વળતી ક્ષણે અતુલમાં તેનો પતિ તરંગિત થયો. તે મધ્યમ અવાજે બોલી,

''સાંભળો, હું નીચે નથી ઊતરતી. તમતમારે જમતા આવો ને મારા માટે પાર્સલ લેતા આવજો.''

અતુલે ચોંકીને ઉપર જોયું. આજુબાજુ ને પાછળ ફરીને જોયું. વળી અદિતિ તરફ જોયું. એવામાં ડૉક્ટર નીચે પહોંચી ગયા. અદિતિનો અવાજ તેમના કાને પણ પડ્યો હતો. તેમણે ઉપર જોયું,

''એ હા દીકરા. તારા માટે પાંઉ-ભાજી પહેલાં મોકલાવી દઉં છું, બસ્સ.''

❑❑❑



એક સાઇકિએટ્રિસ્ટની ડાયરી-૧૩

☐ ડૉ. આનંદ નાડકર્ણી ☐ અનુ.: અમી ભાયાણી, ડૉ. શેફાલી થાણાવાલા

ક્લિનિકલ કવિતાઓ

માસ્તર ત્યારે તળકોંકણમાં ક્યાંક રહેતા હતા. તેમની બહેન મને આવીને મળી અને બોલી, "આટલો સારો, પ્રતિભાશાળી માણસ કેવળ દારૂને કારણે વેડફાઈ ગયો છે. એક સમયનો ઉત્તમ કવિ..."

મેં નામ સાંભળ્યું અને યાદ આવ્યું કે અનેક વર્ષો પહેલાં પ્રખ્યાત મરાઠી સામયિકમાં માસ્તરની કવિતાઓ જોઈ છે.

મજબૂત બાંધાના પણ સમયની થપાટો ખાઈને નખાઈ ગયેલા માસ્તર જ્યારે હૉસ્પિટલમાં ઍડ્મિટ થવા માટે આવ્યા ત્યારે તેમના શરીર પરનાં વસ્ત્રો પણ અસ્તવ્યસ્ત થઈ ગયેલાં દેખાતાં હતાં. સમગ્ર અસ્તિત્વ પર અંકાયેલા મદ્યપાનના વ્યસનના કારમા જખમો ખૂબ ઊંડે સુધી ફેલાઈ ગયા હતા. માસ્તર પર ઔષધોપચાર શરૂ થયા.

એક દિવસ સવારે વૉર્ડમાં રાઉન્ડ લેતી વખતે માસ્તર બોલ્યા, "ડૉક્ટર, મારી અવસ્થા કેવી છે, ખબર છે?

કવિતાની પંક્તિઓમાં કહું...

પ્રારબ્ધથી મળેલું ઈશ્વરદત્ત બીજ
ફગાવીને ખુલ્લા મેદાનમાં,
આરામથી ફેલાઈને પડ્યા છીએ
અમે ભરતડકે સૂકા ઘાસમાં."

મેં માસ્તરની પીઠ હળવેથી થાબડી અને દાદ આપતાં કહ્યું, "માસ્તર, એ જ બીજને હવે ફરી ફણગાવવાનું છે... એટલા માટે જ તો આ બધી મહેનત..." ત્યાર બાદ ચાર-પાંચ દિવસ પછી માસ્તર પર એક વિશેષ પ્રકારની ગોળીનો ઉપચાર શરૂ કર્યો. એ ગોળી લીધા પછી જો મદ્યપાન કરવામાં આવે તો 'રિઍક્શન' આવે. થોડા સમય બાદ માસ્તરને ડિસ્ચાર્જ મળ્યો.

અને એક દિવસ અચાનક OPDમાં માસ્તર મારી પાસે આવ્યા. સ્ટૂલ પર બેસતાં બોલ્યા, "ડૉક્ટર, ભૂલ થઈ ગઈ. ન કરવાનો પ્રયોગ કર્યો. થયું, ગોળી સાથે દારૂ લઈને જોઈએ તો ખરા શું થાય છે એ. બીયર લીધો... ઊબકા, ઊલટી, માથાનો દુખાવો ચાલુ થઈ ગયાં. હવે થોડું ઠીક છે પણ..."

ક્ષણભર હું માસ્તર સામે અવાક થઈને જોઈ રહ્યો. મને શું બોલવું એ જ સમજાયું નહીં. હવે શું કહેવું, કેવી રીતે કહેવું? શૂન્યાવસ્થાની એ ક્ષણે સામે પડેલો કાગળ લીધો અને મંતરાયેલી અવસ્થામાં લખતો ગયો.

"તમને મળેલા ઈશ્વરદત્ત બીજનું
બોલો માસ્તર, શું થયું?
વરસાદ આવ્યો, ઊપજાઉ જમીન,
છતાંય ખેતર ઉજ્જડ રહ્યું?
તમે જ શીખવેલી બારાખડીનું
કોકડું કેમ ગૂંચવાઈ ગયું?

આખરે તમારી બુદ્ધિ
કોઈ ભાર ઉપાડી ન શકી;
સાવ નબળી તો નહોતી, છતાંય
ઇચ્છા જોર પકડી ન શકી.

છેવટે દુ:ખી હૃદયથીય
માસ્તર તમે કંઈ ના શીખ્યા;
ચરણોમાં મણ મણનો બોજ, છતાંય
પગલાં યોગ્ય માર્ગે ના વળ્યાં.

છેવટે તો માસ્તર, શબ્દો કેવળ
વાદળની જેમ ગડગડાટ કરતાં
પણ દરેક વખતે બોલતાંને
નવતર ગૂંથણ ગૂંથતાંને
તમારી આંખોના એક ખૂણે
સચ્ચાઈ ડોકાતી હતી.

ક્યાં છે માસ્તર, એ ખૂણો?
ખોવાઈ ગયો સુક્કા ઘાસમાં?
કે ચામડી એની તરડાઈ ગઈ
આ ધોમધખતા તાપમાં?
ના માસ્તર, ના ત્યજશો એ ખૂણો,
થશે એ સાવ નિરાધાર.
ખીલી ઊઠે જો એ ખૂણો તો
ફરી વળશે ઇસ્ત્રી
ચોળાયેલા બધા જ શ્વાસ પર;
ઘણું સહીને બરછટ થયેલી,
ઘવાયેલી એ આંગળીઓ પર
ફરી એક વાર મહોરી ઊઠશે
મંજરી એ પ્રતિભાતણી.

લખાણ પૂરું કરીને માસ્તરના હાથમાં કાગળ આપ્યો. માસ્તરની આંખોમાં આંસુ છલકાયાં.

સુધીર મારે ત્યાં દર અઠવાડિયે આવે છે. તે અતિશય હોશિયાર અને સંવેદનશીલ છે. સ્કિઝોફ્રેનિયા નામના રોગનો તે ઉત્તમ રીતે સામનો કરી રહ્યો છે. હવે તેને થતો માનસિક ત્રાસ પહેલાં જેટલો તીવ્ર નથી રહ્યો. રોગમાંથી બહાર આવતાંની સાથે જ તેને પ્રથમ વર્ગની પદવી પ્રાપ્ત થઈ. હવે તે ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યો છે. કોઈ પણ રોગને લીધે જ્યારે વ્યક્તિ રોજિંદા જીવનલયમાંથી બહાર ફેંકાઈ જાય અને ત્યાર બાદ જ્યારે ફરી એક વાર જીવનને આવકારવા માટે સજ્જ થાય ત્યારે એ માર્ગ અનેક અવરોધોથી ભરપૂર હોય છે.

સુધીરને વચ્ચે જ અચાનક નિરાશા ઘેરી વળે છે. હું હવે ક્યારેય સારો નહીં થઈ શકું એવું લાગવા માંડે છે. આવે વખતે તે મારી પાસે આવે છે. દરેક વખતે હું એને સુવાક્યો, સુવિચાર, સુભાષિતો લખી આપું છું. એનો એક ખજાનો જમા થઈ ગયો છે એની પાસે. નિરાશાની ક્ષણોમાં એ પૌષ્ટિક ભાથું તેની પાસે હોય એ જ તેનો ઉદ્દેશ.

એવી જ એક ખોવાયેલી અવસ્થામાં તે મારી સામે બેઠો હતો. તેને સધિયારો આપનારા મારા હંમેશના મુદ્દાઓ પણ પૂરા થઈ ગયા હતા. હવે શું કહેવું એ યક્ષપ્રશ્ન સતાવતો હતો. મેં કાગળ પર એક શીર્ષક લખ્યું, 'ગૉગલ્સ : અંધારાનાં અને મેઘધનુષનાં.'

આજે કેટલાય માસ પછી
અંધકારનાં ગૉગલ્સ પહેરી
જૂનીપુરાણી નિરાશાનો
શિકાર થતો ના તું ફરી.

તારી ભુજાઓમાં છે તાકાત,
મનમાં તારા છે ધીરજ,
બુદ્ધિ છે તારું હથિયાર
ને મહેનતની છે એને ધાર.

મેઘધનુષનાં ગૉગલ્સ તારાં
ચડાવ એને આંખો પર;
નવાં સ્વપ્નોને સંગે તું
નવી દિશાઓને કર પાર.

ફક્ત આટલું જ કર, જતી વખતે
ફગાવી દે ગૉગલ્સ અંધકારનાં;
ના માત્ર ફગાવીશ એને,
કચડી-તોડી ફેંકી દે.

કાળાં આ ગૉગલ્સ સમા
એ કાળાધબ દુ:સ્વપ્નને
ધૂળ ચાટતું કરીને, શાને
ન આવકાર તું ઉજાસને?

કવિતા વાંચીને તેણે ખિસ્સામાં મૂકી અને બધું સમજાઈ ગયું હોય એમ તે હસ્યો. એ ક્ષણથી એ કવિતા તેની થઈ ગઈ.

ડૉક્ટર અને દર્દીના સંવાદમાંનો નાજુક તાંતણો જ્યારે કવિતાના રૂપમાં સામે આવે છે ત્યારે એ અનુભવ,

આપણા માનવતામાંના વિશ્વાસને ખાતર-પાણી આપતો હોય છે.

કવિતાનું ફૉર્મ એ આદિ અભિવ્યક્તિ જ હોવી જોઈએ. આપણને એ ક્ષણે જે કહેવું હોય એ માટે આપણે કવિતા જ કેમ વાપરતાં હોઈશું? કેવળ માનસોપચારમાં વપરાતાં શબ્દો-સંજ્ઞા-વ્યાકરણનાં હથિયારો કેમ ઓછાં પડતાં હશે? અમુક વિશિષ્ટ દર્દીઓ સાથે જ આ કાવ્યસંવાદ કેમ થતો હશે? આવા અનેક પ્રશ્નોના વમળમાં હું પ્રવેશવા માગતો નથી. હું 'ક્લિનિકલ કવિતા'ને ડૉક્ટર અને દર્દીના સંબંધ વચ્ચેની એક હળવી છતાંય મજબૂત કડી માનું છું.

શંકર નામનો મારો એક સાજો થયેલો ડ્રગ-ઍડિક્ટ મિત્ર છે. ઝૂંપડપટ્ટીમાં રહેતો, બહુ ન ભણેલો શંકર જ્યારે પહેલીવાર ઉપચાર માટે આવ્યો ત્યારથી આ રોગ સામે જબરદસ્ત તાકાતથી લડ્યો.

સ્વભાવે અતિશય મનસ્વી અને ક્રોધી પણ ખરો. સમૂહ માનસોપચારનાં સત્રોમાં શંકર હંમેશાં 'ઍક્ટિવ' રહેતો. જુદા જુદા મુદ્દાઓ પર વાદવિવાદ કરતો. ક્યારેક તો એટલો ગુસ્સે થઈ જતો કે ખભે હાથ મૂકીને, નાના બાળકને સમજાવીએ એમ તેને સમજાવવું પડતું.

એક વાર થોડો શરમાતો મારી પાસે આવીને શંકર બોલ્યો, "ડૉક્ટર, મેં કવિતા લખી છે... તમને વાંચવા આપું?"

"જરૂર, આપ ને."

શંકરની કવિતાની કેટલીક પંક્તિઓ મને કાયમ માટે યાદ રહી ગઈ છે :

કાળ કામ વેગ
કેટલું દોડશે?
કાળચક્ર થંભી જાય છે
બ્રાઉન શુગર સેવતાં.
મૃત્યુના પડછાયા
વધુ થયા ઘેરા
ભરજુવાનીમાં આવ્યો
જીવનનો અંત.

આ બધા શંકરના અનુભૂતિના બોલ હતા. એ વ્યક્ત કરવા માટે તેણે કાવ્યની પંક્તિઓ જ કેમ પસંદ કરી? મને થાય છે કે જે કારણે બહિણાબાઈને ઘંટીમાં અનાજ દળતાં દળતાં ઓવી (ઓવી એટલે આદિ સંત કવયિત્રી બહિણાબાઈ દ્વારા લખાયેલો મરાઠી કાવ્ય પ્રકાર) સ્ફુરી એ જ કારણસર!

ડૉક્ટરી જીવનમાંની આ કાવ્યક્ષણોને મેં વધુ 'ઍનાલિસિસ' ન કરતાં હૃદયસરસી જકડી રાખી છે. જીવન-મૃત્યુનું અવ્યાહત ચક્ર, વિવિધ રૂપે દિવસોની આસપાસ સતત ફરતું, ઘૂઘવતું હોય ત્યારે ખરેખર તો, કવિતાની 'સ્પૉન્ટેનિઅસ બર્સ્ટ ઑફ ક્રિએટિવ એનર્જી' પેનની આસપાસ જ ફરતી હોય છે.

અને, ઘણી વખત તો એ ક્ષણ કાગળ પર ક્યારે અવતરે છે એ પણ આપણને સમજાતું નથી.

મારા દૂરના સંબંધી, એક વૃદ્ધ દાદી હૉસ્પિટલમાં મૃત્યુ પામ્યાં એ જણાવવા મને ફોન આવ્યો અને રાત્રે જ મેં

હૉસ્પિટલમાં દોટ મૂકી. હૉસ્પિટલના ઓરડામાં એક તરફ દાદી માટે કેટલાય લોકોએ લાવેલાં ફૂલો હતાં અને ખાટલા પરની સફેદ ચાદર, સફેદ સાડી, સફેદ દીવાલ, ધોળા કેશ, ગોરો ચહેરો આ બધાંની વચ્ચેથી મારી નજરોમાં પ્રવેશ્યું એ ફક્ત તેમના હોઠ પર મૂકેલું તુલસીપત્ર. બરાબર એ જ વખતે, એ જ હૉસ્પિટલમાં એક સ્ત્રી તેની પહેલી પ્રસૂતિ માટે આવી હતી. બહાર પૅસેજમાં એની ધમાલ હતી. હું હતપ્રભ થઈને આ બધુંય જોઈ રહ્યો હતો. બીજે દિવસે લોકલ ટ્રેનના પ્રવાસમાં આપમેળે લખતો ગયો -

જંતુનાશક દવાની વાસવાળા ઓરડામાં
ડાબે ખૂણે ફૂલો હતાં,
જમણી બાજુની ગાદી પર
કેવળ તુલસીનું પાન હતું,
અને શ્વેત વસ્ત્રોમાં લપેટાયેલું વૃદ્ધત્વ
કાયમ માટે તારુણ્ય પામ્યું હતું.

ઓરડાની બહાર પરસાળ છે
એવી જ, જંતુરહિત, લાંબીલચક,
એના એક છેડેથી અચાનક
ધસી આવી એક લહેર.

દાંતમાં હોઠ દબાવીને
વેદનાને કચડતી વખતે સુધ્ધાં
એનો ચહેરો આતુર હતો;
નવા શ્વાસના પગરવે
પરસાળ પણ હરખાઈ હતી.

ત્યાં ચાર હાથોએ જ્યારે
વૃંદાવનમાં લઈ જવા
તુલસીને ખભો આપ્યો ત્યારે
આ છેડા પરનો કોલાહલ
વધુ જીવંત ભાસ્યો હશે!

બાળના ફરફરતા કાળા વાળમાં
અસીમ કાળનો છાંયો હશે.

અમે ડૉક્ટરલોકો વ્યવસાયની દોટમાં જેમ જેમ ગૂંચવાતા જઈએ તેમ તેમ કવિતાની ક્ષણોને વીસરી તો નથી જતાને? કવિતા કદાચ કાગળ પર ન ઊતરે, પણ ડૉક્ટરના ક્લિનિકલ જીવનમાંની કવિતાની ક્ષણોને સાચવી રાખવી ખૂબ જરૂરી લાગે છે મને. ક્યાંક અમારી સંવેદનશીલતાનું એક પ્રતીક તો નથી એ? કે પછી વ્યાવસાયિક રોબો બનવાની પ્રક્રિયાનો અમારા અંતર્મને કરેલો વિરોધ? કદાચ બન્ને.

ભરવરસાદમાં માસીને કે.ઈ.એમ.માં શિફ્ટ કરવાની દોડધામ ચાલુ હતી. ખાનગી હૉસ્પિટલમાં તેની તબિયત કથળી રહી હતી ત્યારે બધા ડૉક્ટરોએ નિર્ણય લીધો કે તેને મોટી હૉસ્પિટલમાં 'અતિદક્ષતા' (ઇંટેન્સિવ કેર) વિભાગમાં રાખવી જરૂરી છે. માસીને ઍડ્મિટ કરી ત્યારે રાતના સાડા-અગિયાર વાગી ગયા હતા. અતિદક્ષતા વિભાગમાં પ્રસરેલી શાંતિમાં માસીના થાકેલા શ્વાસનો અવાજ વધુ મોટો લાગતો હતો. એના પર ઉપચાર કરનાર ડૉક્ટર-મિત્રોને મદદ કરતો હું પણ ત્યાં જ બેઠો હતો.

ઘડિયાળનો કાંટો બારના આંકડા

તરફ સરકી રહ્યો હતો. મેં રક્ત-તપાસણી કરવા માટે લોહી લેવા માસીનો હાથ મારા હાથમાં લીધો અને અચાનક યાદ આવ્યું, બાર વાગ્યે શરૂ થનારા આજના દિવસે, બરાબર એક વર્ષ પહેલાં મેં અને મારી પત્નીએ લગ્ન કરવાનો નિર્ણય લીધેલો. અડધા કલાક પહેલાં જ તેને મા અને બાપુ સાથે ઘરે મોકલેલી.

જાગતાં જાગતાં પરોઢ થઈ ગયું. નવો દિવસ શરૂ થઈ રહ્યો હતો. માસી હવે 'સ્ટેબલ' હતી. રાતની બધી ક્ષણો એકદમ વીંટળાઈ વળી અને હું લખતો ગયો...

એની સુકાયેલી નસમાંથી
લોહી સિરિન્જમાં ભરાતી વખતે
મિનિટ કાંટો બાર પર પહોંચ્યો...

ટપકતી સલાઇનની બાટલી,
નિઃશ્વાસ નાખતું ઑક્સિજન સિલિન્ડર
અને હાંફનારા એના શ્વાસ
એ જ માત્ર સાક્ષી હતાં.

સાચું કહું છું કેવળ તુજ કાજ
પાંપણો હળવે બીડી,
ઊંડો એક પાડ્યો સાદ,
કાલે રાતે બાર વાગે!

સાથ એટલે શું માત્ર,
હાથમાં હાથ અને ગવાતાં ગીત?
કે સાથ એટલે એકાંતમાં
ખીલનારી એક બંદિશ?

તારી લાંબી આંગળીઓ
ન સ્પર્શતાં ઘણું કહી ગઈ,
કાલે રાતે બાર વાગે!
એ જ વખતે આકાશમાં
વીજળી પણ ઝબકી હતી.

વરસાદ વરસ્યો સાંબેલાધાર
કાલે રાતે બાર વાગે!

(સ્ત્રી, માર્ચ, ૧૯૮૮)

આજની તારીખે : માનસિક આરોગ્યના ક્ષેત્રના વિવિધ ઉપક્રમોની સતત દોડધામમાં, ખાસ કરીને તરુણ વિદ્યાર્થીઓની શિબિરો, કાર્યશાળા વગેરેની સાથે મેં કવિતા તથા ગીતો લખવાનું ચાલુ રાખ્યું. વેધ વ્યવસાય પરિષદ માટે તે તે વર્ષના ઉદ્દેશ અનુસાર ગીતો રચતો ગયો. એ ગીતો સ્વરબદ્ધ પણ કર્યાં. આમ મારા ગીતોનાં ત્રણ આલબમ બહાર પડ્યાં. મહારાષ્ટ્રની અનેક શાળાઓમાં આ ગીતો ગવાય છે. એના પર આધારિત નૃત્ય-રચનાઓ પણ બની છે. ટૂંકમાં, કવિતા લખવાની શરૂઆત થઈ 'વન-ટુ-વન' સંવાદ માટે. પણ આગળ જતાં આ ગીતો 'વન-ટુ-મૅનિ' સંવાદ માટે વપરાયાં. મુક્તાંગણ વ્યસનમુક્તિ કેંદ્રમાં હું બધા જ દર્દી-મિત્રોને આને માટે પ્રોત્સાહન આપું છું અને 'ગીતોની રચના' એ વિષય પર જૂથ-સત્રનું આયોજન કરું છું. આ સામૂહિક પ્રયત્નો થકી અનેક 'કવિતાઓ' રચાઈ છે.

- લેખક



દેવ ડોવળીનો પ્રકૃતિ રાગ

☐ વિક્રમ ચૌધરી

નામ : દેવ ડોવળી
વાદ્યનો પ્રકાર : ફૂંકીને (દમ ઘૂંટીને) વગાડાતું વાદ્ય
વાદ્યનો ઉપયોગ : દેવપૂજા
વાદ્યની ઓળખ : ચૌધરીઓનું દેવ વાદ્ય (સુરત, તાપી, નવસારી જિલ્લો)
વાદ્ય બનાવનાર : ચૌધરી કલાકાર
માતૃભાષા : ચૌધરી

વાદ્ય બનાવવા માટેની સામગ્રી : બે માનવેલ, વાંસની ભૂંગળી, બે દૂધી, પીપા માટે બે 'નરહિલી' અથવા બરુ ઘાસ, ઢેંડરં (જંગલી ભીંડી) અને બે નાના વાંસ, મોરનાં બસો પીંછાં (આશરે), દશ-પંદર તાડના છટિયા - 'હાકે', બે મીટર મોટી દોરી, પાંચ મીટર નાનો દોરો અને અડધો ખોબો 'મેણ'

ઊંચાઈ ઘેરાવો : 36 ઈંચ x 15 ઈંચ (આશરે)

વજન : 2.9 કિલોગ્રામ (આશરે)

પૂર્વ ધ્વનિ : સાહિત્ય, સંગીત, સંસ્કૃતિ અને કલાનું વૈવિધ્ય એ માનવ જીવનની અતુલ્ય સમૃદ્ધિ રહી છે. ગીત, સંગીત અને નૃત્ય માટે વિવિધ પરંપરાગત સાંસ્કૃતિક સમૃદ્ધિનો ઉપયોગ માનવી જીવનના ઉલ્લાસની અભિવ્યક્તિના ઉપાદાન તરીકે આદિકાળથી કરતો આવ્યો છે. આ સાંસ્કૃતિક સમૃદ્ધિ જિવાતા જીવનનું જીવંત રૂપ હોય છે. જિવાતા જીવનની સમૃદ્ધ ધરોહર આજે ગ્રંથાલયો અને સંગ્રહાલયોમાં શોભી રહી છે. પુસ્તક અને સંગ્રહાલયની બહાર જિવાતા જીવનમાં સમૃદ્ધિને શોધીએ તો જીર્ણ રૂપે મળે છે. તો વળી અનેક સમૃદ્ધ પરંપરાના કાંગરા સમયના પ્રવાહમાં ખરી રહ્યા છે. ને કાંગરા ખરવાની ગતિ આજે ભયજનક રીતે વધી રહી છે. આ ગતિમાં જગતની અનેક કલાઓ માનવ જીવનમાંથી લુપ્ત થઈ ગઈ છે. જ્યારે કલાઓનો સંબંધ માનવ જીવનને આનંદ આપનારો રહ્યો છે. આ જીવનાનંદ સહ આદિવાસીઓ સમયકાળના બદલાવ વચ્ચે સમૃદ્ધ ધરોહરને પરંપરાગત રૂપમાં સાચવીને મૂળ રૂપે ગીત, સૂર, તાલ અને લય સાથે જીવંત સંબંધ ટકાવીને જીવી રહ્યા છે.

જીવંત સંબંધ એટલે સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક કે જીવનના કોઈ પણ પ્રસંગે જુદાં જુદાં વાદ્યોની પ્રસ્તુતિ. વાદ્ય કલાની પ્રસ્તુતિ એ માનવ સભ્યતાના વિકાસની એક મહત્ત્વપૂર્ણ જીવંત કડી રહી છે. આદિવાસીઓનો જીવંત સંબંધ એટલે દેવ પૂજા, મૃત્યુ, મૃત્યુ પછીની પૂજા, પ્રેમ સંવાદ, લગ્ન, સામાજિક ઉત્સવો, સામૂહિક અને વ્યક્તિગત સંદેશ, સામૂહિક અને વ્યક્તિગત સંગીત, મનના જુદા જુદા ભાવો અને લાગણીની અભિવ્યક્તિ. જે માટે જુદા જુદા આદિવાસી સમુદાય પાસે પ્રસ્તુતિનાં પરંપરાગત જુદાં જુદાં વાદ્યો રહ્યાં છે.

દક્ષિણ ગુજરાતમાં વસતા ચૌધરી, ધોડિયા, ગામીત, કુંકણા, વસાવા, વારલી, કોટવાળિયા વગેરે આદિવાસીઓ અનેક વાદ્યોની કલાસમૃદ્ધિ સાચવીને પરંપરાગત રીતે પ્રયોજી રહ્યા છે. જેમ કે, ચૌધરી સમુદાયના લોકો દેવ ડોવળી, ડોવળું, ટારપું, ટીંગરી, ઘાંઘળી, વાંસળી, કીરચો, દેવ લાકડી, તાસા, તુર, નગારું, ઢોલ વગેરે સંગીતવાદ્યોની સમૃદ્ધ ધરોહર સાચવીને જીવે છે. તો, કુંકણા સમુદાયના લોકો માદળ, ઢાક, ઘાંઘળી, થાળી, ડેરા, તારપું, પાવરી, પાવા, મોહવર પાવા, ચૂન ચૂને, ઘોળ કાઠી-દેવ લાકડી, ઢોલગી, કાહળે, સાંબળે-સાંવળે, કીરચો, તાસા, ચંગ, નગારું વગેરે અઢાર સંગીતવાદ્યોની સમૃદ્ધિ સાથે સંગીતમય જીવન જીવતા આવ્યા છે. સમુદાય પાસે સામૂહિક, કૌટુંબિક અને વ્યક્તિગત જીવનપ્રસંગોને સુમધુર બનાવવા જુદાં જુદાં વાદ્યો હોવાં, એ સમાજની કલાસમૃદ્ધિનો ઉત્તમ નમૂનો



ગણી શકાય છે. સમુદાય પાસે સાંસ્કૃતિક કલાસમૃદ્ધિમાં વાદ્ય કલાનું વૈવિધ્ય હોવું એ આનંદી અને તંદુરસ્ત સમાજની નિશાની છે. એવા ભારતના વિવિધ આદિવાસી સમૂહો આનંદી, તંદુરસ્ત અને કલા સર્જનની પરંપરાના વાહક અને ચાહક રહ્યા છે.

આદિવાસી જીવનના સામાજિક, ધાર્મિક, વ્યક્તિગત અને સામૂહિક જુદા જુદા પ્રસંગોમાં જુદાં જુદાં વાદ્યોનું અનોખું સ્થાન રહ્યું છે. ધાર્મિક પ્રસંગોમાં હીમાર્યો દેવ, મરખી દેવી, કાકોબલ્લો વગેરે ગામના દેવોની પૂજા થાય છે. આદિવાસી વિસ્તારના જુદા જુદા ડુંગર ઉપર મોટા દેવનાં સ્થાનકોએ કનસરી-અનાજની પૂજા 'હરખી' ઉત્સવ, મૃત્યુ પછી પિતૃને દેવ તરીકે સ્થાપના કરવાની 'ખતરું' વિધિ-પૂજા અને હોળીની પૂજા સમયે વગાડવાની પરંપરા છે. આ પ્રસંગો કૌટુંબિક અને સામૂહિક બંને પ્રકારના હોય છે. પૂજા સમયે એક તરફ ભગત ચોખાની પૂંજ મૂકી દેવને વિનવે કે અનાજનાં કણસલાં ચઢાવે કે પિતૃ દેવની સ્થાપનાની વિધિ સમયે દેવ ડોવળી વગાડીને જ પૂજા કરવાની પરંપરા રહી છે. પૂજાનો સમયગાળો એક દિવસથી સાત-આઠ દિવસ જુદા જુદા દેવો અને જુદી જુદી પૂજા પ્રમાણે હોય છે. દેવની પૂજા વખતે પૂજાની શરૂઆત થાય ત્યારથી પૂજા પૂરી થાય ત્યાં સુધી અને પૂજાનું સ્થાનક દૂર

હોય તો સ્થાનકે જતાં રસ્તામાં ગાલ્લી કે જે વાહનમાં બેઠા હોય ત્યાં બેસીને દેવ ડોવળી વગાડવાની પરંપરા રહી છે. વગાડનાર રસ્તામાં ગોવાળ, ખેતરમાં કામ કરતી વ્યક્તિ, બાળક, કોઈ કલાકાર કે પૂજા કરવા જતા કે રસ્તામાં દેખાતા લોકોને આશીર્વાદ, પરંપરાનું જ્ઞાન કે માનવીય ભાવોને સૂરમાં વણી લે છે. તે સમયે સાંભળનાર વ્યક્તિ દેવ ડોવળીમાં વાગે તે પ્રમાણેનું અનુસરણ પણ કરે છે.

કલાકારની પારંગતતાઃ દેવ ડોવળી વાદ્યની ચર્ચા પહેલાં આપણે દેવ ડોવળી વગાડનારની પ્રવીણતા અને પરંપરાગત કલાકારની જવાબદારી જોઈએ. દેવ ડોવળી, દેવ વાદ્ય હોવાથી પૂજા સમયે ભગતની પૂજા વિધિના ક્રમ પ્રમાણે ***દેવની ડોવળી*** વગાડનાર પૂજાના જુદા જુદા ચાળા વગાડે છે. વગાડવાની સાથે ભગત કે અન્ય કોઈની ભૂલ ન થાય એનું ધ્યાન પણ રાખે છે. આ પરંપરાની જાણકારી ત્યારે જ સંભવે કે ભગત અને વગાડનાર ધાર્મિક, સામાજિક, શારીરિક અને વાદ્ય કળામાં પારંગત, કેળવાયેલા અને પરંપરાના જાણકાર હોય.

દેવ ડોવળી વગાડનાર જુદા જુદા દેવો, દેવોનાં સ્થાનક, સમય પ્રમાણે થતી જુદી જુદી પૂજા વિધિ, દરેક પૂજા સમયના ચાળા, કયા ચાળા ક્યાં વગાડાય ને ક્યાં ન વગાડાય તેની જાણકારી અને સમજ ધરાવે છે. પૂજાના સમયે ભગત જે દેવની પૂજા કરે છે તે દેવના ચાળા દેવ ડોવળી વગાડનાર વગાડે છે. દા.ત. ભગત પ્રથમ આસપાસના દેવોને અધિકારપૂર્વક પૂજાના સ્થાનકે નામ લઈ નિમંત્રિત કરે છે. તે સમયે દેવ ડોવળી વગાડનાર ભગતની સાથે જ ડોવળીમાં અગાઉ ઉલ્લેખ કર્યો છે એવા આસપાસના દેવોનાં નામ લઈ નિમંત્રિત કરે છે. શબ્દો અને સૂરથી દેવોને નિમંત્રિત કરવાની પરંપરા આદિવાસીઓની નોખી કહી શકાય એવી રહી છે.

દેવ ડોવળી વગાડનાર નોતરું મળ્યા પછી પૂજા પૂરી થાય ત્યાં સુધી ક્યાં જવાય અને ક્યાં ન જવાય? શું ખવાય અને શું પિવાય? અને સામાજિક મર્યાદાઓનું ધ્યાન પંદર દિવસ પહેલેથી રાખી જુદી જુદી પરેજી પાળે છે. આ સિવાય સામાન્ય જીવનકાળમાં પણ દેવ ડોવળી વગાડનાર દેવ ડોવળી અને દેવ પૂજાની પવિત્રતા જળવાય તે માટેની પરેજીનું હંમેશાં પાલન કરે છે.

દેવ ડોવળી વગાડવા માટે સતત મોંથી ફૂંકવું પડે છે. માટે દેવ ડોવળી બનાવનાર કે વગાડનાર શારીરિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત જ હોય છે. સતત ફૂંકવાનું ત્યારે જ સંભવે જે વગાડનારને 'દમ' ઘૂંટતા આવડે. 'દમ' ઘૂંટવો એટલે નાક વાટે શ્વાસ લઈ મોં વાટે અવરોધ વગર ફૂંકવું કે હવા બહાર કાઢવી. દમ ઘૂંટી ડોવળી વગાડવાનું કાર્ય શારીરિક રીતે તંદુરસ્ત માણસ જ સારી રીતે કરી શકે છે. ડોવળું, પાવરી, ટારપું, મોહવર પાવો,



પાવો, વાંસળી વગેરે સુશિર વાદ્યો 'દમ' ઘૂંટીને વગાડાય છે. આદિવાસીઓનાં આ વાદ્યો વગાડવાનું મુશ્કેલ હોઈ સ્વસ્થ અને તંદુરસ્તી કલાકાર માટે મહત્ત્વની હોય છે.

આદિવાસીઓના દેવો : આદિવાસીઓના દેવોના સ્થાન સંદર્ભે મહત્ત્વની લાક્ષણિકતા એ રહી છે કે, પોતે જ્યાં ઇચ્છે ત્યાં ઘર, વાડો, ખેતર, જંગલ, ડુંગર, નદી, કોતર, પથ્થર કે ધરતી ઉપરની કોઈ પણ જગ્યાની સફાઈ કરી, પાણી છાંટીને પવિત્ર કરી, છાણથી લીંપી, ધરતી, આકાશ, સૂર્ય, હવા, પાણી અને ચારે દિશાને નમન કરી, ચોખાની પૂંજ મૂકી, તેલનો ધૂપ કરી દેવોને નિમંત્રિત કરી પૂજા કરવાની પરંપરા છે. આમ ધરતીનો કોઈ પણ ભાગ એના માટે પૂજા, ઉપાસના અને પ્રાર્થનાનું સ્થળ છે. આ પ્રાકૃતિક સ્થળ માટે આર્થિક વ્યય આદિવાસી સમુદાય કરતો નથી.

દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ દેવ ધરતી, દેવ સૂર્ય, દેવ ચંદ્ર, દેવ પાણી, દેવ વાયરં, કણી-કંસરી, પાન દેવ, હીમાર્યો દેવ, વાઘ દેવ, ગોવાલ દેવ, નાગ દેવ, બણબો દેવ, નાંદરવો દેવ, ગુમ્હાયમાડી, આહિન્દો ડોગાર, દેવમોગરા, દૂધમોગરા, દેવલીમાડી, કાલોકાકાર, ફેંડોતળાવ, કાંગરીવેલ, કંસરીમાતા, નાડી ઢોલ, દેવ ઘાટ, ગોવલી ગઢ, બગનો ફૂત, ચોસઠ જોગણી, કાકોબલ્લો, ફૂરીમાદણ, હોલ્લયો ડોગાર, કવાળ્યો ગઢ, ખાંબા માવલી, રાસે માવલી, કનસરા ગઢ, સેદવડ ગઢ, નળગ્યા ગઢ, ફીલ્યા ગઢ, માંગી ગઢ, તુંગી ગઢ, રહીણ્યો ગઢ, સૂર્યા ગઢ, બુરયા ગઢ, સુરીત ગઢ, સાલ્લેર ગઢ, મુલ્લેર ગઢ, દૂધ ગઢ, ફૂલ ગઢ, તુંગ્યા ગઢ, દેવ માળ, નીલો દાબ, હેલો દાબ,

પીલો દાબ, નીલં જળ, પીલં જળ, કાલ જળ, આસનાયના જળ વગેરે જુદાં જુદાં સ્થાનક અને પ્રદેશની આસપાસનાં ડુંગર, નદી, જંગલ અને ધરતી પરના વિવિધ પ્રકૃતિના દેવો આદિવાસી શ્રદ્ધાનાં સ્થાનકો રહ્યાં છે. આ સ્થાનકો દક્ષિણ ગુજરાત અને તેની આસપાસનાં જુદાં જુદાં ડુંગર, ગઢ, નદી, જંગલોમાં આવેલાં છે.

કુદરતી તત્ત્વો અને વાદ્ય કળા : કુદરતી તત્ત્વો સાથેનું સહજીવન, સમતોલ અને ખપ પૂરતું પ્રાર્થના પછી ઔષધિ, લાકડું કે પાણી લેવું, જીવમાત્રની ચિંતા સાથે કુદરતી તત્ત્વોની પૂજા કરવાની પરંપરા આદિવાસી જીવનનો મૂળ મંત્ર રહ્યો છે. એમાં કુદરતી તત્ત્વોનો કલાત્મક ઉપયોગ કરી સૂર સર્જન કરવું એ આદિવાસીઓની અને આદિવાસી વાદ્યોની લાક્ષણિકતા છે. સંગીત વાદ્યો બનાવવા માટે આદિવાસીઓ ઝાડ-થડ, ડાળી, મૂળ, લાકડું, વાંસ, ઘાસ, પાંદડાં, પક્ષીનાં પીંછાં, પશુનું ચામડું, શીંગડું, દૂધી, ડોવળી, તુંબડો જેવાં કુદરતી તત્ત્વો-અંગોને પોતાને અનુકૂળ હોય એ રીતે કાપી, પોલાં બનાવી, કાપા પાડી, ગોળ બનાવી, ચપટું બનાવી, ચીપળો ફોડી, કાણાં પાડી, ગૂંથી, ચામડું ચઢાવી, ચામડું બાંધી, ચામડું વીટી, પાંદડાં વીટી, દોરીથી બાંધી, મેણથી ચોંટાડી, સુંદર ઘાટ આપી, કલાત્મક રીતે શણગારી કર્ણપ્રિય સૂર નિર્માણ કરે છે.

નોતરવાની પરંપરા : અગાઉ નોંધ્યું છે તેમ દેવ ડોવળી હરખી, ખતરું, ગામ બાધા, રાવણે, ઓહડે, કણી-તોરણે જેવા સામૂહિક અને વ્યક્તિગત પ્રસંગોમાં પૂજા સમયે વગાડવાની પરંપરા છે. આ પ્રસંગોમાં દેવ ડોવળી વગાડવા માટે પ્રથમ ડોવળીવાળાને વિધિવત્ નોતરવાની પરંપરા છે. જો પ્રસંગ એક કુટુંબનો હોય તો કુટુંબના વડીલ અને ગામનો પ્રસંગ હોય તો ગામના વડીલો ડોવળી વગાડનારના ઘરે જઈ, ચોખા અને પાંચ-દશ રૂપિયા દૂધ-કુવળીના પાંદડાંમાં પડીકી વાળીને ડોવળી વગાડનારની પાઘડી કે ટોપીમાં ખોસીને નોતરું આપે છે. વિધિવત્ નોતરાનો સ્વીકાર કર્યા પછી ડોવળીવાળો બીજી જગ્યાનું નોતરું લેતો નથી. નોતરું મળ્યાના દિવસથી દેવ ડોવળી વગાડનાર પરંપરા પ્રમાણેની પોતાની પાલણી-નીતિ નિયમ પાળવાની શરૂઆત કરે છે, જે પ્રસંગ પૂરો થાય ત્યાં સુધી પાળે છે. પૂજા પૂરી થયા પછી દેવ ડોવળી વગાડનારને આપવામાં આવતું 'દામ' - મહેનતાણું હાથમાં નહીં પરંતુ એની પાઘડી કે ટોપીમાં ખોસીને આપવાની પરંપરા છે.

ચૌધરીઓ ખેતી, પશુધન, ગામની અને પરિવારની સુખાકારી માટે જુદા જુદા દેવોની માનતા રાખે છે. માનતા પૂરી થયે દેવની પૂજા અને આનંદ તે 'હરખી.' આખા ગામની માનતા હોય તો 'ગામ હરખી' અને કુટુંબની માનતા હોય તો 'ખાનગી હરખી' કહેવાય. પોતાના ખેતરમાં નવો પાક તૈયાર થયો હોય તે પ્રથમ દેવને ચઢાવવા માટેની પૂજા તે

'હરખી' ઉત્સવ. આદિવાસીઓ પોતાના ખેતર, વાડો કે જંગલમાં થતી જંગલી ભાજી, નવું ધાન, ફળ, શાકભાજી વગેરે દેવને અર્પણ-ચઢાવ્યા પછી જ ખોરાકમાં આરોગે છે.

દેવ ડોવળીમાં ગામ દેવ, ઔષધિની પૂજા, કણી-તોરણે, કાકોબલ્લો, ખતરું, રાવણે કાઢવા, ખળીની પૂજા વગેરે જુદા જુદા દેવોની પૂજાની પરંપરાને અનુરૂપ ચાળા વગાડવાની પરંપરા છે. જેમાં દેવને નચાવવાના, બોલાવવાના, ધુણાવવાના, દેવનાં ગીતો, પૂજાની પરંપરા, મંત્રો વગેરેના અનેક ચાળા દેવ ડોવળીમાં વગાડવામાં આવે છે.

મૌખિક શાસ્ત્રીયતા : લોકસંગીત અને લોકવાદ્યના અભ્યાસુ, જિજ્ઞાસુ અને ચાહકોએ આ વાતનું ધ્યાન રાખવું રહ્યું કે આદિવાસી લોકવાદ્યો, લોકસંગીત અને લોકનૃત્ય એ કલા નહીં, પરંતુ આદિવાસી લોકજીવનનો પ્રવાહ છે. આ લોકકલાઓને આદિવાસીઓએ કલા તરીકે જોવાનો દૃષ્ટિકોણ કેળવ્યો નથી, પરંતુ એમના જિવાતા જીવનના એક અંશ તરીકે લોકજીવનમાં વહે છે. આદિવાસી જીવનના આ પ્રવાહને વાદ્યકલા, સંગીતકલા અને નૃત્યકલાના રાગ, તાલ કે સૂરના શાસ્ત્રીય માનદંડોથી મૂલવવું શક્ય નથી, કારણ કે આદિવાસી જીવનનું પરંપરાનું જ્ઞાન, સાહિત્ય, સંગીત, સંસ્કૃતિ, કલા, માન્યતા, દેવો સમગ્ર લોકજીવન પરંપરાગત મૌખિકતા પર આધારિત છે ત્યાં, શાસ્ત્રીયતાનું માપ ટૂંકું પડે છે.

આદિવાસી લોકકળાઓને મૌખિક શાસ્ત્રીયતાથી ચકાસીએ ત્યારે આદિવાસી લોકવાદ્યોના મોટા ભાગનાં વાદ્યોના સૂરનિર્માણમાં પ્રકૃતિનો ધ્વનિ રહ્યો છે. માનવ નિવાસ ભૌગિલિક પ્રદેશ પ્રમાણે નદી, સાગર, ડુંગર, જંગલ, ઝાડ-પાન-ડાળી, ખીણમાં હવા, પાણી, અગ્નિની ગતિ અને ઘર્ષણથી ઉદ્‌ભવતા ધ્વનિઓ, પશુ-પક્ષી, જીવ-જંતુના જુદા જુદા ધ્વનિઓ, આકાશ, ધરતી, સાગરના વિવિધ ભાગો પર વરસાદ અને હવાની સ્થિતિ અને ગતિના ધ્વનિઓ, માણસની આદિમ અવસ્થાના આનંદ, પીડા અને ક્રીડાના ધ્વનિઓની સાથે જગતમાં સમયકાળના ચક્રમાં જૂજ બનતી કુદરતી ઘટનાઓનો નાદ માનવમસ્તિષ્કમાં ઝિલાયો છે. આ સ્મૃતિના જીવન આનંદ માટે પુનઃ ધ્વનિના સર્જનની પ્રક્રિયામાં આદિવાસી વાદ્યોના સૂર રહ્યા હશે. સૂર સર્જન માટે અનુભવ જગત અને પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોનો સમન્વય કેળવી, પ્રાપ્ત સામગ્રીની કુદરતી રચનાને અનુરૂપ સૌંદર્ય આપ્યું છે. ઘાટ, આકાર, માપ અને સજાવટ કુદરતી કળાની જેમ માનવકળાનું વૈવિધ્ય માનવમનના માપ પ્રમાણેનું રહ્યું છે. એ જ રીતે હવાના દબાણથી નિર્મિત ધ્વનિને બંને હાથનાં આંગળાંઓનું ક્રમિક આવર્તન અને હાથની થાપની સાથે દાંડીનો સહયોગ લઈ ઘર્ષણ અને ઘાતથી વિવિધ વાદ્યોના

માનવ સર્જિત સૂરનું વૈવિધ્ય અગણિત રહ્યું છે.

આ સૂર-ચાળા અને નાચણાના ચાળા પ્રમાણે અંગ લયનું પરંપરાનું અમાપ વૈવિધ્ય આંખ, કાન અને દૃષ્ટિની સમગ્રતા મન-હૃદયને આનંદ સાગરમાં ડુબાડે છે. આ પરંપરાગત ચાળાઓમાં આ પૂર્વ વધારો થયો હોય એવું ધ્યાને આવતું નથી. હા, સમયના પ્રવાહમાં ચાળા લુપ્ત થતા જરૂર જોઈ શકાય છે. દેવ ડોવળી, માદળ, ઢાક, ઘાંઘળી જેવાં વાદ્યોને દેવનું સ્થાન આપી વાદ્યની પવિત્રતા, પૂજા અને માદળ જેવાં વાદ્યો બનાવતાં પહેલાં જરૂરી સામગ્રી મેળવવા માટે ઝાડની પૂજા-પ્રાર્થના કરવામાં આવે છે. આમ આદિવાસી લોકજીવનમાં દાર્શનિકતા, લોકસંગીત, લોકવાદ્ય અને લોકનૃત્યને મૌખિક શાસ્ત્રીયતાના નવા અભિગમથી તપાસીશું તો આદિમ કળાઓનાં મૂળ કુદરત અને માનવી બંનેની પ્રકૃતિ અને તેમાંથી ઉદ્‌ભવતા ધ્વનિ, સૂર, તાલ અને લયની ભૂમિમાં પડેલા દેખાશે.

કલાકારનો સૂર : આજે દેવ ડોવળીનો સુમધુર સૂર, આદિવાસી કલાકારોની અમૂલ્ય કલાસમૃદ્ધિ અને સાંસ્કૃતિક પરંપરા અકુદરતી વંટોળિયાના વમળમાં ધરતીના પેટાળમાં ગરકાવ થઈ રહી છે ત્યારે, કુદરતી સંગીત, નૃત્ય, ગીત અને જીવંત સાંસ્કૃતિક સૂરની ચિંતા થાય એ સ્વાભાવિક છે. કલાના કટોકટી કાળમાં સૌ ચાહકો તારણહાર બની આવે એ સમયની માંગ તરફ આદિવાસી વાદ્યકલા મીટ માંડી રહી છે. કટોકટીના કાળમાં સૌ સાંસ્કૃતિક સુંદરતાના પૂજારી અને કલાપ્રેમી કદરદાનોને દેવ ડોવળીની કલા હસ્તગત થાય અને દેવ ડોવળીના સૂરની સાથે માનવી અને દેવની નૃત્યક્રીડા ધરતી પર રચાય, તો આ કલા જીવંત રહેશે. ને જીવંત કલાની આ નૃત્ય ક્રીડા સૌને માનવી હોવાની અનુભૂતિ કરાવશે. એવી નૃત્ય, સંગીત અને કલા પ્રેમની સાંસ્કૃતિક ધરોહર સાચવીને જીવતા આદિવાસીઓની સભ્યતાની કળાને લોકજીવનમાં જીવંત રાખીએ.

અહીં શબ્દોમાં ઢાળેલી સામગ્રી દેવ ડોવળીના કલાકાર, મૌખિક પરંપરાના જ્ઞાની, સાંસ્કૃતિક ધરોહરના ચાહકો અને વાહકો શ્રી. વસનજીભાઈ ચૌધરી, શ્રી. જેસિંગભાઈ ચૌધરી, શ્રી. છીતુભાઈ ચૌધરી, શ્રી. અરવિંદભાઈ ચૌધરી, શ્રી. ભીમાભાઈ ચૌધરી, શ્રી. ચામડ્યાભાઈ ચૌધરી, શ્રી. જાન્યભાઈ ચૌધરી અને આદિવાસી પરંપરાના જાણકાર ચૌધરી વડીલો અને 'હરખી' પૂજા કરતા ભગતો પાસેથી મેળવી છે. સૌ લોકકલાકારોને અપેક્ષા છે કે, દેવ ડોવળીનો સૂર પરંપરાગત રીતે એક પેઢીથી બીજી પેઢી સુધી આગળ વધે, નવા કલાકારો તૈયાર થાય, આવનારી પેઢી આદિવાસી લોકવાદ્ય અને લોકસંગીત જાણે ને કલાની કદર થાય.

❑❑❑



(યૂ ટ્યુબ પરથી લઘુ ફિલ્મ)

લાઘવમાં લાવણ્ય

☐ ઉષા શેઠ

કેવડા

અગાઉ, 'લાઘવમાં લાવણ્ય' એવી બાર મિનિટની મરાઠી લઘુ ફિલ્મ 'ચૌકટ'ની વાત કરી હતી. આજે, ૨૨ મિનિટની મરાઠી ફિલ્મ 'કેવડા'ની વાત રજૂ કરું છું.

દાદી-પૌત્ર, બે જ પાત્રોની બનેલી આ ફિલ્મ છે. દરવાજાની ઘંટી વાગે છે, આજી (દાદી) દરવાજો ખોલે છે. ''આવ, આવ'' હરખભેર પૌત્રને આવકારે છે. પૌત્ર સૌફા પર બેસે છે. આજી પાણી અને લાડવાનો ડબ્બો લઈને આવે છે.

''લે આ છેલ્લો લાડવો ખા.''

''અરે આજી, હું તો હજી તારા હાથનાં ઘણાં લાડવા ખાવાનો છું. આ કંઈ છેલ્લો લાડવો નથી.''

''મારા રોયા, એમ છેલ્લો નહિ, ડબ્બામાંનો છેવટનો એમ કંઈ તારાં લગ્ન

માણ્યા વગર મરવાની નથી.''

''આજી તું કેમ છે, મજામાં છે ને?''

''તારા માબાપે મને આવો સરસ, રાચરચીલાથી સજ્જ સ્વતંત્ર ફ્લેટ આપ્યો છે, એમાં હું મજામાં જ હોઉં ને! તેઓએ ખાતરી કરી છે કે મને ત્રાસ ન થાય અને એમને પણ. તેઓ કેમ છે? તારી મા તો એની પાર્ટીઓ અને બ્યુટી પાર્લરમાં મસ્ત હશે.''

''આજી, એણે આજે, પાર્ટીમાં જવા માટે લીલો ડ્રેસ પહેર્યો હતો એટલે આંખો પણ લીલા રંગની કરી હતી!''

''શું વાત કરે છે!'' અને બેઉ ખડખડાટ હસે છે.

''તું આજે શું જમ્યો?''

''મેં બહાર ખાધું.''

''એને રાંધવાનો સમય જ નહિ હોય... બોલ તારે માટે શું બનાવું?''

પૌત્ર એના બેક-સેકમાંથી વડાપાંઉનાં બે પડીકાં કાઢે છે. ''હું આપણાં બેઉ માટે લાવ્યો છું.''

''તું જ ખાજે. મને એવું બધું ખાવાની ટેવ નથી.'' પૌત્ર આગ્રહ કરે છે એટલે આજી એ લઈને રસોડાની બારી પાસે જાય છે, કાગડાને ખવડાવવા.

''આજોબા (દાદા) હજીયે તારા હાથનું રાંધેલું ખાવા આવે છે?''

''ના, હવે કેટલાં વર્ષો વીતી ગયાં. એ નહિ, પણ બીજા કાગડા આવે છે.''

''આજોબા હવે બીજે જતા હશે.''

''એમ એ બીજે ન જાય હોં.''

સોફા પર લેપ-ટોપ, હેડ-ફોન, જાતજાતનાં વાયર ઇત્યાદિનો પસારો કરીને પૌત્ર ત્યાં બેઠો છે. આજી કાગડાને એનો ભાગ આપીને આવે છે.

''હવે તો તું ખા.'' પૌત્ર ફરી આગ્રહ કરે છે.

આજી પહેલાં એક બટકું બ્રેડનું અને પછી બટેટાંવડાનું, એમ ખાવાનો પ્રયાસ કરે છે.

''આજી, એમ ન ખવાય. હિરણ્યકશ્યપની જેમ બ્રેડની છાતી ચીરીને એમાં વડું મૂકવાનું હોય.''

''મને એ બધું નહિ ફાવે, તું જ અલ્યા, બેઉ પૂરાં કર.'' વડાપાંઉ પૌત્રને સોંપીને, આજી અંદરના ખંડમાં જાય છે. ત્યાંથી મોટો અવાજ આવે છે. પૌત્ર રસોડામાં ધસે છે.

''આજી, તું પડી ગઈ? તને ક્યાંય વાગ્યું તો નથી ને?''

''હું આ પેટી ખસેડીને બહાર લાવવા માગતી હતી.'' પૌત્ર પેટી ઊંચકીને બહાર લાવે છે અને એની બાજુમાં સોફા પર મૂકવા જાય છે.

''બીજા સોફા પર મૂક, અહીં તો તારી દુનિયા વસી છે. ત્યાં મારા માટે જગા નહિ થાય.''

પૌત્ર પેટીને બીજા સોફા પર મૂકે છે. આજી એમાંથી સાચવીને એક પછી એક ખજાનો બહાર કાઢે છે.

''આ મારાં લગ્નનો કબજો'' બાંયમાં હાથ નાખે છે.



''હજુયે મને થઈ રહે છે.'' પછી સાડી ખભા પર ગોઠવે છે. ''આ મારાં લગ્નની સાડી.'' બધા દાગીના પણ પહેરી જોવે છે. કાગળનાં ફૂલની વેણી, નથ, હાર, બંગડી, કંકુની ડબ્બી ખોલી ચાંલ્લો કરે છે. મંગળસૂત્ર પણ પહેરે છે. પૌત્ર વાહ, બહુ સરસ, મસ્ત એવા ઉદ્‌ગારો કાઢે છે, પણ એની નજર તો એના લેપ-ટોપમાં જ ખૂંપેલી છે. આજીને, આ બાબતની જાણ છે, પણ તેથી એના ઉત્સાહમાં ઓટ નથી આવતી. હાથમાં એક અત્તરની શીશી આવે છે, ખોલે છે, સૂંઘે છે અને પૌત્રને બતાવે છે.

''તારા આજોબાને કેવડાનું અત્તર બહુ ગમતું. અત્તર ઊડી ગયું છે, પણ સુગંધ રહી છે.''

પૌત્ર શીશી હાથમાં લે છે, સૂંઘે છે, ''આજી શીશી સરસ છે પણ એમાં સુગંધ જરા પણ નથી. એ તારા નાકમાં ભરાઈ બેઠી છે.'' શીશી આજીને પરત કરે છે. આજી કેવડાની સુગંધ સાથે યુવાનીનાં સ્મરણો માણતી રહે છે. પતિની ઘસાઈ ગયેલી શાલ પર હાથ ફેરવે છે. માથા પર એમની કાળી ટોપી પહેરી જુએ છે, ખભે ખેસ નાખે છે. પતિએ નાટકમાં પાઠ ભજવતી વખતે પહેરેલી પાઘડી પહેરી અભિનય સાથે દેશભક્તિનું ગીત લલકારે છે. ચશ્માં ચડાવીને પતિનું પુસ્તક તથા

પત્રો વાંચે છે, આંસુ સારે છે. ફરી પાછી આ સ્મૃતિઓને પેટીમાં ભરી દે છે.

જ્યારે એના હાથમાં એક શિશુનાં વસ્ત્રો આવે છે, ત્યારે એ અકળાઈને કહે છે, ''હવે તો આ તરફ જો. તારે એક કાકો પણ હતો. તારા પપ્પાથી મોટો. એક મહિનો જ જીવ્યો. સાધારણ તાવ નિમિત્ત બન્યું. અમે એની સારવારમાં જરાય કચાશ નહોતી રાખી. પણ ઉપરવાળાની મરજી.'' છત તરફ આંગળી ચીંધે છે, અને રડે છે.

''આ એના ઝબલાં અને આ એની કુન્ચી (નાના બાળકનું ટોપી સહિતનું એક વસ્ત્ર આજે પણ કેટલાંક લોકો દીકરીને ઝીયાણામાં પરંપરા અનુસાર કુન્ચી આવે છે). એણે ક્યારેય પહેરી પણ નહિ. અમે એનું નામ નંદન રાખ્યું હતું. તારા પપ્પાથી એક જ વર્ષે મોટો... પૌત્ર હેડફોન કાઢીને આજીના પગ પાસે જમીન પર બેસી જાય છે. કુન્ચી પોતાના હાથમાં લઈ માથે ઓઢે છે. આજી શિશુની કુન્ચી યુવાન પૌત્રને માથે ઓઢાડવામાં મદદ કરે છે. આજીને ચોંટીને, એ બેઉનો સેલ્ફી પાડે છે. ''હવે આજી, કુન્ચી ઓઢેલો તારો દીકરો તારી પાસે જ રહેશે. એની યાદ આવે, ત્યારે આ સેલ્ફી જોઈ લેવાનો.'' અને એ આજીના ખોળામાં માથું રાખે છે, આજી એના માથા પર હાથ ફેરવતાં રહે છે.

''હવે મારે જવું પડશે.'' કહી એ ઊભો થાય છે.

''બસ એટલી વારમાં?''

''આટલો સમય તો બેઠો, ક્યારેક કોલેજમાં પણ મોઢુ બતાવવું પડે ને?'' અને એની દુનિયા સંકેલી લઈ બેક-સેકમાં ભરી દે છે.

''હવે ક્યારે આવીશ?''

''આવતે અઠવાડિયે, તારી વર્ષગાંઠની કેક લઈને, તું પાતરાં બનાવી રાખજે...''

''વહેલો વહેલો આવજે, સાથે તારું કોમ્પ્યુટર લાવીશ તોયે ચાલશે...''

કેવડાની સુવાસ માત્ર નાકમાં જ નહિ પરંતુ આજીના મનમાં સ્મરણો બની ફેલાઈ જાય છે. ❑❑❑

સ્મિતા પારેખ સ્પર્ધા - ૨૦૨૧નું પરિણામ

અખિલ હિંદ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે દસમી સ્મિતા પારેખ સ્પર્ધા ૨૦૨૧નું પરિણામઃ

પ્રથમ ઈનામ:

નવલિકા સ્પર્ધામાં ડૉ. પન્ના ત્રિવેદી કૃત "સબીના શેખની અમ્મી" વાર્તાને.

બાળવાર્તા સ્પર્ધામાં ગિરા પિનાકીન કૃત "ઢોલકીવાળા અનબનજી" વાર્તાને.

કવિતા સ્પર્ધામાં પ્રમોદ મુકુલચંદ્ર પંડ્યા કૃત "મારું શૈશવ" કાવ્યને.



ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

'ધ ફ્લાય'

આજે કેથેરીન મેન્સફીલ્ડની અતિશય જાણીતી વાર્તા 'The Fly'ની વાત કરવી છે. ૧૪-૧૦-૧૮૮૮માં ન્યૂ ઝીલૅન્ડમાં જન્મેલાં આ સર્જક ૧૯ વર્ષની ઉંમરે ઇંગ્લૅન્ડ જઈને ઠરીઠામ થયેલાં. તેમનું મૂળ નામ Kathleen Mansfield Murry પણ તેમણે કાયમ Katherine Mansfieldના ઉપનામે જ વાર્તા--કવિતા લખ્યાં. માત્ર ૩૪ વર્ષની વયે ટીબીને કારણે ૯-૧-૧૯૨૩ના રોજ ફ્રાન્સમાં તેમનું મૃત્યુ થયું.

થોડા વખત પહેલાં મેં અહીં લુઇજી પિરાન્દેલોની વાર્તા 'વૉર'ની વાત કરી હતી. એમાં એક એવા વૃદ્ધની વાત હતી જેનો એકનો એક દીકરો યુદ્ધમોરચે માર્યો ગયો હતો અને તે વૃદ્ધ રડ્યા વગર, બહાદુરીથી દીકરાના મૃત્યુની આવી પડેલી એકલતાથી મોં ફેરવતો હતો. 'The Fly' પણ એવા જ એક વૃદ્ધની એકલતાની વાત કરે છે. શર્લી જેક્સનની 'લૉટરી' વાર્તાની જેમ જ 'ધ ફ્લાય'માં પણ લેખિકા એકદમ ધીમી

ગતિએ તેમના કેન્દ્રવર્તી પાત્રને સામે લાવે છે.

વુડીફીલ્ડ નામનો વૃદ્ધ તેની પત્નીથી ત્રાસેલો છે. પત્ની અઠવાડિયે એક જ વાર તેને ઘરની બહાર નીકળવાની મંજૂરી આપે છે. પત્નીથી ત્રસ્ત આ માણસ એવા એક દિવસે તેના ઘરડા બૉસને ત્યાં બેસવા જાય છે. આખી વાર્તામાં બૉસનો નામોલ્લેખ નથી. બૉસથી ઓળખાવ્યો છે તે માણસ અતિશય સમૃદ્ધ છે, શારીરિક રીતે મજબૂત છે. વુડીફીલ્ડથી પાંચેક વર્ષ મોટો છે. એ વુડીને પોતાની નવી ઑફિસ, નવું ફર્નિચર બતાવે છે. ટેબલ પર એક ફોટો પડેલો છે. એક યુવાન, યુનિફૉર્મમાં ઊભો છે એ ફોટામાં. છેલ્લાં છ વર્ષથી આ ફોટો અહીં જ પડેલો છે.

વુડી તેને કહે છે, 'There was something I wanted to tell you.' બહુ કોશિશ કરે છે યાદ કરવાની પણ વુડીફીલ્ડને યાદ નથી જ આવતું. તે બબડે પણ છે કે 'અહીં આવવા નીકળ્યો ત્યારે મનમાં હતું શું કહેવું એ પણ હવે માળું યાદ નથી આવતું.' તેને હાથ મસળતો, યાદ કરવાની મથામણ કરતો જોઈને બૉસ વિચારે છે 'બિચારાની ઉંમર થઈ ગઈ છે' એટલે એ વુડીને કહે છે, 'તું પાછો ઠંડીમાં બહાર નીકળે એ પહેલાં મારી પાસે એક મજાની ચીજ છે એ જરાક પીતો જા.'

'અરે! આ તો વ્હિસ્કી છે!' વુડી એકદમ જ આશ્ચર્ય પામીને કહી ઊઠે છે. પછી પાછો કહે છે, 'તમને ખબર છે, ઘરે તે લોકો મને હાથ પણ નથી લગાડવા દેતા.' તે રડવા જેવો થઈ જાય છે. બૉસ તેને ગ્લાસ આપતાં કહે છે 'Drink it down. It will do you good… અને જોજે પાછો, પાણીબાણી ઉમેરતો નહીં.' વુડીફીલ્ડ વગર પાણીએ જ પી ગયો, પણ વ્હિસ્કીએ તેને એ વાત યાદ કરાવી દીધી જે તે કહેવા આવેલો પણ ભૂલી ગયો હતો. એટલે તે બૉસને કહે છે : 'મારી બંને દીકરીઓ બેલ્જિયમમાં મારા દીકરાની કબર જોવા ગઈ હતી. તેમણે ત્યાં બાજુમાં જ તમારા દીકરાની કબર પણ જોઈ. બંનેની કબર સાવ નજીક છે. એ જાણીને તમને સારું લાગશે કે તે લોકો કબરની બહુ સારી જાળવણી કરે છે. આપણને હવે ખબર પડે છે કે આ બંને વૃદ્ધના દીકરા યુદ્ધમાં માર્યા ગયા છે, છ વર્ષ પહેલાં. બૉસ કશું બોલતા નથી. માત્ર તેમની કંપી ઊઠેલી ભ્રમરને કારણે ખબર પડે કે તેમણે વુડીની વાત સાંભળી તો છે. વુડી તેને પૂછે છે, 'તમે તો ત્યાં નથી ગયા ને?' બૉસ ના પાડે છે. વુડીફીલ્ડ તો હજી કબરની જગ્યા અને એની કેવી જાળવણી કરાય છે એની વાતો કરવામાં જ પડેલો છે. 'બધું ચોખ્ખુંચણાક છે, કબર પર ફૂલો વાવેલાં છે, સરસ પહોળી લેન છે…' આમ તેમ થોડી વાતો કરીને વુડીફીલ્ડ તો જાય છે. વાર્તાકાર હવે

વાચકને બૉસ સાથે એકલો છોડે છે અને હવે છેક વાચકને ખબર પડે છે કે વાર્તા વુડીની નથી, પણ બૉસની એકલતાની, તેમની પીડાની છે.

વુડીફીલ્ડના ગયા પછી બૉસ ટેબલ પાસે બેસી રહે છે. તેની ઑફિસના ક્લર્કને કહે છે, 'I will see nobody for half an hour, Macey' મને કોઈ કરતાં કોઈ ડિસ્ટર્બ ન કરે એવું કહીને તે બારણું બંધ કરે છે. તે રડવા ઇચ્છતો હતો... તેણે તો છેલ્લાં છ વર્ષથી તેના દીકરાને, યુનિફૉર્મમાં કાયમી ધોરણે સૂતેલો જ કલ્પ્યો હતો. 'My son!' તે બબડે છે, પણ તેની આંખ કોરી ધાકોર છે. આંસુનું એકેય ટીપું ધરાર નથી જ આવતું, આંખમાં. આટલાં વર્ષોમાં એકેયવાર તે એવું રડ્યો જ નહોતો જેના કારણે હૈયું હળવું થઈ શકે. તે બધાને કહેતો 'સમય વીતવા સાથે પણ ગુમાવવાની પીડામાં કશો ફરક નથી પડતો. બીજા લોકો કદાચ તેમના દુઃખમાંથી બહાર આવી જતા હશે, પણ તેના માટે તે એવું શક્ય ના બન્યું. શક્ય બને પણ કેવી રીતે? તેમને એકનો એક સાત ખોટનો દીકરો હતો. તે જન્મ્યો ત્યારથી તેના માટે જ તો બૉસ ધંધો વિકસાવતા ગયેલા. એક દિવસ તેમનો દીકરો તેના આ ધંધાને આગળ વિકસાવશે એવું તે વિચારતા. ને યુદ્ધ ફાટી નીકળ્યું એના એકાદ વર્ષ પહેલાં જ દીકરાએ ઑફિસ આવવું શરૂ કરેલું. રોજ સવારે બંને સાથે જ નીકળતા અને સાથે જ પાછા આવતા. દીકરાના પિતા તરીકે લોકો તેને કેટલાં અભિનંદન આપતા હતા! પણ... પછી તે મિલિટરી ટ્રેનિંગમાં ગયો ને એક દિવસ તાર આવે છે તેના મૃત્યુનો...

છ વર્ષ પહેલાં... છ વર્ષ... સમય કેટલો જલદી પસાર થાય છે! એવું લાગે છે જાણે ગઈકાલે જ એ તાર આવેલો. તેને રડવું છે, પણ તે રડી નથી શકતો. બરાબર એ જ ક્ષણે બૉસ જુએ છે કે તેમના શાહીના ખડિયામાં એક માખી પડી હતી અને બહાર નીકળવા માટે સખત સંઘર્ષ કરતી હતી, પણ સપાટી ભીની હોવાને કારણે એના પગ લપસી જતા હતા. બૉસે એક પેન લીધી, શાહીમાં તરતી માખીને કાઢી અને બ્લોટિંગ પેપર પર મૂકી. જરાકવાર



માટે માખી પડી રહી, પણ પછી તરત જ પાંખો ફફડાવીને એ પોતાને સૂકવવા લાગી ને જરાકવારમાં તો એ પાંખો ફફડાવવા તૈયાર થઈ ગઈ, પણ બરાબર એ જ પળે બૉસને કશોક વિચાર આવ્યો. તેમણે પેનને ખડિયામાં બોળી અને માખી પર શાહીનું એક ટીપું નાખ્યું. માખીએ ફરીથી એકડેએકથી પગ ને પાંખ સૂકવવાનો સંઘર્ષ ચાલુ કર્યો. શાહીમાંથી નીકળવાના માખીના સંઘર્ષને બૉસ મનોમન વખાણે છે. That was the way to tackle that was the right spirit... ભાગવાનું નહીં... લડવાનું... માખી એટલી વારમાં ફરીથી સુકાઈ ગઈ અને ઊડવાની તૈયારી આદરી... બૉસે વળી પેન ખડિયામાં ડુબાડી અને વળી એક મોટું ટીપું માખી પર નાખ્યું. હવે શું થશે? જરાકવાર પછી માખી ફરીથી પગ ને પાંખ ખંખેરવા લાગી, પણ હવે માખી થાકી હતી. બૉસે ત્રીજું ટીપું નાખ્યું. હવે શાહીચૂસ કાગળ પણ સાવ ભીનો થઈ ગયો હતો. માખીના પગ કે પાંખ કશું હલતું નહોતું. બૉસ એને પેનથી હલાવી જુએ છે. 'ચાલ, જરાક મહેનત કર, ઊડ...' એવું કહે પણ છે, પણ માખી મરી ચૂકી હતી.

બૉસ માખી સાથે જ બ્લોટિંગ પેપર ઉપાડે છે અને કચરાટોપલીમાં ફેંકી દે છે. અચાનક જ તેને સારું લાગે છે. તે પેલા ક્લર્કને બોલાવવા બેલ મારે છે. તેને કહે છે, 'Bring me some fresh bloating-paper.' પેલાના ગયા પછી બૉસ વિચારે છે કે માખીની ઘટના પહેલાં તે શું વિચારતો હતો? શાના વિશે? પણ તેને કશું યાદ નથી આવતું. કદાચ હવે કદી યાદ આવશે પણ નહીં...

છ વર્ષે પણ દીકરાના મૃત્યુનું દુ:ખ ઓછું નથી થયું. બાકીના લોકોની જેમ બૉસ રડીને હળવા થઈ શકતા નથી. એકલવાયાપણું, અંદર ઘૂંટાતું દુ:ખ, યુદ્ધ અને મૃત્યુ સામેની લાચારી - આ સઘળું ભેળું થઈને તેને ભીંસી રહ્યું છે. તેની આ રૂંધામણે બહાર નીકળવાનો, દુ:ખ ભૂલવાનો જે માર્ગ શોધ્યો એ બહુ ઘાતકી હતો. માખી મરી જાય ત્યાં સુધી શાહીનું ટીપું નાખનારો વૃદ્ધ ઊભો થઈ, જ્યારે બીજું બ્લોટિંગ પેપર મગાવે ત્યારે ભાવકને સમજાઈ જાય કે કદાચ હવે તે આ રમતથી પોતાની પીડામાંથી છૂટવાની કોશિશ કરશે. તે કદાચ છૂટશે, પણ ત્યારે તે તેની લાગણીશીલતાને સંપૂર્ણપણે ગુમાવી બેઠો હશે.

આમ તો કેથેરીન મેન્સફીલ્ડને War Writer નથી ગણવામાં આવતાં, પણ ઑક્ટોબર ૧૯૧૫માં તેમનો ભાઈ મિલિટરી ટ્રેનિંગમાં માર્યો ગયેલો. ભાઈના મૃત્યુ પછી લખાયેલી વાર્તાઓમાં યુદ્ધ જે છીનવી લે છે એની વાતો થઈ છે. ઘરની વ્યક્તિ જવાની ખોટ, એ ખોટ નહીં સ્વીકારવાનો દંભ એ 'The Fly'નો વિષય છે.

❑❑❑



કેખુશરો કાબરાજી

ઓગણીસમી સદીની બહુરૂપી પ્રતિભા

☐ દીપક મહેતા

એ બહુરૂપી પ્રતિભાનું નામ: કેખુશરો નવરોજજી કાબરાજી. ગામ: મુંબઈ. કામ: પત્રકારત્વ. પણ મનનું ધામ તો નાટક અને રંગભૂમિ. ૧૮૪૨ના ઓગસ્ટની ૨૧મી તારીખે મુંબઈના કોટ વિસ્તારમાં ગોલવડ ગલીમાં આવેલા ઘરમાં જન્મ. મૂળ વતન સુરત. કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે નાની ઉંમરે જ ઘરની જવાબદારી કેખુશરો પર આવી પડી. અભ્યાસ છોડીને મહિને ચાર રૂપિયાના પગારની નોકરી 'પારસી મિત્ર'માં લેવી પડી. થોડા વખત પછી મહીને વીસ રૂપિયાના પગારે 'જામે જમશેદ' અખબારમાં રિપોર્ટર તરીકે જોડાયા. પછી તેના મદદનીશ તંત્રી બન્યા. માલિકો સાથેના મતભેદને કારણે તંત્રી સોરાબજી મંચેરજી છૂટા થતાં કેખુશરોને તંત્રીની જવાબદારી માલિકોએ સોંપી. એ

વખતે તેમની ઉંમર ૧૭ વરસની! પણ આ કામ કેખુશરો માટે લોઢાના ચણા ચાવવા જેવું હતું. કારણ તેમનાં લખાણો ઉપર દેખરેખ રાખવા માલિકોએ કુંવરજી રૂસ્તમજી મોદીની નિમણૂક કરેલી. કેખુશરોનું વલણ પહેલેથી સુધારાવાદી હતું. જ્યારે 'જામે' હતું કટ્ટર રૂઢિવાદી. એટલે કેખુશરોનાં લખાણો પર રોજ કુંવરજીની કાતર ફરે. પરિણામે એવી ગેરસમજ ફેલાય કે કાબરાજી સુધારાના વિરોધી છે.

એક વખત મુંબઈમાં ખેતવાડીમાં આવેલી 'જ્ઞાન વર્ધક સભા'એ કાબરાજીનું જાહેર ભાષણ ગોઠવ્યું. વિષય હતો 'સ્ત્રીજાતિ.' શ્રોતાઓમાંના એક હતા પ્રખ્યાત સમાજસુધારક કરસનદાસ મૂળજી કેખુશરોનાં વક્તવ્ય અને વિચારોથી પ્રભાવિત થયા. થોડા વખતમાં બન્ને નજીક આવ્યા. કરસનદાસે રાસ્ત ગોફ્તાર સામયિકમાં જોડાવા આમંત્રણ આપ્યું. ૧૮૫૧માં મુંબઈમાં થયેલાં પારસી-મુસ્લિમ રમખાણો પછી લોકો અને સરકાર સુધી પારસીઓની વાત પહોંચાડવા માટે દાદાભાઈ નવરોજીએ રાસ્ત ગોફ્તાર શરૂ કરેલું. બીજી બાજુ ૧૮૫૨માં કરસનદાસ મૂળજીએ 'સત્ય પ્રકાશ' શરૂ કરેલું. ૧૮૬૧માં તે રાસ્ત ગોફ્તાર સાથે જોડાઈ ગયું. કેટલાક પારસીઓએ ૧૮૫૭ની પહેલી જાન્યુઆરીથી સ્ત્રીબોધ નામનું માસિક શરૂ કરેલું. આપણા આખા દેશનું એ સૌથી પહેલું સ્ત્રીઓ માટેનું સામયિક. એવું ઠરાવાયું કે કેખુશરો રાસ્ત ગોફ્તારના મદદનીશ તંત્રી તરીકે અને સાથોસાથ સ્ત્રીબોધના તંત્રી તરીકે પણ કામ કરે. ૧૮૬૩ના માર્ચની ૧૩મી તારીખે કરસનદાસ વિલાયતની મુસાફરીએ જતાં કાબરાજી રાસ્ત ગોફતારના પણ તંત્રી બન્યા અને ૪૦ વરસ સુધી એ જવાબદારી સંભાળી. તેવી જ રીતે ૧૯૦૪ના એપ્રિલની ૨૫મીએ બેહસ્તનશીન થયા ત્યાં સુધી કાબરાજી સ્ત્રીબોધના તંત્રીપદે રહ્યા. કાબરાજી પછી તેમનાં પુત્રવધૂ પુતળીબાઈ ૧૯૧૨થી ૧૯૪૨ સુધી સ્ત્રીબોધનાં તંત્રી રહ્યાં.

શરૂઆતનાં વર્ષોમાં 'સ્ત્રીબોધ' યથા નામ તથા ગુણ હતું. સ્ત્રીઓને માહિતી અને બોધ આપતાં લખાણો – અલબત્ત, બધા પુરુષોએ લખેલાં – તેમાં છપાતાં. કાબરાજી તંત્રી થયા એ પછી તેમણે તેની કાયાપલટ કરી નાખી. નાટક, નવલકથા, કથા, કવિતા, રેખાચિત્રો, વગેરે સામગ્રી ધીમે ધીમે ઉમેરતા ગયા. અને કવિતાને બાદ કરતાં, બીજા પ્રકારોના નમૂના પોતે જ રચીને પ્રગટ કર્યા. અલબત્ત, તેમની ઘણીખરી કૃતિઓ મૌલિક નહિ, પણ અંગ્રેજી કૃતિઓથી પ્રેરિત હતી. પણ પારસી કે હિંદુ સમાજના પરિવેશમાં તેઓ એવી સિફતથી મૂળ કૃતિનું રૂપાંતર કરતા કે સામાન્ય વાચકને તો આ રૂપાંતર છે એવો વહેમ પણ ન જાય.

૧૯મી સદીના એક કાલખંડને આપણે 'સુધારક યુગ' એવું નામ તો

આપી દીધું, પણ પછી વાત કરી માત્ર હિન્દુસમાજને ધ્યાનમાં રાખીને થયેલી સુધારાની ચળવળની. પારસી કે મુસ્લિમ સમાજ અંગે થયેલી સુધારાની ચળવળ વિષે વિચાર્યું-લખ્યું જ નહિ! કાબરાજી અને બીજા આગેવાનોએ પારસી સમાજમાં પણ સુધારા માટે ચળવળ ચલાવવી પડી હતી. કેવી હતી એ જમાનામાં પારસી સમાજની સ્થિતિ? પારસી સ્ત્રી પતિની સાથે પણ ખુલ્લી ઘોડાગાડીમાં બહાર નીકળી શકતી નહિ. પારસી સ્ત્રીઓ ઘરની બહાર છત્રી કે પગરખાં વાપરી શકતી નહિ. ૧૮૬૩માં માણેકજી ખરશેદજીએ બ્રિટિશ પદ્ધતિનું શિક્ષણ આપતી એલેકઝાન્ડ્રા ગર્લ્સ સ્કૂલ પોતાના ભાયખળાના બંગલામાં શરૂ કરી ત્યારે કોમમાં જબરો ઊહાપોહ થયો. છોકરીની જાતને તે વળી બ્રિટિશ પદ્ધતિનું શિક્ષણ અપાય? એ વખતે કાબરાજીએ મહિનાઓ સુધી રાસ્ત-ગોફ્તારમાં કન્યા કેળવણીની તરફેણમાં લેખો લખ્યા.

કાબરાજી પત્રકાર ઉપરાંત ઉમદા લેખક પણ હતા. રંગભૂમિ પર ભજવવા માટે કાબરાજીએ મોટી સંખ્યામાં નાટકો લખ્યાં, જેમાંનાં કેટલાંક રૂપાંતરો હતાં. તખ્તાલાયકી એ તેમનાં નાટકોનો સૌથી મોટો ગુણ. કાબરાજીનું પહેલું નાટક શેરના સવાશેર ૧૮૬૩માં સ્ત્રીબોધમાં પ્રગટ થયું અને છેલ્લું નાટક ધીરજનું ધન ૧૮૭૧માં. તેમનાં બીજાં કેટલાંક નાટકો: જમશેદ, નિંદાખાનું, ભોલી જાન, વિનાશ કાલે વિપરિત બુદ્ધિ, બેજન અને મનીજેહ, નંદબત્રીસી.

પણ ઐતિહાસિક દૃષ્ટિએ તેમનાં છપાયેલાં નાટકો કરતાં પણ તેમની નવલકથાઓ વધુ મહત્ત્વ ધરાવે છે. કારણ એ નવલકથાઓ દ્વારા કાબરાજીએ ગુજરાતીમાં ધારાવાહિક નવલકથા છાપવાની પહેલ કરી. તેમની પહેલી નવલકથા ભોલો દોલો (૧૨૦ પ્રકરણ) ઓગસ્ટ ૧૮૭૧થી ડિસેમ્બર ૧૮૭૩ દરમ્યાન સ્ત્રીબોધમાં પ્રગટ થઈ. ભલે રૂપાંતરિત, પણ આપણી ભાષાની એ પહેલી ધારાવાહિક નવલકથા. ત્યાર બાદ પરણવું કે નહિ પરણવું, આગલા વખતની બાયડીઓ અને



રાસ્ત ગોફતાર તથા સત્યપ્રકાશ


હાલના વખતની છોકરીઓ, પાતાલ પાણી ચલાવે, મિજાજી હોસ્નઆરા કેમ ઠેકાણે આવી, પૈસા! પૈસા! પૈસા!, દુખિયારી બચુના દુઃખના પહાડ, સોલીને સુધારનાર સુની, ગુમાસ્તાની ગુલી ગરીબ, વેચાયલો વર, ભીખો ભરભરિયો, હોશંગ બાગ, ખોહવાયલી ખટલી, મીઠી મીઠ્ઠી, ચાલીસ હજારનો ચાનજી અને ખૂનનો બદલો ફાંસી, જેવી નવલકથાઓ સ્ત્રીબોધમાં હપ્તાવાર પ્રગટ થઈ. છેલ્લી નવલકથા સોલી શેઠની સુનાઈ ૧૯૦૪માં. આમ, ૧૮૭૧થી ૧૯૦૪ સુધી સતત ૩૩ વર્ષ સ્ત્રીબોધ ધારાવાહિક નવલકથા પ્રગટ કરતું રહ્યું.

આમ જોઈએ તો કસરતશાળા અને નાટકશાળા વચ્ચે કોઈ સંબંધ હોવાનો વહેમ પણ ભાગ્યે જ જાય. પણ કાબરાજીની બાબતમાં કસરતશાળા જ તેમને નાટકશાળા તરફ ખેંચી ગઈ. પારસી યુવાનોની શરીરસંપત્તિ વધારવા માટે બીજા કેટલાક મિત્રો સાથે મળીને ૧૮૬૭માં તેમણે 'કસરતશાળા સ્થાપક મંડળી' બનાવીને કસરતશાળા શરૂ કરી. પણ થોડા વખત પછી પૈસાને અભાવે તે બંધ કરવી પડે એવી સ્થિતિ ઊભી થઈ. ત્યારે નાટક ભજવીને તેની આવક દ્વારા કસરતશાળા જીવતી રાખવાનો વિચાર કાબરાજીને આવ્યો. મિત્ર ફરામજી ગુસ્તાદજી દલાલની બંધ પડેલી નાટકમંડળીનો સરંજામ મેળવ્યો. પારસી છોકરાઓને ભેગા કર્યા. શેક્સપિયરના નાટક કોમેડી ઓફ એરર્સનું પોતે જ રૂપાંતર કર્યું. 'રાસ્ત ગોફ્તાર' દ્વારા મોટે પાયે આગોતરી જાહેરાત કરી. અને નાટક ભજવીને ભેગી થયેલી ૧૪૦૦ રૂપિયાની રકમ કસરતશાળાને, ખર્ચ બાદ કર્યા વિના, આપી દીધી.

ખરું જોતાં હાથમાં લીધેલું કામ તો પૂરું થયું હતું. પણ નાટક ભજવવા માટે ભેગા કરેલા પોરિયાઓનું હવે કરવું શું? ફરી ફરામજીની મદદ લઈને એક નવી નાટકમંડળી ઊભી કરવાનો વિચાર આવ્યો. અગાઉની પારસી નાટકમંડળીઓમાં તેના બધા નટ ભાગીદાર પણ રહેતા. કાબરાજીએ ત્રણ-ચાર માલિક અને બીજા બધા પગારદાર નોકરો એવું માળખું રાખ્યું. વળી આ મંડળીને સલાહ-સૂચન આપવા માટે જાણીતા વિદ્વાનો અને શ્રીમંતોની એક કમિટી બનાવી. નાટકકંપનીના નિયમો ઘડ્યા તેમાં એક નિયમ એવો રાખ્યો કે કોઈ પણ નવું નાટક સૌથી પહેલાં માત્ર આ કમિટીના સભ્યોને જ બતાવવું. અને તેમની મંજૂરી મળે તો જ તેના જાહેર પ્રયોગ કરવા. એ જમાનાના અગ્રણી લેખક, પત્રકાર, સમાજસુધારક સોરાબજી શાપુરજી બંગાળીએ નામ પાડ્યું વિક્ટોરિયા નાટકમંડળી. ખુદ કાબરાજી જેના તંત્રી હતા તે 'રાસ્ત ગોફ્તાર'નો હવાલો આપીને પારસી પ્રકાશ (દફ્તર ૨, પાનું ૨૫૩) નોંધે છે કે કાબરાજીએ વિક્ટોરિયા

નાટકમંડળીની સ્થાપના ૧૮૬૮ના મે મહિનાની ૧૬મી તારીખે મુંબઈમાં કરી હતી. જે સલાહકાર સમિતિ બનાવી તેના પ્રમુખ હતા વિનાયકરાવ જગન્નાથ શંકર શેઠ અને સમિતિના એક સભ્ય હતા ડૉ. ભાઉ દાજી. બાકીના સાત સભ્યો જાણીતા પારસીઓ હતા. કાબરાજી પોતે સમિતિના સેક્રેટરી હતા. વખત જતાં આ નાટકમંડળીએ પોતાનાં નાટક ભજવવા માટે ગ્રાન્ટ રોડ પર વિક્ટોરિયા થિયેટર બંધાવ્યું હતું.

પણ આ નાટકમંડળી સાથેનો કાબરાજીનો સંબંધ ઝાઝો ટક્યો નહિ. માલિકો સાથેના મતભેદને કારણે તેઓ છૂટા થયા અને 'નાટક ઉત્તેજક મંડળી' સ્થાપી. તેણે પહેલું નાટક ભજવ્યું તે કાબરાજીનું જ લખેલું 'સૂડી વચ્ચે સોપારી.' પણ તે ઝાઝું ચાલ્યું નહિ. કાબરાજીએ નક્કી કર્યું કે હવે પારસી નહિ પણ હિંદુ નાટક ભજવવું. એ જમાનાના જાણીતા નાટકકાર રણછોડભાઈ ઉદયરામ અને કાબરાજી મિત્રો. એટલે કાબરાજીએ તેમની પાસે નાટકની માગણી કરી. અને હરિશ્ચન્દ્ર નાટક રણછોડભાઈએ તેમને આપ્યું. મૂળ તમિળ નાટકના અંગ્રેજી અનુવાદનો રણછોડભાઈએ ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો. રણછોડભાઈની પરવાનગી લઈને કાબરાજીએ નાટકમાં કાપકૂપ કરી, ગીતો ને નૃત્યો ઉમેર્યાં. ત્રણેક ગીતો રણછોડભાઈએ લખી આપ્યાં. કવીશ્વર દલપતરામનું એક પદ અને એક ગરબી ઉમેર્યાં, અને એક પદ



સ્ત્રીબોધ.

પુસ્તક ૧૫ મું. આગસ્ટ ૧૮૭૧ આંક ૮ મો.

ભોલો દોલો

અથવા

ભોળો ભલો—ભુંડાનો ભાઈ.

એક વારતા.*

પ્રકરણ ૧ લું.


ગુજરાતીની પહેલવહેલી ધારાવાહિક નવલકથા
'ભોલો દોલો, સ્ત્રીબોધ,' ઓગસ્ટ ૧૮૭૧

કવિ નર્મદનું ઉમેર્યું. બાકીનાં ગાયનો કાબરાજીએ પોતે લખ્યાં. ખમાજ રાગની ઠૂમરી પર અને પીલુ રાગમાં ગવાતી ગરબી પર નાચની તક ઊભી કરી. ૧૮૭૬માં રણછોડભાઈના અને પોતાના નામ સાથે આ નાટક છાપીને પ્રગટ કર્યું.

કાબરાજીએ 'હરિશ્ચન્દ્ર'નાં રિહર્સલ શરૂ કર્યાં. એક બાજુથી 'શુદ્ધ' ગુજરાતી ગાવા-બોલવાની તાલીમ આપતા જાય, બીજી બાજુથી વેશભૂષા, પડદા, સાધન-સામગ્રી એકઠી કરતા જાય. એટલું જ નહિ, એ બધાંનો ઉપયોગ કરવાની પારસી એક્ટરોને ટેવ પાડતા જાય. આ નાટક અંગે કાબરાજીને એટલો તો આત્મવિશ્વાસ કે ભજવવા માટે ધોબી તળાવ પરની ફરામજી કાવસજી ઇન્સ્ટિટ્યૂટની જગ્યા આખા એક વર્ષ માટે ભાડેથી મેળવી. અને ૧૮૭૪માં ખેલ શરૂ કર્યા. ખેલ વખતે દર્શકોની એટલી ભીડ થતી કે એ ઇમારતના દરવાજા ખેલ શરૂ થતાં પહેલાં અડધા કલાકે બંધ કરી દેવા પડતા. અને એ જમાનામાં તેના કેટલા પ્રયોગ થયા હશે? પૂરા અગિયારસો. આ નાટકમાંથી 'નાટક ઉત્તેજક મંડળી'ને એટલી કમાણી થઈ કે તેમાંથી તેણે ખાસ પોતાનાં નાટક ભજવવા માટે મુંબઈમાં ક્રાફર્ડ માર્કેટ પાસે નવું થિયેટર બંધાવ્યું.

તેમાં પહેલું નાટક ભજવાયું તે રણછોડભાઈ ઉદયરામનું 'નળ-દમયન્તી નાટક.' આ નાટક જોવા માટે સ્ત્રીઓ બહુ મોટી સંખ્યામાં આવવા લાગી. પણ સાથે આવેલાં બાળકો રડતાં ત્યારે એક્ટરોને અને બીજા પ્રેક્ષકોને ખલેલ પડતી. એટલે નાટકકંપનીના કેટલાક ભાગીદારો કહે કે બાળકોને સાથે લાવવાની મનાઈ ફરમાવીએ. પણ કાબરાજીએ જુદો રસ્તો લીધો. પહેલું તો બપોરે ખાસ 'જનાના ખેલ' શરૂ કર્યો અને એ વખતે થિયેટરની લોબીમાં ઘોડિયાં મુકાવ્યાં અને તેમાં સૂતેલાં બાળકોનું ધ્યાન રાખવા ખાસ માણસો રાખ્યા. તે પછી તો આ નાટકની લોકપ્રિયતા બેહદ વધી ગઈ. એટલે ત્રણ મહિના સુધી રોજે રોજ આ નાટક ભજવવું પડ્યું. ત્યાર બાદ આ જ થિયેટરમાં કાબરાજીએ કવિ નર્મદનું 'રામજાનકીદર્શન' નામનું નાટક કેટલાક ફેરફાર અને ઉમેરા સાથે 'સીતાહરણ' નામથી ૧૮૭૮માં ભજવવાનું શરૂ કર્યું.

પોતાના, નટોના, અને પોતાની નાટકકંપનીનાં સ્વમાનનો પણ કાબરાજી પૂરો ખ્યાલ રાખતા. એક વખત એક અમીરે પોતાના બંગલામાં નાટક ભજવવા આમંત્રણ આપ્યું. બધા ખર્ચ ઉપરાંત માત્ર એક ખેલ માટે એક હજાર રૂપિયા (એ વખતે ઘણી મોટી રકમ) આપવાની ઓફર કરી. બીજા ભાગીદારો તૈયાર હતા, પણ કાબરાજીએ કહ્યું કે આપણે કાંઈ મદારી નથી કે કોઈને ઘરે જઈને ખેલ કરીએ. એટલે તેમણે વિનયપૂર્વક એ દરખાસ્તનો અસ્વીકાર કર્યો. થોડા વખત પછી વધુ મોટી મુશ્કેલી. નાટક



વિક્ટોરિયા થિયેટર, ગ્રાન્ટ રોડ, મુંબઈ

ઉત્તેજક મંડળીની કમિટીના એક સભ્યને ઘરે લગ્નપ્રસંગે નાટક ભજવવા એ સભ્યે જણાવ્યું અને તે માટે ૫૦૦ રૂપિયા આપવાની તૈયારી બતાવી. સભ્યોને થયું કે હવે કાબરાજી બરાબરના ફસાયા છે. પણ કાબરાજીએ દલીલો કરીને બહુમતી સભ્યોને પોતાની સાથે લઈ લીધા અને આ આમંત્રણ પણ સ્વીકાર્યું નહિ.

ભલે આડકતરી રીતે, પણ કાબરાજીએ ભજવેલું હરિશ્ચન્દ્ર નાટક મુંબઈમાં બિન-પારસી ગુજરાતી રંગભૂમિનાં મંડાણનું નિમિત્ત બન્યું. મુંબઈની નિશાળોના કેટલાક ગુજરાતી મહેતાજીઓ – એ વખતે શિક્ષક શબ્દ પ્રચલિત નહોતો થયો – હરિશ્ચન્દ્ર નાટકનો એક 'સોલ્ડ આઉટ' શો મેળવવા માટે નાટક ઉત્તેજક મંડળીના ફરામજી ગુસ્તાદજી દલાલ ઉર્ફે 'ફલુઘૂસ' પાસે ગયા. તેઓ દાયકાઓથી પારસી રંગભૂમિ સાથે સંકળાયેલા હતા, કાબરાજી અને રણછોડભાઈના મિત્ર હતા. પણ સ્વભાવે આખાબોલા જ નહિ, તોછડા. મહેતાજીઓએ એક શો માટે ૩૦૦ રૂપિયા આપી શકશું એમ કહ્યું. ફરામજી કહે કે ૫૦૦ કરતાં એક દમડી બી ઓછી નહિ લઉં. મહેતાજીઓ કહે: એટલા બધા તો અમને ન પરવડે. ફલુઘૂસ તાડૂક્યા: જા, જા, વાનિયા! તારે વેપલો કરવો હોય તો મૂક ૫૦૦ મારી ટેબલ પર, નહિતર નીચી મૂંડી કરી ચાલતો થા. આ સાંભળી નરોત્તમ નામના મહેતાજી કહે: વાંધો નહિ. અમે અમારી હિંદુ નાટકમંડળી કાઢશું. આ સાંભળી ફલુઘૂસ વધારે વિફર્યા: અલ્યા વાનિયા! તું સ્ટેજ ઉપર એક ઉંદરડી સરખી પન ચલાવી નહિ સકે!

દુભાયેલા મહેતાજીઓ ગયા રણછોડભાઈ પાસે અને હિંદુઓની

નાટકમંડળી શરૂ કરવાની દરખાસ્ત મૂકી. રણછોડભાઈએ પહેલા તો વારવાનો પ્રયત્ન કર્યો: "નાટક કરવાં એ કાંઈ ખાવાના ખેલ નથી. ના આવડે તો આ ધંધો સમય, પૈસા ને આબરૂ ખોવાનો ધંધો બને." પણ મહેતાજીઓ અડગ છે તેવી ખાતરી થતાં રણછોડભાઈએ ૧૮૬૬માં પ્રગટ થયેલ પોતાના લલિતા દુઃખદર્શક નાટકની પાંચ નકલ કબાટમાંથી કાઢીને મહેતાજીઓના હાથમાં મૂકી. કહે: "પહેલા આ વાંચી જાવ. પછી મારી પાસે આવજો." નરોત્તમ મહેતાજીએ તરત જવાબ આપ્યો કે આ નાટક મેં ૬૫ વખત વાંચ્યું છે. બીજા, જયશંકર કહે કે મેં ૭૫ વાર વાંચ્યું છે.

રણછોડભાઈને ખાતરી થઈ કે આ લોકો ખાલી વાતો કરતા નથી, મહેનત કરવા પણ તૈયાર છે. એટલે નવ કલાક ચાલે એટલા લાંબા નાટકમાં કાપકૂપ કરીને તેને પાંચ કલાકનું બનાવ્યું. ૧૮૭૮ના જૂનની પાંચમી તારીખે રણછોડભાઈના આશીર્વાદ સાથે 'ગુજરાતી નાટકમંડળી'ની સ્થાપના થઈ. મુંબઈની આ પહેલી બિન-પારસી ગુજરાતી નાટકમંડળી. લલિતા દુઃખદર્શકનું દિગ્દર્શન કરવાની જવાબદારી પણ રણછોડભાઈએ ઉપાડી. ગ્રાન્ટ રોડ પરના વિક્ટોરિયા થિયેટરમાં પહેલો પ્રયોગ થયો તે આમંત્રિતોને ખૂબ પસંદ પડ્યો. રાતે આઠ વાગે શરૂ થયેલો ખેલ વહેલી સવારે સાડા ત્રણે પૂરો થયો. પછી તો ગુજરાતી નાટકમંડળીએ તેના ૯૦ જેટલા પ્રયોગ કર્યા.

૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ ત્યારે કાબરાજી તેના પ્રશંસક હતા. પણ પછી ધીમે ધીમે કોંગ્રેસ વિરોધી અને બ્રિટિશ સરકાર તરફી બની ગયા. છતાં ગાંધીજી મુંબઈ આવે ત્યારે તેમને મળવા જતા. ૧૯૪૫માં આગાખાન જેલમાંથી છૂટ્યા પછી ગાંધીજી નબળી તબિયતને કારણે આરામ કરવા એક મહિનો પંચગની રહેલા. ત્યાંની બાથા સ્કૂલમાં કાબરાજીનાં પૌત્રી જરબાનુને મળવાનું થયું. ત્યારે ગાંધીજીએ કહેલું: કાબરાજી તો એડિટર હતા, અને મેં તો બધા એડિટરોની સીડી ભાંગેલી. તે વેળા મારી કિંમત હતી બદામની. 'મહાત્મા' તો પાછળથી થયો - એ તો બધા ઢોંગ. કાબરાજી સરકારપક્ષના હતા પણ પાછળથી મારી ઉપર જરા પ્રસન્ન થયેલા.

કાબરાજીના અવસાન પછી કવિ અરદેશર ફરામજી ખબરદારે લખ્યું:

લેખકનો સરદાર ગયો, નિજ લેખણની
તલવાર ચલાવી;
કોણ હવે સરદારી ધરી રણમાંહે રહે અતિ
શૌર્ય મચાવી!
બંધ થયો મધુ વાણીપ્રવાહ, ગયો કહિ
અમૃતપાન કરાવી!
કેખુશરો! લઈ તેજ ગયો, અમ માટ રહી
અહિ વાટ અંધારી.

❑❑❑



ગઢના પ્રવેશ દ્વારે ત્રિશૂળ અને સિંહના ચિહ્નો

મનની મોતીસરી

☐ અશોક મશરૂ

ઘટાટોપ આંબલીનું વટવૃક્ષ ઊભું છે, નીચે ફરતે ઓટલાની બેઠક. બાજુએ ખુલ્લું શિવાલય ને એક પૌરાણિક વાવ ભીમકૂઈ છલોછલ છે. અડકીને વહેળા ઉપરનો નાનો બંધ પાણીથી ભરપૂર છે. વહેળાને બંને કાંઠે અનેક વનરાજી, વેલા ઝળૂંબી રહ્યા છે. ચોમાસાની હરિયાળી સર્વત્ર પથરાઈ છે. એક સુંદર નાનો પુલ સામેના વનમાં જવા લલચાવે છે. વાતાવરણ વિહંગોનાં કિલકિલાટ, ટહુકા ને ગીતોથી ગુંજી રહ્યું છે. વનાચ્છાદિત ભીમકૂઈ વિસ્તારમાં સમગ્ર માહોલ હર્ષ, ઉલ્લાસભર્યો છે. મુલાકાત છે જસદણ નજદીકની મોતીસરી વીડ એટલે હાલનું હિંગોળગઢ પ્રકૃતિ શિક્ષણ અભયારણ્ય.

હિંગોળગઢ અભયારણ્ય એટલે આસપાસના કાળમીંઢ પથરાળ વિસ્તાર વચ્ચે આવેલું લીલુંછમ રણદ્વીપ. નાનકડું

કાંટ વૃક્ષોનું વન. પાનખર ઋતુની મુલાકાતમાં સૂકું હોવાથી ગમે નહીં પણ મેહની એક ઝાલકથી એવું જાદુ થઈ જાય કે જાણે સુષુપ્ત રૂક્ષ ધરતી આળસ મરડી બેઠી થાય. વૃક્ષો હરિત નવપલ્લવિત થઈ ખીલી ઊઠે. ઝાડી, ઝાંખરાં, વેલા, ઘાસ, જંગલી ફૂલોથી જંગલ ઝૂમી ઊઠે. ઝરણાં, વહેળા વહેવા માંડે. બસ પ્રકૃતિકવિ શ્રી. મણિલાલ હ. પટેલની એજ અનુભૂતિ પમાય.

''કૂંપળની ભાષામાં જંગલ બોલ્યું, તન તરણાનું ડોલ્યું, ઝરણાંએ મોં ખોલ્યું.''

થોડું ટ્રેકિંગ કરી ઊંચી ટેકરી ચઢી વોચ ટાવરેથી હાંફતાં ફાંફતાં દશ્યપટલ જુઓ તો થાક ઓગળી જાય. જંગલનું કાયાપલટ થયેલ નવું હરિત શીતલ રૂપ મોહી લે. લીલો અંચળો ઓઢેલ ટેકરાળ વનની ઝલક તમને પ્રફુલ્લિત કરી દે. વનમાં દેશી બાવળ, ગોરડ, વિકળો, ગૂગળ, હરમો, ખીજડો, મીંઢળ, ઇંગોરિયો પથરાયેલ છે. પાછાં તે વળી પીળાં, ગુલાબી, શ્વેતરંગી પુષ્પોથી સુશોભિત છે. ચાલતાં ચાલતાં વગડાનાં આ ફૂલો અને ઘાસની મિશ્રિત જુદી જ ગંધ તમને બે ઘડી રોકી ન લે તો નવાઈ. ફરી એજ કવિશ્રીને યાદ કરીએ.

''ગંધ ઘૂંટાતી પગલે પગલે, શ્વાસે શ્વાસે અરણ્ય ફાલે.''

આવળ, ચણીબોર, નગોળ, શતાવરી, પીલુ જેવી અનેક વનસ્પતિ-વેલાઓથી વન છે ભરચક. કેમ્પ વિસ્તાર છવાયેલ છે ઘટાટોપ આંબલી, પીપલ, વડ, કદમ, લીમડો, રાયણ જેવાં ભવ્ય વૃક્ષોથી. વળી



નવરંગ



બચ્ચા માટે ખોરાક લઈ જતો નવરંગ



બોલતી કોશિકોયલ

અહીંજ કેક્ટસ ગાર્ડન અને સાપઘરનું આકર્ષણ છે.

ભીમકૂઈના પેલા સુંદર પુલિયા તરફ આકર્ષાઈ તે બાજુના વનમાં ગયો. સામેથી જ એક શ્વેત પંખી રિબન જેવી પૂંછ ફરફરાવતું તીર જેમ પસાર થયું. નજીક એક વૃક્ષે ઊતર્યું પોતાના કપ આકારના ટચૂકડા ગૂંથેલ માળામાં. નમણો દૂધરાજ વાદળી આંખ ચમકાવી, લાંબી પૂંછડીની સર લટકાવી ઈંડાં સેવવા બેઠો. જિંદગીભર માળો ન જ બનાવવાની નેમ જેમણે લીધેલ છે એવાં ચતુર કોયલ કુળનાં વિવિધ પંખીડાં અહીં પધારી ચૂક્યાં છે. આ કોયલો પોતે માળા બનાવવાની કે બચ્ચાં ઉછેરવાની પળોજણમાં પડતી નથી પરંતુ બીજાં ભોળાં પક્ષી લેલાં, દરજીડો, લટોરો, ફૂત્કીના માળામાં ચોરીછૂપીથી ઈંડાં મૂકી આવે છે અને વિચિત્રતા એ છે તેઓ પોતાનાથી કદે મોટાં અને સાવ અલગ દીસતાં કોયલોનાં બચ્ચાંને ખુદનાં જ સમજી આનંદથી ઉછેરે છે. આ વનમાં જ વસે છે આ બધી મિષ્ટભાષી કોયલો. ''કુક... કૂ, કૂક,,કૂ'' બોલીથી આકર્ષાઈ જોયું તો ઊંચે ડાળીએ કુહૂકંઠ બિરાજી ગાતો હતો. શ્વેતશ્યામ ચાતક બેલડી ''પિહુ.. પિહુ..'' બોલતી પસાર થઈ. તો અદશ્ય બપૈયાએ કંઠ ફુલાવી સતત પ..પિહા પ..પિહાનો આરોહી સૂર આલાપ્યો. નાની સુંદર રાખોડી કોયલ પણ અહીં મહેમાન હતી. માદક વાતાવરણ તેને ''પ્ટીર.. પ્ટીર''ના ચડતા મીઠા બોલ બોલવા મજબૂર કરતું હતું. દેખાવે દીટ્ટો કાળિયોકોશી સમજી લો એવી કોશી કોયલ પણ ઊંચા સૂરે સળંગ ચાર, પાંચ સિસોટી વગાડીને માહોલ ગજાવતી હતી. મીઠી જબાનનાં બીજાં પક્ષીઓએ

પણ સૂર પુરાવ્યો. ઝગમગતા કાળા-પીળા પ્રણયપોશાકમાં સજેલું શોબિગી નામ જેવા જ મીઠા બોલના ટુકડા વેરતું હતું. શ્યામશિર કશ્યો પીટ.. પીટ.. ટ્વી. ટ્વી ટિવ્ટની ઊંચી તાન આલાપી મસ્ત હતો. ગવૈયાઓની સભાનો માહોલ એવો હતો કે જાણે... ''પંખીઓ ગાય છે ને આપણા તો - બત્રીસ કોઠે દીવા થાય છે'' (કવિશ્રી મણિલાલ હ પટેલ)

મેઘની સાથે સાથે એક મનોહર મહેમાન મોતીસરીમાં પધારે છે. પંખી આલમનો રૂપસમ્રાટ નવરંગ. દર્શન માત્રથી તમે આનંદવિભોર. નવરંગ એટલે જાણે જીવતું મેઘધનુષ્ય. દરેક હરકતે રૂપરંગ વિખેરતું જાય ને મોહિત કરી દે. કુદરતે ખોબો ભરી વિવિધ રંગોની ભાત સર્જી છે. રૂપસજ્જા જોઈએ તો વિવિધ ઝાંયયુક્ત મોરપીંછ લીલી પીઠ, છાતીએ પથરાયો છે આછો બદામી રંગ. મસ્તક પણ બદામી સાથે વચ્ચે શ્યામ રેખાની આંકણી. નયને સોહે કાજલપટ્ટી ને ઉપર શ્વેત નેણ. ગળું પણ શ્વેત, તો ખભે સુંદર ચમકતા આસમાની લસરકા...ને તેવી જ નીલરંગી ઝટકા મારતી ટૂંકી પૂંછડી. સઘળું ઐશ્વર્ય ભરેલું આકર્ષક લાલ હિંગળોક પેડુમાં. જ્યારે ડાળીએ બેસી છાતી ફુલાવી આકાશને ચાંચથી તાકી વ્હીટ.. વિયું.. વ્હીટ.. વિયુંના રણકતા પોકારની તાન છેડે ત્યારે તો બસ વારી જઈએ. નવરંગ આવે છે, માળો બનાવી વર્ષાએ બચ્ચાં ઉછેરીને દિવાળીએ પાછો જતો રહે છે વતન દક્ષિણ ભારતમાં.

હિંગોળગઢ અભયારણ્યના દરવાજે પહોંચતા પહેલાં જ દૂરથી માર્ગમાં ઊંચી લીલીછમ ટેકરી પરનો ગઢ દીસતાં



માળામાં ઈંડાં સેવતો દૂધરાજ



શ્યામગિરિ ફક્યો

રોમાંચ ફરી વળે. ચારે તરફના કોઠા વચ્ચે અડીખમ ઊભેલો હિંગોળગઢનો કિલ્લો અને નીચે ખીણમાં પથરાયેલું લીલુંછમ વન એક નયનરમ્ય દૃશ્ય રચે છે. ખાચર રાજવીઓના આશરે 350 વર્ષ પુરાણા ગઢને દરવાજે સિંદૂરી ત્રિશૂલ ચિહ્ન અને બિરાજેલ સિંહ મનમાં કંઈક ગૂઢ સંવેદન સર્જે છે.

નાનપણની કેટલીયે રખડપટ્ટીના ધરબાઈને પડેલાં ચિહ્ન કેટલાક રોમાંચ, કુતૂહલો ડોકિયાં કરી રહ્યાં છે. તંબુમાંથી રાત્રે બીક વચ્ચે બહાર જઈ અંધારે પેલા પુલ પરથી જોયેલ વહેળાકિનારે વૃક્ષે વળગેલા ઝબૂકતા આગિયાની રોશની. હથેળીમાં લીધેલ લાલ મખમલિયાની ગુદગુદી. કાચા કસેડા તોડી ચાખ્યાનો તૂરો સ્વાદ. વૃક્ષ નીચેથી ભડકી ફાળ ભરતા નમણા નાજુક ચિંકારા. પથ્થર ઊંચકી નીચે છુપાયેલ કાળા વીંછી જોયાનો રોમાંચ. બિલેશ્વર મંદિર પાસેના ચેકડેમના ધુબાકા તો કેમ ભુલાય! જંગલ વચ્ચે શિકાર માટે બનાવાયેલ પુરાણો પથ્થરનો ઊંચો કોઠો અચાનક મળી જતાં સદી પહેલાંના સમયમાં સરી જતું મન. ક્રોસ કન્ટ્રી દોડ દરમ્યાન રસ્તો ભૂલ્યાની મૂંઝવણ વચ્ચે સમયાંતરે ત્રાટકતાં શ્રાવણનાં સરવડાંનું સંગીત.

હજુ પણ જો કોઈ હિંગોળગઢ અભયારણ્ય આવવાનું ઇજન આપે તો ના શબ્દ વિચારવાની ધૃષ્ટતા સ્વપ્ને પણ ના થાય.

❑❑❑

"પ્રકૃતિના અનુસરણમાં આપણે ક્યાંય ભૂલા પડી ન શકીએ."

- મોન્ટેઈન

અલવિદા... હસમુખ શાહ

જન્મ : ૪ ઑક્ટોબર ૧૯૩૪, અવસાન : શુક્રવાર, ૩ ડિસેમ્બર ૨૦૨૧

પૂર્વે સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક અને પછી પ્રાઇમ મિનિસ્ટર મોરારજી દેસાઈના સહસચિવ તરીકે વડાપ્રધાન કાર્યાલયમાં જોડાયેલા હસમુખભાઈ શાહનું ત્રીજી ડિસેમ્બર ૨૦૨૧ની સવારે શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદ ખાતે અવસાન થયું. કોવિડ-૧૯ રસીના બન્ને ડોઝ મેળવ્યા પછી તેઓ ૧૨મી નવેમ્બરે કોવિડ પોઝિટિવ થયા. કરમસદમાં સારવાર લઈ રહ્યા હતા. તેઓ અઠ્યાસી વર્ષના હતા.

સક્રિય વ્યવસાયી કારકિર્દી પછી વડોદરા રહેતા હતા. એક ક્રમમાં નિવૃત્ત હતા પણ પ્રવૃત્ત રહેતા હતા. તેમની પ્રવૃત્તિનો વ્યાપ વિશાળ હતો. વાંચન, લેખન, સામાજિક બાબતોનું સંશોધન, એ ક્રમમાં થતાં નવાં સંશોધનો પર નજર, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને એ ક્રમમાં કામ કરતી સંસ્થાઓ સાથે નિસબત હોય એવું જોડાણ.

ગુજરાત યુનિવર્સિટીમાં તેઓ ૧૯૫૭થી ૧૯૬૩ સુધી સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક હતા. એ સમયગાળામાં અને પછી પણ મહાત્મા ગાંધીનાં લખાણો, વક્તવ્યોનાં શોધ-સંશોધન સાથે જોડાયેલા રહ્યા. આ જોડાણ તેમને વડાપ્રધાન કાર્યાલય સુધી લઈ ગયું.

વડાપ્રધાન ગુજરાતી છે એવા કોઈ ખ્યાલો મારી-તમારી આસપાસ કે અમલમાં નહોતા ત્યારે મોરારજી રણછોડજી દેસાઈ ૧૯૭૭માં વડાપ્રધાન થયા. હસમુખભાઈ સનદી સેવામાં / IAS નહોતા તોય વડાપ્રધાનના સહસચિવ તરીકે પસંદ થયા. મોરારજીકાકાએ સીધું તેમને PMOમાં જોડાવાનું આમંત્રણ જ મોકલાવ્યું.

મોરારજી દેસાઈ પછી ચરણસિંહ અને ઇન્દિરા ગાંધીના સમયમાં પણ વડાપ્રધાન કાર્યાલય સાથે જોડાયેલા રહ્યા. એ પછી ભારત સરકાર હસ્તકના એકમ ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના ચેરમેન થયા. તેમના કાર્યકાળ પછી IPCL ખાનગી માલિકીની કંપની બની.


હસમુખભાઈ શાહે પર્યાવરણ સંવર્ધન માટે ગુજરાત ઇકોલોજી કમિશન સહિતની કેટલીક સંસ્થાઓની સ્થાપના કરી હતી. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન / NID, આઈઆઈટી મુંબઈ / IIT Mumbai અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ આણંદ / IRMA ના ગવર્નિંગ કાઉન્સિલના મેમ્બર હતા.

ગુજરાતમાં તેઓ શિક્ષણસંસ્થાઓ લોકભારતી સણોસરા અને સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાઇટી સાથે જોડાયેલા હતા. રક્તપિત્તના દર્દીઓની સેવા કરતા

સીંધરોટ-વડોદરાના શ્રમ મંદીર ટ્રસ્ટ તેમજ ચારુતર આરોગ્ય મંડળના પ્રમુખ હતા. આ ચારુતર આરોગ્ય મંડળની કરમસદ હોસ્પિટલમાં જ તેમની અંતિમ સમયની સારવાર થઈ.

ગુજરાતના ધારાસભ્ય અને શિક્ષણમંત્રી રહી ચૂકેલા લેખક-વિચારક મનુભાઈ પંચોળીની સ્મૃતિમાં પ્રારંભાયેલા ઉપક્રમ 'દર્શક ઇતિહાસ નિધિ' સાથે તેમને જોડવામાં પ્રકાશ ન. શાહ અને રઘુવીર ચૌધરી નિમિત્ત બન્યા. એ જોડાણથી ગુજરાતને, ગુજરાતી ભાષાને બે લાભ થયા. એક તે ગુજરાતના દરિયાકાંઠાનો ઇતિહાસ લખાય, એ દિશામાં સંશોધન થાય, ચર્ચા-વિચારણા થાય એ માટે તેમણે કેટલીક યોજનાઓને નાણાકીય સહાય પૂરી પાડી.

બીજો લાભ તે હસમુખભાઈ શાહે તેમનાં સંસ્મરણોનું પુસ્તક ગુજરાતીમાં લખ્યું. ૨૦૧૪માં પ્રકાશિત થયેલા પુસ્તકનું નામ 'દીઠું મેં' અને પ્રકાશક રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ. રંગદ્વાર પ્રકાશનના કર્તાહર્તા રઘુવીરભાઈ ચૌધરી અને ગૂર્જર પ્રકાશનના મનુભાઈ શાહને તેમણે બેંકમાં આપી હોય એવી સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન આપી રાખી હતી કે સાહિત્ય, સંશોધન, પર્યાવરણ, જૂનાં દુર્લભ પુસ્તકોના પુનઃપ્રકાશનની યોજના જેવા કોઈ પણ કામ માટે મારું નામ તમારે ગણી જ લેવાનું...મને પૂછવાની પણ જરૂર નહીં. એ દિશામાં ઘણાં કામ થયાં. એ કામ કરનારા,



કરી જાણનારાઓને એક પ્લેટફૉર્મ પર ભેગા કરવામાં તેઓ જાણે-અજાણે નિમિત્ત બનતા ગયા. ગુજરાતમાંથી પ્રકાશિત થતાં કેટલાંક સામયિકોને પણ તેઓ આર્થિક રીતે સહાયરૂપ બનતા.

આ ઉપર મેં 'નાણાકીય સહાય પૂરી પાડી' કે 'આર્થિક સહાયરૂપ બનતા' એમ લખ્યું એ તેમની ઓળખનો એક એવો હિસ્સો છે જેને તેમણે પોતે કદી તેમના નામની આગળ-પાછળ મૂકી નહીં. એમ કરે તો એ હસમુખ શાહ નહીં. બધું ચૂપચાપ કરતા રહ્યા. બેમાંથી કોઈ એક જ હાથને જાણ થાય એ રીતે. છેવટ સુધી... ૨૦૨૧ સુધી એમ જ કર્યું. એમણે શરૂ કરેલા ઉપક્રમો તેમની વિદાય પછી પણ ચાલુ રહે એવી વ્યવસ્થાની દરકાર પણ તેમણે પોતે જ રાખી છે. ગ્રેટ કહેવાય નહીં. અરે ભાઈ, માણસ જ ગ્રેટ હતા.

- બિનીત મોદી, અમદાવાદ



ભવન તરફથી હોમી દસ્તુર દ્વારા અરવિંદ ત્રિવેદીનું સન્માન. સાથે સરિતા જોશી, અરુણ ગોવિલ અને સુનીલ લેહરી

વિદાય, મારા સૌમ્ય મિત્રને...

☐ હોમી દસ્તૂર

જેની સાથે આપણે શુદ્ધ આનંદનો અનુભવ કરી શકીએ એવી એકમાત્ર વ્યક્તિ એટલે અરવિંદ ત્રિવેદી. ઘણાં વર્ષ સુધી તેઓ મારા સહકાર્યકર હતા અને દાયકાઓ સુધી મિત્ર. તમે કલ્પના કરી શકો કે અમે કેટલો સમય સાથે વિતાવ્યો હશે. તેમની સાથેનો એક પણ પ્રસંગ એવો નથી જેમાં મને અતડું કે ઉદાસ લાગ્યું હોય અને હાસ્યના ફુવારા ન ઊડ્યા હોય. તેમના હાસ્યનો સ્તર એવો હતો કે તમારી ચેતનાને ઉપર ઉઠાવે. એને શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય. એક મહાન કલાકાર તરીકે તેઓ કોઈપણ ઘટના કે વ્યક્તિને જુદા જ અદ્ભુત પરિપ્રેક્ષ્યથી જોતા.





અને અરવિંદની વિનમ્રતા તો અદ્ભુત, એમાં જરાય દંભનું નામોનિશાન ન હોય. ૧૦૦ ટકા શુદ્ધ, કારણ કે મનુષ્ય માત્ર તરફની એક સાચી આદરભાવના હતી. એક શક્તિ-સમર્થ વ્યક્તિને જે માનથી જોતા એ જ માનની નજરથી એક ભિક્ષુકને પણ જોતા. તેઓ જ્યારે ફોન કરે ત્યારે ‘હેલ્લો’ને બદલે સાંભળવા મળે : “બંદો નમે છે.” જેનો અર્થ

થાય, "આ સેવક તમને નમન કરે છે."

અરવિંદ ત્રિવેદી રંગમંચ, દૂરદર્શન અને ચિત્રપટો (ખાસ કરીને ગુજરાતી)ના સૌથી પ્રખ્યાત અભિનેતામાંના એક હતા. તેમણે ૪૫થી વધારે નાટકો અને લગભગ ૩૦૦ જેટલી ગુજરાતી તેમજ હિન્દી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. વ્યક્તિત્વની ઊંચાઈ સાથે તેમને ભરપૂર લોકચાહના પણ મળી. તેઓ થોડા સમય માટે ફિલ્મ સેન્સર બોર્ડના કાર્યકારી અધ્યક્ષ પણ રહ્યા હતા. ૧૯૯૧થી ૧૯૯૬ દરમિયાન સાબરકાંઠા વિસ્તારના પ્રતિનિધિ તરીકે લોકસભાના સભ્ય પણ રહ્યા હતા. દૂરદર્શનની રામાનંદ સાગરની 'રામાયણ'માં રાવણના પાત્ર દ્વારા અરવિંદ ત્રિવેદી ભારતભરમાં પ્રખ્યાત થઈ ગયા. વખાણ અને પ્રશંસાનાં ઘોડાપૂર ઊમટ્યાં. આટલી બધી ખ્યાતિ અને સત્તા મળ્યાં છતાં તેમની વિનમ્રતા અને હાસ્યવૃત્તિને ઊની આંચ ન આવી. અરવિંદ જેવી વ્યક્તિનું કાઠું રાજકારણી બનવા માટે નથી હોતું. મને લાગે છે કે રાજકારણી તરીકેનો તેનો કાર્યકાળ તેણે માણ્યો નહિ હોય. દંભ અને ષડ્યંત્રોના માહોલમાં તે કઈ રીતે બંધ બેસે?

અરવિંદ પૂરા હાડે ભવનાઇટ હતા. સંજીવકુમાર, રાજેશ ખન્ના અને અન્ય કલાકારોની જેમ તેમનો રંગમંચ ઉપર પ્રવેશ ભારતીય વિદ્યા ભવનના કલાકેન્દ્ર દ્વારા જ થયો હતો. એને માટે તેઓ હંમેશાં ભવનનો આભાર માનતા. તેઓ ઘણાં વર્ષો સુધી કલાકેન્દ્રના રંગમંચના સંચાલક રહ્યા અને પછીથી તેમણે ભવન માટે માનદ્ સેવાઓ આપવાની ચાલુ રાખી હતી.

૨૦૧૮માં તેમને 'ભવન સન્માન' દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા. ભવનમાં આ તેમની છેલ્લી હાજરી રહી. એ સમયે તેમણે ભવન પ્રત્યેના પોતાના અનુબંધની લાગણી મોકળા મને વ્યક્ત કરી, ત્યારે તેઓ એટલા ભાવાત્મક થઈ ગયા હતા કે એકાદ મિનિટ કંઈ જ બોલી શક્યા નહીં! ત્યારબાદ કલાકેન્દ્રના પ્રખ્યાત રંગમંચ કલાકાર અને નિદેશક સ્વ. શ્રી. કમલેશ મોતાને એક અભિનવ વિચાર આવ્યો. તેમણે કહ્યું કે, "ચલો! 'લંકેશ' અરવિંદભાઈને રામાયણના રામ અને લક્ષ્મણના હસ્તે સન્માનિત કરીએ." તો અરુણ ગોવિલ અને સુનીલ લેહરી મંચ પર આવ્યા. શૂટિંગ દરમિયાન સતત માર્ગદર્શન આપનાર તેમના વરિષ્ઠ માર્ગદર્શક - અરવિંદ ત્રિવેદીને હૃદયપૂર્વક સન્માનિત કર્યા હતા.

અરવિંદને ત્રણ દીકરીઓ છે. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી બીમાર હતા. એથી તેમના મૃત્યુનો શોક ન કરવો જોઈએ. આપણે બધાએ તો ભવનમાં એક અદ્ભુત વ્યક્તિના શ્રેષ્ઠ જીવનની ઉજવણી કરવી જોઈએ.

વિદાય, મારા સૌમ્ય મિત્રને...

❑❑❑

તમારી દૃષ્ટિએ

કવિ પ્રતિભાનાં બે પાસાંઓની ચર્ચા આપણા મીમાંસકો દ્વારા થયેલી છે. કવિ પોતે સર્જક છે અને તેનું જ બીજું પાસું ભાવક છે. 'દીપોત્સવી'માં કવિ હરીશ મીનાશ્રુની ભાવક પ્રતિભાનાં દર્શન થયાં છે. અહીં ખુદ પોતે પોતાની કવિતાના વિવેચક બન્યા છે. આ એક વિરલ ઘટના છે. 'મારા પૂર્વ સંગ્રહોમાં, મારી કવિતાનો, 'હું' -આ સભાનતા, અલબત્ત, માત્ર ભ્રમ હોય છે! કહો કે જાત તરફનો 'લોભ' આપણને ઘણી નીચી કક્ષાએ લઈ જાય છે. બનારસનો ઇતિહાસ તો કાશ, દેવદાસ, પ્રતર્દન જેવા પ્રાચીન ચંદ્રવંશીઓથી શરૂ થાય છે, પછી જૈન-બૌદ્ધ અને કબીર-તુલસી આવે છે. કબીરનું જે આંતરદર્શન છે એની સમૃદ્ધિ આ પ્રાચીનતાની ફલશ્રુતિ જણાય છે. દયાળસાહેબ 'કબીરપરિચય'માં 'કલ્પિત બ્રહ્મને કવિઓ સાર માની લે છે.' અહીં કવિએ ચેતવા જેવું છે: હું મારી વેશભૂષા અને ચહેરાના ભાવથી 'કંઈક નિહાળી લીધું હોય' -એનો અભિનય કરું છું એ ગૂગલ અને યાહુને શોભે પણ સાધના? યાદ રહે કે કાશીને સારનાથ નજીક છે, મગહર કરતાં! જરા વધારે ઊંડા જવું હોય તો 'નિર્ગ્રંથ' પાર્શ્વનાથનું આ જન્મસ્થળ છે! 'જૈન' શબ્દ તો પાછળથી આવ્યો, મૂળમાં 'નિર્ગ્રંથ' પરંપરા છે, જે કબીરમાં નવા રૂપરંગે ગવાય છે! હા, 'બનારસ' તો કબીરમાં પણ નથી મળતું! મૂળના સંસ્કૃત 'વારાણસી'નું ફારસી 'બનારસ' છે. અમિતાભના 'બનારસી પાન'નું હરીશભાઈ 'મઘઈ પાન' યોજે છે! આપણે બરાબર સમજીએ છીએ કે 'બનારસ ડાયરી' લખનાર ભૂમિતિનો માસ્તર નથી, કવિ છે અને આ તેમની કવિ પ્રતિભાનું દ્વિતીય સ્વરૂપ નિઃશંક, આસ્વાદ્ય છે.

પોરબંદર - નરોત્તમ પલાણ

* * *

નવેમ્બર ૨૦૨૧નો 'દીપોત્સવી વિશેષાંક' વાંચ્યો. આ અંકમાંની રચનાઓ વાંચીને પ્રસન્નતા થઈ. વાર્તાઓ, હાસ્યલેખો, કાવ્યો અને અન્ય સામગ્રી રસપ્રદ અને ઉત્તમ કક્ષાની છે. સૌ સર્જકોને ખૂબ ખૂબ ધન્યવાદ. 'નવનીત સમર્પણ' એટલે ગુજરાતી ભાષાનું ઉમદા સામયિક. 'નવનીત સમર્પણ'ની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામના.

અમદાવાદ - આઈ. બી. પરમાર

* * *

નવેમ્બર ૨૦૨૧ના અંકમાં 'કામ, પ્રેમ અને સૌંદર્ય' શ્રી. ભાણદેવનો લેખ અદ્‌ભુત રહ્યો... કામ, પ્રેમ અને સૌંદર્ય ભિન્ન ભિન્ન ઘટનાઓ છે, છતાં ત્રણેય વચ્ચે ગાઢ સંબંધ છે! કામ જીવનની મનોશારીરિક વૃત્તિ છે! ગીતામાં પણ ક્રોધ સાથે કામને પણ પાપ સ્વરૂપ ગણે છે. કામનો વેગ માણસને મૂર્છિત કરી નાખે છે!

પ્રથમ દૃષ્ટિએ કામ અને પ્રેમમાં ઘણી સમાનતા છે, પરંતુ બંને વચ્ચે આકાશ-પાતાળનો ફરક છે.

સૌંદર્ય જે સત્ય છે તે શિવમ્ (મંગલ) છે અને તે સુંદર પણ છે. સઘળું સૌંદર્ય પરમાત્માનાં ચરણોમાંથી નિષ્પન્ન થાય છે! સુંદર સમજૂતી, પૂરો લેખ વાંચવા જેવો.

મીઠાપુર **- મુકેશ ટી. ચંદારાણા**

* * *

ગુરુદેવ ટાગોરે 'આનંદ તો ઝાકળ બિંદુ છે, સ્મિત ઝરે ને અલોપ થાય, પણ પીડન તો ઘૂંટાતું રહે.

વેદનભીનો પ્રેમ પછી તવ નયને ઝલકે.' પારુલબહેનની દીપોત્સવી અંકમાં રજૂ થયેલી 'અફઘાની સ્ત્રીનું ગીત' કવિતાને, એ શબ્દોથી બિરદાવવાની જરૂર છે.

યાદ તો હિટલરના 'ઓક્ઝવીઝ' જેવી માનવતાને દાટી જ દેવા માટે સર્જેલી છાવણીની કરવી પડે. એ છાવણી વિશે SOPHIE'S CHOICE (શોફીએ કરેલી પસંદગી) નામની ફિલ્મ, એજ નામની નવલકથા ઉપરથી ૧૯૮૨ની સાલમાં દર્શાવાઈ હતી. એ ફિલ્મમાં સુપ્રસિદ્ધ 'મેરીલ સ્ટ્રીપે' માતાનો ભાગ ભજવ્યો હતો. માતાને છાવણીમાં દાખલ કરતી વખતે તેના માથા ઉપર નહીં સમગ્ર માનવજાતને લાંછનરૂપ પસંદગી કરવાનો હથોડો મરાયો હતો.

'બે બાળકો લઈને આવી છો! બેમાંથી એકને જ દાખલ કરી શકાશે. બીજા બાળકને ગૅસ ચેમ્બરમાં પતાવી દેવાશે.' સાક્ષાત્ ક્રૂરતાનું યંત્ર જ સટાક ચાબખો મારી પૂછી રહ્યા. નૈતિકતાની સંપૂર્ણ બાદબાકી કે આત્મહત્યા કરવાને આમંત્રણ?

શોફીએ દીકરી આપી, દીકરો જિવાડ્યો.

ખીલ ખીલ હસતી, પાંચ-છ ડગલાં ભર્યાં ન ભર્યાંને માને જ વળગવા દોડી આવતું ફૂલ, મહેક મહેક કરતું હતું!

દ્વિધા નથી, આખી માતૃત્વની અવહેલના કરવાનું કારખાનું ચલાવવાની જર્મન રાષ્ટ્ર ફરજ બોલ્યું, 'બેમાંથી એક ઝટ આપી જ દે!'

SOPHIEએ તો કલંક વહોરી લીધું. ના રે! ના જ. એ તો ચિત્કાર હતો. વેદનાગ્રસ્ત ચિત્કાર!

માતૃત્વની અવહેલના કરવા પ્રયોજેલી ક્રૂરતા. આવી ક્રૂર પસંદગી તો પીડન ઘૂંટતી જ રહે.

*

પારુલબહેને કમાત શબ્દ વહેતો મૂક્યો છે.

જોડણીકોશમાં કપૂત છે. કમાત નથી જ નથી.

ક્યાંથી હોય? શા માટે હોય? અખંડ ઝરતો માતૃપ્રેમ!

ભલે વાપરવો પડ્યો.

ખમો...

પ્રદીપજીનું ગીત, ચીન સાથેના યુદ્ધ વખતે સર્જાયેલું ગીત

अय मेरे वतन के लोगों! હજી ગવાય ને રાષ્ટ્રને જીવનદાન મળે છે. એવું જ પારુલબહેનનું

ચારેફરતો કાળ ભમે ને વિપદાનો નહીં પાર...ખમ્મા બેટલડી...

ખમ્મા બેટલડી... જીવંત રહેશે. કારણ આ ઝંઝાવાત તે પૃથ્વી પર માતાની અવહેલના કરે એવા વેદનાગ્રસ્ત દેવતાના ચિત્કાર સમાન છે. (ટાગોર)

ખમ્મા બેટલડી!

વડોદરા - જ્યોતિભાઈ દેસાઈ

* * *

'નવનીત' અને 'સમર્પણ' એક થયા, તે પહેલાના અમે ગ્રાહક. તમારું ચયન ઉત્તમ છે. વિવિધ વિષયો ઉપરના લેખો, વાર્તાઓ, નિબંધો, કાવ્યો અને મુલાકાતો સરસ ભાથું પૂરું પાડે છે. ઓક્ટોબર ૨૦૨૧ના અંકમાં બે લેખો, એક હોમી દસ્તુરજી અને ડૉ. નાનક ભટ્ટના લેખો આજની વૈશ્વિક પરિસ્થિતિને આવરી લેતા હોવાથી હું રસપૂર્વક વાંચી ગઈ. આ બંને લેખકોને ધન્યવાદ પાઠવું છું.

યુ.કે. સરોજ ન. અંજારિયા

* * *

નવનીત સમર્પણનો ડિસેમ્બરનો અંક મળ્યો. 'બાપુજી મને...' વાર્તા વાંચી અને હૃદય આર્દ્ર થયું. અદ્‌ભુત અદ્‌ભુત અદ્‌ભુત.

હેમંત ધોરડાની ચાર ગઝલો પણ ખૂબ સુંદર. ગમી છે.

નવનીત સમર્પણ અનેક રીતે અનન્ય જ છે. તમારા સંપાદન માટેના નિશ્ચિત

પુરસ્કાર વિષયક મેઈલ માટે આભાર.

આ મેઇલના જવાબમાં જણાવવા ઇચ્છુ છું કે, મેં ભાવાનુવાદનું આ કામ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વિદ્યાર્થીઓ તેમજ વાંચકો સુધી ઇતર ભાષામાં વિજ્ઞાન ઉપર પ્રગટ થયેલ સાહિત્ય પહોંચે તે હેતુસર કરેલ છે. આમાંથી કોઈપણ પ્રકારે અર્થોપાર્જન કરવાનો મારો કોઈ હેતુ નથી. તેથી તમે આર્થિક પુરસ્કારનો જે પ્રસ્તાવ આપેલ છે, તેનો હું વિનમ્રપણે અસ્વીકાર કરું છું. વિનંતી છે કે આ રકમ તમે ન.સ. સામયિકને હજુ વ્યાપક બનાવવામાં વાપરો જેથી કરીને માતૃભાષા ગુજરાતીનો પ્રચાર અને પ્રસાર આ જ રીતે નવી પેઢીમાં થતો રહે.

આ જ સાથે જણાવવા ઇચ્છુ છું કે, પુસ્તક Bright Spark ના મૂળ લેખક વૈજ્ઞાનિક શ્રી. અરવિંદ ગુપ્તાનો પણ મેં સંપર્ક કર્યો છે, અને તેમનો પણ તેમના પુસ્તકમાંથી થનારા આ ગુજરાતી ભાવાનુવાદિત લેખોની શૃંખલામાંથી અર્થોપાર્જન કરવાનો કોઈ હેતુ નથી.

સસ્નેહ.

હેમંત સોલંકી

આગ્રહ અને ચીવટ માટે તમને અભિનંદન.

સાથે સાથે સમયસર રવાનગી, સુંદર છપાઈ, આકર્ષક ફોટાઓ વગેરે અન્ય બાબતો માટે કામ કરી રહેલ સમસ્ત ટીમનો પણ આભાર.

મુંબઈ **- હરીશ દાસાણી**

* * *

ડિસેમ્બર અંકમાં શ્રી. ડંકેશ ઓઝાએ, રાધેશ્યામ શર્મા વિશેના મારા લેખ (ઓક્ટો. '૨૧)ની પ્રતિક્રિયામાં, 'અતિશય લખનાર', 'દુર્બોધ શૈલી'વાળા, 'કોઈને પણ વાંચતાં અસુખ અનુભવાય' – એવા હીણપતભર્યા શબ્દોથી સન્માન્ય લેખક રાધેશ્યામની વિવેચન-સર્જનની સુદીર્ઘ સાધનાની અવમાનના કરી છે! જેનું પોતાનું સાહિત્ય-પરિશીલન જ નબળું હોય એને બહુપ્રશસ્ત ને માર્મિક લેખન પણ દુર્બોધ લાગવાનું ને સમજની અવેજીમાં 'અસુખ' થવાનું.

શ્રી. ઓઝા વિલક્ષણતાઓ ખોળવાના રઘવાટમાં 'ફોન ન વાપરે એ ખરું પણ મારે બે વાર લેંડલાઈન ફોન પર વાત થયેલી' એવું અટપટું લખી બેઠા. 'સાક્ષરનો સાક્ષાત્કાર' લેખમાળા વિવાદાસ્પદ હતી એમ તો મેં જ નોંધ્યું છે, પણ એ લેખમાળાને શું 'અક્ષમ્ય અપરાધ' કહી દેવાની? શ્રી. ઓઝાનું શબ્દચયન પણ કાચું છે. જુઓને, રાધેશ્યામ શર્મા 'ગયા' એમ લખી દીધું. અને 'વિલક્ષણતાઓ ઉજાગર' ન થઈ.' એમ લખી માર્યું. (વિલક્ષણતા 'ઉજાગર' શી રીતે થાય, ભાઈ!). વિવેકનો અભાવ તો એમના જ આ નિંદ્ય પત્રમાં વરતાયા કરે છે.

વડોદરા **- રમણ સોની**

* * *

દીપોત્સવી અંકમાં સુભાષ ભટ્ટનો જીવન માટેનો ચિંતનાત્મક લેખ ગમ્યો. ડો. નિમિત્ત ઓઝાનો કૃતજ્ઞતા અને કરુણા વિશેનો લેખ પણ ગમ્યો. વર્ષા અડાલજાની પલાયન વાર્તા સારી રહી. વિનેશ અંતાણીની 'અહીં છું, પપ્પા' રાબેતા મુજબ સુપર્બ રહી.

ડિસેમ્બર ૨૦૨૧ના અંકમાં વિશ્વનાથ તિવારીનું 'દાના માઝી'નો કુશલ મહેતા લિખિત અને અનુવાદિત કાવ્ય માટે બન્નેને અભિનંદન. ક્યારેક કવિ કે લેખક પોતાની સંવેદનશીલ કૃતિ પછી એવી અવસ્થામાં આવી જાય છે એવી જ અવસ્થા એક વાંચક તરીકે અનુભવી.

આ પ્રસંગ અને ચિત્ર માનવ સમાજ માટે કલંકરૂપ છે. આ બનાવ ફક્ત દાના માઝીનો નથી સમાજ સ્થિત સર્વ દાનવનો છે. માનવતાની ધજિયા ઉડાવતો આ પ્રસંગ દિલને દ્રવિત કરી ગયો. આવો સંવેદનશીલ અને હૃદયસ્પર્શી લેખ આપવા બદલ કુશલ મહેતાને ફરીથી અભિનંદન.

મુંબઈ **- ચંદ્રકાંત એમ. સંઘવી**

* * *

ડિસેમ્બર ૨૦૨૧ અંકમાં સૂચિ પૃ. નં. ૫ ઉપર ભૂલથી બે વિગતો ગયા અંકની આવી ગઈ છે.



ભવન્સ - વૃત્ત

મુંબઈ કેન્દ્રઃ હિન્દી દિવસની ઉજવણી

ભવનની મુમ્બાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ઓનલાઈન હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સાહિત્યના અતિથિ વિશેષ શ્રી. રમેશચંદ્ર બારમોલાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી હતી. અંગ્રેજી વિભાગના આસિ.પ્રો. શ્રી. રેશુ સિંધે મહેમાનોનું શબ્દો દ્વારા સ્વાગત કર્યું. ભવનના પરીક્ષા વિભાગના સહાયક સચિવ શ્રી. કૃષ્ણકુમાર ઝાએ સ્વરચિત હિન્દી કાવ્યોનું પઠન કર્યું અને હિન્દીમાં ઉપયોગમાં લેવાતા મૂળ સંસ્કૃત શબ્દો વિશે માર્ગદર્શન આપ્યું. સંશોધન વિભાગના સહાયક શ્રી. હિતેશ ત્રિવેદીએ રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતી હિન્દી ભાષામાં વપરાતા સંસ્કૃત શબ્દોનો ફરી ઉલ્લેખ કર્યો તથા સંસ્કૃત શિક્ષણના પ્રચારમાં હિન્દી ભાષાની ભૂમિકાની પ્રશંસા કરી.

હિન્દીના અતિથિ વિશેષ ડૉ. મનોજકુમાર દુબેએ મુખ્ય વક્તવ્યમાં હિન્દી ભાષા સાહિત્યના વિવિધ પાસાઓનો નિર્દેશ કર્યો. કાર્યકારી આચાર્ય- ડૉ. ગણપતી વી. હેગડેએ પોતાના પ્રમુખીય વક્તવ્યમાં સંસ્કૃત ભાષાના વારસા પર આધારિત, વિસ્તૃત હિન્દી સાહિત્યને વધુ સારી રીતે સમજવાનો પોતાનો અનુભવ વ્યક્ત કર્યો હતો.

સંસ્કૃત સુભાષિતો અને નારીના વિવિધ પાસાઓ પર શ્રી. સ્નેહલ મુઝુમદારનું વ્યાખ્યાન

ભારતીય વિદ્યા ભવન દ્વારા શ્રીમતી રસિકાબેન મહેતા (ભોંબાસા) વાર્ષિક સ્મૃતિ વ્યાખ્યાનનું ઓનલાઈન આયોજન ગુરુવાર, ૨૩-૯-૨૦૨૧ના રોજ થયું હતું.

વક્તા શ્રી. સ્નેહલ મુઝુમદાર પ્રસિદ્ધ સંતૂરવાદક, જાણીતા લેખક છે. એમણે 'સંસ્કૃત સુભાષિતો અને નારીના વિવિધ પાસાઓ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

ભવનની સંસ્કૃત પરીક્ષાઓના સહાયક પરીક્ષા સચિવ શ્રી. કે.કે. ઝા દ્વારા કરવામાં આવેલ વૈદિક પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. ભવનના અનુસ્નાતક અને

સંશોધન વિભાગના અતિરિક્ત નિયામક ડૉ. ગિરીશ બી. જાનીએ સ્વાગત પ્રવચન કર્યું અને સ્વ. શ્રીમતી રસિકાબેન મહેતાને શ્રદ્ધાંજલિ આપી. ભવનના અનુસ્નાતક અને સંશોધન વિભાગના મદદનીશ શ્રી. હિતેશ ત્રિવેદીએ વક્તાનો પરિચય કરાવ્યો.



શ્રી. સ્નેહલ મુઝૂમદાર

શ્રી. સ્નેહલ મુઝૂમદારે તેમના રસપ્રદ પ્રવચનમાં સ્ત્રીના વિવિધ સંસ્કૃત સમાનાર્થી શબ્દોના અર્થો સમજાવ્યા અને સ્ત્રીના વિવિધ પાસાઓની ચર્ચા કરી. તેમણે શાસ્ત્રીય સંસ્કૃત સાહિત્ય, મહાકાવ્યો - રામાયણ અને મહાભારત તેમજ સંસ્કૃત સુભાષિતોના વિશાળ વારસામાંથી વિપુલ પ્રમાણમાં ઉદાહરણો ટાંક્યાં. તેમણે આ વિપુલ વારસામાં નિરૂપિત સ્ત્રીઓની વિવિધ ભૂમિકાઓ અને જવાબદારીઓનું મહત્ત્વ દર્શાવ્યું હતું. તેમણે માનવજાતની પ્રગતિ અને વિકાસમાં મહિલાઓ દ્વારા આપવામાં આવેલા વિશાળ યોગદાનની પ્રશંસા કરી અને તેમનાં સમર્પણ અને બલિદાન માટે તેમને આદરાંજલિ અર્પી. તેમણે અષ્ટનાયિકા (આઠ પ્રકારની નાયિકા)નાં કેટલાંક લઘુચિત્ર ચિત્રો પણ પ્રદર્શિત કર્યાં અને તેમના મિજાજ વિશે ચર્ચા કરી હતી.

સ્વ. શ્રીમતી રસિકાબેન મહેતાના પુત્રો શ્રી. ભરત મહેતા અને શ્રી. કેતન મહેતા અને તેમના પરિવારનાં સભ્યોએ આ વ્યાખ્યાનમાં ઓનલાઈન ભાગ લીધો હતો. શ્રી. હિતેશ ત્રિવેદીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને ભવનની સંસ્કૃત પરીક્ષા વિભાગનાં મદદનીશ શ્રીમતી અપરામી મોતાએ આભારવિધિ કર્યો હતો.

નવી મુંબઈ કેન્દ્રઃ ચિલ્ડ્રનસ ક્લબના કાર્યક્રમો

નવી મુંબઈ - ચિલ્ડ્રન્સ ક્લબ દ્વારા ૩ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મૌખિક પ્રશ્નોત્તરી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રશ્નોત્તરી વિશેષજ્ઞમાં પીઢ અને વરિષ્ઠ શિક્ષક શ્રી. રેણુ ટિપનિસ હતાં. અંકિતા ભટ્ટ, હર્ષવીર છાબરીયા, વિવાન કિની અને શ્લોકા કિનીએ ઘણા પ્રશ્નોના સાચાં જવાબ આપ્યા હતા જ્યારે બાકીના વિદ્યાર્થીઓએ વ્યક્તિગત રીતે પુછાયેલા પ્રશ્નોના સાચાં જવાબ આપ્યા.

૧૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ગ્રાન્ડપેરેન્ટ્સ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૧૪ બાળકો અને ૫ ગ્રાન્ડપેરેન્ટ્સે ભાવનાત્મક વાતો કરી હતી. જે



પિહુના - દાદી રીનાબેન સાથે



પ્રિશા - ગ્રાન્ડપેરેન્ટ્સની કઠપૂતલી સાથે

બાળકોનાં ગ્રાન્ડપેરેન્ટ્સ ઉપસ્થિત નહોતાં, તેમના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા.

મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આઠ વર્ષથી ઓછી વયના પાંચ બાળકોએ પહેલી વખત સંપૂર્ણ વાક્યો લખ્યાં હતાં. ભારતીય વિદ્યાભવન નવી મુંબઈ કેન્દ્રના કોષાધ્યક્ષ - અર્પણા રામચંદ્ર દ્વારા તેમને પુરસ્કૃત કરવામાં આવ્યાં. ઉપરોક્ત આઠ વિભાગોમાં વિવાન કિનીને પ્રથમ, પારમી શાહને દ્વિતીય ઈનામ મળ્યું હતું. ક્લબ દ્વારા આયોજિત આ ૨૫મો કાર્યક્રમ હતો.

પથનામથિટ્ટા કેન્દ્ર : ATL - ટિંકરિંગ લેબ

૨૧મી સદીના જરૂરી કૌશલ્યો ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રાયોગિક શિક્ષણ આપી, સજ્જતા કેળવવા હેતુ ભવન્સ વિદ્યા મંદિરમાં ATL - ટિંકરિંગ પ્રયોગશાળાની સ્થાપના કરવામાં આવી છે. અહીં વિદ્યાર્થીઓ ઇલેક્ટ્રોનિક્સ, રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મૂળભૂત બાબતોને ઉપયોગમાં લેતા શીખી શકશે. ATL - પ્રયોગશાળા વિદ્યાર્થીઓની શ્રેષ્ઠતાનો પ્રવાસ શરૂ કરવા માટેનો માર્ગ



ખોલી આપશે. ATL એ NITI આયોગ-ભારત સરકારની યોજના છે. નિવૃત્ત આઈ.એ.એસ, અધ્યક્ષ શ્રી. ટી. કે. એ નાયર તેમજ માનનીય સચિવ શ્રી. પી.આઈ શેરીફ મહોમ્મદની ઉપસ્થિતિમાં પથનામથિટ્ટાના જિલ્લા કલેક્ટર, આઈ.એ.એસ ડૉ. દિવ્યા એસ. ઐયરના હસ્તે પ્રયોગશાળાનું ઉદ્‌ઘાટન થયું હતું.

અગરતલા કેન્દ્ર : શ્રદ્ધાંજલિ



અત્યંત શોક સાથે જાહેર કરીએ છીએ કે, ભારતીય વિદ્યા ભવન, અગરતલા કેન્દ્રના સ્થાપક અને નિયામક પ્રો. કાશીનાથ દાસનું તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ ૭૪ વર્ષની વયે નિધન થયેલ છે.

સંસ્થાની સ્થાપનાથી જ પ્રો. દાસ આધારસ્તંભ સમાન હતા. તેમની સાથે સંકળાયેલા તમામ લોકોના હૃદયમાં તેઓ કાયમ રહેશે. સદ્‌ગત આત્માને શાશ્વત શાંતિ મળે.

ઈન્ડીવુડ શિક્ષણ શ્રેષ્ઠતા પુરસ્કાર - ૨૦૨૧

'ઈન્ડીવુડ શિક્ષણ શ્રેષ્ઠતા પુરસ્કાર-૨૦૨૧ (કેરળ વિભાગ)'ની 'વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની શ્રેષ્ઠ શાળા'ની શ્રેણીમાં ભારતીય વિદ્યા ભવનની વટ્ટીયૂરકાવુની ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિજેતા ઘોષિત થઈ છે.

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠતા પુરસ્કાર એ દેશભરની શાળાઓ, શિક્ષકો અને વહીવટકર્તાઓના પ્રયાસોને સન્માનવા માટેનો આ પ્રથમ પ્રયાસ છે, જે વિવિધ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે. ધારાસભ્ય અને ફિલ્મ અભિનેતા શ્રી. ગણેશકુમાર તેમજ ભૂતપૂર્વ સચિવ, નિવૃત્ત આઈ.એ.એસ, ગીતકાર શ્રી. કે. જયકુમાર દ્વારા પુરસ્કાર એનાયત થયો હતો.



કેરળ સરકારના ભૂતપૂર્વ સચિવ અને નિવૃત્ત આઈ.એ.એસ. શ્રી. કે. જયકુમારના હસ્તે BVB વટ્ટીયૂરકાવુના આચાર્ય શ્રી. સુનિલ ચાકોને ઈન્ડીવુડ શિક્ષણ શ્રેષ્ઠતા પુરસ્કાર

આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.

કૂપમંડૂક: ફોન : 022 23630786

વિનોદ જોશી: 'પ્રયાગ', 32, શ્વેતકમલ સોસાયટી, વિદ્યાનગર, ભાવનગર-364 001. મો. 9825989737

વર્ષા દાસ: 2176, પાર્ક વ્યૂ એપાર્ટ., બી-2, વસંતકુંજ, નવી દિલ્હી-110 070. મો. 9818189946

ચંદ્રેશ મકવાણા: 202, મહાદેવ કોમ્પલેક્ષ, નવા વાડાજ ભાજી માર્કેટ, અમદાવાદ-380 013.

રાજેશ વ્યાસ: 1, સરસ્વતી સોસાયટી, જૈન મેમોરિયલની પાછળ, પાલડી, અમદાવાદ-380 007.

પન્ના ત્રિવેદી: આસિ. પ્રોફેસર, ગુજ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઉધના, મગદલ્લા રોડ, સુરત-395 007.

આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au

ફારૂક શાહ: જેઠવા નિવાસ સામે, શ્રેયસ ક્લિનિક પાસે, વોકળા કાંઠા રોડ, જિ. રાજકોટ ધોરાજી-360 410.

હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42

અશ્વિની બાપટ: પ્લોટ નં. 14, અમૃતવાન કોમ્પલેક્સ, યશોધામ પાસે, દિંડોશી, ગોરેગાંવ (પૂર્વ). મુંબઈ-63

મનહર ઓઝા: A-6 શિવદર્શન એપાર્ટમેન્ટ, નારણપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ- 380 013.

પંકજ જોશી: ઉપકુલપતિ, ચારુસત યુનિવર્સિટી, નડિયાદ પેટલાદ હાઈવે, ચાંગા, આણંદ-388 421

પ્રણવ સવાઈ: 212, એનસીએન ક્લાસિક 2, રિલાએબલ લેકવ્યુ રેસિડેન્સી, હરલુર રોડ,બેંગ્લોર-560102. મો. 9886944412

પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015

અમૃત ગંગર: ઈ-૫૦૪ પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઈ-400067,

સંજય ગુંદલાવકર: 135/202, ટોરસ હાઉસિંગ સોસાયટી, સેક્ટર-5, એવરશાઈન સિટી, વસઈ (પૂર્વ), વસઈ-વિરાર-401208. મો. 9028274278.

અમી ભાયાણી: 19, ગોલ્ડ વિલા, આકૃતિ સોસાયટી, બાવડિયા કલાન, ભોપાલ, મધ્યપ્રદેશ-462026

વિક્રમ ચૌધરી: 7/એ, પટેલ નગર, શાસ્ત્રી રોડ, બારડોલી, જિ. સુરત. મો. 94285 78699

ઉષા શેઠ: દેવ-ઈન, 7મો માળ, 511, એડનવાલા રોડ, મુંબઈ-400 019. ફોન. 24168105

શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009

દીપક મહેતા: ફ્લેટ નં. 2, ફૂલરાણી, સાહિત્ય સહવાસ, મધુસૂદન કેળકર માર્ગ, કલાનગર, બાંદરા (પૂર્વ), મુંબઈ-400 051. મો. 9821832270

અશોક મશરૂ: એ-7, આલાપ હેરિટેજ, કાલાવડ રોડ, રાજકોટ-360 005. મો. 9879758818

બિનીત મોદી: 3 - રામવન એપાર્ટમેન્ટ, નિર્માણ હાઈસ્કૂલ પાસે - હનુમાનજી મંદિર સામે. આર.કે. સેન્ટર રેસ્ટોરન્ટ, 67 - નેહરુ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ - 380 015.

હોમી દસ્તુર: 23631261, 23634462

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

બે શિક્ષક બજારમાં આંટો મારવા નીકળ્યા. રસ્તામાં અદાણી-અંબાણીનાં મોટા પાટિયાં જોઈને એક શિક્ષકે બીજાને કહ્યું : 'હું જો આ કંપનીનો માલિક હોઉં ને તો આ લોકો કરતાં વધારે કમાઉં' બીજાએ પૂછ્યું 'ઇ કેવી રીતે?' પહેલો કહે; 'લે, હું હાર્યે ટ્યુશન પણ કરું ને!'

☺ ☺ ☺

રમેશઃ 'બોલ્ય મહેશ, સરહદ પર બેઠેલા સૈનિક કરતાં પણ વધારે સતર્ક કોણ હોય છે?'

મહેશઃ 'અં... અં... અં.... હં... સ્ટોપર વગરના ટોઈલેટમાં બેઠેલો માણસ!'

☺ ☺ ☺

એક દાદા ૮૦ રોટલી ખાઈ શકતા ઈ જોઈને સરકસવાળાએ નોકરીએ રાખી લીધા.

પહેલાં શોમાં દાદાએ ૮૦ રોટલી ખાધી.

બીજા શોમાં દાદાએ ફરીથી ૮૦ રોટલી ખાધી.

લોકો પહોળી આંખે જોતા હતા!

ત્રીજો શો હાઉસફૂલ... અર્ધા તો એના એ જ પાછા આવ્યા. દાદાએ વળી ૮૦ રોટલી ખાધી. પણ ચોથા શોમાં દાદા ગાયબ થઈ ગયા... પ્રેક્ષકોએ બૂમાબૂમ કરી મેલી. સરકસવાળા આમ તેમ જોઈ લીધા પછી દાદાના ઘરે તપાસ કરવા ગયા તો દાદા તો એમને નિરાંતે બેઠાં બેઠાં ખાતા હતા. પેલા કહે, 'દાદા આ શું કરો છો?'

દાદા કહેઃ 'તે મારે ચોવીસે કલાક નોકરી જ કરવાની?

ઘર્યે જમવા હાટુય નઈ આવવાનું? જા તો નથી કરવી તારી નોકરી!'

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

પતિ: ''તું બહાર જાય છે ત્યારે મનમાં ભય લાગ્યા કરે છે.''
પત્ની: ''એમાં શું, હું વહેલી પાછી આવી જઈશ.''
પતિ: ''બસ, એ જ ભય લાગ્યા કરે છે.''

☺ ☺ ☺

પત્ની: ''મારે તો એક સમજુ પુરુષ સાથે લગ્ન કરવાં હતાં.''
પતિ: ''તારી સાથે કોઈ સમજદાર પુરુષ લગ્ન કરે નહિ.''
પત્ની: ''તમારી સ્વીકાર વૃત્તિ સારી કહેવાય.''

☺ ☺ ☺

ભિખારી: ''માજી રોટલી આપોને!''
માજી: ''હજી નથી બની, મોડેથી આવજે.''
ભિખારી: ''માજી આ લો મારો નંબર, બને એટલે મિસકોલ મારજો.''
માજી: ''મિસકોલની શી જરૂર છે, હું રોટલી વોટ્સએપ કરી દઈશ, ડાઉનલોડ કરી લેજે.''

☺ ☺ ☺

‘કામવાળી બાઈની છોકરી આઈ. એ. એસ. બની’, 'કામવાળાં બેનનો દીકરો બોર્ડમાં 99% લાવ્યો.'
'કામવાળી બાઈની છોકરી પ્રથમ નંબરે આવી.'
આવા સમાચાર સોશિયલ મીડિયામાં વાંચીને સંતાનોએ જીદ કરી, ''મમ્મી, તું પણ વાસણ માંજવા જાને.''

☺ ☺ ☺

Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.

Editor : Deepak Doshi

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India
Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@dataone.in
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુકલ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

Total Pages 140 Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2021-2023 Posted on Mumbai Patrika Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.